દ્રાં

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત

શ્રી ગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર

ભાગ-૬

અધ્યાય ૧૦૪ થી ૧૨૭

ગદ્યરૂપાંતરકાર :

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય



સર્વ વા સુદેવ ઇતિ ॥ થઇ સર્વત્ર જેની મતિ ॥ જન્મમરણ સંસૃતિ ॥ નહિ તેને કલ્પે યે ॥ ૧ ॥
એક સુ વર્ણ ઘાટ ઘણા ॥ એક ઇશ અવતાર નાના ॥ નામી એક નામો ઘણાં ॥ અન્વર્થક ઘણેરાં ॥ ૨ ॥
જેહ દ વે આપ્યું બધું ॥ કહે દત્ત તેને સાધુ ॥ કહ્યું તને સીધે સીધું ॥ વદે ઊંધું અલ્પધી ॥ ૩ ॥
જે દે વ પ્રકાશી સઘળે ॥ રહ્યો વસી જળે થળે ॥ વાસુદેવ જાણ એ રે ॥ અવતાર દત્તનો ॥ ૪ ॥
દૈવી ગુ ણે થયો ખ્યાત ॥ માને સાત્ત્વિક જન સમસ્ત ॥ કર્યો આર્યદેશ પુનિત ॥ પદસંચારે સર્વ જો ॥ ૫ ॥
સ દ્ ગુ રુ રૂપે સંન્યાસી ॥ અસ્ત સંકલ્પ ઉદાસી ॥ સિદ્ધિ સર્વ જેની દાસી ॥ નમું તેને ભાવથી ॥ ૬ ॥
આજ્ઞા મા ને જેની દેવો ॥ કોણ તિહાં અલ્પ માનવો ॥ તાર્યા જેણે કંઈક જીવો ॥ પ્રગટ રૂપે બોધથી ॥ ૭ ॥
વળે ઝે બ પરસેવાના ॥ જોઈ શરીરે કાળના ॥ એવી અમર નામના ॥ કહે કોની આજ રે ॥ ૮ ॥
પૂર્ણ આ નંદ ઘનીભૂત ॥ પરબ્રહ્મ મૂર્તિમંત ॥ પ્રત્યક્ષ જાગતી જ્યોત ॥ યતિશ્રેષ્ઠ જાણ એ ॥ ૯ ॥
મળે ઇ હા ન પોતાની ॥ કરવા પૂર્ણ સ્વભક્તોની ॥ થયો અવતીર્ણ એ ધણી ॥ કરુણા એ કેટલી ॥ ૧૦॥
જોઈ મ ન રીઝે એહ ॥ મા કર તું ત્યાં સંદેહ ॥ કરી અર્પણ દેહ ગેહ ॥ ભજ ભાવે એહને ॥ ૧૧ ॥
નહીં જ ન્મમરણ તેને ॥ ગયો શરણ જે કો એને ॥ કહ્યું સ્વાનુભવે મને ॥ માન માને તો તપસી ॥ ૧૨॥
જે લી લા ઓ અસંખ્ય એણે ॥ કરી વર્ણવે કોણ તેને ॥ કહી વીણી થોડી ખ્હણે ॥ જોઇ નેને તે ધન્ય ॥ ૧૩॥
નહીં ઠા મ કે ઠેકાણું ॥ જગમાં 'રંગ' રાંકડાનું ॥ કરતાં કૃપા એણે અણુ ॥ ઝીણું ઝીણું સ્ફુર્યું જો ॥ ૧૪॥
મોટું વ ઘો ન્હાને મ્હોંઢે ॥ ગાઇ લીલા ઘણા કોડે ॥ સૂણી સંતો કૌતુકે ડોલે ॥ ઊડે વૃત્તિ આભમાં ॥ ૧૫॥
જે આ દ્યા ચૈતન્ય સ્ફૂર્તિ ॥ દત્ત દિગંબર ત્રિમૂર્તિ ॥ અનેકે એક સદ્વ્યાપ્તિ ॥ તદ્રૂપ એ બને ॥ ૧૬॥
જેહ વા ચ્ય તે જ વાચક ॥ નામ નામી અખંડ એક ॥ ભેદ ખેદ નાસે દેખ ॥ એ અભેદ દેખતાં ॥ ૧૭॥
પુણ્ય પા પ રહે નહીં ॥ કર્માકર્મ નાસે સહી ॥ જીવન્મુક્ત એહ અહીં ॥ મહિમા એનો કો લહે ॥ ૧૮॥
તત્પા યી કરી વંદના ॥ ભાવે અવધૂત ચિંતન ॥ શ્રીગુરુદેવ દત્ત જાણ ॥ સ્મરી લેખન આટાપું ॥ ૧૯॥
તત્સત્ ૐ માટે તપસી ॥ મૌને બોધ રહ્યો વિલસી ॥ જાણતાં એ વૃથા મસી ॥ ઘસું લેખિની કાં ફરી ॥ ૨૦॥

પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ
અશ્વિન વદ - ૧૨ - ગુરુદ્વાદશી
સંવત : ૧૯૮૮

દ્વારા

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત

શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર

ભાગ-૬

અધ્યાય ૧૦૪ થી ૧૨૭

ગદ્યરૂપાંતરકાર :

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

મુદ્રક : હિમાંશુ ટ્રેડર્સ
રાયપુર, અમદાવાદ
મો. : ૯૮૨૫૯ ૨૬૬૬૨

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
'રાહ' રંગ-પ્રેમની
'ગુંજન', ૧૭, અક્ષરકુંજ સોસયટી,
ગોપી-વિદ્યાનગર રોડ.
આણંદ-૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ
બી-૪૦૧, પરિશ્રમ ટાવર્સ, આકાશ ફ્લેટ સામે,
અંકુરથી ભાવિન જવાના રસ્તે, નારણપુરા,
અમદાવાદ-૧૩.
મો. : ૯૮૨૪૫૦૪૨૦૬

આવૃત્તિ : પાંચમી
૪ મે, શુક્રવાર, ૨૦૧૨
વૈશાખ સુદ ૧૩ - સંવત ૨૦૬૮

પ્રત : ૨૫૦ (ભાગ-૬)

શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વરની અનુમતિથી

પચાસ રૂપિયા

વિશ્વગુરુ ભગવાન દત્તાત્રેય



નારેશ્વરના
પૂ. શ્રી રંગઅવધૂત મહારાજશ્રીને થયેલું શ્રી દત્તદર્શન

દત્તાત્રેય કૃપાળા હરે, પાહિ પાહિ મામ્ (૨) ધ્રુ.

તત્પદેપિ ત્વમસિ વ્યાપ્ત, ત્વંપદેપિ ત્વમિહ વ્યાપ્ત, તત્ત્વમસિ-જોઈ જ્ઞાપ્ત, પાહિ પાહિ મામ્ (૨) — દત્તાત્રેયા

જટાધીમે શંખકરા, શૂલહસ્ત યોગિવરા, દયાદાનદમનપરા, પાહિ પાહિ મામ્ (૨) — દત્તાત્રેયા

દત્તદત્ત-જપપરં જો કરુત્પદાબ્જયેરમ્, રંકુરંગનામધરં પાહિ પાહિ મામ્ (૨) — દત્તાત્રેયા

માધવ દ્વા



મહર્ષિ શ્રીરંગ અવધૂત (નારેશ્વર)

બ્રહ્મૌજસા ભૂષિત ભવ્યભાલમ્
દિવ્યૌજસા દીપ્ત વિશાલ નેત્રમ્ ।
શાંતિપ્રદમ્ યસ્ય મુખારવિંદમ્
રંગાવધૂતમ્ પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥

આશીર્વચન

દેવની આજ્ઞાથી દેવ પુરુષે સમાધિભાષામાં લખેલો શ્રીગુરુલીલામૃત ગ્રંથ એ દિવ્ય ઔપાસનિક ગ્રંથ છે. જ્ઞાન, કર્મ અને ઉપાસનાના ત્રણે કાંડના ૧૯૦૦૫ દોહરાનું ભકતો શ્રદ્ધાપૂર્વક પારાયણ કરે છે અને એમને સાત્ત્વિક આનંદ પણ મળે છે. પરંતુ તેઓ ઘણાં દોહરા સમજી શકતા ન હોવાથી એની મૂંઝવણ પણ રહે છે. આ અંગે ઘણાં ભાઇ-બહેનો પ્રશ્નો પૂછે છે પણ ખરાં.

આપણા દેશના ઓછું ભણેલા ભાઇ-બહેનોને આ પ્રશ્ન પજવતો હતો જ, એમાં પરદેશમાં પણ પારાયણ કરનાર ભકતો મુશ્કેલી અનુભવતાં હતાં. એમનો સમાવેશ થયો. એમનાં કિશોર વયનાં બાળક બાલિકાઓએ પારાયણ કરવામાં રસ દાખવ્યો એટલે આ મૂંઝવણ ઘેરી બની. એમાંથી એવો વિચાર જન્મ્યો કે આ દોહરાનું ગદ્યમાં રૂપાંતર થાય તો સમસ્યા ઘણી હળવી થઇ જાય. આ જ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા માટે શું કરવું જોઇએ એ વિચાર્યું.

આવું દેવકાર્ય કરી શકે એવા ભકતો તેમનાં કાર્યમાંથી આટલો સમય કાઢી શકે કે કેમ? આવો પ્રશ્ન મનમાં થયો. પછી વિચાર્યું કે નિવૃત્ત હોય તેને કહેવું. એટલે કુલીનભાઇ માટે વિચાર આવ્યો. તેમણે નાનાં-મોટાં ઘણાં પ્રકાશનો કર્યાં છે. એટલે તેમને પૂછ્યું. તેમણે હા કહ્યું. આ વાત મેં પરદેશ જતાં કરેલી અને એવું કહેલું કે હું આવું ત્યાં સુધીમાં થઇ જાય તો સારું. તેને છપાવી દઇશું, અને ખાસ તો મારો વિચાર આનું અંગ્રેજી પણ કરાવવાનો છે જેથી પરદેશનાં બાળકો અને મોટાંઓ પણ લાભ લઇ શકે, જે જરૂરનું છે જ.

તેમણે આ દેવકાર્યનું ખૂબ જ પવિત્રતાથી લેખન કર્યું છે. તેમાં ઉપાસનાની દૃષ્ટિ પણ ખરી. એટલે એ જાણી કોને આનંદ ન થાય? એ બધી વિગતો તેઓ એમના નિવેદનમાં લખશે જ. એટલે હું વધુ નહિ લખું.

ગુરુમહારાજ તેમને આવાં કાર્યો કરવાની મતિ, શકિત અને રતિ અર્પે એવું ગુરુમહારાજને પ્રાર્થવું રહ્યું. આપણા મૂર્ધન્ય વિદ્વાનોને પૂછીને, સલાહ લઇને, સુધારા વધારા કરાવે તેમ કરજો તેમ પણ કહ્યું અને એ પ્રમાણે આ કાર્ય સંપન્ન થયું છે. ભગવદ્કાર્ય દિવ્ય ને ભવ્ય થવું જોઇએ.

આ ગ્રંથ શ્રીદિલીપભાઇ ભટ્ટ (અમેરિકા) એમના સાસુ-સસરાને અર્પણ કરીને તથા શ્રી જશુભાઇ પટેલ (અમેરિકા) એમનાં માતા-પિતાની સ્મૃતિમાં બહાર પાડીને અનુકરણીય કાર્ય કર્યું છે.

ગુરુમહારાજના અમોઘ આશીર્વાદ આપણા સર્વ પર ઊતરો તેવી મનીષા સહ.

ॐ

પ્રેમ

અવધૂત કુટિર
લીંચ (૩૮૪ ૪૩૫)
(૦૨૭૬૨-૨૮૨૩૪૩)

આવકાર

શ્રીગુરુલીલામૃત વરદ ગ્રંથ છે. કારણ કે તે સમાધિભાષામાં લખાયેલો છે. પ.પ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતીજી- તેમના ગુરુએ- વરદ સ્વપ્નમાં એ લખવાની આજ્ઞા કરી અને પૂ.શ્રીરંગ અવધૂત મહારાજે એમની પ્રેરણાનુસાર અને પોતાના "ભણતર સામેની છેલ્લી લડાઇ"ની જેમ લખ્યા કર્યું. ઘણી વાર તો એમના હાથની આંગળીઓ અકડાઇ જાય તે હદે સતત લખ્યા કર્યું !

"નવ જાણું ગુર્જર ગિરા" એમ પૂ.શ્રી ગુ.લી.માં કહે છે. પણ એમની ગુર્જર ગિરા ગીર્વાણ ગિરા છે અને તે પણ સમાધિભાષાની. તેથી ગુજરાતી વિદ્વાનોને પણ માથું ખંજવાળવું પડે તેવી છે.

વળી માણસને પદ્ય સમજવું અઘરું પડે છે. વેદાંતના સિદ્ધાંતો તો ગદ્યમાં પણ સમજવા અઘરા પડે તો પછી પદ્યમાં હોય ત્યાં શું થાય? તેથી જ ઘણા સમયથી એ સમગ્ર પદ્યાત્મક દોહરાઓનું ગદ્ય રૂપાંતર થાય તેવી માંગ હતી. એક બે પ્રયત્નો થયા ને હસ્તલિખિત રૂપમાં નારેશ્વર આવ્યા પણ ખરા, પરંતુ તે બધાએ સૂર્યનો પ્રકાશ જોયો નહીં.

પ્રા. કુલીન ઉપાધ્યાય પરિવારમાં જાણીતા છે અને તેમણે આ ગ્રંથનું ગદ્યરૂપાંતર કરી પૂ. પ્રેમઅવધૂતજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે જે સ્વયં સદ્‌ભાગ્ય છે.

સંસ્કૃતમાં તો **गद्यं कवीनां निकषं वदन्ति** - ગદ્ય તો કવિઓની કસોટી કરનાર હોય છે. પણ તે તો સ્વતંત્ર કાવ્યાત્મક ગદ્યની વાત છે. અહીં પૂ.શ્રીના દોહરાઓને ગદ્યમાં રૂપાંતરિત કરવાનું હોવાથી અને શ્રી કુલીનભાઇ શબ્દોના સ્વામી હોવાથી એવી કોઇ કસોટી નથી.

હું તેમને અભિનંદું છું ને આ રૂપાંતરને આવકારી પૂ.શ્રીના શુભાશિષ તેમને મળો એવી પ્રાર્થના કરું છું.

વડોદરા

-ધીરુભાઇ જોષી

ગદ્યરૂપાંતરકર્તાનું નિવેદન

શ્રીગુરુલીલામૃત ગદ્યરૂપાંતરનો છઠ્ઠો ભાગ અધ્યાય ૧૦૪ થી ૧૨૭ પ્રકાશિત કરતાં ભગવાનની લીલાનો અને સદ્‌ગુરુની કૃપાનો અનુભવ કરું છું. શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર-ભાગ ૧, ૨, ૩, ૪ અને ૫ ને જે રીતે આવકાર મળ્યો એ જોતાં આ દેવનું કાર્ય દેવ જ કરી રહ્યો છે એવું લાગે છે.

આ ગ્રંથમાં અધ્યાય ૧૦૪ થી ૧૨૭નું ગદ્યરૂપાંતર, પાદટીપ ઉપરાંત શ્રીગુરુલીલામૃતના સ્રોતગ્રંથો, શ્રીદત્તપુરાણ, શ્રીગુરુચરિત્ર અને શ્રીગુરુમૂર્તિચરિત્ર વિશે લખાણ આપ્યું છે. શ્રીવાસુદેવભાઈ નંદુરબારકરના સહયોગ બદલ આભારી છું.

આ સમગ્ર ગ્રંથનું મૂળ લખાણ મુ. ધીરુભાઈએ ખૂબ દિલથી અને જહેમત ઊઠાવીને જોયું છે. એમના અતિ વ્યસ્ત કાર્યક્રમમાંથી પણ સમય કાઢીને એમણે ખૂબ ઉપયોગી સૂચનો કર્યા છે. એ માટે હું એમનો ખૂબ ખૂબ આભારી છું.

ગદ્યરૂપાંતર ભાગ ૧ માટે શ્રી ધીરુભાઈએ લખેલો આવકાર આ ભાગ માટે પણ સ્વીકાર્યો છે. આ માટે એમનો આભારી છું.

પૂ. પ્રેમ અવધૂતજીએ ભાગ ૧ માટે આપેલું આશીર્વચન આ ભાગ માટે પણ સ્વીકાર્યું છે. એમનો તો ઋણ સ્વીકાર કરતા પણ સંકોચ અનુભવુ છું. આ સમગ્ર કાર્યનું પ્રેરણાબળ અને ચાલકબળ તેઓશ્રી જ છે.

આ ગ્રંથના બધા જ પ્રકરણોના પ્રૂફોને ઝીણવટતાથી તપાસીને બધું અંકે કરવામાં મદદ કરનાર મુ.શ્રી ટી. આર. જોષી સાહેબનો અને મુ. નવનીતભાઈ પાઠકનો ઋણી છું. રેડીરેકનર તરીકે જેનો ઉપયોગ કરતાં મેં કદી ખચકાટ અનુભવ્યો નથી એવા ડૉ.શ્રી સુભાષભાઈ દવે અને ડૉ.શ્રી જયેન્દ્રભાઈ દવેનો હું ઋણી છું. મુ. અનિલભાઈના સાથ, સહકાર અને હૂંફને યાદ કર્યા વિના કેમ ચાલે? સૌ. અંજનીબી તથા કુટુંબીજનોની મદદને પણ બિરદાવું છું. આ કાર્યને ઉપાસના માનીને મહેનત કરનાર મારા નાના ભાઈ શ્રી રાજેન્દ્રનું શ્રેય ઇચ્છું છું. ગ્રાફિકસનું કામ કરનાર મારા ભત્રીજા રવીશ ઉપાધ્યાયનો તથા મુદ્રણકાર્ય કરાવી એને પુસ્તક આકારે વ્યવસ્થિત મૂકવામાં મદદરૂપ બનનાર પ્રેસના માલિક શ્રી ઇન્દ્રવદનભાઈ પટેલનો પણ આભારી છું.

આ ગ્રંથનું પ્રકાશન અષાઢ સુદ બીજને રથયાત્રાના રોજ થાય છે તેને ભગવાનની મંગલ કૃપા જ સમજુ છું.

આ ગ્રંથના પ્રકાશનમાં સાથ અને સહકાર આપવા બદલ ડૉ.દિલીપ ભટ્ટનો તથા સ્નેહી શ્રી જશુભાઇ પટેલનો આભારી છું. વાચકોના અભિપ્રાયો આવકારું છું.

કુલીન ગ. ઉપાધ્યાય.

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય
બી-૪૦૧, પરિશ્રમ ટાવર્સ, આકાશ ફલેટ સામે,
અંકુરથી ભાવિન જવાના રસ્તે, નારણપુરા,
અમદાવાદ-૧૩. મો. : ૯૮૨૪૫૦૪૨૦૬

વૈદિક પંચશીલ

ૐ સહ નાવવતુ[૧], સહ નૌ ભુનક્તુ | સહવીર્યં કરવાવહૈ |
તેજસ્વિનાવધીતમસ્તુ | મા વિદ્વિષાવહૈ ||

આ મંત્રનો તત્ત્વાર્થ :

સહ નાવવતુ - એ પરમ પિતા પરમેશ્વર આપણા[૧] ઉભયનું રક્ષણ કરે ! એક સંરક્ષિત એને બીજો ઉપેક્ષિત રહે તો કાળે કરી બંનેનો નાશ થાય.

સહ નૌ ભુનક્તુ - આપણે બંને ઐશ્વર્યને વરીએ ને વિવિધ સુખોપભોગ ભોગવીએ ! એક સુખ સગવડોમાં આળોટે અને ચાંદીની થાળીમાં રોજ મિષ્ટાન્ન આરોગે અને બીજો દુ:ખમાં પાસાં ઘસ્યાં કરે ને માંડ કોદરાયે ન પામે તો એક અપચન અને બીજો બુભુક્ષાનો ભક્ષ્ય બની બન્નેય વિનાશને પંથે પરવરે.

સહ વીર્યં કરવાવહૈ- આપણે બન્ને શક્તિમાન બનીએ, બન્ને બળની ઉપાસના કરીએ, સાત્ત્વિક તાકાત મેળવીએ ! એક સબળો ને બીજો નબળો હોય તો સમાજમાં હંમેશાં શીત કે ઉષ્ણ યુદ્ધનું વાતાવરણ રહ્યા કરે ને એની ગુપ્ત પ્રગટ જ્વાળામાં વિશ્વસમસ્ત શેકાઇ જાય.

તેજસ્વિનાવધિતમસ્તુ (તેજસ્વિનૌ અધીતમસ્તુ) -
આપણા ઉભયનું ભણતર તેજસ્વી હો ! આમાંથી એક બીજામાં પરસ્પર દેવત્વની ભાવના પ્રગટે, એક બીજા માટે આદર ને સહાનુભૂતિની જ્યોત જાગે અને તો જ મનુષ્યમાં- સાચી માનવતા જાગે- મનુષ્ય મનુષ્ય માટે મરી પડે ને અંગત સ્વાર્થ બાજુએ મૂકી પરમાર્થમાં પગલાં માંડે - સ્વ ભૂલી સર્વમાં સમાઇ જાય અને વિશ્વમાં શાંતિ અને સમૃદ્ધિનું સામ્રાજ્ય પથરાઇ જાય.

મા વિદ્વિષાવહૈ - આપણે કદીયે એકબીજાનો દ્વેષ ન કરીએ ! 'હું' માં 'તું' ને 'તું' માં 'હું' નિહાળી સર્વત્ર હું-તું, મારું-તારુંથી પર એક અવિનાશી અખંડ પરમ તત્ત્વના દર્શન કરી, બધે એક અભંગ, આધ્યાત્મિક એકતા અનુભવી, જગતમાંથી વેરઝેર, દુ:ખ-દારિદ્ર, જુદ્ધ-અથડામણને દેશવટો આપી સુખ, શાંતિ ને આનંદે આનંદનાં મંડાણ કરીએ.

*

અવળી વાણીથી હંસ ઉચ્ચારે,
ગુરુ-શિષ્યનો ભેદ એ બાળે રે.

*

---

૧. નૌ - આપણા બે (ગુરુ-શિષ્ય)નું.

શ્રીગુરુલીલામૃતના સ્રોતગ્રંથો

શ્રીગુરુલીલામૃતની રચના પ.પૂ.શ્રીરંગ અવધૂત મહારાજે સને ૧૯૩૨ એટલે કે સંવત ૧૯૮૮ના આશ્વિન વદ ૧૨ (ગુરુદ્વાદશી)ના રોજ કરી. આ ગ્રંથના ૧ થી ૩૧ અધ્યાય સરખેજ પાસેની મુ.રતનલાલ મહાત્માની જામફળીમાં લખાયા અને બાકીના અધ્યાયો નારેશ્વરમાં લખાયા.

દેવની આજ્ઞાનુસાર રચાયેલા આ ગ્રંથના આધારરૂપ ગ્રંથોમાં શ્રીદત્તપુરાણ, શ્રીગુરુચરિત્ર અને શ્રીગુરુમૂર્તિચરિત્રને ગણાવી શકાય. આ ત્રણે ગ્રંથો વિશે ભકતોને જાણકારી મળે એ હેતુથી એના વિશે થોડીક વિગતો આપવાનો પ્રયત્ન કરું છું.

શ્રીદત્તપુરાણ અને શ્રીગુરુલીલામૃત :

શ્રીગુરુલીલામૃતના જ્ઞાનકાંડમાં પંચાવન અધ્યાય છે, ૭૨૮૦ દોહરા છે અને એમાં ભગવાન દત્તાત્રેયની લીલાનું વર્ણન છે. દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ કરવાના હેતુથી જ પ.પૂ.શ્રીરંગ અવધૂત ગુરુ મહારાજ નારેશ્વરમાં આવ્યા હતા.

પૂ.શ્રી જ્યારે ગરુડેશ્વરની સામે આવેલા ઇન્દ્રવર્ણા નામના ગામમાં આરામ કરતા હતા ત્યારે ભગવાને તેમને સ્વપ્નમાં કહ્યું કે દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ કરો. વ્યાસ ભગવાન રચિત અઢારે પુરાણ જોઇ વળ્યા પણ ક્યાંયે દત્તપુરાણ ના મળ્યું. નિરાશ થયા. પરંતુ ઘરેથી જતા રહેલા એક ભકતના પુત્રને શોધવા માટે ભરૂચ ગયા ત્યારે પ.પૂ.ગાંડા મહારાજના બનેવી મુ.શ્રી કલ્યાણભાઇ નિછાભાઇ દેસાઇ પાસેથી દત્તપુરાણ મળ્યું અને તેનાં ૧૦૮ પારાયણ પૂ.શ્રીએ નારેશ્વરમાં કર્યાં. આ વાત થઇ ઇ.સ.૧૯૨૬-૧૯૨૭ની. પૂ.શ્રીની મેધાવી શકિત તો ગજબની. એકસો આઠ વાર જે ગ્રંથનાં પારાયણ પૂ.શ્રીએ કર્યા તે શ્રીદત્તપુરાણ વિશે થોડું જાણીએ.

શ્રીદત્તપુરાણની રચના કોણે કરી? ક્યાં કરી? અને ક્યારે કરી?

શ્રીદત્તપુરાણની રચના પૂ.શ્રીના સદ્‌ગુરુ શ્રીમદ્ વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજે કરી. આ ગ્રંથની રચના **મહત્પુરમાં** ચાતુર્માસ દરમ્યાન ઇ.સ. ૧૮૯૨ માં કરી.

પૂ.શ્રી ઉપાસના કાંડના ૧૩૧મા અધ્યાયમાં જણાવે છે કે :

'રહી તથા ડાકોરમાં, ત્યાંથી ગુરુવર જાણ,
આવી મહત્પુરમાં કરે ચાતુર્માસ્ય સુજાણ.
દત્તાજ્ઞાથી ત્યાં રચે ગ્રંથો બે અદ્‌ભુત,
સંસ્કૃત દત્તપુરાણ ને દત્તમાહાત્મ્ય પ્રાકૃત.' (અ. ૧૩૧/દો. ૪-૫)

આમ દત્તપુરાણ એ પ.પૂ.સ્વામી મહારાજે સંસ્કૃત ભાષામાં રચેલો ગ્રંથ છે. (આ ગ્રંથ બ્રહ્માવર્તમાં રચાયો એવો ઉલ્લેખ પ.પ.સ્વામી મહારાજે કર્યો છે.)

ડૉ.શાસ્ત્રી જયેન્દ્રભાઇ દવે દ્વારા અનુવાદિત અને સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય દ્વારા પ્રકાશિત 'શ્રીદત્તપુરાણમ્'માં એમણે પાન નં.૫ પર આપેલી વિગતો આ ગ્રંથ વિશે ઘણી સમજ આપે છે, જે નીચે મુજબ છે :

"શ્રીદત્તપુરાણ શ્રીસ્વામી મહારાજશ્રીની જ કૃતિ છે. આમ છતાંય આ પુરાણનું નિરૂપ્ય વસ્તુ ભગવાન વેદ વ્યાસજી રચિત પુરાણોમાં ક્યાંય નથી અને આ ગ્રંથ સર્વથા નૂતન, મૌલિક જ છે એવું માનવું જરૂરી નથી અને સકલ ઇતિહાસ પુરાણ ગ્રંથોમાં જ્યાં જ્યાં શ્રીદત્તાત્રેય સંબંધી જે કાંઇ છૂટી છવાઇ માહિતી પ્રાપ્ય હતી તે સર્વ એકત્ર કરી, ક્રમમાં ગોઠવી, તેમ કરવામાં ખૂટતી કડીઓ મેળવવામાં સેંકડો-નૂતન-ચમત્કૃતિપૂર્ણ શ્લોકો રચી, તેમણે આ પુરાણ ગ્રંથનો પિંડ બાંધ્યો છે, નૂતન પુરાણ ગ્રંથની રચના કરી છે."

આ ગ્રંથનું નામ દત્તપુરાણ કેમ રાખ્યું?

જે ગ્રંથમાં નીચેનાં પાંચ વિષયાંગોનું વિગતપૂર્ણ અને આધારભૂત નિરૂપણ થયું હોય તે ગ્રંથને પુરાણ કહેવામાં આવે છે. આ પાંચ વિષયો નીચે પ્રમાણે છે :-

(૧) **સર્ગ :** સર્ગ એટલે પંચમહાભૂત, ઇંદ્રિયો, બુદ્ધિ આદિ તત્ત્વોની ઉત્પત્તિનું વર્ણન.
(૨) **પ્રતિસર્ગ :** બ્રહ્માથી માંડીને સ્થાવર સુધીનાં સર્વ ચરાચરની ઉત્પત્તિનું વર્ણન.
(૩) **વંશ :** સૂર્ય-ચંદ્ર વંશ આદિનું વર્ણન.
(૪) **મનવન્તર :** મનુ, મનુ પુત્ર, દેવ, સપ્ત ઋષિ, ઇંદ્ર અને ઇશ્વરના અવતાર : એ વિષયોનું વર્ણન.
(૫) **વંશ્યાનુચરિત :** જે તે વંશોમાં થયેલા પ્રસિદ્ધ પુરુષોનાં ચરિત્રનું વર્ણન.

આ પાંચેય વિષયોનું યથાયોગ્ય આલેખન આ ગ્રંથમાં થયું છે માટે તે શાસ્ત્રીય રીતે 'પુરાણ' છે.

આ ગ્રંથમાં દત્તાત્રેય ભગવાનનું મુખ્યત્વે વર્ણન છે. એટલે આ ગ્રંથનું નામ 'દત્તપુરાણ' રાખવામાં આવ્યું છે.

'દત્તપુરાણ' ગ્રંથની રચનામાં પ.પૂ.સ્વામી મહારાજે ઋગ્વેદનું રચના સ્વરૂપ દૃષ્ટિ સમક્ષ રાખી, આઠ અધ્યાયનું એક અષ્ટક એવા આઠ અષ્ટક એટલે કે ચોસઠ અધ્યાય, સાડા ત્રણ હજાર (૩૫૦૧) શ્લોક તેમજ એક લાખ બાર હજાર (૧,૧૨,૦૦૦) અક્ષરોમાં એની રચના કરી છે. ભગવાન પતંજલિએ "અક્ષર સમામ્નાય"ની સ્થાપના કરી છે. અક્ષર 'અક્ષર' છે. કોઇ ગ્રંથકારે અક્ષર વેડફી નાંખવાના નથી, ગણી ગણીને ચીવટથી પ્રયોજવાના છે એ સ્વામી મહારાજનું ભાષાશાસ્ત્રીય તત્ત્વદર્શન છે.

અષ્ટક : ૧

અધ્યાય : ૧ આ અધ્યાયનું નામ વેદપાદ સ્તુતિ છે. આ અધ્યાયમાં ૬૮ શ્લોક છે. આ અધ્યાયનું નામ 'વેદપાદ સ્તુતિ' એટલા માટે રાખવામાં આવ્યું છે કે એના પ્રત્યેક શ્લોકમાં ઋગ્વેદના અધ્યાયમાંથી મંત્રભાગ

જેમનો તેમ લીધો છે. ક્યાંક શ્લોકના એક પાદના અંતે, ક્યાંક દ્વિતીય પાદના અંતે તો ક્યાંક ત્રીજા પાદના અંતે ઋગ્વેદનાં મંત્રપ્રતીકો આવે છે. એ જ રીતે પ્રથમ અધ્યાયના પ્રત્યેક શ્લોકનો આરંભ ઋક્સંહિતાના પ્રત્યેક અધ્યાયના પ્રારંભિક પદના પ્રયોગ દ્વારા કરેલો છે. બે ત્રણ શ્લોકો જોઇએ :

દત્તપુરાણ : અષ્ટક- ૧ : અધ્યાય- ૧ :

શ્લોક : ૧

અગ્નિમીળે પરં દેવં યજ્ઞસ્ય ત્વાં ત્યધીશ્વરમ્ |
સ્તોમોઽયમગ્રિયોઽર્થ્યસ્તે **હૃદિસ્પૃગસ્તુ શંતમઃ** ||

ઋગ્વેદ અ.૧ : સૂકત- ૧ : શ્લોક- ૧ :

ૐ **અગ્નિમીળે** પુરોહિતં યજ્ઞસ્ય દેવમૃત્વિજમ્ |
હોતારં રત્નધાતમમ્ ||

'હૃદિસ્પૃગસ્તુ શંતમઃ' મંત્રપ્રતીક છે.

શ્લોક : ૨

અયં દેવાય દૂરાય ગિરાં સ્વાધ્યાય સાત્વતામ્ |
સોમોઽસ્ત્વનેન વિન્દેયં **તદ્વિષ્ણોઃ પરમં પદમ્** ||

'તદ્વિષ્ણોઃ પરમં પદમ્' એ મંત્રપ્રતીક છે.

શ્લોક : ૩

એતા યા લૌકિકાઃ સન્તુ હીના વાચોઽપિનઃ પ્રિયાઃ |
બાલસ્યેવ પિતુસ્તે ત્વં સ નાસે મૂળ મહાંઅસિ ||

'એતા યા' એ મંત્રપ્રતીક છે.

આ અધ્યાય 'વેદપાદસ્તુતિ' દ્વારા ઋગ્વેદ આદિ વેદો પરના એમના દિવ્ય અધિકારની પણ ખાતરી થાય છે. મૌલિકતાની દૃષ્ટિએ વેદપાદ સ્તુતિ ખરેખર ભવ્ય છે.

વળી સ્વામી મહારાજે પ્રત્યેક અધ્યાયના પહેલા શ્લોકમાં આવી જ રચનાચાતુરી બતાવી છે. આ રચનાચાતુરી એ માત્ર વિદ્વત્તાનું નહીં પણ પરમ કૃપાળુ પરમાત્માની ગ્રંથકર્તા પરની અહૈતુકી કૃપાનું પરિણામ છે.

દત્તપુરાણના અધ્યાયવાર વિષયવસ્તુ:

અષ્ટક : ૧

અધ્યાય	શ્લોકની સંખ્યા	અધ્યાયનું નામ	શ્રીગુરુલીલામૃત જ્ઞાનકાંડ	
			અધ્યાય	દોહરા
૧	૬૮	વેદપાદસ્તુતિ.	નથી	નથી
૨	૫૦	વિરોધ પરિહાર=નિરાકરણ.	નથી	નથી
૩	૫૦	સંમત વેદશિરોમત-	નથી	નથી
		બંધનમોક્ષની વ્યવસ્થા.	નથી	નથી
૪	૫૦	કર્મેશ્વર-વિપ્રતિપત્તિ=વિરોધ.	નથી	નથી
૫	૫૦	ઈશ્વર ઉપાસના.	નથી	નથી
૬	૫૦	શાંડિલ્ય-અથર્વ સંવાદ.	નથી	નથી
૭	૫૩	હઠયોગ કથન.	૧૮	૧૨૦
૮	૫૦	યોગ કથન.	૩૫	૧૧૮
	કુલ ૪૨૧			

✡ ✡ ✡

અષ્ટક : ૨

અધ્યાય	શ્લોકની સંખ્યા	અધ્યાયનું નામ	શ્રીગુરુલીલામૃત જ્ઞાનકાંડ	
			અધ્યાય	દોહરા
૧	૫૫	યોગવિવરણ.	૩૭	૧૩૫
૨	૪૩	યોગફળ-ક્રમમુક્તિ	૩૪	૯૮
		આદિનું કથન.		
૩	૪૩	ભૂત ભૌતિક સર્ગવર્ણન.	૧૬	૧૪૪
૪	૪૩	મનુપુત્રીઓનાં લગ્ન અને	૫	
		અનસૂયા-અત્રિ માહાત્મ્ય.		
૫	૪૫	દત્તાત્રેય અવતાર કથન.	૮	૨૩-૧૩૫
૬	૫૭	દશાવતાર ચરિત્ર વર્ણન.	નથી	નથી
૭	૪૬	વરાહ-નરસિંહ અવતાર.	નથી	નથી
૮	૪૯	પ્રહ્લાદ આદિને ઉપદેશ.	૯	૧૩૨
	કુલ ૩૮૧			

✡ ✡ ✡

અષ્ટક : ૩

અધ્યાય	શ્લોકની સંખ્યા	અધ્યાયનું નામ	શ્રીગુરુલીલામૃત જ્ઞાનકાંડ	
			અધ્યાય	દોહરા
૧	૬૮	ઉપાસના વિધિ નિરૂપણ.	નથી	નથી
૨	૬૮	શ્રી દત્તાત્રેયાવતાર કર્માદિ કથન.	૭+૮	૧૯૦+
૩	૬૮	કાર્તવીર્ય અર્જુનનું ચરિત્ર.	૧૦	૧૧૫
૪	૬૮	ગર્ગકથિત દેવવિજય કથા.	૧૧	૧૪૮
૫	૬૮	શિલ્પ અને કામશાસ્ત્રજ્ઞની ગતિ	૧૨+૧૩	૧૫૫+૧૪૨
૬	૫૦	વિષ્ણુદત્તોદ્ધાર.	૧૪	૧-૧૦૩
૭	૫૮	રોગી-ઉદ્ધારાદિ કથન.	૧૪+૧૫	૧૦૪-૧૪૪
૮	૫૨	બંધ મોક્ષ મિથ્યાત્વ કથન.	૧૫	૧૧૩-૧૯૨
	કુલ ૫૦૦			

✡ ✡ ✡

અષ્ટક : ૪

અધ્યાય	શ્લોકની સંખ્યા	અધ્યાયનું નામ	શ્રીગુરુલીલામૃત જ્ઞાનકાંડ	
			અધ્યાય	દોહરા
૧	૬૮	ષડ્‌લિંગ શ્રવણ અને મહાવાકયાર્થ બોધ.	૧૭	૧૩૨
૨	૬૮	અષ્ટાંગ યોગ-આચાર-યોગચર્યા.	૧૮	૧૨૦
૩	૬૪	કાર્તવીર્ય અર્જુનની યોગાભ્યાસપૂર્વક રાજયપ્રાપ્તિ.	૧૯+૨૦	૧૩૦+૧૨૬
૪	૫૦	રાજયાસન કરતા સહસ્રાર્જુનને વસિષ્ઠ ઋષિનો શાપ.	૨૧	૧૧૬
૫	૫૦	દેવકાર્ય માટે પરશુરામ અવતાર.	૨૩	૧૧૮
૬	૫૦	અર્જુનનો પરશુરામ દ્વારા વધ.	૨૪	૧૮૪
૭	૫૦	રેણુકાનું સતી થવું અને પરશુરામની પ્રતિજ્ઞા.	૨૬	૧૨૪
૮	૫૦	પરશુરામ દ્વારા માતા પિતાનું ઔર્ધ્વદૈહિક અને ઋષિઓને પૃથ્વીદાન.	૨૭	૧૨૪
	કુલ ૪૫૦			

અષ્ટક : ૫

અધ્યાય	શ્લોકની સંખ્યા	અધ્યાયનું નામ	શ્રીગુરુલીલામૃત જ્ઞાનકાંડ	
			અધ્યાય	દોહરા
૧	૫૦	કુવલયાશ્વ દ્વારા દાનવ વધ અને મદાલસાવરણ.	૨૮	૧૬૫
૨	૫૦	મદાલસા પુનઃપ્રાપ્તિ.	૩૦	૧૨૮
૩	૫૦	પુત્રોને જ્ઞાનોપદેશ.	૩૧	૧૪૨
૪	૫૦	અલર્કને બોધ-ઉપાયનું નિરૂપણ.	૩૩	૧૩૦
૫	૫૦	અલર્કને અષ્ટાંગ યોગકથન.	૩૪+૩૫+૩૬	
૬	૬૪	સિદ્ધયોગચર્યા અને ૐકારોપાસના.	+૩૭	+૧૩૫
૭	૬૭	મૃત્યુનાં ચિન્હો-ઉપદેશ અને અલર્ક દ્વારા સ્તુતિ.	૩૮+૩૯+૪૦	
૮	૬૮	સુબાહુનો કાશીરાજાને ઉપદેશ.	૪૧+૪૨	૭૪
	કુલ ૪૪૯			

✡ ✡ ✡

અષ્ટક : ૬

અધ્યાય	શ્લોકની સંખ્યા	અધ્યાયનું નામ	શ્રીગુરુલીલામૃત જ્ઞાનકાંડ	
			અધ્યાય	દોહરા
૧	૫૨	આયુરાજાની દાસ્ય ભક્તિનું કથન.	૪૩	૧૦૨
૨	૫૮	હુંડ દ્વારા બાલક હરણ અને વસિષ્ઠ દ્વારા રક્ષણ.	૪૫	૧૨૫
૩	૫૦	નારદ દ્વારા ઇંદુમતી અને રાજાના શોકનું નિવારણ.	૪૭	૧૨૦
૪	૬૮	હુણ્ડાસુરવધ અને અશોકસુંદરી સાથે લગ્ન.	૪૯	૧૨૦
૫	૬૮	ચોવીસ ગુરુની કથા અને કૃષ્ણાવતાર કથન.	૫૨-૫૫	૫૩૭
૬	૬૮	અંશકાલ સહિત ચૌદ મન્વન્તર અને બ્રહ્માંડ કથન.	નથી	નથી
૭	૬૮	સૂર્યવંશમાં શ્રીરામચરિત્ર કથન.	નથી	નથી
૮	૬૮	સોમ (ચંદ્ર) વંશ વર્ણન.	નથી	નથી
	કુલ ૫૦૦			

✡ ✡ ✡

અષ્ટક : ૭

અધ્યાય	શ્લોકની સંખ્યા	અધ્યાયનું નામ	શ્રીગુરુલીલામૃત જ્ઞાનકાંડ	
			અધ્યાય	દોહરા
૧	૪૯	સુંદ-ઉપસુંદ ચરિતવર્ણન.	નથી	નથી
૨	૪૬	હેમકુણ્ડલ નામના વૈશ્યનું ચરિત વર્ણન.	નથી	નથી
૩	૫૫	દેવદૂતોનું વૈશ્યપુત્રને ધર્માદિકથન.	નથી	નથી
૪	૪૫	દેવદૂતો દ્વારા વૈશ્યને અન્ન વસ્ત્ર દાન વિધિ કથન.	નથી	નથી
૫	૪૩	વૈષ્ણવ ધર્મ અને એકાદશી વ્રત નિયમ કથન.	નથી	નથી
૬	૪૩	વિકુંડળથી પ્રસન્ન વિષ્ણુ દૂતો દ્વારા મોક્ષ-ઉપાય કથન.	નથી	નથી
૭	૪૩	માઘસ્નાન વિધિ અને રાક્ષસઅપ્સરા સંવાદ કથન.	નથી	નથી
૮	૫૫	પરસ્ત્રીગમન પાપથી ઇંદ્રની મુક્તિ અને રાક્ષસની મુક્તિનું વર્ણન.	નથી	નથી
	કુલ ૩૭૯			

✡ ✡ ✡

અષ્ટક : ૮

અધ્યાય	શ્લોકની સંખ્યા	અધ્યાયનું નામ	શ્રીગુરુલીલામૃત જ્ઞાનકાંડ	
			અધ્યાય	દોહરા
૧	૫૦	ગાલવ ઋષિ-પુત્ર દ્વારા બ્રહ્મચારી-ધર્મકથન.	નથી	નથી
૨	૫૩	ગાલવ ઋષિ-પુત્ર દ્વારા ગૃહસ્થાશ્રમ ધર્મ વર્ણન.	નથી	નથી
૩	૫૦	ઔર્ધ્વદેહિક-શ્રાદ્ધ લક્ષણ-પ્રયોગાદિ કથન.	નથી	નથી
૪	૫૦	તિથિ આદિનો નિર્ણય, સપ્ત સંસ્થાગ્રહણ અને ઉપાકર્મ નિર્ણય.	નથી	નથી
૫	૫૦	પાપનાં કારણ, નિવારણ માટે પ્રાયશ્ચિત્ત-કૃચ્છ્રાદિનું કથન.	નથી	નથી

અધ્યાય	શ્લોકની સંખ્યા	અધ્યાયનું નામ	શ્રીગુરુલીલામૃત જ્ઞાનકાંડ	
			અધ્યાય	દોહરા
૬	૫૦	ગુરુતલ્પ અને ઉપપાતક શુદ્ધિ કથન.	નથી	નથી
૭	૫૦	સોળ સંસ્કાર-અશૌચ નિર્ણય-વાનપ્રસ્થાશ્રમાદિનું વર્ણન.	નથી	નથી
૮	૬૮	પ્રલય-યુગમાન-સંન્યાસ પદ્ધતિ-કથન.	નથી	નથી
	કુલ ૪૨૧			

✡ ✡ ✡

કુલ શ્લોકો : ૩૫૦૧= (૪૨૧ + ૩૮૧ + ૫૦૦ + ૪૫૦ + ૪૪૯ + ૫૦૦ + ૩૭૯ + ૪૨૧)

આ દત્તપુરાણનાં ૬૪ અધ્યાયોની વિષયાનુક્રમણિકા પ.પૂ.સ્વામી મહારાજે ભજનના રૂપમાં રજૂ કરી છે. આમ ભજનનું ભજન અને પાછી વિષયની અનુક્રમણિકા પણ ખરી. આ ભજનની થોડી પંક્તિ જોઇએ.

અધ્યાય	ભજનપંક્તિ
૧	વેદપાદનુતિતોષિત દત્ત ‖
૨	શ્રાવિતશાસ્ત્ર વિરોધક દત્ત ‖
૩	સંમત વેદ શિરોમત દત્ત ‖
૪	સંપૃષ્ટેશ્વરસત્ક્રિય દત્ત ‖
૫	કર્મેટ્ તત્ત્વજ્ઞાપક દત્ત ‖
૬	સ્મૃતિત: સંનિધિકારક દત્ત ‖
૭	સહ્યમહીધર વાસિન્ દત્ત ‖
૮	કાશીગંગાસ્નાયિન્ દત્ત ‖
૯	કમલાપત્તનભિક્ષુક દત્ત ‖
૧૦	શાંડિલ્યાનુગ્રાહક દત્ત ‖

ચલતીમાં ગાઇ શકાય છે. આમ સંગીતમય વિષયાનુક્રમણિકાની રજૂઆત.

દત્તપુરાણનાં આઠ અષ્ટક પૈકી પહેલાં બે અષ્ટક (સોળ અધ્યાય) જ્ઞાનકાંડ છે, પછીનાં ચાર અષ્ટક એટલે કે અષ્ટક નં. ૩, ૪, ૫ અને ૬ (બત્રીસ અધ્યાય) ઉપાસનાકાંડ છે અને છેલ્લા બે અષ્ટક (સોળ અધ્યાય) કર્મકાંડ છે.

જ્ઞાનકાંડના બે અષ્ટકમાં પહેલા અષ્ટકમાં 'સર્ગ' નું વર્ણન છે. 'પ્રતિસર્ગ' નું વર્ણન છેલ્લા અષ્ટકમાં છે. બીજા અષ્ટકથી માંડીને સાતમા અષ્ટક સુધી વંશ, મન્વંતર અને વંશાનુચરિતનું વર્ણન આવે છે.

જ્ઞાનકાંડ	અષ્ટક નં. ૧ અને ૨.	
	ઉપાસનાકાંડ	અષ્ટક નં. ૩, ૪, ૫ અને ૬.
	કર્મકાંડ	અષ્ટક નં. ૭ અને ૮.

આઠ અષ્ટક=૬૪ અધ્યાય.

સર્ગ	અષ્ટક ૧લું.
વંશ, મન્વંતર, વંશાનુચરિત	અષ્ટક નં. ૨ થી ૭.
પ્રતિસર્ગ	અષ્ટક છેલ્લું. નં. ૮.

✡ ✡ ✡

શ્રીગુરુલીલામૃત અને શ્રીગુરુચરિત્ર :

દત્તાત્રેય ભગવાનના અવતાર એવા શ્રીપાદશ્રીવલ્લભ અને શ્રીમન્ નૃસિંહસરસ્વતી સ્વામીની લીલાનું વર્ણન શ્રીગુરુચરિત્રમાં કરવામાં આવ્યું છે. આ ગ્રંથ મરાઠી ભાષામાં છે. શ્રીમન્નૃસિંહસરસ્વતીની સેવામાં રહેલા ભકત સાયંદેવના પૌત્રના પૌત્ર સરસ્વતી ગંગાધરે (સાયંદેવનો પુત્ર નાગનાથનો પુત્ર દેવરાવનો પુત્ર ગંગાધરનો પુત્ર સરસ્વતી) આ ગ્રંથની રચના કરી છે.

આ ગ્રંથના આધારે શ્રીગુરુલીલામૃતના કર્મકાંડની રચના કરવામાં આવી છે. કર્મકાંડમાં પચાસ (૫૦) અધ્યાય છે અને ૬,૭૭૨ દોહરા છે.

પૂ.શ્રી છ વર્ષના હતા ત્યારે એમને સ્વપ્નમાં આદેશ થયો કે 'પોથી વાંચ'. આ પોથી એટલે જ શ્રીગુરુચરિત્ર. નાના પાંડુરંગને ખબર ન હતી કે પોથી એટલે શું? પરંતુ એક દિવસ એમના મામા જેમનું નામ મોંઘે હતું તે એમની બહેન રુકમામાઇ (પૂ.શ્રીનાં માતૃશ્રી)ને કહેતા હતા કે મારી વિચિત્ર નોકરીને કારણે મારે આ પોથી કોઇ એવી વ્યક્તિને આપી દેવી છે કે જે નિત્ય નિયમસર પવિત્રતાથી રોજ આના એક અધ્યાયનો પાઠ કરે. આ વાત પૂ.શ્રીએ સાંભળી અને એમણે મુ.મોંઘેમામાને વિનંતી કરી અને સાથે સાથે નિયમપૂર્વક પાઠ કરવાની ખાતરી પણ આપી અને કહ્યું કે આ પોથી મને આપો. મુ.મામાએ એ પોથી બાળ પાંડુરંગ-પૂ.શ્રીને આપી.

મુ.મોંઘેમામાને કોઇ સંતાન ન હતું. પ.પૂ.સાંઇબાબાએ એમને આ પોથી આપીને રોજ એનો પાઠ કરવા જણાવ્યું હતું. પ.પૂ.સાંઇબાબાની કૃપાથી અને શ્રીગુરુચરિત્ર-પોથી-નાં પારાયણથી મુ.મોંઘેમામાને સંતાન પ્રાપ્તિ થઇ હતી.

શ્રીગુરુચરિત્રમાં કુલ બાવન અધ્યાય છે જેમાં છેલ્લો બાવનમો અધ્યાય એ એકાવન (૫૧) અધ્યાયનો સાર છે, જેમ શ્રીગુરુલીલામૃતમાં એકસો અડતાલીસ (૧૪૮)મો અધ્યાય છે તેમ. નાના બાળ પાંડુરંગે રોજ એક અધ્યાય વાંચ્યો એમ માનીએ તો પણ વર્ષ દરમ્યાન શ્રીગુરુચરિત્રનાં સાત પારાયણ થાય.

પૂ.શ્રીએ સાત વર્ષની ઉંમરથી શરૂ કરીને સત્તાવીસ વર્ષની ઉંમર સુધી રોજ એક અધ્યાય વાંચ્યો એવી કલ્પના કરીએ તો પણ એ વીસ વર્ષ દરમ્યાન ૧૪૦ વાર પારાયણ કર્યાં હશે. પૂ.શ્રી સને ૧૯૨૫ની સાલના ડિસેમ્બર માસમાં નારેશ્વરમાં દત્તપુરાણનાં પારાયણ માટે રહ્યા ત્યારે એમની ઉંમર ૨૭ વર્ષની હતી.

ખરેખર તો પૂ.શ્રીએ શ્રીગુરુચરિત્રનાં સપ્તાહ પારાયણ પણ કર્યાં જ હશે. એટલે એમણે શ્રીગુરુચરિત્રનાં ૧૫૦ થી ૧૬૦ પારાયણ કર્યાં હશે. અતિ મેધાવી પુરુષ- દત્તાવતારી પુરુષને સમગ્ર ગ્રંથ કંઠસ્થ થઇ ગયો હોય તો એમાં શી નવાઇ?

શ્રીદત્તપુરાણનાં ૧૦૮ પારાયણ સામે શ્રીગુરુચરિત્રનાં ૧૫૦થી પણ વધુ પારાયણ થયાં હશે.

શ્રીગુરુચરિત્રમાં છે પણ શ્રીગુરુલીલામૃતના કર્મકાંડમાં નથી એવી વિગતો :

શ્રીગુરુચરિત્રના કુલ બાવન અધ્યાયો પૈકી છેલ્લા અધ્યાયમાં એકાવન અધ્યાયનો સાર છે. આ એકાવન અધ્યાય પૈકી અધ્યાય- ૧, ૨, ૩ અને ૪ માં દત્તાત્રેયની લીલાનું વર્ણન છે. જે અધ્યાયો શ્રીગુરુલીલામૃતના જ્ઞાનકાંડમાં છે એટલે કર્મકાંડમાં દત્તાત્રેયની લીલાનું વર્ણન આવતું નથી. શ્રીગુરુચરિત્રમાં શ્રીપાદશ્રીવલ્લભના જન્મની કથા પાંચમા અધ્યાયમાં આવે છે. આ જ જન્મકથાથી કર્મકાંડની શરૂઆત થાય છે. આમ દત્તાત્રેય ભગવાનના ચાર અધ્યાયો શ્રીગુરુચરિત્રમાં છે જે શ્રીગુરુલીલામૃતના કર્મકાંડમાં નથી.

શ્રીગુરુચરિત્રમાં ઓગણપચાસ (૪૯)મો અધ્યાય ગુરુગીતાનો છે. ભગવાન શંકર અને માતા પાર્વતી વચ્ચેના સંવાદરૂપ આ આખો અધ્યાય કર્મકાંડમાં નથી. આ અધ્યાયમાં ૧૭૬ શ્લોક અને ૩૪ ઓંવી મળી કુલ ૨૧૦ ઓંવી છે. આમ ૫૧ અધ્યાયમાંથી પાંચ અધ્યાય બાદ કરતાં ૪૬ અધ્યાયમાં જ શ્રીપાદશ્રીવલ્લભનું અને શ્રીમન્નૃસિંહસરસ્વતી સ્વામીની લીલાનું વર્ણન આવે છે.

શ્રીગુરુચરિત્રમાં જેટલું વિગતવાર વર્ણન છે તેટલું વિગતવાર વર્ણન કર્મકાંડમાં નથી એવા અધ્યાયો :

પૂ.શ્રીએ શ્રીગુરુચરિત્રને આધારે કર્મકાંડ લખ્યો છે પણ પોતાના લક્ષ્યને ધ્યાનમાં રાખીને ઘણા અધ્યાયોને લાંબા-ટૂંકા કર્યા છે. દા.ત. ગોકર્ણ મહાબળેશ્વરના કર્મકાંડના ૬૧ મા અધ્યાયમાં પૂ.શ્રીએ શ્રીગુરુચરિત્રમાં આપેલું રાવણે કરેલું સામવેદી ગાન નથી આપ્યું. ૬૧ મા અધ્યાયના એક જ દોહરામાં વર્ણન પૂરું કર્યું છે.

સપ્ત સ્વર સુસ્વર ગિરા, તાલ તાન નહિ ખંડ;
લંકેશ્વર ગાયન કરે, દિવસરાત અખંડ ! (અ. ૬૧/ દો. ૪૮)

શ્રીગુરુચરિત્રમાં આ સ્તુતિનું વર્ણન કરતી ૩૭ ઓંવી છે.

એ જ પ્રમાણે કર્મકાંડના ૮૦ મા અધ્યાયમાં વેદ વિસ્તારનું વર્ણન પૂ.બાપજીએ ટૂંકાવી દીધું છે.

શ્રીગુરુચરિત્રમાં ઋગ્વેદ, યજુર્વેદ વગેરેનું વર્ણન વિગતવાર છે. આ બધું વર્ણન આપણે વાંચીએ છીએ ત્યારે એ સમજવામાં તકલીફ પડે છે એ આપણો અનુભવ છે. પૂ.શ્રીએ જેટલું જરૂરી હતું તેટલું જણાવ્યું છે.

સીમંતિની આખ્યાનમાં પણ શ્રીગુરુચરિત્રમાં આપેલી કચ-દેવયાનીની આખ્યાયિકા શ્રીગુરુલીલામૃતના જ્ઞાનકાંડમાં આવતી હોવાથી પૂ.શ્રીએ કર્મકાંડમાં જણાવી નથી.

કર્મકાંડનો ૯૦મો અધ્યાય એ લાંબામાં લાંબો- ૩૦૮ દોહરાનો અધ્યાય છે. એ અધ્યાય પૂરો કરવામાં સમય પણ જાય છે અને સમજ પણ ઓછી પડે છે. શ્રીગુરુચરિત્રમાં આ અધ્યાય ખૂબ જ વિગતે છે. એમાં ૫૪૨ ઓંવી છે. પૂ.શ્રીએ શું શું જરૂરી છે એનો વિચાર કરીને આપણા પર મોટો ઉપકાર કર્યો છે.

પૂ.શ્રીએ કેટલાક અધ્યાયોમાં વિષયનું વર્ણન વિસ્તારથી કર્યું છે. શ્રીગુરુચરિત્રમાં આ વર્ણન પ્રમાણમાં ટૂંકમાં થયું છે. દા.ત. નવધાભક્તિનું વર્ણન શ્રીગુરુચરિત્ર કરતાં વિગતવાર કર્યું છે.

આમ કર્મકાંડની રચનામાં શ્રીગુરુચરિત્રમાંથી પ્રેરણા મેળવી, એનો આધાર લઈને પૂ.શ્રીએ જરૂરી ફેરફારો કર્યા છે.

શ્રીગુરુચરિત્ર સિદ્ધ અને નામધારક વચ્ચેના સંવાદરૂપે રજૂ થયું છે. પૂ.શ્રીએ અલખ અને નિરંજન નામના બે નવાં જ પાત્રોના સંવાદરૂપે કર્મકાંડ રજૂ કર્યો છે.

દત્તપુરાણ આવું સંવાદાત્મક નથી. શ્રીગુરુમૂર્તિચરિત્ર એ પૂ.ગાંડા મહારાજ અને ભક્તો વચ્ચેની વાતચીતરૂપે રજૂ થયું છે.

આમ શ્રીગુરુચરિત્રમાં જરૂરી ફેરફારો કરીને પૂ.શ્રીએ કર્મકાંડ તૈયાર કર્યો છે.

✡ ✡ ✡

કર્મકાંડના બદરિકાશ્રમને લગતાં અધ્યાય ૫૭, ૫૮, ૫૯, ૬૦ શ્રીગુરુચરિત્રમાં નથી :

શ્રીગુરુચરિત્ર

અધ્યાય	અધ્યાયનું નામ	ઓંવી	શ્રીગુરુલીલામૃત કર્મકાંડ	
			અધ્યાય	દોહરા
૧	મંગલાચરણ	૧૪૯	નથી	નથી
૨	શિષ્યદીપકાખ્યાન	૨૭૮	નથી	નથી
૩	અંબરિષવ્રત નિરૂપણ	૮૩	નથી	નથી
૪	ત્રૈમૂર્તિ અવતાર કથન	૭૭	નથી	નથી
૫	શ્રીપાદાવતાર કથન	૭૮	૫૬	૧૨૫
૬	ગોકર્ણમહિમા-મહાબલેશ્વર લિંગ સ્થાપન	૧૯૨	૬૧	૧૭૬
૭	ગોકર્ણમહિમાવર્ણન	૨૧૦	૬૨	૨૪૫
૮	શનિપ્રદોષવ્રતમાહાત્મ્યકથન	૧૧૫	૬૩	૧૪૫

અધ્યાય	અધ્યાયનું નામ	ઓંવી	શ્રીગુરુલીલામૃત કર્મકાંડ	
			અધ્યાય	દોહરા
૯	રજકવરપ્રદાન	૫૩	૬૪	૫૮
૧૦	કુરવપુરક્ષેત્રમહિમાવર્ણન	૪૨	૬૫	૫૮
૧૧	શ્રીનૃસિંહસરસ્વતી ઉપાખ્યાને	૧૦૭	૬૬	૧૨૫
૧૨	શ્રીગુરુચતુર્થાશ્રમગ્રહણ-ગુરુપરંપરાકથન	૧૩૦	૬૭	૧૪૦
૧૩	કરંજનગરાભિગમન તથા વિપ્રોદરવ્યથાનિરસનં	૧૬૯	૬૮	૨૦૦
૧૪	કુરયવન શાસન- સાયંદેવ વરપ્રદાન	૪૯	૬૯	૧૬૦
૧૫	તીર્થયાત્રા નિરૂપણં	૧૦૨	નથી	નથી
૧૬	ગુરુશુશ્રૂષણમાહાત્મ્યવર્ણન	૧૬૭	૭૦	૨૧૨
૧૭	ભિલ્લવડીસ્થાન માહાત્મ્યવર્ણન-મંદમતિ બ્રાહ્મણ વરપ્રદાન	૬૧	૭૧	૭૨
૧૮	અમરાપુરમહિમા-દ્વિજૈદૈન્યહરણ	૭૩	૭૨	૮૨
૧૯	ઔદુંબર વૃક્ષમહિમા-યોગિની પ્રતિદિન દર્શન તથા વરપ્રદાન	૧૦૦	૭૩	૧૧૮
૨૦	બ્રહ્મસમંધ પરિહાર પ્રેતજનનીશોકન	૧૧૯	૭૪	૧૩૮
૨૧	મૃતપુત્રસંજીવન	૮૯	૭૫	૧૧૦
૨૨	વંધ્યામહિષીદોહન	૬૨	૭૬	૭૨
૨૩	બ્રહ્મરાક્ષસ મુકતકરણ	૫૮	૭૭	૭૦
૨૪	ત્રિવિક્રમભારતી વિશ્વરૂપદર્શન	૫૦	૭૮	૭૦
(જ્ઞાનકાંડ	સમાપ્ત)			
૨૫	વિપ્રઆત્મપ્રશંસાનામ	૭૯	૭૯	૧૦૩
૨૬	વેદવિસ્તારકથન	૨૪૨	૮૦	૧૩૨
૨૭	મદોન્મત્તવિપ્રશાપકથન	૫૫	૮૧	૬૨
૨૮	કર્મવિપાકકથન	૧૯૪	૮૨	૧૭૮
૨૯	ભસ્મમહિમાવર્ણન	૨૬૧	૮૩	૨૬૨
૩૦	પ્રેતાંગનાશોકો	૧૫૪	૮૪	૧૬૮

અધ્યાય	અધ્યાયનું નામ	ઓંવી	શ્રીગુરુલીલામૃત કર્મકાંડ	
			અધ્યાય	દોહરા
૩૧	પતિવ્રતાધર્મનિરૂપણ	૧૩૩	૮૫	૧૩૮
૩૨	મૃતવિપ્રસંજીવન	૧૯૨	૮૬	૧૯૪
૩૩	રુદ્રાક્ષમહિમા નિરૂપણ	૧૩૦	૮૭	૧૩૪
૩૪	રુદ્રાધ્યાયમહિમાવર્ણન	૧૧૯	૮૮	૧૨૦
૩૫	સીમંતિની આખ્યાન	૩૩૯	૮૯	૨૭૪
૩૬	આહ્નિક નિરૂપણ	૫૪૨	૯૦	૩૦૮
૩૭	કર્મમાર્ગ નિરૂપણ	૨૭૧	૯૧	૨૧૦
(કર્મકાંડ	સમાપ્ત)			
૩૮	અન્નપૂર્તિકદ્વિજચતુ:સહસ્રભોજન	૯૦	૯૨	૯૨
૩૯	વૃદ્ધવંધ્યા સંતાનપ્રાપ્તિ	૧૬૮	૯૩	૧૬૦
૪૦	શુષ્કકાષ્ઠ સંજીવન	૧૪૧	૯૪	૧૪૨
૪૧	કાશીયાત્રા- ત્વષ્ટપુત્ર આખ્યાન સાર્યદેવવરલાભ:	૪૫૮	૯૫+૯૬	૧૬૪+૯૦
૪૨	શ્રીમદ્ અનંતવ્રતમહિમાવર્ણન	૧૭૦	૯૭	૧૭૫
૪૩	શ્રીશૈલ શિવરાત્રિમહિમાવર્ણન	૧૦૮	૯૮	૧૨૨
૪૪	દ્વિજકુષ્ટપરિહાર:	૧૨૨	૯૯	૧૨૫
૪૫	નરહરિકવીશ્વર-વરપ્રાપ્તિ	૪૨	૧૦૦	૪૦
૪૬	અષ્ટસ્વરૂપધારણ	૪૭	૧૦૧	૫૦
૪૭	શૂદ્રવરપ્રદાનં	૬૩	૧૦૨	૭૦
૪૮	અમરજા સંગમે- ગંધર્વપુર-તીર્થમહિમા નિરૂપણં	૧૦૫	૧૦૩	૧૦૮
૪૯	ગુરુગીતાવર્ણન : શ્લોક ઓંવી ૧૭૬ + ૩૪	૨૧૦	નથી	નથી
૫૦	સાર્વભૌમસ્ફોટક શમન ઐશ્વર્યાવલોકન	૨૬૭	૧૦૪	૨૮૨
૫૧	શ્રીગુરુનિજાનંદગમન	૭૧	૧૦૫	૯૧
૫૨	એકપંચાશત અધ્યાય સારે અવતરણિકાનામ	૧૦૫	નથી	નથી

શ્રીગુરુચરિત્રમાં પણ જ્ઞાનકાંડ, કર્મકાંડ અને ભક્તિ (ઉપાસના)કાંડ એમ ત્રણ કાંડ છે. અધ્યાય ૧ થી ૨૪ જ્ઞાનકાંડ છે, ૨૫ થી ૩૭ કર્મકાંડ છે અને ૩૮ થી ૫૧ અધ્યાય ભક્તિ (ઉપાસના)કાંડ છે.

કર્મકાંડના ૫૦ અધ્યાયનો મેળ શ્રીગુરુચરિત્રના ૫૨ અધ્યાય સાથે આ પ્રમાણે બેસાડવાનો છે.

શ્રીગુરુચરિત્રના કુલ અધ્યાય	૫૨
બાદ : અધ્યાય સાર (છેલ્લો અધ્યાય)	- ૧
બાદ : ગુરુગીતાનો અધ્યાય.	- ૧
	૫૦
બાદ : શરૂઆતના ૧ થી ૪ અધ્યાય જે શ્રીગુરુલીલામૃતમાં જ્ઞાનકાંડમાં છે.	- ૪
	૪૬
ઉમેરો : કર્મકાંડના બદરિકાશ્રમના અધ્યાય-૫૭ થી ૬૦ જે શ્રીગુરુચરિત્રમાં નથી.	+ ૪
કર્મકાંડના અધ્યાય	૫૦

નોંધ : શ્રીગુરુચરિત્રના બે અધ્યાયો (૧૪ અને ૧૫)નો પૂ.બાપજીએ એક અધ્યાયમાં (૬૯) સમાવેશ કર્યો છે. જ્યારે શ્રીગુરુચરિત્રના એક અધ્યાય (૪૧)નું પૂ.બાપજીએ બે અધ્યાયમાં વર્ણન કર્યું છે. (અધ્યાય ૯૫ અને ૯૬).

✡ ✡ ✡

શ્રીગુરુલીલામૃત અને શ્રીગુરુમૂર્તિચરિત્ર :

શ્રીગુરુલીલામૃતનો ઉપાસનાકાંડ શ્રીગુરુમૂર્તિચરિત્ર ગ્રંથના આધારે તૈયાર થયો છે. પૂજ્ય શ્રીગાંડા મહારાજે પ.પ.સ્વામી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજનું જીવનચરિત્ર મરાઠીમાં ગદ્યમાં તૈયાર કર્યું હતું. પરંતુ તેના પારાયણો થઇ શકે અને સપ્તાહ થઇ શકે એ હેતુથી એક ભાઇને એનું ઓંવીમાં પદ્યમાં રૂપાંતર કરવા આપ્યું હતું. પૂ.ગાંડા મહારાજ (પૂ.યોગાનંદ સરસ્વતી) મૂળ સુરત પાસેના તલંગપુર ગામના અનાવિલ બ્રાહ્મણ. પૂર્વાશ્રમનું નામ કલ્યાણજી પણ લાડમાં બધા એને ગાંડો કહેતા. એના એક બનેવી ભરુચમાં રહે. એનું નામ પણ કલ્યાણજી દેસાઇ. એમની પાસેથી જ પૂ.શ્રી પાંડુરંગ વળામેને 'દત્તપુરાણ' ગ્રંથ મળેલો. પૂ.ગાંડા મહારાજની માતૃભાષા ગુજરાતી અને ચરિત્ર લખ્યું મરાઠીમાં. એમને થયું કે જેની માતૃભાષા મરાઠી હોય એવો કોઇ સ્વામી મહારાજનો ભકત આ ગ્રંથ જુએ તો સારુ. ભગવાને પૂ.શ્રીને દૃષ્ટાંત આપીને કહ્યું કે "ગાંડો તારી રાહ જુએ છે" અને પૂ.ગાંડા મહારાજને કહ્યું કે 'બ્રહ્મચારી આવે છે.'

પૂ.શ્રીએ ગ્રંથ જોયો. જરૂરી સુધારા વધારા કર્યા. પછી એ ગ્રંથને છપાવવાની જવાબદારી પણ એમને જ સોંપવામાં આવી. પૂ.શ્રી ભરુચ ગયા. પૂ.ગાંડા મહારાજના બનેવી મુ.કલ્યાણજીભાઇને ત્યાં રહ્યા અને બધા પ્રૂફો

તપાસી ગ્રંથ છપાવ્યો.

આ સમય દરમ્યાન જ પૂ.શ્રીએ પોતાના નિત્યક્રમ માટે **વાસુદેવનામસુધા** લખ્યું. શ્રીગુરુમૂર્તિચરિત્રગ્રંથ તૈયાર થયો એટલે પૂ.શ્રીએ તરત પહેલું પારાયણ પણ કરી નાંખ્યું. આ ગ્રંથને આધારે પૂ.શ્રીએ ઉપાસનાકાંડ રચ્યો જેમાં પ.પૂ.સ્વામી મહારાજની જીવનલીલાનું વર્ણન છે.

આ ગ્રંથમાં કુલ ૧૩૫ અધ્યાય છે અને ૧૪૪૦૬ ઓંવી છે. આ ગ્રંથના કેટલાક અધ્યાયોની વિષયવસ્તુ સ્વામી મહારાજની લીલા અંગે નથી એટલે તે અધ્યાયો ધ્યાનમાં લીધા નથી. આ ગ્રંથનું બંધારણ નીચે પ્રમાણે છે.

શ્રીગુરુમૂર્તિચરિત્ર

અધ્યાય	અધ્યાયનું નામ	અધ્યાયની વિગત	ઓંવી	શ્રીગુરુલીલામૃત (ઉપાસનાકાંડ) અધ્યાય દોહરા	
૧	યોગાનંદ ભકત સંવાદ.	મંગળાચરણ, ગણેશસ્તવન, સરસ્વતી વંદન અને ગુરુ દત્તાત્રેય વંદન.	૧૦૪	નથી	નથી
૨	યોગાનંદ ભકત સંવાદ.	ગુંજમાં શ્રીવાસુદેવાનંદ લીલામૃતનું ગાન.	૧૦૫	નથી	નથી
૩	શ્રીગુરુજન્મનું વર્ણન.	માણગાંવમાં ટેંબેકુળમાં શ્રીગુરુમૂર્તિનો જન્મ.	૧૦૬	૧૦૬	૧૮
૪	વાસુદેવ ઉપનયન, વિદ્યાગ્રહણ.	ચૌલ ઉપનયન સંસ્કાર અને ષટકર્મ શિક્ષણ.	૧૦૯	૧૦૬	૧૧૮
૫	વાસુદવે વિદ્યા ઉપાર્જન, કૃષ્ણા વેણી માહાત્મ્ય.	દશગ્રંથ અધ્યયન, ચાંદ્રાયણ વ્રત, ગાયત્રી પુરશ્ચરણ, કૃષ્ણા વેણી બંને નદીની ઉત્પતિ માહાત્મ્ય.	૧૧૦	૧૦૭	૮૫
૬	શ્રીપાદ અવતાર વર્ણન.	શ્રીપાદશ્રીવલ્લભ જન્મલીલા.	૧૦૭	૫૬	૧૨૫
૭	શ્રીનૃસિંહસરસ્વતી વાડી સ્થાન માહાત્મ્ય.	શ્રીનૃસિંહસરસ્વતી જન્મ તથા લીલા.	૧૦૮	૬૬	૧૨૫
૮	શ્રીનારાયણ સ્વામી વર્ણન.	શ્રીનારાયણ સ્વામીની કથા.	૧૧૦	૧૦૮	૧૧૮
૯	ગુરુપદેશ, વિદ્યાભ્યાસાદી વર્ણન.	શ્રીગોવિંદયતિ સાથે સખ્ય, મંત્રોપદેશ, પ્રાણાયામ સિદ્ધિ.	૧૦૮	૧૦૯	૧૦૮
૧૦	આજરેંકર બુવા કથા.	શ્રી આજરેંકર બુવા કથા.પાડગાંવ જાગીરદાર.	૧૦૮	૧૧૦	૧૨૦
૧૧	યોગાનંદ ભકત સંવાદ.	શિવરામ શાસ્ત્રી દ્વારા પ્રસાદનો અસ્વીકાર, ફણસવૃક્ષની વાત.	૧૦૯	૧૧૧	૧૦૫
૧૨	યોગાનંદ ભકત સંવાદ.	દુકાનવાડીના વિપ્રની વાત, ક્ષયરોગીના સાજા થવું.	૧૧૬	૧૧૨	૯૫

અધ્યાય	અધ્યાયનું નામ	અધ્યાયની વિગત	ઓંવી	શ્રીગુરુલીલામૃત (ઉપાસનાકાંડ) અધ્યાય દોહરા	
૧૩	યોગાનંદ ભકત સંવાદ.	ગર્ભિણી સ્ત્રીનો ધર્મ, ગૃહસ્થાશ્રમની શરૂઆત, પુંસવન.	૧૦૮	૧૧૩	૧૪૦
૧૪	યોગાનંદ ભકત સંવાદ.	શૌચાદિ વિધિ પાલન, પાંચમાં વર્ષે વિદ્યારંભ.	૧૦૮	નથી	નથી
૧૫	યોગાનંદ ભકત સંવાદ.	સંધ્યા પૂજા, રસોઇ, ભિક્ષા માધુકરી, દશ ભેદ વિગેરે.	૧૧૦	નથી	નથી
૧૬	યોગાનંદ ભકત સંવાદ.	સંન્યાસી ભિક્ષા નિયમ.	૧૦૯	નથી	નથી
૧૭	યોગાનંદ ભકત સંવાદ.	ભોજન, રસોઇ ના નિયમો, દશ પ્રકારના કૃચ્છ્ર, સ્ત્રીધર્મ નિરૂપણ.	૧૦૯	નથી	નથી
૧૮	યોગાનંદ ભકત સંવાદ.	રજસ્વલાના નિયમો, શય્યા સ્થળ નિરૂપણ.	૧૦૯	નથી	નથી
૧૯	યોગાનંદ ભકત સંવાદ.	શયન પ્રકાર, વિધવા સ્ત્રી ધર્મ, ઉપોષણ નિયમ.	૧૧૨	નથી	નથી
૨૦	અશૌચાદિ નિયમ.	દુ:સ્વપ્નમાં સૂર્ય સ્નાન, જનનાશૌચ અને મરણ અશૌચ.	૧૧૧	નથી	નથી
૨૧	યોગાનંદ ભકત સંવાદ.	શાસ્ત્રીબુવાનું વાડી ગમન, મૂર્તિસ્થાપના માટે દત્તાજ્ઞા.	૧૦૫	નથી	નથી
૨૨	યોગાનંદ ભકત સંવાદ.	મંદિર પાસે અલંકાર ચોરી, શૂદ્ર ગલિતકુષ્ઠ પ્રદક્ષિણા, ગુરુઆજ્ઞા વિના નરસોબા વાડી.	૧૧૦	૧૧૪	૧૪૨
૨૩	યોગાનંદ ભકત સંવાદ.	શ્રાદ્ધમાં એક જ ઘરના બ્રાહ્મણોની બે વાર પૂજા કરાવી તેથી ફળ ના મળ્યું.	૧૦૯	૧૧૪	૧૪૨
૨૪	યોગાનંદ ભકત સંવાદ.	રાજસેવક જેલ મુક્તિ, સબનીસની ગયેલી નોકરી, ઔદુંબરને સ્પર્શ ન કરવો.	૧૦૮	૧૧૫	૯૨
૨૫	યોગાનંદ ભકત સંવાદ.	આબા શાસ્ત્રીનૃસિંહવાડી, અષ્ટાંગયોગનો શ્રુતિમાં ઉલ્લેખ નથી.	૧૧૨	૧૧૫	૯૨
૨૬	યોગાનંદ ભકત સંવાદ.	સખારામ દ્વારા ભૂતપ્રેતનો તિરસ્કાર, દત્તમંદિર દુર્દશા.	૧૦૬	નથી	નથી
૨૭	યોગાનંદ ભકત સંવાદ.	સૂકા પૌંઆ નિવેદ, દત્તાજ્ઞા વિના મહાબળેશ્વર યાત્રા.	૧૦૫	૧૧૬	૧૧૬
૨૮	યોગાનંદ ભકત સંવાદ.	અન્નપૂર્ણા સતીને વસ્ત્રાલંકાર ભેટ, વેદોકત કર્મ કરનાર સોની જેલમાં-છૂટકારો-દત્તમૂર્તિ-શાસ્ત્રીબુવાને.	૧૦૭	૧૧૬	૯૫

અધ્યાય	અધ્યાયનું નામ	અધ્યાયની વિગત	ઓંવી	શ્રીગુરુલીલામૃત (ઉપાસનાકાંડ) અધ્યાય દોહરા	
૨૯	યોગાનંદ ભકત સંવાદ.	સોહિરોબા આખ્યાન પૂર્વાર્ધ, શાંતારામને સ્વામીકૃપાથી જીવતદાન.	૧૧૦	૧૧૭	૬૦
૩૦	યોગાનંદ ભકત સંવાદ.	સોહિરાબાખ્યાન ઉત્તરાર્ધ. માણગાંવ છોડવા આજ્ઞા.	૧૧૦	૧૧૮	૮૨
૩૧	યોગાનંદ ભકત સંવાદ.	કચ દેવયાની કથા ઉત્તરાર્ધ.	૧૦૫	નથી	નથી
૩૨	યોગાનંદ ભકત સંવાદ.	રમામાતાને યદુ અવધૂત સંવાદ.	૧૦૬	નથી	નથી
૩૩	યોગાનંદ ભકત સંવાદ.	માતાને યદુ અવધૂત સંવાદ શાસ્ત્રીબુવા કહે છે.	૧૦૭	નથી	નથી
૩૪	યોગાનંદ ભકત સંવાદ.	યદુ-અવધૂત સંવાદ.	૧૦૩	નથી	નથી
૩૫	યોગાનંદ ભકત સંવાદ.	યદુ-અવધૂત સંવાદ.	૧૦૩	નથી	નથી
૩૬	યોગાનંદ ભકત સંવાદ.	યદુ-અવધૂત સંવાદ.	૧૧૦	નથી	નથી
૩૭	યોગાનંદ ભકત સંવાદ.	યદુ-અવધૂત સંવાદ.	૧૦૨	નથી	નથી
૩૮	યોગાનંદ ભકત સંવાદ.	પચ્ચીસ ગુરુ પાસેથી બોધ, શાસ્ત્રીબુવાનો માતાને બોધ, માણગાંવથી પ્રયાણ.	૧૦૬	૧૧૯	૧૦૫
૩૯	યોગાનંદ ભકત સંવાદ.	નૃસિંહવાડી આગમન, સતી અન્નપૂર્ણા-પુત્ર જન્મ-મૃત્યુ.	૧૦૬	૧૧૯	૧૦૫
૪૦	યોગાનંદ ભકત સંવાદ.	વિપ્ર કન્યા ગુરુ સંવાદ.	૧૦૬	૧૨૦	૧૨૦
૪૧	યોગાનંદ ભકત સંવાદ.	દ્વિજ કન્યા ગુરુ સંવાદ.	૧૦૯	૧૨૧	૧૫૨
૪૨	યોગાનંદ ભકત સંવાદ.	ગંગા દ્વિજ કન્યા-ગુરુ સંવાદ.	૧૧૫	૧૨૧	૧૫૨
૪૩	યોગાનંદ ભકત સંવાદ.	ગુરુ-વિપ્ર દુહિતા સંવાદ.	૧૧૦	૧૨૧	૧૫૨
૪૪	યોગાનંદ ભકત સંવાદ.	સતી અન્નપૂર્ણાને જ્ઞાન, અંજની ગીત, શ્રીગોવિંદયતિ સમાધિ, ઉત્તરખંડમાં જવા દત્તાજ્ઞા.	૮૨ ૧૨૨	૧૨૧ ૧૪૮	૧૫૨
૪૫	ગંગા માહાત્મ્ય, ગંગા ઉત્પત્તિ.	ગંગા માહાત્મ્ય-ગંગા ઉત્પત્તિ.	૧૧૦	નથી	નથી
૪૬	ગંગા માહાત્મ્ય.	બલિરાજાની કથા.	૧૦૭	નથી	નથી
૪૭	ગંગા માહાત્મ્ય.	બલિરાજા દ્વારા યાગ બલિયાગ વર્ણન-પ્રારંભ.	૧૧૧	નથી	નથી
૪૮	ગંગા માહાત્મ્ય.	ગંગોત્પત્તિ વર્ણન.	૧૦૯	નથી	નથી
૪૯	ગંગા માહાત્મ્ય.	ગોદાવરી આગમન.	૧૦૮	નથી	નથી
૫૦	ગંગા માહાત્મ્ય.	ગંગાદ્વિભાગ વર્ણન.	૧૦૫	નથી	નથી
૫૧	ગંગા માહાત્મ્ય.	ગંગા માહાત્મ્ય સમાપ્ત, ઉચ્ચવર્ણ કન્યા નીચવર્ણ પુરુષ સાથે વિવાહ-સ્ત્રીનો ધર્મ.	૧૦૭	૧૨૩	૧૨૦

અધ્યાય	અધ્યાયનું નામ	અધ્યાયની વિગત	ઓંવી	શ્રીગુરુલીલામૃત (ઉપાસનાકાંડ) અધ્યાય દોહરા	
૫૨	યોગાનંદ ભકત સંવાદ.	સતી અન્નપૂર્ણા દેહવિલય, ચૌદમા દિવસે સંન્યાસ, માહુરપ્રતિ ગમન.	૯૮	૧૨૩	૧૨૦
૫૩	શ્રીમદ્ દત્તાખ્યાન.	અત્રિ વરદાન વર્ણન.	૧૧૨	નથી	નથી
૫૪	શ્રીમદ્ દત્તાખ્યાન.	ત્રિશકિતિ દ્વેષ ઉદ્‌ભવ આદી કથન.	૧૧૨	નથી	નથી
૫૫	શ્રીમદ્ દત્તાખ્યાન.	ત્રિમૂર્તિ બાળસ્વરૂપ.	૧૧૧	નથી	નથી
૫૬	શ્રીમદ્ દત્તાખ્યાન.	સતી અનસૂયાને શકિતિ દ્વારા વર પ્રદાન, આત્મભાવે પરસ્પર વંદન.	૧૧૧	નથી	નથી
૫૭	શ્રીમદ્ દત્તાખ્યાન.	પૈઠણના કૌશિક બ્રાહ્મણનું પત્ની સાથે વૈશ્યાને ઘરે જવું.	૧૧૩	નથી	નથી
૫૮	શ્રીમદ્ દત્તાખ્યાન.	અનસૂયા ગર્ભધારણ.	૯૫	નથી	નથી
૫૯	શ્રીમદ્ દત્તાખ્યાન.	દત્ત જન્મ, બાળલીલા, કૈલાસ પર તપશ્ચર્યા, માહુર પુનઃ આગમન.	૭૭	નથી	નથી
૬૦	રેણુકાખ્યાન.	કર્દમસૂત ઋચિકનો જન્મ, સત્યવતી સાથે વિવાહ, જમદગ્નિનો જન્મ.	૧૧૦	નથી	નથી
૬૧	રેણુકાખ્યાન.	સહસ્રાર્જુનને દત્ત દ્વારા ઉપદેશ.	૧૦૭	નથી	નથી
૬૨	રેણુકાખ્યાન.	સહસ્રાર્જુનને ઉપદેશ.	૧૦૯	નથી	નથી
૬૩	રેણુકાખ્યાન.	સહસ્રાર્જુનને ધારણા ઇત્યાદી કથન.	૧૦૭	નથી	નથી
૬૪	રેણુકાખ્યાન.	ભાર્ગવરામ જન્મ કથન.	૧૦૭	નથી	નથી
૬૫	રેણુકાખ્યાન.	માતા, ભાઇઓને પરશુરામે ફરી જીવીત કર્યા.	૧૦૯	નથી	નથી
૬૬	રેણુકાખ્યાન.	પરશુરામ-સહસ્રાર્જુન યુદ્ધ.	૧૧૪	નથી	નથી
૬૭	રેણુકાખ્યાન.	જમદગ્નિ વધ.	૧૦૮	નથી	નથી
૬૮	રેણુકાખ્યાન.	પરશુરામ-દત્તાત્રેય મિલન, સર્વ તીર્થ ઉત્પત્તિ.	૧૧૧	નથી	નથી
૬૯	યોગાનંદ ભકત સંવાદ.	શ્રીગુરુમૂર્તિ રેણુકાદર્શન, સ્તુતિ કરી ઉજ્જૈન દત્તમંદિરે આગમન. દંડદિક્ષા, સારંગપુર આગમન.	૧૧૧	૧૨૫	૧૧૨
૭૦	યોગાનંદ ભકત સંવાદ.	સારંગપુરમાં દત્ત મૂર્તિ સ્થાપના, બીજી મૂર્તિ વ્યંકટ બ્રહ્મચારીને.	૧૦૫	૧૨૫	૧૧૨
૭૧	નરનારાયણ દર્શન.	જાલવણમાં સંહિતાના છંદ, ઋષિ, શિક્ષણ, દાસનવમી- દાસબોધ. ગોકુળ, મથુરા, હરિદ્વાર, બદ્રિનાથ અને ભાલોદ વાડી.	૮૧	૧૨૬	૧૦૦

અધ્યાય	અધ્યાયનું નામ	અધ્યાયની વિગત	ઓંવી	શ્રીગુરુલીલામૃત (ઉપાસનાકાંડ) અધ્યાય દોહરા	
૭૨	બદ્રિકાશ્રમ આખ્યાન.	નરનારાયણ સ્તવન.	૧૦૬	નથી	નથી
૭૩	બદ્રિકાશ્રમ આખ્યાન.	વિશ્વરૂપ દર્શન પૂર્વાર્ધ.	૧૦૪	નથી	નથી
૭૪	બદ્રિકાશ્રમ આખ્યાન.	વિશ્વરૂપ દર્શન ઉત્તરાર્ધ.	૧૧૧	નથી	નથી
૭૫	બદ્રિકાશ્રમ આખ્યાન.	બદ્રિકાશ્રમ માહાત્મ્ય.	૬૬	નથી	નથી
૭૬	યોગાનંદ ભકત સંવાદ.	ગણપતિ બુવા, પ્રયાગમાં સભા, ઇંદોરથી સખારામ શાસ્ત્રી, ટીલ્લુ-દર્શન કરવા સ્વામી મહારાજના બ્રહ્માવર્ત.	૧૦૬	૧૨૭	૮૫
૭૭	યોગાનંદ ભકત સંવાદ.	શૂકલ કૃષ્ણ યજુર્વેદનો ભેદ. મારણ મોહન મંત્રાદિનું ઔચિત્ય.	૧૦૭	નથી	નથી
૭૮	યોગાનંદ ભકત સંવાદ.	સ્વપ્નમાં ચમારણનો સ્પર્શ, નર્મદામાતાની ઇચ્છા કે તેમના કિનારે સ્વામીશ્રીનું આગમન થાય, ગંગા સ્તુતિ, રેવા તીરે આવ્યા, નર્મદા સ્તુતિ.	૮૦	૧૨૭	૮૫
૭૯	યોગાનંદ ભકત સંવાદ.	કમરે લચક, નર્મદા માતા કુમારી થઇ સારવાર કરી.	૯૮	૧૨૮	૧૨૪
૮૦	માતૃગયાખ્યાન.	ગીરનાર સોમનાથ પોરબંદર, દ્વારકા ચાતુર્માસ, વઢવાણ અને સિદ્ધપુર મહિમા.	૧૧૦	૧૨૮	૧૨૯
૮૧	માતૃગયાખ્યાન.	કપિલમુનિનો દેવહુતિને જ્ઞાનોપદેશ.	૧૦૪	૧૨૯	નથી
૮૨	માતૃગયાખ્યાન.	દેવહુતિને જ્ઞાનોપદેશ.	૧૦૭	૧૨૯	નથી
૮૩	માતૃગયાખ્યાન.	દેવહુતિને જ્ઞાનોપદેશ.	૧૧૧	૧૨૯	નથી
૮૪	માતૃગયાખ્યાન.	દેવહુતિને ઉપદેશ.	૧૦૬	૧૨૯	નથી
૮૫	માતૃગયાખ્યાન.	પુત્ર-માતા સંવાદ, સિદ્ધપુર મહાત્મ્ય, સરસ્વતી નદીનો મહિમા.	૯૪	૧૨૯	નથી
૮૬	સરસ્વતી ઉત્પત્તિવૃત્ત.	સરસ્વતી ઉત્પત્તિવૃત્ત.	૯૭	નથી	નથી
૮૭	સરસ્વતી ઉત્પત્તિવૃત્ત.	સરસ્વતી ઉત્પત્તિવૃત્ત, પિપ્પલાદ જન્મ, સરસ્વતીને કામધેનુનો શાપ.	૧૦૨	નથી	નથી
૮૮	માતૃગયાખ્યાન વર્ણન, સરસ્વતી ઉત્પત્તિવૃત્ત વગેરે.	દેવોની વિનંતીથી વડવાગ્નિ લઇ અંબાજી આગળ સરસ્વતી પ્રગટ થઇ, સરસ્વતી કિનારે સિદ્ધપુરમાં શ્રીગુરુમૂર્તિ રહ્યા.	૧૦૮	૧૨૯	૧૫૦
૮૯	ડાકોર માહાત્મ્ય.	ડાકોર આગમન, ડાકોર આખ્યાન.	૧૧૬	૧૩૦	૧૬૦

અધ્યાય	અધ્યાયનું નામ	અધ્યાયની વિગત	ઓંવી	શ્રીગુરુલીલામૃત (ઉપાસનાકાંડ) અધ્યાય દોહરા	
૯૦	યોગાનંદ ભકત સંવાદ.	ડાકોરથી મહત્પુર ગમન, દત્ત માહાત્મ્ય, દત્તપુરાણની રચના.	૧૦૫	૧૩૧	નથી
૯૧	યોગાનંદ ભકત સંવાદ.	વિષ્ણુબુવા આંકડાનું દૂધ આંખમાં, બ્રહ્માવર્તથી નૃસિંહવાડી જવા આજ્ઞા. નારાયણ દિક્ષિત દંડ દિક્ષા.	૯૮	૧૩૧	નથી
૯૨	યોગાનંદ ભકત સંવાદ.	નૃસિંહવાડીથી ગાણગાપુર પ્રયાણ. દત્તમૂર્તિ શિબિકામાંથી કૂદી, કરુણાત્રિપદી, નૃસિંહવાડી જવા દત્તાજ્ઞા.	૧૦૮	૧૩૨	૧૦૧
૯૩	યોગાનંદ ભકત સંવાદ.	કાશીથી પ્રયાગ, નર્મદા કિનારે ચાતુર્માસ, મહામારી, નાનાશાસ્ત્રીનું નિધન, રામેશ્વર જવા દત્તાજ્ઞા, વૈજનાથ કથા પ્રારંભ.	૧૦૭	૧૩૩	૧૦૫
૯૪	યોગાનંદ ભકત સંવાદ.	એલંદા રેણુકા જન્મસ્થળ, શેશાચલ, કુમાર શિક્ષા.	૧૦૮	૧૩૪	૧૪૦
૯૫	યોગાનંદ ભકત સંવાદ.	સ્વામી મહારાજ થયાની ખોટી અફવા, ચાતુર્માસ સમશ્લોકી ગુરુસંહિતા, ચુર્ણિકા.	૧૦૪	૧૩૫	૯૫
૯૬	યોગાનંદ ભકત સંવાદ.	સદા શિવેન્દ્ર સ્વામી ચરિત્ર, કૃષ્ણા પંચક સ્તોત્ર, નેરોલમાં સમાધિ દર્શન.	૧૦૮	૧૩૬	નથી
૯૭	યોગાનંદ ભકત સંવાદ.	શ્રીપાદ શાસ્ત્રીબેનને પિશાચ બાધા, વૈન ગંગા ગોદાવરી સંગમે.	૧૦૬	૧૩૭	૧૦૨
૯૮	યોગાનંદ ભકત સંવાદ.	પૈની ગામે આગમન, ચાતુર્માસ, તારોપંત ઉકીડવેને સ્વાહાકાર માટે દૃષ્ટાંત.	૧૧૦	૧૩૮	૧૦૫
૯૯	યોગાનંદ ભકત સંવાદ.	માહૂરગઢ નૃસિંહવાડી શૂદ્રોનો ત્રાસ-અંબરીશ કથા-પંઢરપૂર આગમન- પંઢરપુર માહાત્મ્ય.	૧૧૮	૧૩૯	૬૪
૧૦૦	યોગાનંદ ભકત સંવાદ.	પંઢરપુરથી નૃસિંહવાડીમાં આગમન.	૧૧૨ ૧૪૧	૧૪૦ ૯૦	૧૦૫
૧૦૧	યોગાનંદ ભકત સંવાદ.	આનંદરાવ શિંદે-કથા ઉત્તરાર્ધ. હાવનૂરગમન અને ચાતુર્માસ. પિશાચબાધા શૃંગરે-આશ્રમે આગમન-શૃંગી ઋષિ.	૧૧૨	૧૪૨	૧૦૮
૧૦૨	શંકરાચાર્ય આખ્યાન જન્મકથા લીલા.	શંકરાચાર્ય આખ્યાન-મહા મહિને ચિત્રસેન ગંધર્વને શાપ મુક્તિ.	૧૧૧	નથી	નથી

અધ્યાય	અધ્યાયનું નામ	અધ્યાયની વિગત	ઓંવી	શ્રીગુરુલીલામૃત (ઉપાસનાકાંડ) અધ્યાય	દોહરા
૧૦૩	શંકરાચાર્ય આખ્યાન વ્યાસ-કંક સંવાદ.	ગોવિંદ પાદાચાર્ય દ્વારા નર્મદા કિનારે શંકરને દંડદીક્ષા- ચાંડાળ સાથે સંવાદ- શંકર ભગવાનનો આશીર્વાદ- શંકરાચાર્ય નામાભિધાન.	૧૧૧	નથી	નથી
૧૦૪	શંકરાચાર્ય આખ્યાન.	ભાષ્યા પાઠ શિષ્યોને આપતી વખતે સ્વયં વ્યાસ બ્રાહ્મણ રૂપે સાંભળવા આવ્યા- દેહવિલયની ઇચ્છા.	૧૦૯	નથી	નથી
૧૦૫	શંકરાચાર્ય આખ્યાન	શ્રીભટ્ટ પાદાચાર્ય કથા-આકાશમાર્ગે આચાર્ય	૧૦૪	નથી	નથી
	મંડન મિત્ર પૂર્વ પક્ષ સ્થાપન-દ્વૈતવાદ.	ઘરમાં પધાર્યા-વ્યાસજીએ શ્રાદ્ધમાં વિષ્ણુની જગ્યાએ બેસાડવા કહ્યું- આચાર્યે વાદ-ભિક્ષા.			
૧૦૬	શંકર આચાર્ય આખ્યાન આચાર્ય મંડનવાદ.	અદ્વૈતવાદનું પ્રતિપાદન શંકરાચાર્ય દ્વારા.	૧૦૯	નથી	નથી
૧૦૭	શંકરાચાર્ય આખ્યાન પરકાયા પ્રવેશ.	પરકાયા પ્રવેશ કરી કામશાસ્ત્ર અંગેનો અનુભવ.	૧૧૭	નથી	નથી
૧૦૮	મંડન મિત્ર સંન્યાસ ગ્રહણ.	મંડન મિત્ર પત્ની ભારતીની હાર. દુર્વાસા શાપમાંથી મુક્તિ અને સરસ્વતીનું સ્વર્ગ પ્રતિ પ્રયાણ.	૧૦૬	નથી	નથી
૧૦૯	આચાર્યમાતા નિર્વાણ	ન્યાસ ક્ષેત્રે ભૈરવ ઉપાસકનો નાશ. માતાનો અગ્નિસંસ્કાર.	૧૨૯	નથી	નથી
૧૧૧	શંકરાચાર્ય આખ્યાન.	વર્ણાશ્રમધર્મ નિરૂપણ, આચમન સંધ્યા.	૧૧૨	નથી	નથી
૧૧૦	શંકરાચાર્ય આખ્યાન.	વર્ણાશ્રમધર્મ નિરૂપણ.	૧૦૯	નથી	નથી
૧૧૨	શંકરાચાર્ય આખ્યાન.	વર્ણાશ્રમધર્મ, આચમન, પ્રાણાયામ, અર્ઘ્ય, અગ્નિસેવા.	૧૨૦	નથી	નથી
૧૧૩	શંકરાચાર્ય આખ્યાન, અષ્ટાદશ વૃત્તિ નિરૂપણ.	અષ્ટાદશ વૃત્તિ નિરૂપણ.	૧૦૯	નથી	નથી
૧૧૪	શંકરાચાર્ય આખ્યાન, વર્ણાશ્રમધર્મ, યતિ દીક્ષાવર્ણન.	યતિ દીક્ષા વર્ણન.	૧૦૯	નથી	નથી
૧૧૫	શંકરાચાર્યાખ્યાન. રાજયોગાદિ વર્ણન.	રાજયોગાદિ વર્ણન-પાંચ પ્રકારની અભ્યાસની ભૂમિકા.	૧૧૦	નથી	નથી
૧૧૬	શંકરાચાર્યાખ્યાન.	ષડલિંગાદિ વર્ણન.	૯૨	નથી	નથી

અધ્યાય	અધ્યાયનું નામ	અધ્યાયની વિગત	ઓંવી	શ્રીગુરુલીલામૃત (ઉપાસનાકાંડ) અધ્યાય	દોહરા
૧૧૭	શંકરાચાર્યાખ્યાન.	આચાર્ય નિજધામ ગમન.	૯૬	નથી	નથી
૧૧૮	શંકરાચાર્યાખ્યાન.	શ્રીભટ્ટપાદચાર્યે ચાર્વાક મતનું ખંડન.	૧૧૯	નથી	નથી
૧૧૯	શંકરાચાર્યાખ્યાન, નાસ્તિકમત ખંડન.	નાસ્તિકમત ખંડન.	૧૧૦	નથી	નથી
૧૨૦	શંકરાચાર્યાખ્યાન.	નાસ્તિક સિદ્ધાંત ખંડન.	૧૧૦	નથી	નથી
૧૨૧	શંકરાચાર્યાખ્યાન.	ચાર્વાક મત ખંડન.	૧૦૮	નથી	નથી
૧૨૨	શંકરાચાર્યાખ્યાન.	દ્વાદશ મત ખંડન.	૧૧૨	નથી	નથી
૧૨૩	શંકરાચાર્યાખ્યાન.	ચાર્વાકની હાર.	૧૦૭	નથી	નથી
૧૨૪	શંકરાચાર્યાખ્યાન.	મૂર્તિપૂજા સિદ્ધાંત સ્થાપના.	૧૧૧	નથી	નથી
૧૨૫	શંકરાચાર્યાખ્યાન.	ચાર્વાક સિદ્ધાંત ખંડન.	૧૦૫	નથી	નથી
૧૨૬	શંકરાચાર્યાખ્યાન.	જૈન મત ખંડન.	૧૧૩	નથી	નથી
૧૨૭	શંકરાચાર્યાખ્યાન.	બૌદ્ધમત ખંડન.	૧૦૯	નથી	નથી
૧૨૮	શંકરાચાર્યાખ્યાન.	અદ્વૈત સિદ્ધાંત સ્થાપન.	૧૨૮	નથી	નથી
૧૨૯	શંકરાચાર્યાખ્યાન.	સ્વામી મહારાજ દ્વારા શ્રીશંકરાચાર્યસ્તુતિ.	૯૫	૧૪૩	૧૪૩
૧૩૦	યોગાનંદ ભકત સંવાદ.	જૈનાપુરનો લિંગાયત વણિક પરિવાર સાથે દર્શને.	૧૦૫	નથી	નથી
૧૩૧	યોગાનંદ ભકત સંવાદ.	રાજુર ગામે સ્વાહાકાર-નાગનાથ માહાત્મ્ય.	૧૦૫	૧૪૪	૮૫
૧૩૨	યોગાનંદ ભકત સંવાદ.	મંજરથ, મંત્ર સંહિતાના દંડ, ક્રમ, ઘન જટા વિકૃતિનું મહત્ત્વ.	૧૦૭	૧૪૫	૧૧૬
૧૩૩	યોગાનંદ ભકત સંવાદ.	વાસુદેવ હે નામ માનવા અખંડ ઉચ્ચારી- કાતરખેડાથી પ્રયાણ.	૧૦૪	૧૪૬	૧૬૦
૧૩૪	યોગાનંદ ભકત સંવાદ.	જગદ્‌ગુરુ અન્નક્ષેત્ર.	૯૯	૧૪૭	૧૩૦
૧૩૫	યોગાનંદ ભકત સંવાદ.	ગાંડાબુવાને ભરુચ જવા આજ્ઞા. જેવી મારી સેવા કરી તેવી પિતાની કરજે.	૯૦	૧૪૭	૧૩૦

✡ ✡ ✡

શ્રીગુરુમૂર્તિચરિત્ર

અધ્યાય : ૧૩૫

ઓંવી - ૧૪,૪૦૬
શ્લોક, સ્તોત્રાદિ - ૪૭૭
૧૪,૮૮૩

અધ્યાય

કર્મકાંડ ૧ થી ૩૧
ઉપાસનાકાંડ ૩૨ થી ૭૧
જ્ઞાનકાંડ ૭૧ થી ૧૩૫.

✡ ✡ ✡

ઉપાસના કાંડની પૂરક માહિતી :

(શ્રીવાસુદેવલીલામૃતમાંથી...

લેખક : શ્રીવાસુદેવ દત્તાત્રેય નંદુરબારકર)

(૧) સ્વામી મહારાજની જન્મ તિથિ : સંવત ૧૯૧૦, શ્રાવણ વદ પાંચમ ને રવિવાર. (નાગપાંચમ)

સ્વામી મહારાજની જન્મ તારીખ : ૧૩મી ઓગષ્ટ, ૧૯૫૪

સ્વામી મહારાજનો જન્મ સમય : સાંજે ૪-૧૦ (સ્થાનિક સમય)

સાંજે ૪-૪૫ (સ્ટાન્ડર્ડ સમય)

(૨) સ્વામી મહારાજના પિતાનું નામ ગણેશભટ્ટ અને દાદાનું નામ હરિભટ્ટ ટેંબે.

આ હરિભટ્ટ ટેંબેને ચાર પુત્રો અને ત્રણ પુત્રી હતી. હરિભટ્ટ ટેંબે માણગાંવમાં આવ્યા ત્યારે ગણેશભટ્ટ અને કાશી એમ બે સંતાન હતાં.

માણગાંવ આવ્યા પછી ત્રણ પુત્રો અનુક્રમે રામકૃષ્ણ, બાળકૃષ્ણ અને વિષ્ણુ થયાં અને બે પુત્રી અનુક્રમે યમુના અને ભીમા થઇ. આમ ગણેશભટ્ટ સહિત ચાર પુત્રો અને કાશી સહિત ત્રણ દીકરીઓ હતી.

હરિભટ્ટને માણગાંવમાં સીતારામ ભટ્ટ કોનકરને ત્યાં આશ્રય મળ્યો. સીતારામ કોનકરને એક દીકરી હતી. એનું નામ યેસુબાઇ હતું. એમના ધર્મપત્ની દીકરીને જન્મ આપ્યા પછી થોડા સમય પછી મૃત્યુ પામ્યા હતા.

હરિભટ્ટે પોતાની પુત્રી કાશી સીતારામ કોનકરને પરણાવી. પરણ્યા પછી કાશીનું નામ 'અન્નપૂર્ણા' રાખવામાં આવ્યું. સીતારામ કોનકરે બદલામાં પોતાની પુત્રી યેસુબાઇને ગણેશભટ્ટ સાથે પરણાવી જેનું પરણ્યા પછી 'રમાબાઇ' નામ રાખવામાં આવ્યું.

આમ પોતાની બહેન કાશીના પતિ સીતારામ કોનકર તરીકે બનેવીનો સંબંધ ગણાય પરંતુ બીજી બાજુ સીતારામ કોનકરની દીકરી યેસુબાઇ સાથે લગ્ન કર્યા તેથી સીતારામ કોનકર ગણેશભટ્ટના સસરા પણ થાય.



માણગાંવમાં ટેંબેવંશનું કોઇ રહ્યું નહીં.

✡ ✡ ✡

(૩) ગ્રામદેવતા યક્ષિણી :

દેવી જાગ્રત યક્ષિણી, વસે નિરંતર જ્યાંય,
માણગાંવ સુરમ્ય એ, શોભા કહી ન જાય. (અ. ૧૦૬ / દો. ૨૯)

નૃસિંહવાડીમાં શ્રીનૃસિંહસરસ્વતી સ્વામીનો મુકામ હતો. તેના સામે કિનારે અમરેશ્વર સ્થાન આવેલું છે, જેને લોકો ઓરવાડ તરીકે પણ ઓળખે છે. ત્યાં ચોસઠ યોગિનીઓનો નિવાસ હતો. આ યોગિનીઓ નૃસિંહસરસ્વતી સ્વામીને ભિક્ષા માટે નદીમાં થઇને લઇ જતી હતી.

નૃસિંહ ભગવાન નરસોબાવાડી છોડીને ગાણગાપુર ગયા ત્યારે યોગિનીઓને વિયોગનું અત્યંત દુ:ખ થયું અને જ્યારે ગાણગાપુરમાં લીલા કર્યા પછી કદલીવનમાં જવા તૈયાર થયા ત્યારે આ ચોસઠ યોગિનીઓએ ફરી પ્રાર્થના કરીને પૂછ્યું કે 'અમારે માટે શી આજ્ઞા છે?' ત્યારે નૃસિંહસરસ્વતી સ્વામીએ તેમને કહ્યું કે હવે પછી મારો અવતાર કોંકણ પ્રદેશમાં સહ્યાદ્રિ પર્વત પાસે માણગાંવમાં ટેંબેકુળમાં થવાનો છે. ગણેશભટ્ટ નામે અતિ સાત્ત્વિક ભકત મારી ભક્તિ કરશે. તેને ત્યાં હું અવતાર ધારણ કરીશ. તેને જ યોગીરાજ અવતાર જાણવો. તમારામાંથી જે મુખ્ય યોગિની છે તેણે માણગાંવમાં જઇને વસવાટ કરવો તથા ત્યાં ગ્રામદેવતા તરીકે પ્રસ્થાપિત

થવું. તે માટે એક વણિક ભકત માધ્યમ બનશે. ત્યાં જઇને ગ્રામદેવતાએ સમગ્ર સ્થાનને માનવ તથા પશુ વસતિથી સભર બનાવવું. તે પૂર્વે ત્યાં ભૂત તથા વેતાળગણોનું આધિપત્ય હશે. આટલું કહીને શ્રીનૃસિંહસરસ્વતી અંતર્ધાન થયા. આ પછી જ્યારે શિવજીના દર્શને વેતાળ ગયો ત્યારે ભગવાન શિવે કહ્યું કે હવે અહીંનું તારું આધિપત્ય સમાપ્ત થાય છે. અહીં ગ્રામદેવતા તરીકે યક્ષિણી (યોગિની) સ્થાપિત થવાનાં છે. તું તારા ગણોને લઇને બીજે જતો રહે.

વાસુદેવના જન્મથી યક્ષિણીને ખૂબ જ પ્રસન્નતા થઇ. ઉત્સવ દરમ્યાન યક્ષિણીમાતાની પાલખી આખા ગામમાં જતી. દત્તમંદિર ઘણા વર્ષો પછી બંધાયું તેથી ત્યાં જતી ન હતી. દત્તભકતોએ વિનંતી કરી પણ યક્ષિણી મંદિરના વહીવટકર્તાએ ચોખ્ખી ના પાડી દીધી. ભકતોએ શાસ્ત્રીબુવાને વાત કરી. શાસ્ત્રીબુવાએ યક્ષિણીમાતાને પ્રાર્થના કરી. યક્ષિણીમાતાએ વહીવટકારોને દૃષ્ટાંત આપ્યો કે પાલખી પ્રથમ દત્તમંદિરે લઇ જવી અને પછી ગામમાં ફેરવવી. ત્યારથી પાલખી દત્તમંદિરે પ્રથમ આવીને પછી ગામમાં જાય છે. આ યક્ષિણીમાતાનું મંદિર સ્વામી મહારાજના ઘરની બાજુમાં જ આવેલું છે. સ્વામી મહારાજનું જૂનું મકાન નવું બનાવી તેમાં સ્વામી મહારાજની છ ફૂટ ઊંચી મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. (પ્રતિમા તથા મંદિરની છબી માટે જુઓ પાન નં. ૨૩)

શાસ્ત્રીબુવાની બહેન પરણીને સાસરે રહેવા ગઇ હતી. તેની ગાય એકદમ ઉન્મત્ત થઇને દોહવા દેતી ન હતી. વાસુદેવ શાસ્ત્રીએ મંત્રપ્રયોગથી તે ગાયને શાંત કરી. આજ બહેનના ઘરે શાસ્ત્રીબુવાનો મુકામ હતો. રાત્રે પડોશમાંથી આખી રાત રડવાનો અવાજ સંભળાયો. બહેનને પૂછતાં જાણવા મળ્યું કે ગયા છ મહિનાથી ભૂતોનો આ રડવાનો અવાજ આવે છે. શાસ્ત્રીબુવાએ મંત્ર દ્વારા આ રડવાનો અવાજ કાયમ માટે બંધ કર્યો.

(૪) વેદાધ્યયન :

પૂ.વાસુદેવે વેદમૂર્તિ વિષ્ણુભટ્ટ તાત્યા ઉકિડવે પાસે વેદાધ્યયન કર્યું હતું. તદુપરાંત વેદમૂર્તિ ભાસ્કરભટ્ટજી ઓળકરને ત્યાં પણ થોડું ઘણું અધ્યયન થયું હતું. ઘણા વર્ષો પછી નારોપંત ઉકિડવેને શાસ્ત્રીબુવાએ ઉત્તમ રીતે પુરુષસૂકતનો અર્થ કહ્યો. નારોપંતે પૂછ્યું કે માણગાંવમાં હાલ વેદજ્ઞ મળવો મુશ્કેલ છે અને આપ પણ વિશેષ અધ્યયન માટે કયાંક દૂર ગયાનું જાણમાં નથી તો આપે આ જ્ઞાન કયાંથી પ્રાપ્ત કર્યું? શાસ્ત્રીબુવાએ જવાબ આપ્યો કે એક વાર તેઓ માણગાંવ તરફ આવી રહ્યા હતા ત્યારે એક મંદિરમાં આરતી તથા મંત્રપુષ્પાંજલિ સંપન્ન થઇ. પુષ્પાંજલિ પછી શાસ્ત્રીબુવાએ ઋગ્વેદ સંહિતાના ત્રણ અધ્યાયનો પાઠ કર્યો. તે સમયે એક સંન્યાસી હાજર હતા. તેમને શુદ્ધ ઉચ્ચારવાળો આ પાઠ ખૂબ જ ગમ્યો અને તેમણે શાસ્ત્રીબુવાને વેદ-વેદાંગનું રહસ્ય સમજાવ્યું. તે સંન્યાસીએ શાસ્ત્રીબુવાને સંહિતાના ત્રણ અધ્યાયનું વિવરણ એટલી સુંદર રીતે કહ્યું કે તેનાથી શાસ્ત્રીબુવા વેદના કોઇ પણ ભાગનું અર્થઘટન સહજતાથી અને સરળતાથી કરી શકતા હતા. સ્વયં દત્ત ભગવાને સંન્યાસીરૂપે શાસ્ત્રીબુવાને રહસ્યની ચાવી આપી.

(૫) નરસોબા વાડીમાં પ્રથમવાર ગમન :

શાસ્ત્રીબુવાને નરસોબા વાડી જવાની ખૂબ જ ઇચ્છા થતી પરંતુ પોતે માતાને પૂછે અને માતા જવાની ના પાડે તો? સ્વયં દત્ત ભગવાન એવું ઇચ્છતા કે શાસ્ત્રીબુવા નરસોબા વાડી આવે.

એક વાર શાસ્ત્રીબુવાના સ્વપ્નમાં એક બ્રાહ્મણ આવ્યો. તેણે કહ્યું કે 'શાસ્ત્રીબુવા, નૃસિંહવાડી જવાનું વિચારો છો તો પ્રત્યક્ષ આવતા કેમ નથી?' શાસ્ત્રીબુવાએ સ્વપ્નમાં જ જવાબ આપ્યો કે 'માતાજી રજા ન આપે તો?' બ્રાહ્મણે કહ્યું કે 'રજા માગશો તો ચોક્કસ મળશે. પૂછી તો જુઓ. વળી તમને વાડીએ આવવા સંગાથ પણ મળશે અને જવાની વાટખર્ચી પણ મળશે.'

શાસ્ત્રીબુવાએ રમામાતાએ સ્વપ્નની વાત કહી. માતાએ કહ્યું કે તારે નરસોબા વાડી જવું હોય તો જા, મારી ના નથી. નરસોબા વાડી જવા માટે માણગાંવના એક ગૃહસ્થનો સંગાથ મળ્યો. તેઓ સાવંતવાડી આવ્યા એટલે રામભાઉ સબનીસે શાસ્ત્રીબુવાને અઢી રૂપિયા આપ્યા અને કહ્યું કે તમે જન્મપત્રિકા બનાવી હતી તેના પૈસા આપવાના બાકી હતા તે લો.

આગળ જતાં બોરગાંવ મુકામે શાસ્ત્રીબુવાને ફરી પાછો સ્વપ્ન દૃષ્ટાંત થયો કે નરસોબાની વાડીમાં ગોવિંદસ્વામી તરીકે મોટા અધિકારી સંત નિવાસ કરે છે તેમના દર્શન અવશ્ય કરજો.

શાસ્ત્રીબુવા સ્વયં દત્તાવતાર હોવાથી દત્ત ભગવાન દત્ત સ્વરૂપે નહીં પણ કોઇ બીજા સ્વરૂપે દર્શન આપી શકે છે. માટે બ્રાહ્મણ-સંન્યાસી-રૂપે શાસ્ત્રીબુવાને દર્શન આપે છે.

(૬) મંદિર માટેની મૂર્તિ :

શાસ્ત્રીબુવા જ્યારે ચોવીસ વર્ષના હતા ત્યારે નૃસિંહવાડીની યાત્રાએ ગયા. દત્ત ભગવાને માણગાંવમાં મંદિર બાંધવા કહ્યું. 'મારે તારી સાથે સાત વર્ષ રહી માણગાંવમાં લીલા કરવી છે. મારી મૂર્તિ તમને રસ્તામાં અનાયાસ પ્રાપ્ત થશે.'

નૃસિંહવાડીથી પાછા વળતાં શાસ્ત્રીબુવા કોલ્હાપુર થઇને પાછા વળે છે. કોલ્હાપુરમાં મહાલક્ષ્મીનાં દર્શન કરી કાગલ ગામ તરફ જાય છે. કાગલ ગામના મુખ્ય બજારમાં થઇને શાસ્ત્રીબુવા જતા હતા ત્યાં જ તેમની નજર એક મૂર્તિકાર પર પડી. તે મૂર્તિકાર શાસ્ત્રીબુવાની રાહ જોતો હતો. તેને દત્ત ભગવાને દૃષ્ટાંત આપ્યું હતું. મૂર્તિકારે શાસ્ત્રીબુવાને પ્રાર્થના કરતાં કહ્યું કે, "આપ કહો તેવી મૂર્તિ હું આપને બનાવી આપીશ. આપ તેનું વર્ણન આપો. પૈસાની કોઇ ચિંતા કરશો નહીં. જ્યારે મળે ત્યારે આપજો".

દેવદૃષ્ટાંત તથા મૂર્તિકારનો ભાવ જોઇને શાસ્ત્રીબુવા કાગલ ગામમાં જ રોકઇ ગયા. મૂર્તિકારે આઠ દિવસમાં મૂર્તિ બનાવી આપી. આ દત્તમૂર્તિ બે હાથ વાળી- વરદ અને અભય મુદ્રાવાળી, સાત આંગળ ઊંચી તથા સિદ્ધાસન પર આરૂઢ એવી સુંદર હતી. સ્વામી મહારાજે પોતાની પાસેનો એક રૂપિયો તે મૂર્તિકારને આપ્યો. આગળ જતાં એક ભકત મળ્યો. તેણે મૂર્તિ માટે પચ્ચીસ રૂપિયા આપ્યા જે શાસ્ત્રીબુવાએ મૂર્તિકારને આપી દીધા.

(૭) માણગાંવનું મંદિર :

દત્તમૂર્તિ સૌ પ્રથમ ઘરમાં રાખવામાં આવી અને તેની પૂજા કરવામાં આવતી હતી. રમામાતાની ઇચ્છા ઘરમાં જ મૂર્તિની સ્થાપના કરવાની હતી. પરંતુ દત્ત ભગવાનની ઇચ્છા કાંઇ જુદી જ હતી. માણગાંવમાં અત્યારે જ્યાં દત્ત મંદિર છે તે જગ્યા મંદિર માટે યોગ્ય છે તેમ શાસ્ત્રીબુવાને લાગ્યું. પરંતુ એ જગ્યાનો માલિક બીજો હતો. આથી તેમની ઇચ્છા મનમાં જ રહી ગઇ. તે જમીનના માલિકનું મૃત્યુ થયું. પછી એની પત્નીને કોઇ બ્રાહ્મણ સ્વપ્નમાં રોજ કહેતો હતો કે "તમે તમારી જમીન બ્રાહ્મણને દાનમાં આપો". આવું સ્વપ્ન સતત ત્રણ દિવસ સુધી આવ્યું પણ પેલી સ્ત્રીને ખબર ન પડી કે કઇ જમીન દાનમાં આપવી? અને કોને દાનમાં આપવી? આ સ્વપ્નનો અર્થ પૂછવા તે સ્ત્રી રમામાતા પાસે આવી. રમામાતાએ જણાવ્યું કે ચક્ષિણી મંદિરની પશ્ચિમમાં આવેલી જગા મારા વાસુદેવને મંદિર બનાવવા માટે જોઇએ છે. તે જગા તું મંદિર બનાવવા માટે દાનમાં આપ. તે સ્ત્રીએ એ જમીન મંદિર માટે દાનમાં આપી.

મંદિર બાંધવાનું છે એ વાત ગામમાં ફેલાતાં ઘણા ભકતો ઇંટો, માટી, લાકડું, પથ્થર વગેરે લઇ આવ્યા. સાત જ દિવસમાં મંદિર બંધાઇ ગયું. શાસ્ત્રીબુવાએ જાતે જ ચણતર કર્યું. ગર્ભગૃહ પણ સ્વામી મહારાજે જાતે બાંધ્યું. મંદિરમાં આવનાર ભકતોને સ્નાન કરવા માટે કૂવો બાંધવાનું દૃષ્ટાંત થતાં મંદિરની પૂર્વ દિશામાં કૂવો ખોદવામાં આવ્યો. સંવત ૧૯૩૯ના વૈશાખ વદ પાંચમના રોજ મંદિરમાં દત્તમૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી.

(૮) માણગાંવ છોડી યાત્રાર્થે પરિભ્રમણ :

દત્ત ભગવાને શાસ્ત્રીબુવાને કહ્યું કે મારે સાત વરસ માણગાંવમાં રહીને લીલા કરવી છે એટલે શાસ્ત્રીબુવાએ મંદિર બાંધી દત્તપ્રભુની મૂર્તિની સ્થાપના કરી.

સાવંતવાડીમાં નારોપંત ઉકિડવેને સ્વપ્ન આવ્યું કે શાસ્ત્રીબુવા માણગાંવ છોડીને હંમેશને માટે કયાંક બહાર જવા તૈયાર થયા છે. એટલે બીજે દિવસે નારોપંતે માણગાંવ આવીને આ અંગે શાસ્ત્રીબુવાને પૂછ્યું અને એમણે સ્વપ્નની વાત પણ કરી. તેમ છતાં પણ શાસ્ત્રીબુવાએ ના પાડી. આથી નારોપંત પાછા સાવંતવાડી જતા રહ્યા.

બીજા દિવસે સવારની પૂજા વખત ભગવાને કહ્યું કે "આજે માણગાંવ છોડીને જવાનું છે". શાસ્ત્રીબુવાએ કહ્યું, "પણ હજી સાત વર્ષ પૂરા થયા નથી". એટલે ભગવાને કહ્યું કે ચાંદ્રમાન પ્રમાણે સાત વર્ષ પૂરા થયાં છે. ચાંદ્ર વર્ષ, સૌર વર્ષ, નક્ષત્ર વર્ષ અને સાયનમાન વર્ષ એમ ચાર પ્રકારના વર્ષ હોય છે.

દત્ત ભગવાને બીજી સૂચના એવી આપી કે દેવ અને કુટુંબ (પત્ની) સાથે લેવાં. એટલે શાસ્ત્રીબુવા અન્નપૂર્ણા સતીને અને દત્તની બે મૂર્તિ તથા પાદુકાને લઇને માણગાંવ છોડી યાત્રા પરિભ્રમણ માટે નીકળ્યા. માણગાંવ છોડ્યું ત્યારે સતી અન્નપૂર્ણા ગર્ભવતી હતા.

(૯) નાસ્તિક કેશવરાવ વૈદ્ય :

કેશવરાવ નામનો એક બ્રાહ્મણ સારંગપુરમાં રહેતો હતો તે પહેલેથી જ નાસ્તિક હતો. મૂળ પુનાનો રહેવાસી હતો. તેનું લગ્ન થયેલું હતું પરંતુ સારંગપુર એકલો રહીને વેકસીનેટરની નોકરી કરતો હતો. લોકો તેને

ડોકટર સમજતા. તે સારંગપુરના મામલતદારને ત્યાં રહેતો હતો. તેની પત્ની ઉંમર લાયક થતાં કેશવરાવને શોધતી શોધતી સારંગપુર આવી. કેશવરાવને સમજાવી પટાવીને મામલતદારે સમાધાન કરાવ્યું.

આગળ જતાં કેશવરાવને એક પુત્ર થયો જે આજાન બાહુ હતો. ગામમાં તે બધાને વહાલો લાગતો. ત્રણ વર્ષની ઉંમરથી તે પુત્ર સમર્થ રામદાસ રચિત 'મનાચે શ્લોક'નું રટણ કરતો. તેને યાચકોને ભિક્ષા આપવી ખૂબ ગમતી.

આ પુત્ર પાંચ વર્ષનો થયો ત્યારે એક જટાધારી તપસ્વી તેના ઘરે ભિક્ષા માટે આવ્યો. તે જટાધારીને ભિક્ષા આપી ત્યારે જટાધારી બોલ્યા કે "કયોં બચ્ચે ! પ્રપંચમેં કહાં તક ઠહરનેકા વિચાર હૈ?" પુત્રે જવાબ આપ્યો કે "મૈં કલ આઉંગા". આ વાર્તાલાપ કેશવરાવે પણ સાંભળ્યો હતો. પણ તેને આ સંવાદ સામાન્ય-ચીલાચાલુ- લાગ્યો.

બીજા દિવસે તે બાળકે મા-બાપને કહીને ગામના ઘણા લોકોને ઘરે બોલાવ્યા અને કહ્યું કે "પ્રભુનું નિત્ય સ્મરણ કરી સન્માર્ગે ચાલો". ત્યાર પછી "સદા સર્વદા યોગ તુઝા ઘડાવા"વાળો શ્લોક બોલીને ઈશ્વરને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને દેહત્યાગ કર્યો. આ પુત્રની માતા એટલે કે કેશવરાવની પત્નીએ કહ્યું કે આ જગતમાં કોઇ સંબંધ સાચો નથી. ઋણાનુબંધ હોય ત્યાં સુધી જ સંબંધ ટકે છે. છ માસ પછી હું પણ પંઢરપુરમાં દેહત્યાગ કરીશ.

છ મહિના પછી તે સ્ત્રી કેશવરાવ અને મામલતદાર સાથે પંઢરપુર ગઇ અને અગિયારસના દિવસે ચંદ્રભાગામાં સ્નાન કરીને પાંડુરંગ વિઠ્ઠલના દર્શન કર્યા પછી કેશવરાવને કહ્યું કે હું હવે રજા લઉં છું. મારાથી તમારા વંશની વૃદ્ધિ થઇ શકી નથી આમ છતાં મારા ગયા પછી મોરોપંતની કન્યા સાથે તમારું લગ્ન થશે અને વંશ વૃદ્ધિ થશે.

કેશવરાવનો ઘણો વિરોધ હોવા છતાં તેમના લગ્ન મોરોપંતની કન્યા સાથે થયા.

આવી વિલક્ષણ ઘટનાઓ ઘટ્યા પછી પણ કેશવરાવ નાસ્તિક જ રહ્યો. સ્વામી મહારાજના સત્સંગથી પૂર્ણ આસ્તિક થયો.

✡ ✡ ✡

વંદનાષ્ટક

આજ્ઞા કરે અવધૂતને જે ગ્રંથ રચવા સ્વપ્નમાં,
ને દે ચરિતામૃત ઘડો જાતે જઈને હાથમાં,
તું પાન કર, પિવાડ જેને હોય તૃષા - વેદના,
એ દત્ત **વાસુદેવ**ના શ્રીપાદપદ્મે વંદના. ..... (૧)

આદેશ ગુરુનો શિર ધરી, જે ગ્રંથની રચના કરે,
ને દોહરા છંદે, છલોછલ બ્રહ્મરસ એમાં ભરે,
જીવન સફળ પારાયણે એ જ્ઞાન, કર્મ, ઉપાસના,
દત્તાવતારી **રંગ**ના ચરણારવિંદે વંદના. ..... (૨)

આ દિવ્યભાષા દોહરાની ના બધા સમજી શકે,
સત્ત્વર રૂપાંતર ગદ્યમાં એનું કરી નાંખો તમે,
આજ્ઞા કરીને જે કરે કૃપા અમીનાં છાંટણાં,
એ સદ્‌ગુરુ **શ્રીપ્રેમ**ના પાદાબ્જે હો મમ વંદના. ..... (૩)

અત્રિજ ને સુત અનસૂયાના, જ્ઞાનના અવતાર જે,
અર્જુન આયુ અલર્કને યદુનો કરે ઉદ્ધાર એ,
પ્રહ્લાદ પરશુરામને એની કૃપાની ઝંખના,
એ દેવ **દત્તાત્રેય**ના હો ચરણકંજે વંદના. ..... (૪)

લીલા કરે કુરવપુરે ને એ જ પાછા અવતરે,
જઈ ગાણગાપુર વાડીમાં કંઈ દિવ્ય લીલા આચરે,
તાર્યા ઘણાં ભકતો, હર્યા વળી દુ:ખડાં કંઈ રંકનાં,
શ્રીપાદ નૃસિંહ સરસ્વતીના પદસરોજે વંદના. ..... (૫)

પાપીગણુ પરિવારના સંકટભર્યા દિવસો મહીં,
સુકાન લઈને હાથમાં, જે સાચવે પડખે રહી,
ક્યાંથી ભૂલું હું એ બધા ઉપકાર સાચા સંતના,
પાગલ પ્રકાશાનંદના આ ચરણકમળે વંદના. ..... (૬)

સારાંશ ગ્રંથતણો લખે બે વાર જો **પાપીગણુ**,
એ બીજમાંથી ફૂટતું આ વૃક્ષ ગદ્યાંતર તણું,
જેણે સિંચ્યા સંસ્કાર એ માતા **જયા**ની અર્ચના,
એવાં રૂડાં માતા-પિતાનાં ચરણકંજે વંદના. ..... (૭)

પરિવાર કેરી હૂંફ ને જ્યાં મદદ કરતી અંજની,
લહાવો બન્યો આ કાર્ય જાણે ગાઉં હું શિવરંજની,
'સત્કાર્ય છે આશિષ સ્વયં' ચાલુ રહે એ પ્રાર્થના,
સહુમાં નિહાળી રંગને, સહુની કરું હું વંદના. ..... (૮)

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય.

|| શ્રી ગણેશાય નમ: ||

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત
શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર.

અનુક્રમણિકા

અનુ. નં.	વિગત	દોહરા	પૃષ્ઠ
૧.	અધ્યાય-૧૦૪	૨૮૨	૧-૧૫
૨.	અધ્યાય-૧૦૫	૯૧	૧૬-૨૧
૩.	અધ્યાય-૧૦૬	૧૧૮	૨૪-૩૧
૪.	અધ્યાય-૧૦૭	૮૫	૩૨-૩૭
૫.	અધ્યાય-૧૦૮	૧૧૮	૩૮-૪૩
૬.	અધ્યાય-૧૦૯	૧૦૮	૪૪-૪૯
૭.	અધ્યાય-૧૧૦	૧૨૦	૫૦-૫૬
૮.	અધ્યાય-૧૧૧	૧૦૫	૫૭-૬૨
૯.	અધ્યાય-૧૧૨	૯૫	૬૩-૬૮
૧૦.	અધ્યાય-૧૧૩	૧૪૦	૬૯-૭૫
૧૧.	અધ્યાય-૧૧૪	૧૪૨	૭૬-૮૨
૧૨.	અધ્યાય-૧૧૫	૯૨	૮૩-૮૭
૧૩.	અધ્યાય-૧૧૬	૯૫	૮૮-૯૪
૧૪.	અધ્યાય-૧૧૭	૬૦	૯૫-૯૮
૧૫.	અધ્યાય-૧૧૮	૮૨	૯૯-૧૦૩
૧૬.	અધ્યાય-૧૧૯	૧૦૫	૧૦૪-૧૦૯
૧૭.	અધ્યાય-૧૨૦	૧૨૦	૧૧૦-૧૧૬
૧૮.	અધ્યાય-૧૨૧	૧૫૨	૧૧૭-૧૨૫
૧૯.	અધ્યાય-૧૨૨	૧૪૮	૧૨૬-૧૩૫
૨૦.	અધ્યાય-૧૨૩	૧૨૦	૧૩૬-૧૪૧
૨૧.	અધ્યાય-૧૨૪	૭૨	૧૪૨-૧૪૭
૨૨.	અધ્યાય-૧૨૫	૧૧૨	૧૪૮-૧૫૩
૨૩.	અધ્યાય-૧૨૬	૧૦૦	૧૫૪-૧૫૯
૨૪.	અધ્યાય-૧૨૭	૮૫	૧૬૦-૧૬૫

અધ્યાય : ૧૦૪

આ અધ્યાયનું નામ **'યવનરાજોદ્ધરણ'** છે. આ અધ્યાયમાં **૨૮૨** દોહરા છે.

શ્રીપાદશ્રીવલ્લભના અવતાર કાળમાં જે ધોબીને એમણે 'તને રાજા કરીશ' એવું વરદાન આપ્યું હતું તે ધોબી આ શ્રીનૃસિંહસરસ્વતીના અવતારકાળમાં બેદરપુરમાં એક મ્લેચ્છ જાતિનો રાજા થયો હતો.

એ મુસલમાન રાજા હોવા છતાં પૂર્વ સંસ્કારોને કારણે બ્રાહ્મણો પર પ્રેમભાવ રાખતો હતો અને એ હિંદુઓનાં દેવાલય તેમજ તીર્થમાં ઉપાધિ કરતો ન હતો. એ માનતો હતો કે દરેક પોતપોતાના ધર્મ પ્રમાણે જીવે એમાં જ એનું કલ્યાણ છે; આ જગતમાં બધે એક જ ઇશ્વર વ્યાપી રહ્યો છે. એટલે કોઇનો દ્વેષ ન કરવો એવું એ બધા મ્લેચ્છોને સમજાવતો હતો. (૧-૩૪).

એ રાજાને જાંઘ ઉપર ફોલ્લો (સ્ફોટક) થયો. ઘણી દવા કરવા છતાં એ મટ્યો નહિ. એણે બ્રાહ્મણોને એનો ઉપાય પૂછ્યો તો એમણે કહ્યું કે પાપનાશકતીર્થમાં સ્નાન કરવાથી તે મટશે. સ્નાન કર્યા પછી તેને એક યતિ મળ્યા. તેમણે કહ્યું કે કોઇ સત્પુરુષનું દર્શન-અર્ચન કરો તો ફોલ્લો મટી જશે. યવનરાજાએ કહ્યું કે સત્પુરુષનાં દર્શનથી કોઇનો રોગ મટ્યો હોય તો એ વૃત્તાંત મને સંભળાવો. બ્રાહ્મણો એને પિંગલા નામની વેશ્યાની અને અવંતિકાના ભ્રષ્ટ બ્રાહ્મણને સત્પુરુષના દર્શન અને સેવાથી બીજા જન્મમાં થયેલા લાભની વાત કહી સંભળાવી. (૩૫-૧૭૩).

આવો સત્પુરુષ ક્યાં મળે એવું પૂછતાં બ્રાહ્મણોએ ગાણગાપુરમાં શ્રીગુરુનાં દર્શને જવાનું કહ્યું. યવનરાજાએ ગાણગાપુર આવીને બધાને પૂછ્યું કે શ્રીગુરુ ક્યાં છે? લોકોએ કહ્યું કે શ્રીગુરુ તો સંગમે અનુષ્ઠાનાર્થે ગયા છે અને બપોરે મઠમાં આવશે. આ સાંભળી રાજા શ્રીગુરુનાં દર્શન માટે સંગમ તરફ ચાલી નીકળ્યો. ત્યાં જ દૂરથી શ્રીગુરુને આવતા જોયા. પગે ચાલીને જઇને રાજાએ શ્રીગુરુને વંદન કર્યાં એટલે શ્રીગુરુએ કહ્યું કે કેમ રે ધોબી? કેમ આવ્યો? રાજાએ કહ્યું કે મને જાંઘ પર ફોલ્લો થયો છે તે મટતો નથી. શ્રીગુરુએ કહ્યું કે બતાવ તારો ફોલ્લો. રાજાએ જાંઘ બતાવી તો ફોલ્લો હતો જ નહિ ! (૧૭૪-૧૯૮).

રાજા શ્રીગુરુને પોતાના રાજ્યમાં લઇ ગયો અને પોતાનો મહેલ બતાવ્યો તથા કુટુંબીજનો સાથે પગે પડ્યો. આગળ ઉપર ખરાબ દિવસો આવનાર છે એમ જાણીને શ્રીગુરુ ગુપ્ત થયા, છતાં ગાણગાપુરમાં તો આજે પણ હાજરાહજૂર છે. (૧૯૯-૨૮૨).

અલખે કહ્યું કે હે શિષ્ય ! તું પવિત્ર કથા આગળ સાંભળ. પહેલાં એક ધોબી શ્રીગુરુનો ભકત થયો હતો તે સુંદર વાતનું સ્મરણ કર. (૧). શ્રીગુરુએ ત્યારે એને વરદાન આપ્યું હતું અને કહ્યું હતું કે હું તને આવતા જન્મમાં રાજ્ય આપીશ (રાજા બનાવીશ). એ ધોબી મૃત્યુ પામ્યા પછી મુસલમાન જાતિમાં બેદરપુરમાં રાજા થયો અને

પુત્ર-પૌત્રવાળો થયો. (૨-૩). હાથી, ઘોડા અને ધન વગેરેથી એ હંમેશાં સંતોષપૂર્વક રહેતો હતો. એના પાયદળ સૈન્યનો તો પાર ન હતો એવો એ સમૃદ્ધ રાજા હતો. (૪). પોતે હીન જાતિનો હોવા છતાં પૂર્વજન્મના સંસ્કારે હંમેશાં દાન અને ધર્મમાં રત રહીને પુણ્ય પ્રાપ્તિની ઇચ્છા રાખનાર હતો. (૫).

પૂર્વ જન્મના કર્માનુસાર-સ્વભાવથીજ એને બ્રાહ્મણો પર વિશેષ પ્રેમ હતો. તેથી દેવમંદિર અને તીર્થસ્થાનો વગેરેમાં ઉપાધિ કરતો ન હતો. (૬). એના ધર્મના ગુરુઓ એને કહેતા કે આપણે મ્લેચ્છ જાતિના હોવાથી દેવ અને બ્રાહ્મણોની નિંદા કરવી એ તારો ધર્મ છે. (૭). તું તો આનાથી વિરુદ્ધ પ્રકારનું આચરણ કરે છે. તું બ્રાહ્મણને માન કેમ આપે છે? આ કાફર લોકોની સેવા કરવાથી તો ચોક્કસ મહાન પાપ લાગશે. (૮). જેનો જેવો ધર્મ હોય તેણે તે પ્રમાણે જ વર્તવું જોઇએ અને એ જ કલ્યાણનો માર્ગ છે. તું મૂરખની જેમ-જડવત્-કેમ વર્તે છે? (૯). એ બ્રાહ્મણો તો મૂઢ, અજ્ઞાની અને છેક ગમાર બુદ્ધિના છે અને તેથી લાકડાંને અને પથ્થરને દેવ માનીને પૂજે છે. (૧૦). તેઓ ગાયને દેવ માને છે. વળી અગ્નિ, સૂર્ય વગેરેમાં અને નદી, પાણી અને ઝાડમાં ક્યાંથી દેવત્વ આવે? (૧૧). આમ આ લોકો નિરાકાર ભગવાનને સાકાર સ્વરૂપે કલ્પે છે. જે મ્લેચ્છ એમને માનની દૃષ્ટિથી જુએ છે તે નરકમાં જાય છે. (૧૨).

એમનાં આવાં વચન સાંભળીને, પૂર્વ સંસ્કારે જેની બુદ્ધિ ધર્મમાં સ્થિર થયેલી છે તેવો રાજા માનપૂર્વક કહેતો કે એક અત્યંત ગૂઢ પરમાત્મા ઘાસ, લાકડું વગેરે બધાંમાં-અણુથી માંડીને મેરુ સુધી વ્યાપી રહ્યો છે. (૧૩-૧૪). સ્થાવર અને જંગમ બધું જાતે સર્જીને એ પોતે બધાંમાં સ્વાત્મરૂપે દાખલ થયો છે. (૧૫). જાત જાતના તર્ક-કુતર્કને કારણે અભેદમાં પણ ભેદ દેખાય છે અને આપણે જે માનીએ છીએ એ જ બધા સ્વીકારે એવો આગ્રહ પણ નકામો છે. એ સઘળે અભેદરૂપે રહેલો છે. (૧૬). એ એકમાત્ર સ્વયં પ્રકાશી પરમાત્મા બધે વ્યાપીને રહ્યો છે. એ અજ, અવિચળ અને અક્ષય છે અને ખરેખર એ જ બધાનો કારણરૂપ આત્મા છે. (૧૭). એનાથી જ ધર્મની મર્યાદાવાળું આ પંચભૌતિક જગત ઉત્પન્ન થયું છે. (૧૮). ઘડો વગેરે કાર્યરૂપ (વિકાર) થવા છતાં એના કારણરૂપ માટીને ત્યજતા નથી તે જ રીતે આ કાર્ય-વિકાર-રૂપ જગત પણ એ સત્ત્વનો-સત્ તત્ત્વનો-ત્યાગ કરતું નથી. (૧૯).

ગાયોના રંગ જુદા જુદા હોવા છતાં પણ દૂધ જેમ એક સરખું હોય છે તેમ અનેક રૂપો હોવા છતાં એમાં રહેલું ચૈતન્ય તો અભિન્ન જ છે.① (૨૦). (જુદા જુદા) અલંકારો (બનાવવા)થી સોનામાં કોઇ ફેરફાર થતો નથી. તે જ રીતે આ વિશ્વથી (રચનાથી) સર્વવ્યાપી આત્મામાં કોઇ ફેર પડતો નથી. (૨૧). ઘટાકાશને કારણે મહાકાશમાં જેમ કોઇ ફેર પડતો નથી તે જ રીતે જુદાજુદા દેહોને કારણે આત્મામાં કોઇ ફેર-વિકાર-થતો નથી. (૨૨). ઘડાનું પાણી ભલે ડોળાય પણ ઘડાના નીરમાં રહેલ ચંદ્રને અસર થતી નથી, તેમ બુદ્ધિ વગેરેમાં ફેરફાર થતા હોવા છતાં આત્મા તો અખંડ જ રહે છે. (૨૩). દીવાથી દીવો પ્રગટાવવાથી એની એકતામાં કોઇ અડચણ ઊભી થતી નથી તેમ સચ્ચિદાનંદ સ્વરૂપ, અખંડ અને એક રસરૂપ બ્રહ્મમાં કોઇ વિઘ્ન ઊભું થતું નથી. (૨૪). સૂત્રમાં પરોવાયેલા મણિની જેમ આ નામરૂપવાળું વિશ્વ પણ એમાં ઓતપ્રોત છે અને એને વશ છે. એમાં લેશમાત્ર શંકા નથી. (૨૫).

ભિન્ન ભિન્ન જાતિઓમાં એક જ ઈશ્વર આકાશની જેમ બધે વ્યાપીને રહેલો છે અને છતાં તે એકદમ અભિન્ન અને અસંગ છે. (૨૬). આમ હોય તો પછી ભેદ ક્યાંથી રહ્યો? અને નાહક શું કામ ઝઘડો છો? ચિત્તની શુદ્ધિ વિના આત્મજ્ઞાન થતું નથી. (૨૭). માટે પથ્થર વગેરેમાં ઈશ્વરની ભાવના કરીને અને એનું ધ્યાન ધરીને અહીં લોકો પોતાના ચિત્તને સ્થિર કરે છે. (૨૮). વિશ્વાત્મા સર્વવ્યાપી હોવા છતાં ધ્યાનના હેતુ માટે પ્રતિમાનું અર્ચન કરીને અલ્પબુદ્ધિવાળા પોતાનો પરમાર્થ સાધી લે છે. (૨૯). જ્ઞાની માટે આત્મપૂજન છે પરંતુ એ બધા માટે સુલભ નથી. જેનું મન સુસ્થિર નથી એણે પ્રતિમા વગેરેમાં દેવની ભાવના કરીને પોતાનું ચિત્ત સ્થિર કરવાનું છે. નારાયણ બધે જ વસી રહ્યો હોય તો પછી પથ્થર પણ કેમ પૂજવા યોગ્ય ન ગણાય ! (૩૦-૩૧).

જેની જ્યાં જેવી નિષ્ઠા હોય ત્યાં એ તેવું ફળ પામે છે. માટે પોતાના મતમાં નિષ્ઠા રાખનારા બ્રાહ્મણો કોઇ પણ રીતે નિંદાને પાત્ર નથી. (૩૨). દરેક જણ પોતાનો રસ્તો જાણે છે અને એ જ એના હિતમાં છે. માટે પોતાના ધર્મમાં નિષ્ઠા રાખનારા બ્રાહ્મણો દ્વેષને પાત્ર નથી. (૩૩). આ રીતે એ રાજા પોતાના ધર્મગુરુને સવિસ્તર સમજાવતો અને દેવ તથા બ્રાહ્મણને ઘણું માની પુણ્ય અને દાન કરતો. (૩૪).

આમ એ રાજા બેદરપુરમાં ધર્મપૂર્વક રાજ્ય કરતો હતો. પ્રારબ્ધવશાત્ એ રાજાના શરીરે-જાંઘ પર-ફોલ્લો (સ્ફોટક) થયો. (૩૫). વૈદ્યો સારવાર કરવા લાગ્યા. મંત્ર-તંત્ર પણ થવા લાગ્યા, તેમ છતાં ફોલ્લો મટ્યો નહિ એટલે રાજા ખૂબ દુ:ખી થયો. (૩૬).

આ બાજુ ગાણગાપુરમાં શ્રીગુરુએ વિચાર્યું કે યવનરાજ અહીં આવશે અને તેથી અહીંના લોકોને તકલીફ થશે. મુસલમાન રાજા આવવાથી બ્રાહ્મણોને મુશ્કેલી પડશે. બધે મહિમા ફેલાઇ ગયો છે એટલે હવે અહીં રહેવું જોઇએ નહિ. (૩૭-૩૮). ચારે દિશામાં મારી કીર્તિ પ્રસરી ગઇ છે. ભ્રષ્ટ અને અજ્ઞાની એવો મ્લેચ્છ જરૂરથી અહીં આવશે માટે હું અંતર્ધાન થાઉં એ જ ઠીક છે. (૩૯). બહુધાન્ય સંવત્સરમાં સિંહરાશિમાં ગુરુ આવ્યો હોવાથી ગોદાવરીના કિનારે યાત્રાના બહાને હું ફરું. (૪૦). આવું વિચારીને એમણે શિષ્યોને કહ્યું કે મને લેવા માટે યવનરાજ થોડા સમયમાં જ અહીં આવી પહોંચશે માટે હું ગૌતમી-ગોદાવરી-નદીના તીરે જઉં છું. (૪૧). આ સાંભળીને શિષ્યો ચિંતા કરવા લાગ્યા કે યવનરાજના આવવાથી અરેરે ! શું અમારા ધર્મની હાનિ નહીં થાય? (૪૨). દત્તાવતારી તારક એવા શ્રીનૃસિંહસરસ્વતી અહીં હાજરાહજૂર છે પછી આપણે શું ચિંતા કરવાની? અને શું વિચાર કરવાનો? (૪૩). ખરેખર એ જ આપણી રક્ષા કરશે. પછી નાહક શા માટે ચિંતા કરવી? આવું મનમાં વિચારીને બધા શાંત રહ્યા. (૪૪).

પૂર્વના સંસ્કારને કારણે શુદ્ધ-સાત્ત્વિક-બુદ્ધિવાળો યવનરાજ પણ ફોલ્લાને કારણે પ્રારબ્ધવશ અતિશય દુ:ખી થયો. (૪૫). વિવિધ પ્રકારની ઔષધિના લેપ કરવા છતાં પણ વ્યથા દૂર ન થઇ. રાજાએ કહ્યું કે આ ભયંકર ફોલ્લો મને અતિશય હેરાનગતિ કરી રહ્યો છે. (૪૬). હકીમો અને વૈદ્યો પણ થાકી ગયા અને છતાં કોઇ ફેર પડતો ન હતો. તો હવે હું શું કરું? લાવ બ્રાહ્મણોને જઇને પૂછું. તેઓ દયા કરીને કોઇ ઉપાય બતાવશે. (૪૭). પછી બ્રાહ્મણોને બોલાવીને સ્વાસ્થ્ય-તંદુરસ્તી-નો ઉપાય પૂછ્યો. એટલે બ્રાહ્મણોએ કહ્યું કે હે રાજા ! સાંભળ. પૂર્વ જન્મમાં કરેલાં પાપો આ જન્મમાં વ્યાધિ-રોગ-રૂપે આવીને તને દુ:ખી કરે છે. તીર્થ અને દેવના પૂજનથી અને દાનથી તારો આ રોગ શાંત થશે. અથવા હે રાજા ! કોઇ સત્પુરુષનાં દર્શનથી અને પૂજનથી સ્વાસ્થ્ય પ્રાપ્ત થશે. આમાં તું શંકા

કરીશ નહિ. (૪૮-૫૦). ભાગ્યવશાત્ સત્પુરુષની કૃપાદૃષ્ટિ થતાંની સાથે જ સાઠ જન્મનું પાપ ટળી જાય તો પછી આ ફોલ્લાની તો શી વિસાત? (૫૧).

આ વાત સાંભળીને રાજા વંદન કરીને બોલ્યો કે તમે મને બ્રાહ્મણોનો દાસ માનો. મને યવન માનીને મારી અવગણના ના કરશો. (૫૨). પૂર્વ જન્મમાં મેં ગુરુની સેવા કરી હતી તેથી હું આવું રાજ્ય પામ્યો છું. પરંતુ મારા પાપે કરીને હું મ્લેચ્છ કુળમાં જન્મ્યો છું. (૫૩). મને મનમાં ભરોંસો બેસે એવો બની ગયેલો કોઇ પ્રસંગ કહો કે જેમાં સત્પુરુષનાં દર્શનથી કોઇનો રોગ ટળ્યો હોય. (૫૪).

વચન સાંભળીને વિચાર કરીને બ્રાહ્મણોએ કહ્યું કે અહીં કહેવું યોગ્ય નથી માટે એકાંતમાં ચાલો. (૫૫). બધા મ્લેચ્છો તારી નિંદા કરશે. અમે બ્રાહ્મણો તને એકાંત વિના કશું કહીશું નહીં કારણ કે એ મ્લેચ્છો અમારો દ્વેષ કરે છે. (૫૬).

આ સાંભળીને રાજાએ વિનમ્રપણે કહ્યું કે આમાં જાતિનો પ્રશ્ન જ ક્યાં છે? હું તો બ્રાહ્મણોનો સેવક છું. મારા પર કૃપા કરીને મારો ઉદ્ધાર કરો-મારો રોગ મટાડો. (૫૭). એને પશ્ચાત્તાપયુકત જોઇને બ્રાહ્મણો એકાંતમાં લઇ જઇને બોલ્યા કે સાંભળ ! અહીં પાપવિનાશક નામનું એક તીર્થ છે. એ એકદમ એકાંત સ્થાન છે. ગમે તેમ કરીને એ સ્થાનમાં તું કોઇ ન જાણે એ રીતે રહે. (૫૮-૫૯). હે રાજા ! ત્યાં જઇને માત્ર સ્નાન કરવાથી તારું કાર્ય થઇ જશે-તારો ફોલ્લો મટી જશે-તું આ વાતને દૃઢપણે માન અને ત્યાં જઇને ગુપ્ત રીતે રહે. (૬૦).

બ્રાહ્મણોનાં એ વચન સાંભળીને રાજાને સંતોષ થયો અને પાપવિનાશક નામના તીર્થમાં એ એકલો આનંદપૂર્વક ગયો. (૬૧). બધાને દૂર કરીને એ એકલો જ ગયો અને પાપવિનાશક તીર્થમાં જેવો સ્નાન કરીને ઊભો રહ્યો એવામાં જ એણે એક સંન્યાસીને જોયો. (૬૨). એ યતિને જોઇને રાજાએ એને ભાવથી વંદન કર્યાં અને ફોલ્લો બતાવીને પૂછ્યું કે આ ફોલ્લો કેવી રીતે મટશે? (૬૩).

આ વચન સાંભળીને યતિ કહેવા લાગ્યા કે હે સુજ્ઞ રાજા ! તું સાંભળ. આ ફોલ્લો સાધુપુરુષનાં દર્શનથી મટશે એ વાત તું નિશ્ચયપૂર્વક માન. (૬૪). પહેલાનાં સમયમાં ઉજ્જૈનમાં એક બ્રાહ્મણ રહેતો હતો. એ ફકત જન્મથી જ બ્રાહ્મણ હતો પરંતુ એ ધર્મભ્રષ્ટ અને અધમવૃત્તિનો હતો. (૬૫). યુવાનીના મદથી ઉન્મત્ત થયેલો એ નગરની સ્ત્રીઓમાં રચ્યોપચ્યો રહેતો હતો અને સ્નાનસંધ્યા વગેરે છોડીને મન ફાવે તેમ વર્તતો હતો. (૬૬). એ હંમેશાં દુરાચરણમાં ડૂબેલો રહેતો હતો. બ્રાહ્મણ તરીકેનો કોઇ આચાર પાળતો ન હતો અને પિંગલા નામની એક વેશ્યાના ઘરમાં ભોગમાં આસકત થઇને રહેતો હતો. (૬૭). વેશ્યાનું અન્ન ખાતાં એ દિલમાં જરા પણ ગભરાતો ન હતો. દિવસરાત એની સાથે રહીને સમય પસાર કરતો હતો. (૬૮). એક વાર નસીબજોગે એવું બન્યું કે એ બ્રાહ્મણ વેશ્યાના ઘરે હતો ત્યારે ત્યાં એક દિવસ યોગીશ્રેષ્ઠ ઋષભમુનિ આવી ચઢ્યા. (૬૯). યોગીશ્વરને જોતાં જ બંનેએ ભાવથી વંદન કર્યાં અને ભકિતભાવથી પ્રાર્થના કરીને એમને ઘરમાં લઇ આવ્યા. (૭૦).

એમને ઊંચા આસને બેસાડીને બંનેએ એમનું ભકિતભાવથી ષોડશોપચાર પૂજન કર્યું. (૭૧). જાત જાતનાં પરિમલ-સુગંધિત-દ્રવ્યોથી અને ભાત ભાતનાં ફૂલોથી વેશ્યા અને બ્રાહ્મણ એમ બંનેએ આનંદપૂર્વક એમની પૂજા કરી. (૭૨). પછી બધાં પાપોને હરી લેનારું ચરણામૃત આનંદપૂર્વક લીધું અને મુનિવરને વિવિધ

પ્રકારનાં પકવાનો જમાડ્યાં. (૭૩). પછી મુનિવરના હાથ-મોઢું ધોવડાવીને પાન આપ્યું અને ત્યારબાદ મુલાયમ પથારી કરીને પલંગ ઉપર સુવાડ્યા. (૭૪). મુનિ પલંગ ઉપર સૂતા એટલે બંને જણાં એમને ભગવાન માનીને એમની પગચંપી કરવા લાગ્યાં અને પંખો નાખવા લાગ્યાં.[૨] (૭૫). મુનિ ઘસઘસાટ ઊંઘી ગયા એટલે બંને જણાં હાથ જોડીને ત્રણ પ્રહર-૯ કલાક-સુધી આનંદપૂર્વક ઊભાં રહ્યાં. (૭૬). સૂર્યોદય થતાં યોગિશ્રેષ્ઠ ઋષભમુનિ જે રીતે આવ્યા હતા તે રીતે પોતાની ઇચ્છા મુજબ મોજથી જતા રહ્યા. (૭૭).

પછી થોડા સમય માટે એ બ્રાહ્મણ વેશ્યાના ઘરે રહ્યો. વીતેલા યૌવનમાં થયેલા સત્સંગથી શુદ્ધ બુદ્ધિનો થયો. (૭૮). સમય જતાં પ્રારબ્ધવશ એ મૃત્યુ પામ્યો અને પછી તો વેશ્યા પિંગલા પણ મૃત્યુ પામી. (૭૯). પૂર્વજન્મના કર્મના ઋણાનુબંધે (બંને) રાજાના કુળમાં જન્મ્યાં. સત્પુરુષની સેવાને કારણે એ બ્રાહ્મણ દશાર્ણ દેશના સન્મતિવાળા વ્રજબાહુ રાજાની સુમતિ નામની પટરાણીના ગર્ભમાં ગયો. (૮૦-૮૧). પોતાની મોટી રાણી-પટરાણી-ને ગર્ભવતી જાણીને રાજાએ ઠાઠમાઠથી પુંસવનાદિક સંસ્કારો કર્યા. (૮૨). પટરાણીને ગર્ભવતી જાણીને એની શોકય ઇર્ષાથી ક્રોધે ભરાઇ અને એને મારી નાંખવા માટે તૈયાર થઇ. (૮૩). એ શોકયે ગર્ભવતી રાણીને પ્રયત્નપૂર્વક સાપનું ઝેર આપી દીધું અને પરિણામે એ ઝેર રાજરાણીના અંગ ઉપર ફૂટી નીકળ્યું.[૩] (૮૪). એ અત્યંત ભયંકર ઝેર આખા શરીર પર ફૂટી નીકળ્યું. જેના પરિણામે એને અતિશય પીડા થવા લાગી, પરંતુ પ્રારબ્ધવશ એ મૃત્યુ પામી નહીં. (૮૫).

અપાર દુ:ખ સહન કરીને આખરે રાણીએ પુત્રને જન્મ આપ્યો. આ બાળકના આખા શરીરે ઘા પડેલા હોવાથી તે ખૂબ જ દુ:ખી હતો. (૮૬). ઘામાંથી લોહી અને પરુ નીકળ્યાં જ કરતાં હતાં અને બાળક દિવસ રાત રડરડ કર્યા કરતું હતું. એક ઘડી પણ ઊંઘે નહીં કે દુ:ખનું માર્યું ધાવી શકે પણ નહીં. (૮૭). ઝેર વ્યાપી ગયેલા શરીરવાળા પુત્રને તથા યુવાન પત્નીને દુ:ખથી ચીસો પાડતાં જોઇને રાજા હંમેશાં ચિંતામાં ડૂબેલો રહેતો અને અન્ય દેશોમાંથી વૈદ્યોને બોલાવીને દવા-સારવાર કરતો હતો. (૮૮-૮૯). બંનેનાં સ્વાસ્થ્ય માટે અઢળક દ્રવ્ય ખર્ચતો હતો. પરંતુ જ્યાં ભાગ્ય જ વાંકું હોય ત્યાં શું થાય? બંનેને જરા પણ સારું થતું ન હતું. (૯૦).

બંનેના આખા શરીરે ઘા પડ્યા હતા અને હવે અંદર જીવડા પડ્યા હતા. પરિણામે ઊંઘ અને ભોજન પણ છૂટી ગયાં હતાં અને (બંને) અપાર દુ:ખ વેઠતાં હતાં. (૯૧). રાણીની અને પુત્રની આવી કરુણ સ્થિતિ જોઇને રાજા પણ એક પળ ઊંઘી શકતો ન હતો અને જાતે પણ દુ:ખી દુ:ખી થઇ ગયો હતો. (૯૨). બાળક ખૂબ નબળો થયો અને રાણી પણ દુ:ખને લીધે ખાવા-પીવાનું છોડી દઇને હંમેશાં ચીસો પાડ્યા કરતી હતી. (૯૩). શરીર ગંધાઇ ઊઠ્યું અને ચીતરી ચઢે એવી સ્થિતિ થઇ. આવી દુ:ખદાયી સ્થિતિ જોઇને એક દિવસ રાજાને થયું કે હવે હું શું કરું? દરેક જાતનાં ઔષધો કર્યાં પરંતુ જરા પણ કારગત ના નીવડ્યાં અને ઊલટાનું દુ:ખ તો દિવસે દિવસે વધતુ ચાલ્યું. (૯૪-૯૫).

એમની અતિશય કષ્ટદાયી દશા જોતાં એ બંને જીવતાં મડદાં સમાન જ હતાં. બંને હવે સારાં થવાની કોઇ આશા રહી નથી. તો હવે હું શું કરું? (૯૬). એમને જોતાં એવી તો ચીતરી (સૂગ) ચડે કે એમનું મોં જોવાનું પણ ના ગમે. હવે એ કદી સારા થાય એવી કોઇ શકયતા નથી. અરે ! ઘૃણા ઊપજે એવાં થઇ ગયાં છે. (૯૭). હવે

મારું મન પણ થાકીને કંટાળી ગયું છે. એમના તરફ જોવાનું મન પણ થતું નથી. તો એ બંને મહાપાપીને હવે હું નાછૂટકે ત્યજી દઉં. (૯૮). જીવતા કે મરતા આ પાપીઓ અહીં દુ:ખ ભોગવી રહ્યાં છે. ભોગવ્યા વગર પાપનો કદી નાશ થવાનો નથી. (૯૯). માટે શંકા કર્યા વગર આ બંને પાપીને ત્યજી દેવાં જોઇએ. એવું વિચારીને રાજાએ સારથિને બોલાવ્યો અને કહ્યું કે તું આ રાણીને અને રાજકુમારને મહાજંગલમાં લઇ જા અને ચોક્કસપણે ત્યાં છોડી આવ. હે સારથિ ! મારી આજ્ઞાનું પાલન કર. (૧૦૦-૧૦૧).

જ્યાં આગળ મનુષ્યની અવરજવર ના હોય એવાં ઘોર જંગલમાં આ સ્ત્રી-પુત્રને તજીને તું જલદીથી પાછો આવ. (૧૦૨). 'જેવી આપની આજ્ઞા' એવું કહીને રાણીને અને રાજકુમારને રથમાં બેસાડીને સારથિ એમને નગર બહાર લઇ ગયો. (૧૦૩). રાણીનાં સગાંસંબંધીઓ, દાસ-દાસીઓ વગેરે આ જોઇને ખૂબ દુ:ખી થયાં અને (તેમનાથી થનારા) વિયોગમાં રડવા લાગ્યાં. (૧૦૪). નગરના લોકો પણ અતિશય દુ:ખી થઇને કહેવા લાગ્યા કે આ રાજા કેમ આવો ક્રૂર થઇને સ્ત્રી-પુત્રને હણી રહ્યો છે? (૧૦૫).

એ બંનેને રથમાં બેસાડીને સારથિ લઇ ગયો અને જ્યાં માણસનું નામોનિશાન પણ ન હતું એવાં જંગલમાં તેમને મૂકીને પાછો આવી ગયો. (૧૦૬). એણે આવીને રાજાને કહ્યું કે હે રાજાજી ! આપની આજ્ઞા પ્રમાણે હું બંનેને નિર્જન વનમાં મૂકી આવ્યો છું. (૧૦૭). આ સાંભળીને રાજાને સંતોષ થયો. એણે અન્ય રાણીને કહ્યું કે તારી શોકયને મેં વનમાં ત્યજી દીધી છે. એ આ સાંભળીને એ રાજી રાજી થઇ ગઇ. (૧૦૮).

આ બાજુ નિર્જન વનમાં અન્ન અને જળ વિના પુત્ર સાથે રાણી અતિશય દુ:ખ ભોગવવા લાગી. (૧૦૯). સુકોમળ એવી રાજરાણી દુ:ખી રાજકુમારની સાથે કાંટા અને પથ્થરવાળા અજાણ્યા રસ્તામાં અથડાવા-કૂટાવા લાગી. (૧૧૦). પુત્રને કેડે લઇને, પોતાનાં કર્મને યાદ કરતી કરતી સતી ધીમે ધીમે જતી હતી અને વિચારતી હતી કે અરેરે ! હવે હું શું કરું? (૧૧૧). એક જંગલમાંથી બીજાં જંગલમાં એમ એ એકલી ભટકવા લાગી. એ અબળા વાઘ, સિંહ, સાપ વગેરેને જોઇને વિચારતી કે આ નિર્જન વનમાં હું એકલી શું કરું? અને આવું જીવવાનો પણ શો અર્થ છે? આના કરતાં તો વાઘ ફાડી ખાય તો સુખી થઇ જાઉં. (૧૧૨-૧૧૩). આવું વિચારતાં એ બેભાન થઇને નીચે પડતી. થોડી વાર પછી પાછી ઊઠીને જંગલમાં દુ:ખથી રડતી રડતી આગળ ચાલતી હતી. (૧૧૪).

એને ખૂબ તરસ લાગી હતી પણ પીવાને પાણી મળતું ન હતું. ઘા અતિશય પીડા આપતા હતા. ડગલે ને પગલે વાઘ અને સાપને જોઇને એ ભયભીત થઇ જતી હતી. (૧૧૫). સિંહ, વરુ, વેતાળ અને બ્રહ્મરાક્ષસને જોઇને એ છૂટા વાળવાળી રાણી રડતી હતી અને એકદમ ગભરાઇ જતી હતી. (૧૧૬). આ રીતે ઘોરજંગલમાં સતી ભટકતી હતી ત્યાં એણે આગળના ભાગે ગાયો જોઇ. એથી એને શાંતિ થઇ અને ધીમે ધીમે ત્યાં ગઇ. (૧૧૭). ગાયોના રખેવાળને દુ:ખી હૃદયે રાણીએ કહ્યું કે હે ભાઇ ! તરસથી મારો જીવ જાય છે. અહીં પાણી ક્યાં મળશે? (૧૧૮). ગોવાળિયા બોલ્યા કે જો આ પાસે ગામ દેખાય છે. ત્યાં તું જા. ત્યાં ઘણાં ઘર છે. તને ખાવા માટે અન્ન અને પાણી બંને મળશે. (૧૧૯). એમ કહીને ગોવાળિયાએ રસ્તો બતાવ્યો અને સતી પુત્ર સાથે ધીરે ધીરે ગામમાં આવી. (૧૨૦).

એ નગરનાં મનોહર સ્ત્રી-પુરુષને જોઇને સતીના હૃદયને સંતોષ થયો. એણે સ્ત્રીઓને પૂછ્યું કે અહીંનો રાજા કોણ છે? અહીંના લોકો ખૂબ આનંદમાં રહેતા હોય એમ જણાય છે. એ સ્ત્રીઓએ કહ્યું કે અહીંનો રાજા

વૈશ્ય (જાતિનો) છે અને એ મોટો ધનવાન અને સંતોષી છે. (૧૨૧-૧૨૨). એનું નામ પદ્માકર છે અને એ કેવળ દયાનો સાગર છે. તારા પુત્રની સાથે સાથે એ તારું પણ રક્ષણ કરશે એ તું જાણ. (૧૨૩). સ્ત્રીઓ રાણીને આમ વાતો કરતી હતી ત્યાં સદ્‌નસીબે રાજમહેલથી દાસીઓ ત્યાં આવી પહોંચી. (૧૨૪). રાજાની રાણી વિશેની બધી માહિતી પૂછ્યા પછી રાજા પાસે એને લઇ જઇને એમણે બધું સવિસ્તર કહી સંભળાવ્યું. (૧૨૫).

એને જોઇને રાજાનું અંતર પણ દ્રવી ઊઠ્યું. એને અંદર લઇ જઇને પત્નીને પ્રેમથી સોંપી. (૧૨૬). પછી એ વૈશ્ય રાજાએ એને બધી વાતો જાતે પૂછી અને પછી એ પરમ દયાળુ રાજા કૃપા કરીને એને રાજમહેલમાં લઇ ગયો અને માતાની જેમ એને પાળીને એને પ્રેમપૂર્વક અન્ન અને વસ્ત્રો વગેરે આપ્યાં અને રોગ વિષે અનેક ઉપાયો કર્યા. (૧૨૭-૧૨૮). એ વૈશ્ય રાજાના નગરમાં રહીને રાજાની રાણી 'ઘા'થી પીડાતી રહી. ઔષધ કરવા છતાં એના ઘા રૂઝાતા ન હતા. (૧૨૯). પ્રાણ નીકળી જતો હોય એવી વ્યથા થવા લાગી અને તેથી બિલકુલ ચેન પડતું ન હતું. પરંતુ વૈશ્ય રાજા એની દયા લાવીને ખૂબ સંભાળ લેતો હતો. આ રીતે કેટલોક સમય પસાર થયો. (૧૩૦).

એક દિવસ એ બાળ રાજકુમાર ઘાને કારણે અતિશય દુ:ખી થઇ દૈવ યોગે મૃત્યુ પામ્યો. એ જોઇને રાણી રડવા લાગી. (૧૩૧). અતિશય દુ:ખિત એવી એ ભારે મૂર્છા ખાઇને ધરતી પર ઢળી પડી. જ્યારે ભાનમાં આવે ત્યારે પોતાના પહેલાંનાં સુખી દિવસો યાદ કરીને રડતી હતી. (૧૩૨). વણિક સ્ત્રીઓ આવીને એને આશ્વાસન આપવા લાગી. પ્રેમથી સમજાવવા છતાં એનો શોક શાંત થતો ન હતો. (૧૩૩). જેમ જેમ સ્ત્રીઓ એને સમજાવવાનો પ્રયત્ન કરે તેમ તેમ એ રાણી વધુ ને વધુ રડતી હતી. એના સુખના દિવસો યાદ કરીને એ કહેવા લાગી કે હે બેટા ! તું ક્યાં ગયો? (૧૩૪). હે રાજવંશના પૂર્ણચંદ્ર સમાન ! કરુણા કરનાર અને મને સુખ આપનાર હે રાજકુમાર ! તું મને છોડીને આમ તરત ક્યાં જતો રહ્યો? (૧૩૫).

માતા, પિતા, પતિ અને ભાઇભાંડુને છોડીને એક માત્ર તારી આશા રાખીને હું આ પરદેશમાં આવી હતી. તું મારું રક્ષણ કરશે એવો વિશ્વાસ હતો. (૧૩૬). મને અનાથને અહીં એકલી છોડીને તું જતો રહ્યો તો હવે મારું રક્ષણ કોણ કરશે? હે રાજકુમાર ! હું મારા પ્રાણ ત્યજી દઇશ. (૧૩૭). આ રીતે એ રાજાની રાણી ત્યાં શોક કરતી રડતી હતી. એને દુ:ખી જોઇને લોકો પણ દુ:ખી થતા હતા. (૧૩૮). બધાં દુ:ખોમાં પુત્રના મૃત્યુનો શોક એ દારુણ અગ્નિ સમાન છે. એ માત-પિતાને જીવતેજીવતા બાળીને ભસ્મ કરી નાંખે છે.[૪] (૧૩૯). સતી છાતીફાટ રુદન કરતી હતી ! પૂર્વજન્મમાં ઉપકાર નીચે આવેલા એવા સર્વજ્ઞ ઋષભ યોગીવર આ બધું જાણીને ત્યાં સ્વેચ્છાએ આવી પહોંચ્યા. એમને સામેથી આવતા જોઇને વૈશ્ય રાજાએ સામે ચાલીને વંદન પૂજન કર્યાં. (૧૪૦-૧૪૧). મુનિશ્રેષ્ઠે પૂછ્યું કે આ કોણ છે અને કેમ શોક કરે છે? એ મોટે મોટેથી રડે છે કેમ? હે વૈશ્ય ! તું બધી વાત કર. (૧૪૨). વૈશ્યરાજે આદિથી અંત સુધીની બધી વાત કહી સંભળાવી. કરુણાના સાગર એવા યોગીશ્રેષ્ઠ એ સાંભળીને રાણીની પાસે ગયા અને પૂછ્યું કે હે રાણી ! મૂઢની જેમ તું કેમ આવો શોક કરે છે? જન્મ્યું કોણ અને મર્યું કોણ? એ ક્યાંથી આવ્યો અને ક્યાં ગયો? (૧૪૩-૧૪૪). આત્મા અદૃશ્ય છે પરંતુ દૃશ્યમાન એવો ભૌતિક દેહ એ પ્રમાણે નથી. એ દેહ ગંગાજળની અંદરના ફીણની જેમ દેખાય છે અને દેખાતું બંધ થાય છે એમ એ બધું મિથ્યા છે. (૧૪૫).

આ સ્થૂલદેહ એ પાંચભૂતોનું કાર્ય-વિકાર-છે. જ્યાં સુધી પ્રારબ્ધ પૂરું ન થાય ત્યાં સુધી એ સૂક્ષ્મ શરીરની સાથે અહીં રહે છે. (૧૪૬). કર્મ પૂરાં થતાં આ દેહનું મૃત્યુ થઇ પાંચેય ભૂતો પોતપોતાનામાં ભળી જાય છે અને દેહ જડવત્ બની પડી રહે છે. પરંતુ આત્માનું આવું નથી. તેથી તારો આ શોક નકામો છે. (૧૪૭). ગુણ અનુસાર ગુણની ઉત્પત્તિ થાય છે અને પોતાના કર્મોને અનુરૂપ, વાસના પ્રમાણે દેહ કાળના વેગની જેમ ભમે છે. (૧૪૮). સત્ત્વ, રજસ અને તમસ એ પ્રકૃતિમાંથી જન્મતા ત્રણ ગુણ છે અને તે જ જીવને કર્મ વડે દેહમાં બાંધે છે. (૧૪૯). સત્ત્વગુણ વધવાથી દેવ થવાય, રજસગુણ વધવાથી મનુષ્ય થવાય અને તમોગુણના પ્રાધાન્યથી પશુ વગેરેની હલકી યોનિ મળે છે. ત્રણે ગુણોથી પર થવાથી મુક્તિ પમાય છે. (૧૫૦). મૃત્યુ સમયે જે ગુણની પ્રબળતા હોય તે ગુણ પ્રમાણે ગતિ થાય છે અને તે પ્રમાણે દેવ, મનુષ્ય કે રાક્ષસી એવી નશ્વર યોનિને પામે છે. (૧૫૧).

પોતે કરેલાં કર્મો અનુસાર સંસારમાં આવી મળતાં સુખ-દુ:ખો જાતે જ ભોગવવાં પડે છે. એમાંથી કોઇ છટકી શકતું નથી. (૧૫૨). કલ્પનું આયુષ્ય હોય એવા પણ જો આખરે અહીં મૃત્યુ પામતા હોય તો પછી તમે મનુષ્યો તો અલ્પ આયુષ્યવાળા છો. પછી તમે કયાંથી કાયમ રહેવાના? (૧૫૩). એટલે જ્ઞાની પુરુષ જન્મનો હર્ષ કરતો નથી અને મૃત્યુ થતાં એ કદી પણ દુ:ખથી રડતો નથી.[૫] (૧૫૪). જ્યારે જીવ ગર્ભમાં આવ્યો ત્યારે જ તે મૃત્યુની સાથે જ આવ્યો હતો. એટલે બાળપણમાં, યુવાનીમાં કે ઘડપણમાં એનો નાશ છે જ. (૧૫૫). જેનું જેટલું પ્રારબ્ધ હોય તેટલું તે જીવે છે. પુત્ર વગેરેના મોહને કારણે માણસ નકામો બંધનમાં બંધાય છે. (૧૫૬). વિધિએ લખેલા લેખોને તો દેવો પણ ટાળી શકતા નથી તો પામર મનુષ્યની તો વાત જ શી? હે સુજ્ઞા ! કરેલાં કર્મને ટાળી શકાતાં નથી. (૧૫૭).

હે માતા ! આ શબને ઝાલી રાખીને તું કેમ શોક કરે છે? જો તું તારું કલ્યાણ ઇચ્છતી હોય તો હરિના શરણે જા. (૧૫૮). અહીં કોઇ કોઇનું સગું નથી. હું આ દેહ છું એવી સમજ જ ખોટી છે. જો એ સંબંધ સાચો હોય તો તું મને કહે કે ગયા જન્મે તું કોની માતા હતી અથવા કોની પત્ની હતી? ત્યાં તારાં કોણ સગાં હતાં? એ તું મને સવિસ્તર કહે. (૧૫૯-૧૬૦). અંતરમાં આવો વિચાર કરીને તું નકામો શોક ના કર. જો તું તારું કલ્યાણ ઇચ્છતી હોય તો ચેતીને હરિશરણે જા. (૧૬૧).

યોગીશ્વરનાં એવાં વચન સાંભળીને નમન કરીને એ બોલી કે હે પ્રભુ ! રાજ્યથી ભ્રષ્ટ થયેલી હું અહીં આવી કફોડી સ્થિતિમાં આવી ગઇ છું. (૧૬૨). પિતા, ભાઇ-ભાંડુ વગેરેથી છૂટી પડીને અરેરે ! હું જંગલમાં જઇ પડી. એક પુત્રની આશાથી અહીં આવીને જીવી રહી હતી. (૧૬૩). ત્યાં મારી આવી સ્થિતિ થઇ. હવે મારે જીવીને પણ શું કરવાનું? હે પ્રભુ ! હું હવે મારું મોત માગું છું. એમ કહીને એમના પગ પકડી લીધા. (૧૬૪).

એને આ રીતે દુ:ખથી પડી ભાંગેલી જોઇને, એણે કરેલા પૂર્વજન્મના ઉપકારો યાદ કરીને યોગીશ્રેષ્ઠ ક્ષણવારમાં પ્રસન્ન થયા. (૧૬૫). શબના મુખમાં અને માથા ઉપર અભિમંત્રિત ભસ્મ (વિભૂતિ) નાંખી ત્યાં જ એકાએક શબમાં પ્રાણનો સંચાર થયો અને એ મરેલો પુત્ર જીવતો થયો. (૧૬૬). બાળક ઊઠીને બેઠો થયો અને

પલકવારમાં જ એનો દેહ દિવ્ય થઇ ગયો. તે જ ક્ષણે માતાના અને પુત્રના ઘા મટી ગયા. (૧૬૭). પછી ઋષભ યોગીને રાણીએ પુત્ર સાથે પ્રણામ કર્યા એટલે એ કૃપાના ભંડાર સમા યોગીરાજે એમને ભસ્મ આપી. (૧૬૮). બન્ને જણાનું પળવારમાં સોનાના જેવી કાન્તિવાળું શરીર થયું. મા અને પુત્ર બંને દેવ સમાન શોભી રહ્યાં હતાં. (૧૬૯). યોગીશ્વરે પ્રસન્ન થઇને ત્યાં શ્રેષ્ઠ વરદાન આપ્યું અને કહ્યું કે આ દેહ દૃઢ-સ્વસ્થ રહેશે અને એને કદી ઘડપણ નહીં આવે. (૧૭૦).

તારો આ પુત્ર ખરેખર ભદ્રાયુષી, કીર્તિમાન અને પ્રખ્યાતિવાળો થશે. એ લાંબા સમય સુધી સારી રીતે રાજય કરશે અને ગુણ તથા ઐશ્વર્યમાં બાપથી પણ અધિક થશે. (૧૭૧). આ રીતે સંતોષ થાય એવું વરદાન આપીને એ યોગીશ્રેષ્ઠ જતા રહ્યા. આમ સંતની કૃપાદૃષ્ટિ થતાં તેઓ રોગ વગરનાં-નીરોગી-થયાં. (૧૭૨). હે રાજા ! તારો આ ફોલ્લો સાધુપુરુષનાં સેવન-(દર્શન)થી મટી જશે માટે તું ચિંતા છોડીને ભક્તિભાવથી કોઇ સત્પુરુષના પગ પકડ. (૧૭૩).

સંન્યાસીનાં આવાં વચન સાંભળીને એમને વંદન કરીને રાજાએ પૂછ્યું કે હે મુનિ ! આવા સત્પુરુષ મને કયાં મળશે એ કૃપા કરીને કહો. (૧૭૪). હું ચોક્કસ એમનાં દર્શને જઇશ અને તેમનાં દર્શનથી મને ચોક્કસ આરોગ્ય પ્રાપ્ત થશે એવું મને લાગે છે. (૧૭૫).

આ સાંભળીને મુનિએ કહ્યું કે ભીમા નદીના કિનારે ગાણગાપુરમાં આવા પરમ પુરુષ પ્રભુ વસે છે. (૧૭૬). એમનાં દર્શનમાત્રથી તને આરોગ્ય પ્રાપ્ત થશે. આ સાંભળતાંની સાથે જ રાજા વિલંબ કર્યા વગર ચાલી નીકળ્યો. (૧૭૭). શ્રીગુરુનાં દર્શન માટે એ ચતુરંગી સેના સાથે ગાણગાપુર જવા ખડી સવારીએ નીકળ્યો. (૧૭૮). ગાણગાપુર આવીને એણે ગામમાં પૂછ્યું કે અહીં સંન્યાસી વેષે રહેતા તપસ્વી કયાં મળશે એ કહો. (૧૭૯).

આ સાંભળીને ભયભીત થઇને લોકોએ અરસપરસ વાત કરી કે આ તો શ્રીગુરુ વિશે પૂછે છે. તો હવે શું થશે? (૧૮૦). ક્રોધે ભરાઇને યવનરાજે કહ્યું કે હું તો એમનાં દર્શન કરવા માટે આવ્યો છું. આડી અવળી વાત છોડીને મને કહો કે પ્રભુ-શ્રીગુરુ- કયાં છે? (૧૮૧). લોકોએ કહ્યું કે એ તો અનુષ્ઠાન માટે સંગમ ઉપર ગયા છે અને મધ્યાહ્ને મઠમાં ચોક્કસ આવશે. (૧૮૨). આ સાંભળીને બીજા બધાને અળગા રાખીને રાજા પોતે પાલખીમાં બેસીને શ્રીગુરુનાં દર્શન માટે ચાલી નીકળ્યો. (૧૮૩). શ્રીગુરુને દૂરથી આવતા જોઇને (પાલખીમાંથી ઊતરી પડી) ત્યાં પગે ચાલતો જઇને, વંદન કરીને માથું ઝુકાવીને ઊભો રહ્યો.Ⓢ (૧૮૪).

એને જોઇને શ્રીગુરુ બોલ્યા કે કેમ રે સેવક ધોબી? અહીં કયાં રહે છે? સાચે જ તું આ રીતે લાંબા સમય પછી આવ્યો. (૧૮૫). શ્રીગુરુનાં આ વચન સાંભળતાંની સાથે જ યવનરાજને જ્ઞાન થયું અને ગયા જન્મને યાદ કરીને તરત જ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. (૧૮૬). શરીર પરનાં રોમાંચ ખડાં થઇ ગયાં. આનંદનાં આંસુથી છલકાતી આંખે, ગળગળો થઇ જઇને એ પગમાં આળોટવા લાગ્યો. (૧૮૭). ગયા જન્મને યાદ કરીને એ સુજ્ઞ યવનરાજ પ્રેમવશ ખૂબ જ રડવા લાગ્યો. આનંદપૂર્વક હાથ જોડીને, માથું નમાવીને સ્તુતિ કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે હે ગુરુ ! તમે મારી કેમ ઉપેક્ષા-અવગણના કરી? તમારાં ચરણની સેવા છોડીને હું પરદેશમાં ભટકતો ફરું છું. (૧૮૮-૧૮૯).

અધ્યાય : ૧૦૪

હું ઘર-સંસારના અંધારા કૂવામાં -ઘનઘોર રાત્રિમાં -પ્રમાદરૂપી દારૂ પીને મત્ત બનીને પડ્યો છું અને અરેરે ! તારાં ચરણને વિસરી ગયો છું. (૧૯૦). મારી દુર્બુદ્ધિને કારણે હું આ અગાધ ભવસાગરમાં ડૂબ્યો છું અને માયાની જાળથી વીંટળાયો છું. મારે માટે તારું સ્મરણ દુર્લભ થઇ ગયું હતું. (૧૯૧). મારી પાસે જ ખજાનારૂપ તું હોવા છતાં હું મંદમતિવાળો એ જાણી શક્યો નહીં. અરેરે ! અફસોસ છે કે અજ્ઞાન હરી લેનાર તારાં ચરણનું મને સ્મરણ ના રહ્યું. (૧૯૨). મને ચોક્કસ ખાતરી છે કે તું તારા ભકતની કદી અવગણના કરતો નથી તેમ છતાં તું મને અજ્ઞાનના સાગરમાં કેમ ફેંકે છે? (૧૯૩). હું એ માટે જ અહીં આવ્યો છું. હે ગુરુનાથ ! તું મને તારી લે. મારો ઉદ્ધાર કર. હે નાથ ! હું તારાં ચરણનો સેવક બનું. હવે આ જન્મ-મરણથી થાક્યો છું. (૧૯૪).

ભાવપૂર્વક આવું સ્તવન કરીને યવનરાજે વંદન કર્યા એટલે શ્રીગુરુએ કહ્યું કે તારી મનોકામના અહીં જ ફળશે. (૧૯૫).

રાજા બોલ્યો કે હે ગુરુજી ! દુ:ખ એ વાતનું છે કે મને જાંઘ ઉપર ફોલ્લો થયો છે. હે પ્રભુ ! તું તારી અમીદૃષ્ટિથી એ જો. મને એ ખૂબ જ પીડા કરે છે. (૧૯૬).

રાજાનાં એ વચન સાંભળીને શ્રીગુરુ હસીને બોલ્યા, જાંઘ ઉપર ફોલ્લો જણાતો નથી. એ ક્યાં છે તે તું બતાવ. (૧૯૭). આ સાંભળીને આશ્ચર્યચકિત થઇને રાજાએ જોયું તો જાંઘ ઉપર ફોલ્લો ન હતો. અંતરમાં અચંબાયુકત આનંદ અનુભવીને એણે ગુરુનાં ચરણમાં પ્રણામ કર્યા. (૧૯૮).

રાજા બોલ્યો કે હે ગુરુ મહારાજ ! તારી કૃપાથી મેં રાજા તરીકેનું ઐશ્વર્ય આનંદપૂર્વક ખૂબ ભોગવ્યું. (૧૯૯). આ આંખથી પુત્ર અને પૌત્રોને પણ જોયા અને મનને પણ ધરપત થઇ ગઇ. હવે એક જ ઇચ્છા બાકી રહી છે કે તું મારું ઐશ્વર્ય જો. (૨૦૦). હે ભકતજનના વહાલા શ્રીગુરુ ! મારી આટલી ઇચ્છા પૂરી કરો. પછી તરત જ આ સંસાર છોડીને તારાં ચરણોમાં લીન થઇ જઇશ. (૨૦૧).

શ્રીગુરુ બોલ્યા કે હું સંન્યાસી છું અને જ્યાં રોજ મોટાં પાપો થતાં હોય એવાં તારાં મ્લેચ્છનગરમાં કેવી રીતે આવું? (૨૦૨). તમે મુસલમાન રોજ-બ-રોજ બહુ જીવહિંસા કરો છો અને ગાયની હત્યા પણ કરો છો. એટલે તારા નગરમાં હું નહીં આવું. (૨૦૩). પ્રાણ જાય તો પણ તું જીવહિંસા કરવાનું બંધ કરી દે. આ વાત સ્વીકારીને રાજાએ વંદન કરીને કહ્યું કે હે નાથ ! તું દૂર રહીને બધું જોજે. હું તો તારો ગયા જન્મનો સેવક ધોબી છું અને તારા આશીર્વાદાત્મક વાક્યમાત્રથી હું રાજા થઇને આ સુખ ભોગવું છું. મારી જાતિ નિંદા પામી ચૂકેલી છે. પરંતુ તારાં ચરણદર્શનથી મારું મન ખૂબ જ પ્રસન્ન થયું છે. (૨૦૪-૨૦૬). હે ગુરુનાથ ! તને પુત્ર વગેરેનો વૈભવ બતાવીને પછી હું (પાછો) તારો સેવક થઇ જઇશ. હે ગુરુ ! મારા પર આટલી દયા કરો. (૨૦૭). આ રીતે વિનયપૂર્વક નમ્ર થઇને વારે વારે પ્રાર્થના કરવા લાગ્યો અને એટલા બધા સદ્‌ભાવથી વંદન કરતો હતો કે એ કૃપાને યોગ્ય હતો. (૨૦૮).

શ્રીગુરુએ મનોમન વિચાર્યું કે હવે અહીં ઘણી કીર્તિ ફેલાઇ ગઇ છે અને તેથી નીચ લોકો પણ કાયમ દર્શને આવતા થઇ ગયા છે. (૨૦૯). હવે અહીં આ કળિયુગમાં રહેવું યોગ્ય નથી. એટલે ગોદાવરી નદીના કિનારે સિંહસ્થ વર્ષમાં યાત્રાના બહાને હું ગુપ્ત થઇ જાઉં. (૨૧૦). આવું વિચારીને શ્રીગુરુએ રાજાને કહ્યું કે, 'ભલે, ઠીક'

અને સંગમ ઉપરથી જ મ્લેચ્છ રાજાની સાથે શ્રીગુરુ ચાલી નીકળ્યા. (૨૧૧).

શ્રીગુરુને પાલખીમાં બેસાડીને શ્રીગુરુની પાદુકા હાથમાં લઇને રાજા પગે ચાલી નીકળ્યો. (૨૧૨). આ જોઇને શ્રીગુરૂએ કહ્યું કે તું ઘોડા પર બેસી જા. તને આ રીતે ચાલતો જોઇને લોકો તારી નિંદા કરશે. (૨૧૩). તું ભલે મ્લેચ્છકુળમાં જન્મ્યો છે છતાં તું અહીંના રાજ્યનો રાજા છે. બ્રાહ્મણોની સેવા કરવાથી પ્રજા તારી મશ્કરી કરશે અને વળી એમાં નાતિદોષ (જ્ઞાતિનો દોષ) પણ રહેલો છે. (૨૧૪).

એટલે એ બોલ્યો કે હે ગુરુજી ! રાજા કોણ? હું તો ધોબી અને તારો સેવક છું. પારસમણિના સ્પર્શથી જેમ લોખંડ સોનું થઇ જાય તેમ હું તારાં દર્શનથી પવિત્ર થઇ ગયો છું. (૨૧૫). અરે ! બધાનો રાજા તું જ છે. હું ધોબી તો તારો સેવક છું. તેં ફરી પાછું મને આ દર્શન આપ્યું એટલે મારી બધી આશા પૂરી થઇ ગઇ છે. (૨૧૬). આવું કહીને પછી એણે વિવિધ રંગના પવનવેગી ઘોડા અને મદોન્મત્ત હાથી બતાવ્યા તેમજ ચતુરંગી સેના પણ પ્રેમપૂર્વક બતાવી. આ રીતે એણે નમન કરીને પોતાનું બધું એશ્વર્ય બતાવ્યું.⑦ (૨૧૭-૨૧૮).

શ્રીગુરુએ એને કહ્યું કે હજી ઘણે દૂર જવાનું છે એટલે મારી આજ્ઞા સ્વીકારીને તું ઘોડા પર બેસ. (૨૧૯). શ્રીગુરુનાં એ વચન સાંભળીને બધા શિષ્યોને બેસવા માટે ઘોડા આપીને પછી રાજા પોતે ઘોડા પર બેઠો. (૨૨૦). શ્રીગુરુનાં દર્શનથી એ રાજાને એટલો બધો આનંદ થયો કે એ આકાશમાં પણ સમાતો ન હતો. ધન્ય છે એ રાજાને ! (૨૨૧). એને પાસે બોલાવીને શ્રીગુરૂએ પ્રેમથી કહ્યું કે જો ! તું મારો ભકત છે એ વાત સાચી પરંતુ તારો જન્મ નીચ જાતિમાં થયો છે. પરંતુ હું તો સંન્યાસી છું અને ત્રિકાળ સંધ્યા કરું છું. તારી સંગાથે એ બધું કરવું શકય નથી. માટે હે ભકત ! હું તને એનો ઉપાય બતાવું છું. (૨૨૨-૨૨૩). પહેલાં હું આગળ જાઉં છું. પછી તમે તમારા માણસો સાથે મારી પાછળ ધીમે ધીમે આવો. તું આ વાત માની જા. (૨૨૪). તને પાપનાશતીર્થમાં ફરી પાછું મારું દર્શન થશે. એમ કહીને શ્રીગુરુ તરત જ અંતર્ધાન થયા. (૨૨૫).

યોગબળના પ્રતાપે અદૃશ્ય થઇને બધા શિષ્યો સાથે મનોવેગથી બેદરપુર પાસે શ્રીગુરુ પ્રગટ થયા. (૨૨૬). શ્રીગુરુ પાપનાશતીર્થમાં અનુષ્ઠાન માટે રહ્યા. એટલે ત્યાં પણ લોકો સ્ત્રી-પુત્રોને લઇને દર્શન માટે દોડ્યા. (૨૨૭). સાયંદેવનો પુત્ર નાગનાથ પણ ત્યાં આવ્યો અને શ્રીગુરુનું પરમાનંદથી પૂજન કર્યું. (૨૨૮). શ્રીગુરુને પ્રાર્થના કરીને એમને શિષ્યો સહિત પોતાના ઘરે લઇ ગયો અને એમનું યોગ્ય ઉપચારોથી પૂજન કરીને એમને ભિક્ષા આપી. (૨૨૯). સંધ્યાકાળ થતાં શ્રીગુરુએ એને કહ્યું કે મેં યવનરાજને પાપનાશતીર્થે આવવાનું કહ્યું છે એટલે હવે મારે ત્યાં જવું જોઇએ. જેથી તને ઉપાધિ ન થાય. કારણ કે જો હું તારા ઘરે રહીશ તો એ મ્લેચ્છ તારા ઘરે આવશે. (૨૩૦-૨૩૧). આમ કહીને શ્રીગુરુ શિષ્યો સાથે પાપનાશતીર્થે ગયા અને ત્યાં ભદ્રાસન પર બેસીને આત્માનું ધ્યાન ધરવા લાગ્યા. (૨૩૨).

આ બાજુ શ્રીગુરુને લશ્કર સાથે ન જોતાં રાજાએ આમ તેમ શોધ ચલાવી અને પછી ચિંતાતુર થઇને મનમાં વિચારવા લાગ્યો કે અરેરે ! શ્રીગુરુનાથે મારી કેમ અવગણના કરી હશે? મારો એવો શો અપરાધ થયો કે જેથી શ્રીગુરુ જતા રહ્યા? (૨૩૩-૨૩૪). ત્યાં એને એકદમ યાદ આવ્યું કે પાપનાશતીર્થે મારું દર્શન થશે એવું શ્રીગુરુએ કહ્યું હતું તેથી શ્રીગુરુરાય ચોક્કસ ત્યાં જ ગયા હશે. (૨૩૫).

એનો મહિમા કોણ જાણી શકે એમ છે? અને એનો પાર પણ કોણ પામી શકે એમ છે? હું એટલો બડભાગી કે પરબ્રહ્મ(તત્)ના પદનાં દર્શન થયાં. (૨૩૬). ફોલ્લાની વ્યથા મટે એ હેતુથી હું દર્શનાર્થે આવ્યો હતો પરંતુ મારા અતિશય પુણ્યને પરિણામે સાક્ષાત્ કૃપાસાગર એવા શ્રીગુરુનાં દર્શન થયાં. (૨૩૭). એ ખરેખર આગળ જતા રહ્યા હોવાથી હું પણ ઝડપથી જાઉં એમ વિચારીને યવનરાજ દિવ્ય ઘોડા ઉપર સવાર થયો. (૨૩૮). એણે એક જ દિવસમાં ચૂંવાળીસ કોસ (૧૧૮ કિ.મી.)ની મજલ કાપી ત્યારે ત્યાં પાપનાશતીર્થમાં શ્રીગુરુનાં દર્શન થયાં. (૨૩૯). અંતરમાં એ ખૂબ રાજી રાજી થઇ ગયો અને ગુરુનાં ચરણની વંદના કરવા લાગ્યો અને ભક્તિભાવથી પ્રાર્થના કરતાં કહેવા લાગ્યો કે હે પ્રભુ ! મારું નગર પાવન કર. (૨૪૦).

શ્રીગુરુએ કહ્યું 'ભલે, આવીશ'. એટલે રાજાએ આખા નગરને ધજા-પતાકા અને મોતીઓનાં તોરણોથી શણગાર્યું. (૨૪૧). શ્રીગુરુને ભાવથી પાલખીમાં બેસાડીને રાજા પોતે આનંદથી પગપાળા ચાલતો જતો હતો. (૨૪૨). પછી ત્યાં રત્નજડિત દીવાથી પ્રેમપૂર્વક આરતી ઉતારીને મહોત્સવની ઊજવણી હોય તે રીતે ગુરુનાથને નગરમાં લઇ ગયો. (૨૪૩). રાજાનું આવું વર્તન જોઇને મુસલમાનો આશ્ચર્યચકિત થઇને ટીકાના રૂપમાં કહેવા લાગ્યા કે અરેરે ! આ રાજા કેવો આનંદઘેલો થઇને બ્રાહ્મણનું પૂજન કરે છે ! (૨૪૪). આ રાજા ખરેખર અનાચારી છે કારણ કે એણે પોતાના ધર્મનો ત્યાગ કર્યો છે. જેનું મોં પણ જોવું ન જોઇએ એની એ પૂજા કરે છે. (૨૪૫).

સાચે જ એ ધર્મથી ભ્રષ્ટ થયો હોવાથી એનો હવે નજીકમાં નાશ છે અને તેથી તેને આવા અવળા અને અવનવા ચેન-ચાળા સૂઝે છે. (૨૪૬). બ્રાહ્મણકુળના લોકો આનંદમાં આવીને કહેવા લાગ્યા કે આ રાજા પુણ્યશાળી છે. એ બ્રાહ્મણોનો સેવક થયો છે તેથી ચોક્કસ સુખી થશે. (૨૪૭). એ સુશીલ તથા ધાર્મિક છે અને બ્રાહ્મણોનો તિરસ્કાર કરતો નથી. એ ખરેખર જ્ઞાની અને પુણ્યશ્લોકી રાજા છે. (૨૪૮). નગરના પ્રજાજનોએ આવીને શ્રીગુરુચરણોમાં ભક્તિભાવથી વંદન કર્યાં અને રાજાને પગે ચાલતો જોઇને બધાને ભારે આશ્ચર્ય થયું. (૨૪૯). કોઇ બોલ્યું કે આ કોઇ મનુષ્ય નથી પરંતુ સાક્ષાત્ ભગવાન જ છે. તેથી તો આ મુસલમાન રાજા એની સેવા કરે છે. કળિયુગમાં આવું તો વિચિત્ર જ કહેવાય. (૨૫૦).

બંદીજનો છડા પોકારી જયઘોષ કરવા લાગ્યા અને બેન્ડવાજાં સાથે રાજા શ્રીગુરુને નગરના મુખ્ય દ્વારે લઇ આવ્યો અને નમીને શ્રીગુરુને વંદન કર્યાં. (૨૫૧). આખા રસ્તે દિવ્ય વસ્ત્રો પાથર્યાં અને સમગ્ર નગરમાં શ્રીગુરુને પ્રેમથી ફેરવતાં ફેરવતાં રત્નો ઉછાળ્યાં-લૂંટાવ્યાં. (૨૫૨). એ વીણી લઇને દરિદ્રો શ્રીમંત બની ગયા. આ રીતે રાજા શ્રીગુરુને વાજતે ગાજતે નગરમાં લઇ આવ્યો. (૨૫૩). યોગી દ્વારા વંદન કરવાને યોગ્ય એવા પગે શ્રીગુરુ (પ્રભુ) માર્ગ ઉપર પાથરેલાં કિંમતી વસ્ત્રો પર ધીમે ધીમે પ્રેમથી ચાલતા હતા. (૨૫૪). કોઇ પણ જાતની કામના વિનાના શ્રીગુરુ બધાને બહાર ઊભા રાખી ચાર શિષ્યો અને રાજા સાથે અંત:પુરમાં આવ્યા. (૨૫૫).

શ્રીગુરુને અંત:પુરમાં લઇ જઇ, એમને રત્નનાં સિંહાસન પર બેસાડી, એમને વંદન કરીને રાજા શ્રીગુરુને પંખો નાંખવા લાગ્યો. (૨૫૬). અલંકારોથી શોભતી, હરણ જેવી આંખોવાળી અને સુશીલ એવી બધી જ રાણીઓ પુત્રો સાથે આવી અને શ્રીગુરુને પગે લાગી. (૨૫૭). રાજા પોતે પહેલાં શ્રીગુરુને પગે પડ્યો અને પછી બધાંને પગે

લગાડીને ભક્તિથી નમ્ર થઈને બોલ્યો કે હે પ્રભુ ! હું બહિષ્કૃત જાતિનો હોવા છતાં તારા અહીં આવવાને કારણે પારસમણિના સ્પર્શથી જેમ લોખંડનું શુદ્ધ સોનું થઇ જાય તેમ હું કૃતકૃત્ય-ધન્ય ધન્ય થઇ ગયો છું. (૨૫૮-૨૫૯). એની ભક્તિથી સંતુષ્ટ થઇને એને પાસે બોલાવીને શ્રીગુરુએ આશીર્વાદ આપ્યા. (૨૬૦).

એને પ્રેમપૂર્વક ક્ષેમ-કુશળ સમાચાર પૂછીને પછી શ્રીગુરુ બોલ્યા કે હે ભકત ! હવે તને મનમાં સંતોષ થયો કે નહિ? (૨૬૧). તારું મન વિષયને ભોગવીને ધરાયું કે નહીં? અથવા હવે તને બીજી શી ઇચ્છા છે તે કહે. તું મનમાં શંકા લાવીશ નહીં. તું જે માગીશ તે હું તને આપીશ. (૨૬૨). રાજા બોલ્યો કે હે સ્વામી ! મેં લાંબા સમય સુધી આ વિશાળ રાજ્ય ભોગવ્યું છે તેમ છતાં પણ મને સંતોષ થયો નથી. તો હે સ્વામી ! તું મારું રક્ષણ કરજે. (૨૬૩). મને પહેલાંની જેમ ચરણસેવા મળે એ સિવાય હું બીજું કશું માગતો નથી. હે ગુરુનાથ ! તેં મારા પર અનન્ય કૃપા કરી છે. આવી અનન્ય કૃપા જ માગું છું. (૨૬૪).

શ્રીગુરુએ કહ્યું કે હવે પછી તને શ્રીશેલ પર ફરીથી દર્શનનો લાભ મળશે. હે ભકત ! તું પુત્રને રાજપાટ સોંપીને તરત જ ત્યાં આવી પહોંચજે. (૨૬૫).

વિરહની વ્યાકુળતાને કારણે આંસુ ભરેલી આંખે રાજા બોલ્યો કે હે પ્રભુ ! તારી સતત સ્મૃતિ રહે એવી સાચી સમજણ આપ. (૨૬૬).

તને શાંતિ મળે એવું જ્ઞાન થશે. આવું કહીને કૃપાના ભંડાર એવા શ્રીગુરુ શિષ્યો સાથે આનંદપૂર્વક ગોદા નદીના કિનારે આવ્યા. (૨૬૭). પોતાના સ્પર્શથી જાણે કે ગોદાવરીના જળને પાવન કરતા હોય એમ સર્વ પાપને હરનાર શ્રીગુરુ પોતે નિર્મળ જળમાં સ્નાન કરવા લાગ્યા. (૨૬૮). પછી અસંગ એવા શ્રીગુરુ બધા શિષ્યો સાથે ભીમા અને અમરજાના સંગમે આવ્યા. એમના અપાર મહિમાને કોણ જાણી શકે? (૨૬૯).

એમને જોઇને ભકતજનો અત્યાર સુધીના વિરહનું દુ:ખ ભૂલી ગયા અને તરત જ બાળકો અને સ્ત્રી-પુરુષો પૂજન કરવા લાગ્યાં અને આરતી ઉતારવા લાગ્યાં. (૨૭૦). ભક્તિપૂર્વક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને આદર સાથે શ્રીગુરુને મઠમાં પધારવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. ત્યારે શ્રીગુરુવર બોલ્યા કે ચારે દિશામાં મારી ખૂબ જ પ્રસિદ્ધિ થઇ ગઇ છે. તેથી હું અંતર્ધાન થઇશ અને છતાં કળિયુગમાં હું આ સ્થળે ગુપ્ત રીતે રહીશ. (૨૭૧-૨૭૨).

હું શ્રીશૈલની યાત્રાને બહાને જઇશ પરંતુ ભકતોનું હિત કરવા માટે ગાણગાપુરમાં ગુપ્ત રૂપથી રહીશ. (૨૭૩). મને ગાણગાપુર અતિશય પ્રિય છે એમ તમે બધા જાણી લો. યાત્રાએ જવા છતાં હું અહીં ગુપ્ત રીતે રહીશ. (૨૭૪). ભકતોને ચોક્કસ દર્શન થશે અને મારો સાક્ષાત્કાર પણ થશે. મારા ભકતોનો ઉદ્ધાર કરવા, કલિમાં તારણહાર હું અહીં રહીશ. (૨૭૫). હવે ખૂબ કપરો સમય આવ્યો છે. ધર્મની ગ્લાનિ થશે. લોકો ક્રૂર અને ખરાબ કામો કરશે. આગળ ઉપર ભારે દુ:ખના દિવસો આવવાના છે. (૨૭૬).

મારાં દર્શને આ યવનરાજા આવ્યો છે એમ જાણીને બીજા મ્લેચ્છો પણ દર્શને આવશે જે મને યોગ્ય લાગતું નથી. (૨૭૭). બ્રાહ્મણને ઉપાધિ થશે. માટે હું કળિયુગમાં અહીં સારી રીતે ગુપ્ત થઇને રહું. ભકતને અહીં કાયમ દર્શન થશે. (૨૭૮).

અલખે કહ્યું કે હે નિરંજન બાળ ! શ્રીગુરુનાં આવાં વચન સાંભળીને લોકો તો ચિંતામાં ડૂબી ગયા અને એકદમ ચિત્રની માફક ઊભા રહ્યા. (૨૭૯). હવે આગળ ઉપર માઠા દિવસો આવશે અને રાજાઓ પણ નીચ અને હલકટ થશે એવું જાણીને શ્રીગુરુ ત્યાં જ અદૃશ્ય-ગુપ્ત થઇ ગયા. (૨૮૦).

લૌકિક દૃષ્ટિથી પોતે જતા રહ્યા છે એવું લોકોને બતાવીને શ્રીગુરુ ગાણગાપુરમાં સાચેસાચ ગુપ્તરૂપે રહ્યા. (૨૮૧). જેની અનન્ય નિષ્ઠા છે તેને તો આજે પણ હાજરાહજૂર છે. હે **રંગ** ! જેનું મન શુદ્ધ હશે એને બધા પરચાઓ દેખાશે. (૨૮૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'યવનરાજોદ્ધરણ'** નામનો **એકસો ચોથો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૦૪

(૧) દોહરા ૧૪ થી ૨૦ ધ્યાનથી વાંચવા જેવા છે. યવનરાજની બુદ્ધિ ધર્મમાં અચલ છે એવું દોહરા ૧૩માં જણાવ્યું છે તે એવું સૂચવે છે કે બુદ્ધિ સ્થિર થયા પછી જ આ તત્ત્વજ્ઞાન સમજાય છે. 'ઇશાવાસ્યમિદં સર્વં યત્કિંચિત્જગત્યાં જગત્ |'. આ સૃષ્ટિમાં જે કાંઇ (જડ કે ચેતન) છે એ બધું ઇશ્વરના અધિકાર નીચે છે. યજુર્વેદના ૪૦મા અધ્યાયનો પ્રથમ શ્લોક (ઇશાવાસ્યોપનિષદ) પણ આજ છે. આ બધું જગત ઇશ્વરથી જ વ્યાપ્ત છે. ભલે સ્થાવર અને જંગમ એવા ભેદવાળી જુદી જુદી વસ્તુ દેખાય પરંતુ એ તો તેનું બાહ્ય સ્વરૂપ છે. અંદર તો ઇશ્વર જ રહેલો છે. લાલ, કાળી કે ધોળી ગાય હોય પણ દૂધ તો બધીનું સફેદ જ હોય. "વાંચ વાંચ વિશ્વ-ગ્રંથ વાંચવા જો ચાહના;" (અવધૂતી આનંદ / ભજન- ૧૪૮) ભજનમાં પણ આ જ ભાવ રહેલો છે. પરંતુ એ સમજવા માટે દૃષ્ટિ ફેરવવાની જરૂર છે. "દૃષ્ટિ ફેરવી વિલોક **રંગ** એહ અવનવા;"- એ શરત પાળવા બુદ્ધિની સ્થિરતા જરૂરી છે.

(૨) યુવાનીમાં ઉચ્છૃંખલ બનેલો ભ્રષ્ટ બ્રાહ્મણ વેશ્યાના ઘરે રહે છે. પરંતુ વેશ્યાનો વ્યવસાય કરતી સ્ત્રી મૂળે સારા સંસ્કારની હશે અને લાચારીથી આ વ્યવસાય કરતી હશે એટલે સાધુની જે સેવા વેશ્યા કરે છે એ બ્રાહ્મણ માટે પ્રેરક બળ બને છે. વેશ્યાની સાથે સાથે બ્રાહ્મણ પણ યોગીશ્રેષ્ઠ ઋષભદેવની સેવામાં જોડાય છે. ઘણી વાર હલકો વ્યવસાય કરનારી વ્યક્તિનું સંસ્કારનું પોત ખૂબ ઊંચું હોય છે. બહારવટિયા, વેશ્યા, લૂંટારૂઓની પાસે બેસીને વાતો સાંભળીએ તો સારો વ્યવસાય કરતા પરંતુ હલકી મનોવૃત્તિ સેવી ભ્રષ્ટાચાર કરતા લોકો કરતાં

એ લોકો વધારે નીતિવાળા જણાય.

(૩) દોહરા ૮૩-૮૪ સ્ત્રીમાં રહેલી ઈર્ષાવૃત્તિના દ્યોતક છે. "સ્ત્રીની દુશ્મન સ્ત્રી" એ ઉક્તિ અહીં સાચી પડતી જણાય છે. મોટી રાણીને સંતાન થાય અને એનાં માનપાન વધી જાય એની શોકચરાણીને ચિંતા છે. બીજાના સુખે દુ:ખી થવાવાળી આવી વ્યક્તિ બીજાનું ખરાબ કરવા માટે ગમે તે કરવા તૈયાર થઈ જાય છે. એટલે આવી વ્યક્તિથી ખાસ સંભાળવાનું અને એવાને ખાસ સાચવવાનું.

(૪) આ એકદમ કરુણ છતાં વાસ્તવિક પરિસ્થિતિનું વર્ણન કરતો દોહરો છે. સંતાન એ પોતાનું સર્જન છે અને કોઈ પણ વ્યક્તિને પોતાનું સર્જન નાશ પામે તો અતિશય દુ:ખ થાય. દીકરો તો જીવંત સર્જન છે અને **'પું'** નામના નરકમાંથી તારનારો છે' એવું કહ્યું છે તેથી તેનું મહત્ત્વ સવિશેષ છે.

(૫) જન્મ-મૃત્યુ, રાત-દિવસ, સુખ-દુ:ખ, હર્ષ શોકનાં જોડકાં છે. હર્ષ કરો તો એની પાછળ શોક આવે જ. વ્યક્તિ જન્મે એટલે એની પાછળ મોડું વહેલું મૃત્યુ આવે જ અને મૃત્યુ પામે એટલે એની પાછળ પાછળ જન્મ આવે. ગીતા પણ કહે છે કે :

'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ |'

(જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે અને મરેલાનો જન્મ નિશ્ચિત છે.) (અધ્યાય-૨ / શ્લોક-૨૭)

જે આ દ્વંદ્વથી પર છે તે જ સાચો જ્ઞાની છે. એટલે જન્મનો હર્ષ કરે તેણે મૃત્યુ પાછળ રડવું પડે. પરંતુ જન્મ વખતે જ યાદ રાખે કે આજે ભલે જન્મ્યો પણ એક દિવસ તો મરવાનો જ છે ને ! આ સમજ હોય તે ઘેલો બનીને જન્મનો ઉત્સવ ન ઊજવે. સંસારીમાં આ સમજ ન હોવાથી સુખમાં બેકાબૂ બને અને દુ:ખમાં ઢીલો થઈ જાય.

સુખ સમયમાં છકી નવ જવું, દુ:ખમાં ન હિંમત હારવી;
સુખદુ:ખ સદા ટકતાં નથી એ નીતિ ઉર ઉતારવી.

(૬) રાજા મુસલમાન હોવા છતાં પૂર્વજન્મના સંસ્કારવશ ગુરુને જોતાં જ પાલખીમાંથી નીચે ઊતરીને પગે ચાલતો સામે ગયો. દશરથ રાજા વસિષ્ઠ ગુરુના આશ્રમે રથમાં જાય ત્યારે આશ્રમ દેખાતાં જ રથમાંથી ઊતરી પડી ચાલીને જતા. આપણા ગુરુ મહારાજ પણ બળદ ગાડામાં ગરુડેશ્વર જતા હોય ત્યારે જેવી ધજા દેખાય કે તરત જ વાહન છોડીને પગે ચાલવા માંડે. આમાં વિવેક છે અને ગુરુ પ્રત્યેનો સદ્‌ભાવ છે. આપણે પણ નાની નાની બાબતને વિવેકની ચાળણીમાં ચાળીએ અને જીવનને શુદ્ધ કરીએ તો સાચું પારાયણ થયું કહેવાશે.

(૭) યવનરાજા શ્રીગુરુને પોતાનો વૈભવ બતાવે છે એમાં ગર્વ નહીં પણ ગૌરવ અનુભવે છે. આ ઐશ્વર્ય બતાવવા પાછળનો ભાવ એ છે કે તમારી કૃપાને લીધે હું આ બધું ઐશ્વર્ય ભોગવું છું. એની નમ્રતા તો ૨૧૬મા દોહરામાં દેખાય છે : 'હે ગુરુ ! સાચો રાજા તો તું છે. હું તો ધોબી-તારો દાસ છું.' આવા શિષ્યનું સુખ જોવાનું ગુરુને ગમે અને એનું સુખ જોઈને ગુરુને પણ સુખ થાય.

●

અધ્યાય : ૧૦૫

આ અધ્યાયનું નામ **'नृसिंहसरस्वत्यवतारतिरोधान'** છે. આ અધ્યાયમાં ૯૧ દોહરા છે.

બે હાથ જોડીને વંદન કરતાં નિરંજને અલખને પૂછ્યું કે મ્લેચ્છપુરથી શ્રીગુરુ ગાણગાપુર આવ્યા તે પછી શું બન્યું તે કહો. (૧-૨).

અલખે કથા આગળ ચલાવતાં જણાવ્યું કે યવનરાજને દર્શન આપીને આવ્યા પછી શ્રીગુરુએ વિચાર્યું કે યાત્રાનું નિમિત્ત કરીને હવે હું અદૃશ્ય થઇ જાઉં. આવો નિશ્ચય કરીને બધા શિષ્યો સાથે એ પ્રેમથી સંગમે ગયા ત્યારે ભકતજનોએ પ્રાર્થના કરતાં કહ્યું કે હે શ્રીગુરો ! તમે અમને છોડીને જતા રહેશો તો પછી અમારું શું થશે? હે પ્રભુ ! તું આ નાનાં બાલુડાંને છોડીને જતો ના રહીશ. (૩-૧૪).

આ સાંભળીને હસીને શ્રીગુરુવરે કહ્યું કે હું હંમેશાં આ ગામમાં જ રહીશ અને સંગમ ઉપર મારું નિત્યકર્મ કરીને મધ્યાહ્ને મઠમાં આવીશ. સવારે કૃષ્ણાજળમાં સ્નાન કરીને ઔદુંબરે પ્રાત:કર્મ કરી મધ્યાહ્ને ભીમાતટે સ્નાન કરી નિર્ગુણમઠમાં આવીને પૂજા લઇશ. આ મારું સત્ય વચન છે. જે મારા ભકતો છે તેમને માટે તો હું હાજરાહજૂર જ રહીશ અને તેમનાં બધાં કાર્યો કરીશ. મારી પાદુકા અને અશ્વત્થનું પૂજન કરજો. (૧૫-૨૭).

મુખ્ય શિષ્યો સાથે શ્રીગુરુ શ્રીશૈલ પર્વતે ગયા પછી ભકતો મઠમાં આવ્યા તો મઠમાં પણ શ્રીગુરુને જોયા. શ્રીશૈલ પર આવી પાતાલ ગંગામાં સ્નાન કરી શિષ્યો પાસે પુષ્પાસન તૈયાર કરાવ્યું. શિષ્યોને કહ્યું કે હવે તમે ગાણગાપુર જાઓ અને ખૂબ ભજન કરજો. બહુધાન્ય સંવત્સરમાં કન્યા રાશિમાં ગુરુ હતો ત્યારે, કુંભરાશિમાં સૂર્ય હતો ત્યારે, ઉત્તરાયણ પછી મહા મહિનામાં શિશિર ઋતુમાં વદ એકમના રોજ ને શુક્રવારે પુષ્ય નક્ષત્રમાં શ્રીગુરુ પુષ્પાસનમાં બેસી નદીમાં જવા નીકળ્યા ત્યારે કહ્યું કે હું મારા સ્થાને પહોંચી પ્રસાદ પુષ્પો મોકલીશ. કહ્યા પ્રમાણે ચાર પ્રસાદ પુષ્પો આવ્યાં તે સાયંદેવ, નંદી કવીશ્વર, નરહરિ કવિ (બીજો) તથા સિદ્ધ એમ ચાર ભકતોએ લીધાં. કર્મોપાસનાનું ગૂઢ રહસ્ય પ્રસ્થાપિત કરવા માટે વાસુદેવાનંદ સરસ્વતી નામે અન્ય અવતાર ધારણ કર્યો તે હવે પછી ઉપાસના કાંડમાં કહેવાશે. (૨૮-૯૧).

બે હાથ જોડીને પ્રાર્થના કરતાં શિષ્ય નિરંજને કહ્યું કે હે અલખજી ! અતિશય પાવનકારી કથા આગળ ચલાવો. (૧). યવનરાજના મહેલેથી શ્રીગુરુ પાછા આવ્યા તે પછી ગાણગાપુરમાં શું બન્યું તે કહો. (૨). અલખે કહ્યું કે હે બાળ નિરંજન ! બધાં પાપોને હરી લેનારી અને ભવસાગરને તારી દેનારી કામધેનુ સમાન શ્રીગુરુની લીલાનો આ સાર તું સાંભળ. (૩). રાજાને દર્શન આપીને શ્રીગુરુ ગાણગાપુરમાં આવ્યા. પછી એમણે સમય પારખીને અદૃશ્ય થવાનું-લીલા સંકેલી લેવાનું-વિચાર્યું. (૪). બધે મારો મહિમા ફેલાઇ ગયો હોવાથી યવનરાજા દર્શન માટે આવ્યો તો હવે એકદમ નીચ એવા લોકો પણ મારાં દર્શન માટે તરત જ દોડાદોડ કરશે. (૫).

યાત્રાનું નિમિત્ત કરીને હવે હું અદૃશ્ય થઇ જાઉં એવો દૃઢ નિશ્ચય કરીને શ્રીગુરુ બધા શિષ્યો સાથે પ્રેમથી સંગમે જવા નીકળ્યા ત્યારે ભકતજનોએ આગળ આવીને દુ:ખી હૃદયે કહ્યું કે હે ગુરુ ! તું ખરેખર બધાના જીવનનો આધાર છે. હે ચિંતા હરનાર ! તારા ચરણાશ્રિત એવા ભકતોને આ રીતે ચિંતાગ્નિમાં નાંખી દઇને તું ક્યાં જાય છે? (૬-૯). હે કરુણાકર ! હે તાત ! આ શોક સાગરમાં આમ દીન અને અનાથ રાખીને અમને એકાએક છોડી જવાનું તને શોભતું નથી. (૧૦). તું અમારા માટે તારી પાસે રહેલા આશ્રય (ખજાના)રૂપ બધા ભકતો માટે કામધેનુ સમાન છે. આ રીતે અબુધ બાળકને ત્યજીને હે પ્રભુ ! તું દૂર કેમ જાય છે? (૧૧). તારાં આ પાવનકારી દર્શનથી અમારાં પાપો ટળી જાય છે. હે ભયથી રક્ષણ કરનારા, હે ઇચ્છિત વસ્તુ આપનારા અને ત્રિતાપને બાળનારા ! તું ક્યાં જાય છે? (૧૨). હે મા ! તું આમ બાળકને એકાએક છોડીને ક્યાં જાય છે? અમારે માટે તો તું જ મા છે, તું જ ગુરુ છે અને તું જ પિતા છે. તું નિર્દય ના થા. (૧૩).

આમ અનેક રીતે બધાંએ કરુણાભર્યા સ્વરે પ્રાર્થના કરી ત્યારે બધાને આશ્વાસન આપીને હસીને શ્રીગુરુવર બોલ્યા કે હે સુભકતો ! મારો આ ગામમાં જ કાયમનો વાસો રહેશે. સંગમ ઉપર મારું નિત્યકર્મ કરીને હું મધ્યાહ્ને મઠમાં આવીશ. મારા કહેવાનો મર્મ સમજો. (૧૪-૧૫). મારા જે ભાવિક સેવકો છે અને મને હંમેશાં અનન્ય ભાવે ભજે છે તેમને માટે હું આ કળિકાળમાં પણ અહીં હંમેશ માટે હાજરાહજૂર છું. (૧૬). હે સુજ્ઞ ભકતો ! સવારમાં કૃષ્ણાજળમાં સ્નાન કરીને, ઔદુંબર સ્થાને નિત્યકર્મ કરીને પછી હું મધ્યાહ્ને ભીમાતટ ઉપર સંગમે આવીને, સ્નાન કરીને નિર્ગુણમઠમાં રોજ જ પૂજા સ્વીકારીશ. (૧૭-૧૮). આ મારું સત્ય વચન છે. તમે જરા પણ ચિંતા ન કરશો. જ્યાં ખુદ ચિંતામણિસ્વરૂપ શ્રીગુરુ સ્વયં અભય આપે પછી દીનતાનો ભય ક્યાંથી રહે? (૧૯). હું તમને એક વાર નહીં પણ ત્રણ વાર આશ્વાસન વચન કહું છું કે હું ગાણગાપુરમાં રહીને ભકતોનું હિત કરીશ, કરીશ અને કરીશ જ. તમે એમાં શંકા કરશો નહિ. (૨૦). જે ભકતો મારામાં આસકત છે અને હંમેશાં મારી સાથે જોડાયેલા છે તે મને પ્રિય છે અને એમનાં કાર્યો તરત જ સફળ થશે.① (૨૧). આ અશ્વત્થ કલ્પવૃક્ષ છે અને જલદીથી ફળ આપનારો છે. એને સેવતાં કામનાઓ ચોક્કસ ફળે છે જ. (૨૨). સંગમના જળમાં સ્નાન કરીને, અશ્વત્થને પૂજીને પછી મઠમાં રહેલી મારી પાદુકાનું જે વિધિવત્ પૂજન કરે છે તેને માટે અહીં ન મળે એવું કશું જ નથી. એની બધી ભ્રાંતિ દૂર થશે. વિઘ્નરાજ સમાન પાદુકાને પૂજતાં બધાં વિઘ્નો દૂર થશે. (૨૩-૨૪). આ પાદુકા એ વિઘ્નરાજ ગણપતિ-ચિંતામણિ-છે અને જેનું ચિંતન કર્યું હોય તે હેતુને સફળ કરે છે. અહીં બધા સદ્હેતુ ફળે છે અને ખાસ કરીને અષ્ટતીર્થમાં સ્નાન કરવાથી મોક્ષ મળે છે. (૨૫). મારી પાદુકાનું ત્રણ વખત ભાવપૂર્વક પૂજન કરી, આરતી કરી જે મને રોજ પ્રેમપૂર્વક યાદ કરશે તેની બધી મનોકામના હું પૂર્ણ કરીશ. આ વાતમાં શંકા કરશો નહીં. આમ પ્રેમપૂર્વક કહીને શ્રીનૃસિંહસરસ્વતી મુખ્ય શિષ્યો સાથે યાત્રા નિમિત્તે-યાત્રાને બહાને શ્રીશૈલ પર્વત પર ગયા. એટલે આ બાજુ બધા ભકતો એમનાં ચરણકમળનું ધ્યાન ધરતાં મઠમાં આવ્યા. (૨૬-૨૮).

શ્રીગુરુને મઠમાં જોઇને બધા આશ્ચર્યચકિત થઇ ગયા. અરે ! શ્રીગુરુ તો અહીંયાં પણ છે જ. ખરેખર એ સાક્ષાત્ ત્રિમૂર્તિ જ છે. (૨૯). જે કોઇ એને સામાન્ય માનવી ગણશે તે નરકમાં જશે. એ તો સાક્ષાત્ દત્તાત્રેય જ

છે અને એમનો મહિમા તો અનંત છે. (૩૦). ભકતો આવી વાત કરતા હતા ત્યાં તરત જ શ્રીગુરુ અદૃશ્ય થઇ ગયા અને ત્યાં ગુપ્તરૂપે રહ્યા. આજે પણ સાધુપુરુષ એમનાં દર્શન કરે છે. 'શ્રીગુરુ અહીં નથી' એવું નાસ્તિક વેણ બોલવું નહીં. જો દોષ વિનાની દૃષ્ટિ હોય તો આજે પણ સંતો એમનાં દર્શન કરે છે. (૩૧-૩૨).

લોકોને આવો પ્રત્યક્ષ અનુભવ કરાવીને શ્રીગુરુ શિષ્યો સાથે ઝડપથી શ્રીશેલ પર્વત પર આવ્યા. (૩૩). પાતાળગંગામાં સ્નાન કરીને અને પોતાનું નિત્યકર્મ પૂરું કરીને પછી શિષ્યોને બોલાવીને કહ્યું કે હે શિષ્યો ! મારે માટે પુષ્પોનું આસન બનાવો. મારું અવતાર કાર્ય પૂરું થયું હોવાથી હવે મારે ત્યાં ઈરાકલામાં જતા રહેવું જોઇએ જ્યાં ધૂર્ત વ્યકિત મને કદી જોઇ ન શકે. આ સાંભળીને શ્રેષ્ઠ શિષ્યોએ કમળ વગેરેનાં પાન-ફૂલો એકઠાં કરીને અને કેળનાં પાંદડાંમાં વીંટાળીને (પાલખી જેવું) સુંદર સુખાસન તૈયાર કરીને પાતાળગંગામાં મૂકયું. (૩૪-૩૭).

એમને ઉદ્દેશીને શ્રીગુરુ બોલ્યા કે હવે તમે સુખેથી તમારે ગામ જાઓ. એમને ઘણા દુ:ખી થયેલા જોઇને ફરીથી એ જ વાત કહી. (૩૮). તેમને પ્રેમથી દિલાસો આપતા હોય એમ વારે વારે કહ્યું કે તમે જલદીથી ગાણગાપુર પહોંચી જાઓ. ત્યાં સુખેથી ભજનમાં રચ્યાપચ્યા રહેજો. હું ત્યાં જ રહેલો છું. આ તો લોકોને બતાવવા માટે આ (તિરોધાનની) લીલા કરી છે. (૩૯-૪૦). શ્રદ્ધા વિનાનો માણસ મને કયારેય પણ જોઇ ન શકે અને ભાવિકને નિત્ય દર્શન થાય એ હેતુથી આ રહસ્યમય સુંદર ઉપાય કર્યો છે. (૪૧). જે લોકો મારા ભકતો છે તેના ઘરમાં હું હંમેશાં પ્રેમથી વસું છું એવું બોલીને નિજાનંદની મસ્તીમાં બહુધાન્ય સંવત્સરમાં, કન્યા રાશિમાં ગુરુ અને કુંભ રાશિમાં સૂર્ય હતો ત્યારે પુષ્યનક્ષત્રમાં ઉત્તરાયણ પછી શિશિર ઋતુમાં, મહા મહિનાની વદ એકમ ને શુક્રવારે શ્રીગુરુ પુષ્પાસનમાં બેસીને નદીની વચમાં આવીને બોલ્યા કે હું મારા મૂળ સ્થાને પહોંચ્યા પછી જે પ્રસાદ પુષ્પો મોકલું તે ભાવભકિતથી લેજો. આ સમયે આકાશમાંથી દેવોએ આનંદથી પુષ્પવૃષ્ટિ કરી. (૪૨-૪૬). હે સુજ્ઞ ભકતો ! મારામાં ભકિતભાવ રાખીને મારી પાદુકાનું રોજ પ્રેમથી પૂજન કરવાથી તમારાં નાનાં-મોટાં બધા કાર્યો પાર પડશે. ઇચ્છેલી બધી વસ્તુઓ આપનાર એ છે. વળી બીજું પણ સાંભળી લો. મને ભજન સંગીત ઉપર ખૂબ પ્રેમ છે એટલે મારા નિમિત્તે જે કોઇ શુદ્ધ ભકિતભાવથી ભજન કરશે અને મારી મનોરમ્ય લીલાનું કીર્તન કરશે તેના ઘરમાં હું રહીશ. (૪૭-૪૯). એણે પ્રારબ્ધથી ડરવાનું નહિ રહે, એના ઘરમાં લક્ષ્મીનો અખંડ વાસો રહેશે અને એ કદી મોહ માયામાં નહીં સપડાય. (૫૦).

હું મારા ભકત પર એવી કૃપા કરું કે જેથી એ કદી દુ:ખી ન થાય અને સ્વપ્નમાં પણ એ આધિ, વ્યાધિ અને ગરીબાઇનો અનુભવ ના કરે. (૫૧). એના પુત્ર અને પૌત્રો આનંદથી દીર્ઘાયુ ભોગવશે અને એ ભકત અહીં દરેક પ્રકારનું સુખ ભોગવી અંતે મુકિત પામશે. (૫૨). મારી પવિત્ર લીલાનો જે કોઇ પાઠ કરશે અથવા સાંભળશે તેના કુળમાં લક્ષ્મીનો અખંડ વાસ થશે એમાં લેશમાત્ર શંકા કરશો નહિ. (૫૩).

આવું બોલીને શ્રીગુરુ જોતજોતામાં અદૃશ્ય થઇ ગયા અને ભકતો આશ્ચર્યચકિત થઇને નદીના કિનારે ચિંતામાં પડી જઇને વિચાર કરવા લાગ્યા. થોડી વાર પછી ત્યાં નાવિકો આવ્યા અને આવીને તરત કહેવા લાગ્યા કે અમે નદીમાં સાક્ષાત્ દેવપુરુષને પુષ્પાસન પર બેઠેલા જોયા. એ સુંદર શરીરવાળા સંન્યાસીના હાથમાં મનોહર

દંડ-કમંડળ શોભતાં હતાં. એમણે અમોને કહ્યું કે તમે જઈને મારા શિષ્યોને કહેજો કે "હું નૃસિંહસરસ્વતી કદલી વનમાં જાઉં છું. તમે બધા શિષ્યો હવે ગાણગાપુર જાઓ. દુઃખ અને ભ્રાંતિ છોડી દઈને હે ભકતો ! તમે જાઓ" એવું કહેવાનું અમોને કહ્યું હતું. અમે ગુરુનાથને નજરોનજર નિહાળ્યા હતા. (૫૪-૫૯).

એમના પગમાં સુવર્ણની પાદુકાઓ હતી. તમને જવાનું કહ્યા પછી શ્રીગુરુરાય ફરીથી બોલ્યા કે "હે શિષ્યો ! તમે બધા અંતરમાં ભક્તિ રાખીને પોતપોતાના ઘરમાં મારા ભજનમાં રચ્યાપચ્યા રહો. એ તમને ભોગ અને મોક્ષ બંને આપશે. (૬૦-૬૧). જે પ્રસાદ પુષ્પો આવે તે તમે લેજો". એવો સંદેશો આપીને નાવિકો જતા રહ્યા.② (૬૨).

નાવિકોએ કહ્યું તે સાંભળીને અને શ્રીગુરુનાં વાકયોનું સ્મરણ કરીને શિષ્યો અનિમેષ નયને પ્રસાદ પુષ્પોની રાહ જોવા લાગ્યા. (૬૩). શ્રીગુરુ દ્વારા મોકલાયેલાં ચાર પુષ્પો ત્યાં આવ્યાં. જે ચાર મુખ્ય શિષ્યો હતા તેમણે એક એક પ્રસાદ પુષ્પ લીધું. (૬૪).

આવાં અસ્પષ્ટ વચનો સાંભળીને નિરંજન બોલ્યો કે પુષ્પપ્રસાદી મેળવનાર એ ચાર બડભાગી ભકતો કોણ કોણ હતા? (૬૫). અલખે કહ્યું કે શ્રીગુરુના તો અનેક શિષ્યો હતા. તેમાં કેટલાક સંન્યાસી હતા તો કેટલાક ગૃહસ્થી પણ હતા. (૬૬). સંન્યાસીઓને તીર્થયાત્રામાં મોકલી દીધા અને ગૃહસ્થીઓ પોતાના ઘરે રહીને પ્રેમપૂર્વક ભજન કરવા લાગ્યા. (૬૭). જગતમાં રહીને નાટક કરવામાં પારંગત એવા શ્રીગુરુ શૈલયાત્રા પર ગયા ત્યારે જે ચાર શિષ્યો સાથે હતા તેના વિષે નિરંજન તું સાંભળ. એક તો સુભકત એવો સાયંદેવ, બીજો નંદી કવીશ્વર, ત્રીજો કવિ નરહરિ (બીજો) અને ચોથો હતો સુજ્ઞ એવો સિદ્ધ. (૬૮-૬૯). ભાવપૂર્વક એક એક પુષ્પપ્રસાદી લઈને, એની ભક્તિથી પૂજા કરીને શ્રીગુરુની લીલામૃતનું તેઓ પાન કરવા લાગ્યા. (૭૦).

ત્યાંથી આ કથા પરંપરાગત રીતે ચાલી આવી છે. આ લીલાકથા સિદ્ધે પોતાના શિષ્ય નામધારકને કહી હતી. (૭૧). સરસ્વતી ગંગાધર નામના બ્રાહ્મણે મરાઠીમાં આ લીલાકથાને પ્રાસાદિક વાણીમાં ગૂંથી. (૭૨). એનો મેં તને થોડો સાર કહ્યો. બધી લીલા તો કોણ જાણી શકયું છે? જે સ્વયં ભગવાન દત્તાત્રેય છે તેની લીલા તો બધી અચંબો પમાડે એવી છે. (૭૩). મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં સુંદર લીલાઓ કરીને લોકોની દૃષ્ટિમાં એ પોતે તિરોધાન પામ્યા. (૭૪).

ચારે દિશામાં ઘોર કળિયુગ વ્યાપી ગયો અને લોકો પણ ભ્રષ્ટ થઈ ગયા. બ્રાહ્મણ-કર્મનો લોપ થયો અને દંભ વધી ગયો. (૭૫). અંગ્રેજરાજ આવ્યું અને ભક્તિ પરદેશમાં જતી રહી અને લોકો મન ફાવે તેમ જેટલા વર્તવા માંડ્યા તેટલો કલેશ વધ્યો. (૭૬).

વાણીવિલાસ વધ્યો. જ્યાં ત્યાં વિતંડાવાદ થવા લાગ્યો અને હે ભાઈ ! બધે કર્મ તથા ભક્તિની મશ્કરી થવા લાગી. (૭૭). લોકોએ વિદ્યા વેચવાનું શરૂ કર્યું. હલકી જાતિનાએ ખાવા માટેનું અન્ન વેચવાનું શરૂ કર્યું. દાન

ધર્મને લોકો ભૂલી ગયા અને ધર્મનું કાસળ કાઢી નાંખ્યું. (૭૮). બધેથી લોકોની શ્રદ્ધા હાલી ઊઠી. એવી અવ્યવસ્થા અને અંધાધૂંધી જોઇને ભકતજનોનો ઉદ્ધાર કરવા માટે ધર્મના બીજનું રક્ષણ કરનાર ભગવાન દત્તાત્રેયે ફરી પાછો અવતાર લીધો અને બધે સંચાર કર્યો. (૭૯-૮૦).

પહેલાં જેમ અત્રિ-અનસૂયાના ભાવથી પ્રસન્ન થયો હતો અને બ્રાહ્મણ દંપતીની ભક્તિથી ફરી પાછો સંતોષ પામ્યો હતો તે ભગવાને કર્મ અને ઉપાસનાનું એકદમ ગહન રહસ્ય ફરી પાછું સ્થાપવા માટે અત્રિવંશમાં અગાઉની માફક પુણ્યશ્લોકી એવા વાસુદેવાનંદ સરસ્વતીના નામથી ફરી પાછો અવતાર ધારણ કર્યો. (૮૧-૮૩).

બોલ્યા વગર ધર્મનું પાલન કરીને ઉપદેશ આપવા માંડ્યો. કર્મ અને અકર્મથી પર એણે મનુષ્ય વેશ ધરીને લીલા કરી. (૮૪). એવા શ્રીગુરુના ચરણોનું આનંદપૂર્વક સેવન કરું છું અને મુખથી એનાં યશોગાન ગાઉં છું. એમનામાં અનન્ય ભાવ રાખીને તલ્લીન થઇ જાઉં છું. (૮૫).

અલખજી નિરંજનને કહે છે કે એની લીલા અગાધ છે. એ હંમેશાં અજાત હોવા છતાં, ન જન્મીને પણ જન્મ્યા હતા. (૮૬). એ બધે જ વ્યાપીને રહ્યો છે અને એ જ કદલીવનમાં પણ ગયો છે. વળી એ જ બ્રાહ્મણના ઘરમાં પ્રગટ પણ થયો છે. વેદો તો 'આ નહિ, આ નહિ' એવું પોકારી પોકારીને ગાય છે. (૮૭). ભગવાન શ્રીકૃષ્ણ (વાસુદેવ) જેમ બધે વ્યાપ્યો છે તેમ આ વાસુદેવ પણ બધે જ વ્યાપી રહ્યો છે. આ બધી તારી લીલા જ છે. એનું સ્મરણ કેમ ના થાય? (૮૮). હે નિરંજન ! હું, તું અને તે બધું મિથ્યા છે અને જે સત્ય છે તે તો વાણીથી પર છે. આવું બોલીને તરત જ અલખજી બોલતા બંધ થઇ ગયા. (૮૯). જાણે કે જીવતું મડદું હોય એમ જડ જેવા જણાતા હતા. એ જોઇને એક ક્ષણ માટે તો નિરંજન દિઙમૂઢ થઇ ગયો. (૯૦). ત્યાં તો અલખજીએ આંખ ખોલી અને (પછી જે બન્યું) તે આગળ ઉપર શ્રીગુરુ જ વિસ્તારપૂર્વક બોલાવશે. જગતને ભારરૂપ **રંગ** ત્યાં કોણ? (૯૧).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'નૃસિંહસરસ્વત્યવતારતિરોધાન'** નામનો **એકસો પાંચમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૦૫

(૧) દોહરા ૧૬ની સાથે દોહરો ૨૧ વાંચવાનો છે. શ્રીગુરુની કૃપાનો અનુભવ ન થાય તો એમાં વાંક આપણો જ હોય છે. જે કોઇ ગુરુને અનન્ય ભાવે ભજે છે, હંમેશાં ભજે છે, એના ચરણમાં આસકત છે અને નિત્યયુકત છે તેને શ્રીગુરુ-પ્રત્યક્ષ છે અને તેનું કાર્ય અચૂક થાય છે. આપણે આપણી જાતનું નિરીક્ષણ કરીને આપણી ખામીઓ શોધીને તેને દૂર કરવાની છે. ભગવાન તો બધે જ છે, ગુરુ તો હંમેશાં કૃપા વર્ષાવ્યા જ કરે છે પણ એનો અનુભવ ન થાય તો આપણી કોઇ ખામી કે ભૂલ. સાચી ભકિત વ્યકિતને અંતર્મુખ કરે છે.

(૨) નાવિકના મુખેથી મળેલો શ્રીગુરુનો સંદેશો અત્યંત વિચાર માગી લે છે. શ્રીગુરુએ સંદેશા દ્વારા ત્રણ વાતો કહી છે. એક તો અંતરમાં ગુરુ પ્રત્યે ભકિત રાખજો. કારણ કે ગુરુ પ્રત્યેની સાચી ભકિત માગ્યા વિના ભુકિત અને મુકિત આપશે. ગુરુભકિતનું આ પરિણામ છે. બીજું હે શિષ્યો ! તમે બધા તમારા ઘરમાં રહેજો એટલે કે હવે અંતર્મુખ થજો. ગુરુના જતા રહેવાથી ઊભી થતી પરિસ્થિતિનો સાચો ઉપાય અંતર્મુખ બનવામાં છે અને ત્રીજું એ કે ઘરમાં રહીને મારા ભજનમાં રચ્યાપચ્યા રહેજો. ભજન એ સર્વ સામર્થ્યનું મૂળ છે.

●

શ્રીનૃસિંહસરસ્વતીપાદુકાસ્તોત્રમ્

શ્રીપાદશ્રીનૃસિંહાખ્યમ્ ઔદુમ્બરનિકેતનમ્ |
નૃમણિં સદ્‌ગુરું વન્દે નરભાવવિમુકતયે ||૧||

સિન્ધુકાન્તં દયાસિન્ધું પાદુકારુપિણં યતિમ્ |
હરન્તં ભકતજાડ્યં કં કૃષ્ણાવેણીયુતિસ્થિતમ્ ||૨||

સચ્ચિત્સુખૈકદાતારં સંવિન્તાત્રૈકવિગ્રહમ્ |
રહસ્યખ્યાયિનં દેવં નાનાત્મ્યૈકયપ્રબોધિનમ્ ||૩||

સ્વતન્ત્રં સ્યૈકવરદં સ્વપ્રકાશં સ્વસ્તરુમ્ |
તીર્થતીર્થં તિગ્મરશ્મિં તિષ્યતારં ત્રયીમુખમ્ ||૪||

શ્રીખંડભૂતિલિપ્તાઙ્ગ શ્રીકંઠકૃતસૌહૃદમ્ |
પાથોદશ્યામલં શાન્તં શર્વરીશ-સહોદરમ્ ||૫||

દુર્દૈવદ્રુમદાવાગ્નિં દુર્લભેક્ષં દુરાસદમ્ |
કામરુપં કાકનિદ્રં કામચારં કવિપ્રિયમ્ ||૬||

નતિતુષ્ટં નયાકૃષ્ટં યોગિનીરાજિતં વિભુમ્ |
માયામાણવકં મત્તં મન્ડલેશ્વરમન્ડિતમ્ ||૭||

મીનદૃષ્ટિં મનોવેગં મનઃસંતાપહારિણમ્ |
તિમિતાક્ષં તપોમ્ભોધિં રઙ્ગપ્લોષણશાન્તયે ||૮||

શ્રીનૃસિંહસરસ્વતીપાદુમકાસ્તોત્રમુત્તમમ્ |
પઠન્ વિદ્વાંો વાધ્યેત સદ્‌ભકત્યા સંયતેન્દ્રિયઃ ||૯|| - **રંગ અવધૂત**

ભગવાન નૃસિંહસરસ્વતી સ્વામીમહારાજની આરતી

જય જય મુનિવર દત્ત દિગંબર શ્રીપાદસ્વામી,
નૃસિંહસરસ્વતી જય ગુરુમૂર્તિ (૨), જય સ્મતૃગામી !! ટેક
જોઇ દ્વિજસ્ત્રી કેરી પ્રીતિ, થયો તું તદ્‌બાળ;
સ્મરતાં તુજને ભકતજનોને ન નડે કળિકાળ;
લીલા તારી અવર્ણ્ય કેવળ એ અપરંપરા;
રહી મૂગી નેતિ કહી જ્યાં શ્રુતિ (૨), કો મર્ત્યબાળ[૧] !! જય.૧

બોધ્યા યદુ પિંગલ નૃપ અર્જુન દઇ આત્મજ્ઞાન;
તાર્યા ધોબી તંતુક દ્વિજસ્ત્રી કરી કૃપેક્ષણ[૨];
ભકત ચતુર્વિધ તાર્યા બહુવિધ બોધી સાધન;
ભેદાભેદ સગુણનિર્ગુણનો (૨), ટાળી ચિદ્‌ઘન !! જય.૨

વસ્ત્રહીન દિગંબર તુજને કહે ભાવિક લોક;
વેષ્ટી[૩] દિશાઓ અંબરરૂપે રહ્યો તું જ એક;
પૂર્ણ બાહ્ય-અભ્યંતર સઘળે એમ તું નિશંક;
રંગ અરંગી તું નિઃસંગી (૨), હે પુણ્યશ્લોક !! જય.૩

બાલોન્મત્તપિશાચકવેષે ક્રીડે અવધૂત;
વર્ણી અવર્ણી જાણે જ્ઞાની એ અંતર્નિષ્ઠ;
કર્માકર્મ થકી છે ન્યારો એ તુજનો પંથ;
ભેદે ગોથાં ખાય વિમૂઢો[૪] (૨), માની સત્ તૂત !! જય.૪

૧.મરણાધીન બાળક ૨.કૃપાદૃષ્ટિ ૩.વિંટળાઇને ૪.ઠોઠ, મંદબંદ્ધિ, મૂઢ બની ગયેલાં. - **રંગ અવધૂત**

કર્મકાંડ સમાપ્ત

પૂ.શ્રીરંગ અવધૂતજીના હસ્તાક્ષરમાં

વાસુદેવનામસુધાના કેટલાક શ્લોકો

વાસુદેવં પરિત્યજ્ય યોઽન્યં દૈવમુપાસ્યતે
ગંગાંબુ નિર્મલં ત્યક્ત્વા મૃગાંબુ પરિમૌક્ષતે ।। ૨૧ ।।
નાહિ વા રાધિ વા ચાંબ સ્વીકુરુ દૂરમુત્સૃજ ।
તથૈવાહં તથૈવાહં તથૈવાહં પુનઃ પુનઃ ।। ૨૨ ।।
ત્વં ચેજ્જહાસિ હે માતઃ કોઽન્યસ્તામાગસ્તિ મામકઃ ।
ચેદેતાવાનવદ્ધાત્રો માતા માતૈવ સા પુનઃ ।। ૨૩ ।।
નો વિદ્યા નો તપઃ કર્માપિ વર્તતે મયિ નિશ્ચિતમ્ ।
તથાપ્યસ્તીત્યેવ મે તોષો યદ્ગાઙ્ગો મરણં ધ્રુવમ્ ।। ૨૪ ।।
માઽસ્ત્વન્યં ભક્ષિતું માઽસ્તુ વરં વા ધારયાય વૈ ।
મા બોધઃ કિં પુનર્ગેહં તેઽસ્ત્વેકં સ્મરણં પરમ્ ।। ૨૫ ।।
નો કાંક્ષે કાવ્યયુક્તિં નો ચિત્તં નો પુનર્યદાઃ ।
પ્રાજ્યં રાજ્યં તૃણં મન્યે ત્વદ્ભિના કિં સુખં ધ્રુવમ્ ।। ૨૬ ।।
એહિ માતર્ગુણાર્ણે દેહિ બોધસ્તન પરમ્ ।
ધેનોર્વિનાકૃતં વત્સં દિક્ કંથં સુખમાપ્નુયાત્ ।। ૨૭ ।।
મૃષાઽપિ વર્ણિતો વંશોઽયં કીર્તં કહિ તં નમે ।
ત્રાહિ મગ્નં શ્રયે શ્રીમ માયેવં શરણાગતમ્ ।। ૨૮ ।।
વાસુદેવો યતીર્ વક્ત્ર તત્ર ગાંગા સુનિર્ધિતઃ ।
તત્ર શ્રીર્વિજયો ધૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ।। ૨૯ ।।
ગુરુર્દીક્ષા ગુરુર્વિષ્ણુર્ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ।। ૩૦ ।।

રમોમાનનપદ્માર્ક-પાદપદ્મમુપાસ્મહે |
યત્સૌરભં સમાઘ્રાય ધાવન્તિ વિબુધાલયઃ ||

રમા (સ્વામી મહારાજનાં માતા) અને ઉમા (પાર્વતી)ના મુખકમળને વિકસિત કરનાર પ.પૂ.ટેંબેસ્વામી મહારાજ તથા ગણપતિ (અથવા રમા એટલે લક્ષ્મી અને તેના મુખકમળને વિકસિત કરનાર તેમનાં પતિ વિષ્ણુ અને ઉમાના પતિ શંકર)નાં ચરણકમળની અમે ઉપાસના કરીએ છીએ કે જેની સુગંધને સૂંઘવા માટે જ્ઞાનીરૂપી ભમરાઓ આમતેમ દોડે છે.

(રચયિતા : પ.પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ)

ઉપાસનાકાંડ શરૂ

❖ ❖ ❖

અધ્યાય : ૧૦૬

આ અધ્યાયનું નામ **'વાસુદેવાનંદ સરસ્વત્યવતાર'** છે. આ અધ્યાયમાં **૧૧૮** દોહરા છે.

આ અધ્યાયની શરૂઆતમાં ગણપતિ, શારદા અને શ્રીગુરુની વંદના કરવામાં આવી છે જેથી વિઘ્ન, ભ્રમ અને સંદેહ ટળી જાય. નામસ્મરણથી વ્યક્તિ નામી બની જાય છે તે જણાવી ભગવાનને પ્રાર્થના કરવામાં આવે છે કે તું આગળ કથા બોલાવશે તો જ બોલી શકીશ. એ પ્રાર્થનાના ફળ સ્વરૂપે કથા શરૂ થાય છે. (૧-૮).

નિરંજને અલખજીને કહ્યું કે આ કથામૃતથી તરસ છિપાવાને બદલે ઊલટાની વધે છે. હું તમને હેરાન કરું છું પણ શું કરું? અલખે કહ્યું કે તારા જેવો પ્રશ્ન પૂછનાર હોય પછી કથા ગાવામાં આનંદ આવે અને મારું તો જીવન જ ગુરુની કથા ગાવામાં વીતવાનું છે. (૯-૨૦).

માણગાંવના ભૌગોલિક અને કુદરતી વાતાવરણનું વર્ણન કર્યા પછી ગણેશ ભટ્ટ અને રમાબાઇના પવિત્ર જીવન વિશે વાત કરી. ગણેશ ભટ્ટને વાઇનો રોગ થતાં ઘર છોડીને ગાણગાપુર ગયા તે વાત કરવામાં આવી છે. (૨૧-૫૪).

ગાણગાપુરમાં દત્તધ્યાન અને દત્તભજનમાં સમય ગાળતાં ગાળતાં ગણેશ ભટ્ટને સંન્યસ્ત લેવાનો વિચાર આવ્યો. તે જ રાત્રે દત્ત ભગવાને એને ઘરે જવાની આજ્ઞા કરી. ગણેશ ભટ્ટ અને રમાબાઇ બંને વ્રત-પૂજા કરીને નિર્મળ જીવન જીવતાં હતાં. (૫૫-૬૨).

એમનું આવું પવિત્ર જીવન જોઇને દત્ત ભગવાને રમાબાઇના ઉદરમાં ગર્ભરૂપે પ્રવેશ કર્યો અને સંવત ૧૯૧૦ના શ્રાવણ વદ પાંચમના રોજ અવતાર લીધો. એમનું નામ વાસુદેવ પાડવામાં આવ્યું. પુત્રનો આનંદ ઉત્સવરૂપે મનાવી બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપી રાજી કર્યા. (૬૩-૯૪).

ભકતોના વિશ્રામરૂપ ભગવાન બાળલીલા કરતા કરતા મોટા થતા હતા. પાંચ વરસના થતાં દાદા હરિભટ્ટે પાંચ ઉપગ્રંથો શીખવવાનું શરૂ કર્યું. આઠમે વર્ષે જનોઇ આપી અને પછી વિષ્ણુભટ્ટ ગુરુ પાસે ઋગ્વેદ ભણવા રહ્યા. એકજ વાર પાઠ કરતાં બધું આવડી જતું. (૯૫-૧૦૮).

શ્રીગુરુ જે જે મંત્ર શિખવાડે તેનો ત્યાં જ પ્રયોગ કરી બતાવતા હતા. મનુષ્ય વેશે આવી લીલા કરતાં વાસુદેવની બીજી બધી દિવ્ય લીલા વિશે હવે પછીના અધ્યાયમાં કથા આવશે. (૧૦૯-૧૧૮).

ભગવાન ગણપતિ, મા શારદા અને યતિઓમાં શ્રેષ્ઠ એવા સદ્‌ગુરુને હું વંદન કરું છું, જેના સ્મરણમાત્રથી વિઘ્ન, ભ્રમ અને સંદેહ એક ક્ષણ માટે પણ રહેતા નથી.① (૧). જેમ 'કૃષ્ણ કૃષ્ણ' કરતાં ગોપી કૃષ્ણરૂપ થઇ ગઇ તેમ 'ગુરુ-ગુરુ' કરનાર શિષ્યનું પણ પહેલાંનું સ્વરૂપ રહેતું નથી.② (૨).

હે વિભુ ! હું તો કઠપૂતળી છું. તું જેમ બોલાવે તેમ હું બોલીશ અને જેવું ગવરાવે તેવું ગાઇશ. તું મારો સૂત્રધાર (કઠપૂતળી નચાવનાર) છે. (૩). હે દેવ ! મારી આ વાણી તારી કૃપા વગર પાંગળી છે અને બુદ્ધિ આંધળી છે. મને ખરેખર કંઇ જ સૂઝતું નથી. (૪). જો તારી કૃપા થઇ જાય તો મૂગો પણ વેદ બોલતો થઇ જાય. તારું શરણું લીધા પછી હું શું કામ નકામું દુ:ખ કરું? (૫).

બાળકની માફક મેં તારી લીલા ગાવા માટે હિંમત કરી છે. મારું અજ્ઞાન દૂર કરી મને અવનવી સ્ફૂર્તિ આપ. (૬). તારા વિના તો હું પામર છું. મારી લાજ તારા હાથમાં છે. તારી કથા તું જ આગળ બોલાવ. હે ગુરુનાથ ! તું મારા પર કરુણા કરજે. (૭).

આ પ્રમાણેની પ્રાર્થના સાંભળીને શ્રીગુરુ દ્રવી ઊઠ્યા અને ત્યાં જ અંતરમાં સ્ફૂર્તિ ઊઠતાં મુખ સ્વાભાવિક રીતે ગાવા માંડ્યું.② (૮).

ગયા અધ્યાયમાં જોયા મુજબ અલખને દેહભાન થતાં જેવી આંખ ખોલી કે ત્યાં જ શિષ્ય નિરંજન બે હાથ જોડીને, ભાવપૂર્વક દંડવત્ પ્રણામ કરીને બોલ્યો કે હે અલખજી ! મેં આટલી કથા સાંભળી પણ મન હજી ધરાતું નથી. (૯-૧૦). જેમ અમૃત પ્રત્યે સ્વપ્નમાં પણ કદી પણ અભાવ થતો નથી તેમ શ્રીગુરુની લીલાનું અમૃત પીવાથી મારી તરસ ઊલટાની વધે છે. (૧૧). આ ત્રિભુવનમાં તમારા જેવો બીજો કોઇ વકતા મળે એમ નથી. કૃપા કરીને હવે શ્રીગુરુની લીલાની કથા આગળ કહો. (૧૨).

ભગવાને પાછો અવતાર ક્યાં લીધો? ત્યાં શ્રીગુરુવરે શી શી લીલાઓ કરી? એ બધું મને વિગતવાર કહો. (૧૩). મને ખબર છે કે હું તમને ઘણી બધી તકલીફ આપું છું અને તમારો ઘણો સમય પણ લઉં છું. પરંતુ એ બધું જાણવા છતાં હું એ જ માગું છું. (૧૪). આમ કહીને તરત જ પગ પકડી લીધા અને ચરણમાં વંદન કર્યું. એટલે અલખજી બોલ્યા કે હે નિરંજન ! તું સાંભળ. તું ખરેખર ધન્ય છે. (૧૫).

હું ઇચ્છું કે મને તારા જેવો જાણવાની તીવ્ર ઇંતેજારી ધરાવતો, પ્રશ્ન પૂછનારો મળો. ગુરુની લીલા ગાવામાં મને ક્યારેય પણ કંટાળો આવતો નથી. (૧૬).

જેના મુખમાં ગુરુના ગુણનું ગાન હોય તેના ભાગ્યને ધન્ય છે. પુણ્ય ફળે ત્યારે જ એ ગાન સાંભળવાનું મળે છે. આમાં તું તર્ક લડાવીશ નહીં. (૧૭). મારું તો જીવન જ ગુરુકથા ગાવા માટે છે. એમાં તારા જેવાનો સાથ મળે એટલે જાણે દૂધમાં સાકર ભળી. પછી એની મીઠાશનું તો પૂછવું જ શું?③ (૧૮).

શ્રીગુરુની લીલાનું તો વર્ણન થઇ શકે એમ જ નથી. એ બધી લીલાને તો કોણ જાણી શકે એમ છે? આમ છતાં સાગરના બિંદુ સમાન હું તને એમાંથી થોડીક સારરૂપ લીલા કહું. (૧૯). તું શ્રીગુરુના ચરણનું સ્મરણ કરીને સાવધાન થઇ જા. ભકતોનો ઉદ્ધાર કરવા માટે બીજો અવતાર થયો તેની લીલા વિસ્તારથી સાંભળ. (૨૦).

સાત દ્વીપો-ટાપુ-પૈકીના જંબુદ્વિપમાં સૌથી વધુ પુણ્યશાળી ભરતખંડ છે. એમાં પરશુરામક્ષેત્રમાં કોંકણ નામે દેશ (વિસ્તાર) પ્રખ્યાત છે. ત્યાં પુણ્યમાર્ગે જનારા અનેક લોકો વ્યવસ્થિત રીતે રહેતા હતા. (૨૧-૨૨). પોતાના વર્ણાશ્રમ ધર્મનું પાલન કરીને હંમેશાં સમય પસાર કરતા હતા અને પ્રાણીમાત્ર તરફ બધાં જ દયાદૃષ્ટિથી વર્તતા હતા. (૨૩). જ્યાં વન ઉપવનથી સહ્યાદ્રિ શોભી રહ્યો છે, જ્યાં ભગવાન ગણપતિએ સ્થાપેલું મહાબળેશ્વરનું

ગોકર્ણ લિંગ છે, જ્યાં પશ્ચિમ સાગર રાત દિવસ ઉછાળા મારી રહ્યો છે, જ્યાં દત્ત ભગવાન સંધ્યા કરે છે, જ્યાં સ્નાન કરવાથી બધાં પાપોનો નાશ થાય છે, એવા સહ્યાદ્રિની મનોરમ્ય તળેટીના પવિત્ર એવા કોંકણ દેશમાં સાવંતવાડી નામનું એક લોકપ્રસિદ્ધ સંસ્થાન છે. ત્યાંથી એક યોજન દૂર સૌથી વધુ પુણ્યશાળી એવું માણગાંવ નામનું પ્રખ્યાત ગામ છે. એ જ શ્રીગુરુનું જન્મસ્થાન છે અને સૌથી વધુ પુણ્યશાળી ગામ છે જ્યાંથી પાપ હરી લેનારી પાવન એવી વિમળા નદી વહી રહી છે. (૨૪-૨૮).

જ્યાં સદાની જાગૃત એવી યક્ષિણીદેવી વસી રહી છે એવું માણગાંવ ખૂબ જ રમ્ય છે અને એની શોભાનું વર્ણન થઇ શકે એમ નથી. (૨૯). ચારે બાજુ પહાડો આવેલા છે. બધે પર્વતોનાં શિખરો શોભી રહ્યાં છે. વનસ્પતિનો તો તોટો નથી અને સુંદર વૃક્ષો શોભી રહ્યાં છે. (૩૦). ઠેર ઠેર સુંદર જળઝરણાં વહી રહ્યાં છે અને અગણિત બાગ-બગીચાઓ ફળ-ફૂલથી ઊભરાય છે. (૩૧). પક્ષીઓ નિરંતર મીઠો કલરવ કરી રહ્યાં છે અને આનંદપૂર્વક ફળો ખાઇને બીક રાખ્યા વગર ક્રીડા કરી રહ્યાં છે. (૩૨).

નાળિયેર, સોપારી, ફણસ, કાજુ, કોકમ, કેરી, અનાનસ, દાડમ અને લીંબુનાં અતિ ઉત્તમ ઝાડ આવેલાં છે. વળી કેળાં, દરાખ (દ્રાક્ષ), શેરડી, પીપર, નાગરવેલ, હળદર-આદુ વગેરેની એકદમ રેલમછેલ છે. (૩૩-૩૪). ફૂલનાં ઝાડ પણ અગણિત છે. ગુલાબ, ચંપો, જાઇ, જૂઇ, ચમેલી, બકુલ, કેતકી, મોગરો, માલતી, શારી, હેમપુષ્પ, જપા અને ગોકર્ણ વગેરે ભાતભાતનાં ફૂલો થાય છે. (૩૫-૩૬). ત્યાં પુષ્પરસનું સેવન કરીને ભમરાઓ પણ મધુર ગુંજારવ કરે છે અને માણસો પણ સમૂહમાં આનંદ અને સંતોષથી કાયમ રહે છે. (૩૭). જ્યાં હંમેશાં દાન ધર્માદા થાય છે અને કાયમ માટે વેદનો ઘોષ થયા કરે છે એવા માણગાંવને જોતાં જ મનને સંતોષ થઇ જાય છે. (૩૮).

આવા પુણ્યવંત ગામમાં ટેંબે નામના કુળ-વંશ-માં બ્રાહ્મણના ઘરે અવતાર લેવાનો ભગવાન દત્તાત્રેય પોતાના મનમાં વિચાર કરે છે. અયોધ્યા વગેરે મોક્ષ આપનારી જે સાત પાવન નગરી છે તેવું જ આ માણગાંવ છે એમાં લેશમાત્ર શંકા નથી. ત્યાં અત્રિ ઋષિ જેવા જ સુંદર શરીરધારી ગણેશ ભટ્ટ વસી રહ્યા છે. (૩૯-૪૧). એ બ્રાહ્મણની જાતિ કહાડે છે, એ મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ છે. અત્રિ ગોત્ર છે, વેદ ઋગ્વેદ છે અને સૂત્ર આશ્વાલયન છે. (૪૨). એ બ્રાહ્મણ હંમેશાં વૈદિક ધર્મમાં સંતોષથી રચ્યાપચ્યા રહેતા હતા. અનસૂયા જેવી એમની રમાબાઇ નામે આનંદી પત્ની હતી. (૪૩). એ પતિની સેવામાં હંમેશાં રત રહેતી, પતિને ઇશ્વર માનતી અને અભ્યાગત તથા અતિથિની ખંતપૂર્વક સેવા કરતી હતી. (૪૪). આમ પતિ-પત્ની એક મનથી જીવતાં હતાં ત્યાં જ ગણેશ ભટ્ટને વાઇનો-ફેફરુંનો રોગ લાગુ પડ્યો. (૪૫).

ખરેખર તો એ રોગ હતો જ નહીં, ઇશ્વરની સાચે જ કૃપા હતી કારણ કે ભગવાનનો એ નિયમ છે કે જ્યારે એના હૃદયમાં કોઇના ઉપર મહાન કૃપા કરવાની ઇચ્છા થાય ત્યારે ભગવાન એને આધિ, વ્યાધિ અથવા ઉપાધિમાં સપડાવે છે જેથી એનું મન સંસારની મિથ્યા બાબતમાં રમતું નથી અને કંટાળીને દુ:ખના માર્યા પ્રયત્ન વિના એને ભગવાનનું સ્મરણ થાય છે.[૫] (૪૬-૪૯).

મૂળથી જ ગણેશ ભટ્ટ ભગવાન દત્તના ઉપાસક તો હતા જ. તેમાં આ વાઇનો ભયંકર રોગ લાગુ પડતાં એમણે મનમાં દૃઢ નિશ્ચય કર્યો કે આ પૃથ્વી પર ગાણગાપુર નામનું અહીં જે પ્રસિદ્ધ સ્થાન છે ત્યાં જઇને રહું. એવો વિચાર કરીને ઉદાસીન વૃત્તિથી માણગાંવ છોડીને તેઓ ગાણગાપુરમાં આવ્યા અને ત્યાં એકનિષ્ઠ ભક્તિથી દત્ત ભજનમાં અને ધ્યાનમાં હંમેશાં મગ્ન રહેવા લાગ્યા. (૫૦-૫૩).

આ રીતે કેટલોક સમય પસાર થતાં વાઇનો રોગ સદંતર નાબૂદ થઇ ગયો અને વૈરાગ્યના અંકુર મજબૂત થયા. એને લીધે ગણેશ ભટ્ટનું મન સંસારમાંથી ઊઠી ગયું અને મનમાં એવો વિચાર કરવા લાગ્યા કે હવે સંન્યસ્ત ગ્રહણ કરીને મારા દેહનું કલ્યાણ કરું. ત્યાં તો એ જ રાત્રે (સ્વપ્નમાં) દેવનો દૃષ્ટાંત (આદેશ) થયો કે તું મારી આજ્ઞા માનીને તારા ઘરે પાછો જા અને ગૃહસ્થાશ્રમ ધર્મ પાળી મારું ભજન કર. (૫૪-૫૭).

દેવની આવી આજ્ઞા થતાં ગણેશ ભટ્ટ પોતાના ઘરે આવ્યા અને પહેલાંની જેમ પોતાના વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે રહેવા લાગ્યા. (૫૮). રમાબાઇ પણ પોતાના પતિને પ્રત્યક્ષ દેવ માનીને આનંદથી એમની સેવા હંમેશાં આદરપૂર્વક કરતા. (૫૯). પતિની આજ્ઞા માનીને ઘરે આવતા અતિથિની સેવા પણ એકનિષ્ઠ ભાવથી કરતાં હતાં. (૬૦). રોજ ભક્તિભાવથી શ્રીગુરુચરિત્ર (પોથી)ની પ્રદક્ષિણા કરતાં હતાં અને દત્ત ભગવાનનું ધ્યાન અને મંત્રજપ કરતાં હતાં. (૬૧).

આ રીતે પતિ અને પત્ની બંને દત્ત ભગવાનની ઉપાસના પરંપરાગત રીતે શુદ્ધભાવથી કરતાં હતાં. આ પ્રમાણે કેટલોક સમય ગયો એટલે પતિ-પત્નીની નિર્મળ ભક્તિ જોઇને દત્તાત્રેય ભગવાન તરત જ પ્રસન્ન થયા. (૬૨-૬૩). પ્રસન્ન થયેલા દત્તાત્રેય ભગવાને પોતાના અંતરમાં વિચાર કર્યો કે એમને ત્યાં અવતાર લઇને લાવ, બન્નેને ધન્ય ધન્ય કરી દઉં. (૬૪). આવું વિચારીને રમાબાઇના ઉદરમાં શ્રીપ્રભુ પોતાની લીલાથી ગર્ભરૂપે પધાર્યા. (૬૫).

આમ પણ સતી રમાબાઇ પહેલેથી જ સત્ત્વગુણી તો હતાં જ અને વધારામાં શુદ્ધસત્ત્વસભર સિદ્ધ નરે ગર્ભમાં વાસ કર્યો. (૬૬). ગર્ભના તેજથી રમાબાઇનું મોં ઝગારા મારવા માંડ્યું અને ઉદાસીન વૃત્તિનાં થઇને જ્ઞાનની વાતો કરવા લાગ્યાં અને કહેવા લાગ્યાં કે આ સંસારનો ત્યાગ કરીને હું સંન્યાસ ગ્રહણ કરીશ અને રાગ તથા દ્વેષનું દમન કરીને મોક્ષશ્રીને પરણીશ. (૬૭-૬૮). મારા મનને બીજું કાંઇ ગમતું નથી. બીજી કોઇ ઇચ્છા થતી નથી. એમ થાય છે કે વનમાં રહીને શુદ્ધ તપશ્ચર્યા કરું. (૬૯).

રમાબાઇની આવી વિવેકયુકત વાતો સાંભળીને ગણેશ ભટ્ટને એનું કારણ સમજાયું નહીં. એ આવું વિચિત્ર કેમ બોલે છે? શું એને પિશાચ વળગ્યું હશે? તેઓ આવી ચિંતા કરતા હતા. એ જોઇને ગર્ભમાં રહેલા દત્ત ભગવાને તેમને રાત્રે સ્વપ્નમાં કહ્યું કે તું ગભરાયા વગર તારી મેળે નિશ્ચિંત રહે. એને ભૂતનો વળગાડ નથી એ વાત નિશ્ચયપૂર્વક માન. એના ઉદરમાં તો અવતારી પુરુષ વસી રહ્યો છે અને એ બ્રહ્મજ્ઞાની જ એની પાસે આ જ્ઞાનની વાત કરાવી રહ્યો છે, એ વાત માન. (૭૦-૭૩).

આવો દૃષ્ટાંત (આદેશ) થતાં જ પરમાનંદનો અનુભવ કરતા ગણેશ ભટ્ટ બોલ્યા કે અરે ! હું તો કેવો બડભાગી છું. (૭૪).

5

અરે વાહ ! એ પતિ પત્ની બન્નેનું કેવું પુણ્ય તે યોગીશ્રેષ્ઠ રમાબાઇના ઉદરમાં પધાર્યા. (૭૫). રમાબાઇ સગર્ભા છે એવું જાણીને ગણેશ ભટ્ટે આનંદથી સંસ્કાર કર્યા. (૭૬). ગર્ભને નવ મહિના ઉપર નવ દિવસ પૂરા થતાં જે દશમો દિવસ આવ્યો એ ચિરસ્મરણીય બની રહ્યો. (૭૭). શકે સત્તરસો છોતેર (૧૭૭૬) અને આનંદ સંવત્સર વિક્રમસંવત હતો. હે સંત ! વિસ્તારથી કહું છું તે સાંભળો. ઓગણીસસો દશ (૧૯૧૦)ના ઉત્તમ એવા શ્રાવણ માસની ઉત્તમ વદ પાંચમની તિથિ હતી. રવિવારે અશ્વિની નક્ષત્રમાં સૂર્યોદયથી છવ્વીસ (૨૬) ઘડી વીતી જતાં રમાબાઇએ તેજના અંબાર સમાન પુત્રને જન્મ આપ્યો અને રામકૃષ્ણની જેમ દત્ત ભગવાન લીલાથી મનુષ્યવેશે અવતર્યા. (૭૮-૮૧).

મંદ મંદ હાસ્યથી મુખ ચમકતું હતું. તેજમાં સૂર્ય સમાન જણાતા હતા. એવા પુત્રને જોઇને રમા માતા હર્ષથી આનંદઘેલાં થઇ ગયાં. (૮૨). આ વાત દાદા હરિભટ્ટે જાણી એટલે આનંદથી નાગરવેલનાં પાન અને સાકર વહેંચી. (૮૩). ગણેશ ભટ્ટે વિધિપૂર્વક સ્નાન કરીને ઝડપથી જાતકર્મ કર્યું અને પછી પુત્રનું મોં જોયું. (૮૪). બ્રાહ્મણોને દાન દક્ષિણા આપીને બધાને રાજી રાજી કરી દીધા અને આનંદ આનંદ થઇ ગયો. (૮૫).

યોગીશ્વરનો જન્મ થતાં જ ત્રણે લોકમાં આનંદ વ્યાપી ગયો અને આકાશમાંથી સંતુષ્ટ થઇને દેવો પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. (૮૬). અરે ! સંતપુરુષોને જન્મ મરણ શાનાં? જે સ્વયં પરમેશ્વર છે તે લોકો માટે આવી લીલા કરે છે. (૮૭). ભકતો પોતાના હૃદયમાં જેવી ભાવના કરે છે તે ભાવનાને ભગવાન પૂર્ણ કરે છે અને તેથી ભકતો માટે બાળકરૂપે અવતર્યા.[૬] (૮૮). રમાબાઇને પ્રસૂતિ થઇ ગઇ એ વાતની ખબર થતાં જ ઘેર ઘેરથી સ્ત્રીઓ રૂબરૂ આવી અને સૌભાગ્યસૂચક વસ્તુનાં આનંદથી દાન આપીને બધાંએ મા અને નવજાત બાળકનું મુખ જોયું. (૮૯-૯૦).

બધા મંગલદીપ પ્રગટાવીને આરતી ઉતારવા લાગ્યા. આ રીતે એકદમ આનંદમાં અગિયાર દિવસ વીતી ગયા. (૯૧). બારમે દિવસે આનંદપૂર્વક મહોત્સવ કરી નામ પાડવાની બધી શાસ્ત્રોકત વિધિ કરી. (૯૨). બધી સૌભાગ્યવતી સ્ત્રીઓ ત્યાં આવી. બાળકને પારણામાં સુવાડીને રમા'મા'એ આનંદથી વાસુદેવ એવું શુભ નામ પાડ્યું. જેનું સ્મરણ કરવાથી ભવસાગરમાં ભ્રાંતિ ભાગી જાય એવા ભકતોના વિશ્રામરૂપ વાસુદેવ શુકલપક્ષના ચંદ્રની માફક રોજ રોજ મોટા થતા જતા હતા જે જોઇને બધાને હરખ થતો હતો. (૯૩-૯૫).

વાસુદેવની બાળલીલા જોઇને માતા પિતા હરખાતાં હતાં અને એમની તીક્ષ્ણ બુદ્ધિ જોઇને આશ્ચર્ય અનુભવતાં હતાં. (૯૬). વાસુદેવ પાંચ વર્ષના થયા એટલે દાદા એમને રોજ નિયમપૂર્વક ઉપગ્રંથો શિખવાડતા હતા. ધન્ય છે એ દાદાને. (૯૭). શિક્ષા, જ્યોતિષ, છંદ, નિઘંટુ અને અષ્ટાધ્યાયી-એ પાંચ ઉપગ્રંથ મનાય છે. (૯૮). એક જ વાર વાંચવાની સાથે જ વાસુદેવને તરત જ સમજ પડી જતી. એ જોઇને દાદાને તથા પિતાને ખૂબ જ આનંદ થતો. (૯૯). ઘરનો બધો વટ-વ્યવહાર હરિભટ્ટ સંભાળતા અને ગણેશ ભટ્ટ તો સંસારમાં હંમેશાં ઉદાસીન વૃત્તિથી જ રહેતા. (૧૦૦).

ગણેશ ભટ્ટ ઘરમાં એકાંતમાં બેસીને જગતને મિથ્યા સમજીને દત્તપ્રભુના ચરણનું ધ્યાન ધરતા અને ભગવાનની આરાધના કરતા.[૭] (૧૦૧). આઠ વરસના થતાં જ વાસુદેવને પિતાએ વિધિ અનુસાર આનંદથી

વ્રતબંધન કર્યું. (૧૦૨). બાબરી ઉતારવાનો અને જનોઇ આપવાનો મહોત્સવ યથાસાંગ સંપૂર્ણ થતાં વૃદ્ધ દાદાએ તરત જ ષટ્કર્મ શીખવવાનું શરૂ કર્યું. (૧૦૩). ભણવું અને ભણાવવું, યજ્ઞ કરવો અને કરાવવો તેમજ દાન કરવું અને દાન લેવું એ બ્રાહ્મણનાં ષટ્ (છ) કર્મ છે તે તું જાણી લે. (૧૦૪). જે દિવસે જનોઇ દીધી તે જ દિવસથી વાસુદેવ બ્રહ્મચર્યના નિયમ પાળીને રહેતા હતા. (૧૦૫). આનંદપૂર્વક ત્રિકાળ સ્નાન કરે, નિયમપૂર્વક સંધ્યા કરે, અગ્નિમાં હોમ કરે અને ભિક્ષા માગીને અન્ન ગ્રહણ કરે. (૧૦૬).

ઉકિડવે અટક ધરાવતા અને વેદમૂર્તિ સમાન વિષ્ણુ ભટ્ટ નામના ગુરુ પાસે ઋગ્વેદનો અભ્યાસ કરતા હતા. (૧૦૭). સંહિતાનો પાઠ એક જ વાર કરાવવાની સાથે જ વાસુદેવને તરત જ યથાસાંગ (બધાં અંગો સહિત) આવડી જતો. (૧૦૮). આમ જુઓ તો પહેલેથી બધું જ જાણતા હોવા છતાં લોકોને બતાવવા પૂરતું મનુષ્ય અવતારને અનુરૂપ કેવળ લીલા કરતા હતા. (૧૦૯). જે જે મંત્ર શીખતા તેનો તરત જ ત્યાં ગુરુને પ્રયોગ કરી બતાવતા જે જોઇને ગુરુને પણ આશ્ચર્ય થતું. (૧૧૦).

ગુરુજી પણ આ જોઇને વિસ્મિત થઇને વિચારતા કે આ ખરેખર કોઇ અવતારી પુરુષ છે. એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૧૧૧). આ જગતનો ઉદ્ધાર કરવા માટે પૃથ્વી પર અવતાર લીધો છે. એ તો પહેલેથી જ બધું જાણીને બેઠા છે. એની શક્તિને કોણ સમજી શકે? (૧૧૨).

અલખ નિરંજનને કહે છે કે વિદ્યાના અને બધા ગુણોના ભંડાર એવા વાસુદેવ સાચે જ કલિયુગમાં તારનાર છે. (૧૧૩). રામ-કૃષ્ણ વગેરે જેવા પરાત્પર બ્રહ્મના અવતાર સમાન જ એ પણ ચોક્કસ અવતારી પુરુષ હતા. નાની ઉંમરમાં ઘણા લોકોને ચમત્કાર બતાવીને અને વેદની આજ્ઞા પ્રમાણે વર્તીને લોકોનું કલ્યાણ કરતા હતા. (૧૧૪-૧૧૫).

પોતે મનુષ્ય સમાન વર્તન કરીને લોકોને શિક્ષણ આપતા હતા, એવી અપૂર્વ લીલાનું અનુસંધાન આગળના અધ્યાયમાં છે. જેનું વર્ણન ભગવાન કરાવશે. રાંકડો **રંગ** ત્યાં કોણ જે અરેરે વિષય-કાચબો છે ! (૧૧૬-૧૧૭).

એનું **શ્રવણ** કરવાથી જન્મમરણનો બધો ભય ટળી જાય છે, એનું **મનન** કરવાથી ભ્રાંતિ ભાગી જાય છે અને નિદિધ્યાસન કરવાથી તો જીવ સ્વયં ઇશ થઇ જાય છે.☺ (૧૧૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'વાસુદેવાનંદ સરસ્વત્યવતાર'** નામનો **એકસો છઠ્ઠો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૦૬

(૧) ઉપાસના એ અમૃતતત્ત્વ છે અને માનસપૂજામાં 'વં' બીજ અમૃતાત્મક છે એટલે પૂ.શ્રી ઉપાસનાકાંડની શરૂઆત વં-વંદુ-થી કરે છે. પહેલી લીટીમાં ગણપતિ, શારદા અને શ્રીગુરુને વંદન કરીને બીજી લીટીમાં તેમનાં કાર્યો અનુક્રમે જણાવે છે. ગણપતિ વિઘ્ન, શારદા ભ્રમ અને શ્રીગુરુ સંદેહ હરી લે છે.

(૨) દોહરા ૧ થી ૮ એ ગ્રંથ રચયિતા ભગવાન રંગાવધૂતજી દ્વારા થયેલી સ્તુતિ છે. કર્મકાંડના અંતે અલખ સમાધિમાં જાય છે અને પછી ધીમેથી આંખ ખોલે છે. એ વાતનું સ્મરણ દોહરા ૯ માં થાય છે.

(૩) ભક્તિમાર્ગનાં આચાર્યા ગોપી છે એટલે બીજા દોહરામાં એ ગોપીઓનું સ્મરણ કરી નામસ્મરણનો મહિમા સમજાવ્યો છે. 'હરિ હરિ ગાતાં રે, હરિજન હરિ થયા;' એવું પૂ.શ્રીનું ભજન પણ છે. (અવધૂતી આનંદ/ભજન-૧૫૮). કીટભ્રમર ન્યાયના આધારે જે જેનું ચિંતન કરે તે તદ્રૂપ થઈ જાય.

(૪) ધર્મકાર્ય માટે નીકળી પડેલો ભક્ત કેવો હોવો જોઈએ તે અંગે સરસ સમજ આપતો આ દોહરો છે. 'જીવન મારું ગુરુ કથા' એ સંપૂર્ણ સમર્પિત ભાવ સૂચવે છે. ગુરુના નામ પર જીવન લૂંટાવનાર જ ગુરુના મિશનનું સાચા અર્થમાં કામ કરી શકે- ફનાગીરી વહોરીને, શિર સાટે કરવાનું કામ છે.

(૫) દોહરા ૪૭, ૪૮ અને ૪૯ સંસારી માટે સંજીવની સમાન છે. રોગ કે સંકટને ભગવાનની કૃપા સમજવી એ સંકટનો સામનો કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે. આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણી શંકા પણ હરી લે છે. રોગ નહિ એ ઈશની કૃપા **નિશ્ચયે જાણ**. આ તદ્દન સાચી વાત છે, એમાં તું તર્ક લડાવીશ નહીં. પછી પૂ.શ્રી ભગવાનનો **નિયમ** બતાવે છે. એટલે કે એ સહજ વસ્તુ છે, નિયમ પ્રમાણે થનારી વસ્તુ છે. ભગવાનના હૈયામાં જ્યારે કોઈના ઉપર મહાન (સાધારણ નહીં) કૃપા કરવાની ઇચ્છા થાય ત્યારે તેને રોગમાં કે અન્ય સંકટમાં સપડાવે છે. તું આવી પડેલા સંકટને સોપાન (પગથિયું) બનાવી દે. આફતને આશીર્વાદમાં બદલી નાંખ.

(૬) પૂ.શ્રીએ રચેલા સાહિત્યમાં એક વાત વારે વારે આવે છે અને તે છે ભગવાનની નજરમાં ભક્તનું મહત્ત્વ. ભગવાન ભક્તાધીન છે, ભક્તોનાં દુ:ખ હરી લેવા માટે એ સદા જાગતો રહે છે અને ભક્ત જે ભાવના કરે તે ભાવના સંતોષવા માટે જે કરવું પડે તે બધું જ ભગવાન કરે છે.

પૂ.શ્રીનો ભગવાન પરનો અડગ ભરોસો તો આ બધું સૂચવે જ છે પણ આપણને પણ સાચા ભક્ત બનવાની પ્રેરણા આપે છે.

હું હરિનો, હરિ છે મમ રક્ષક, એહ ભરોસો જાય નહીં;
હરિ કરશે તે સારા માટે એ નિશ્ચય બદલાય નહીં.

હરિની જગ્યાએ ગુરુ પણ મૂકી શકાય.

(૭) અંતર્મુખ થવાનું સૂચવતો આ દોહરો સમજવા જેવો છે. બને એટલું વહેલું આ પ્રકારનું જીવન જીવવું જોઇએ અને એ જ સાચા સુખનો રાજમાર્ગ છે. આ દોહરામાં ત્રણ વાત છે. એક તો રોજ થોડો સમય પણ એકાંતમાં બેસવું. એકાંત એટલે જ્યાં એકનો પણ અંત આવી જાય. બીજું એકાંતમાં બેસી ઇષ્ટદેવનું ધ્યાન ધરવું અને ત્રીજું ભગવાનની આરાધના કરતાં કરતાં આ જગત મિથ્યા છે એવી સાચી સમજ કેળવવી અને તે પ્રમાણે જીવનમાં આચરી બતાવવું.

મહાન પુરુષો આપણા કરતાં **જુદું નથી કરતાં પરંતુ જુદી રીતે કરે છે.** સાચું કરતાં આપણે ખચકાઇએ છીએ, સંતો પ્રાણાંતે પણ સાચું કરીને જ રહે છે.

(૮) શ્રવણ, મનન અને નિદિધ્યાસનની વાત ઉપાસનાકાંડની શરૂઆતમાં જ છેલ્લા દોહરામાં કરી છે. શ્રવણથી ભવભય જાય, મનનથી ભ્રાંતિ જાય અને નિદિધ્યાસનથી તો જીવ શિવ થઇ જાય છે. સાચી ઉપાસનાનું લક્ષ્ય જીવમાંથી શિવ થવાનું છે.

●

અધ્યાય : ૧૦૭

આ અધ્યાયનું નામ **'બાલલીલાદિવર્ણન'** છે. આ અધ્યાયમાં ૮૫ દોહરા છે.

અલખ નિરંજનને કહે છે કે હે નિરંજન ! માણગાંવમાં ભાસ્કર ભટ્ટ ઓળકર નામે એક પ્રામાણિક બ્રાહ્મણ રહેતો હતો અને સહ્યાદ્રિનો ઘાટ ઓળંગીને માણગાંવ આવતા બ્રાહ્મણ-અતિથિને જમાડતો હતો. ભાગ્યવશાત્ પત્ની મરી જતાં બધો વહીવટ પુત્રવધૂના હાથમાં આવ્યો. પુત્રવધૂએ આ આતિથ્યપણું બંધ કરી દીધું તેથી એ કાર્ય વાસુદેવે સ્વીકારી લીધું. પરંપરાથી ચાલી આવતું સત્કર્મ બને તો વધારવું પણ બંધ તો નહિ જ કરવું, નહિતર એના માઠાં પરિણામો ભોગવવાનાં આવે છે. (૧-૩૫).

વેદાભ્યાસ કરતા વાસુદેવ બાર વર્ષની ઉંમરે દશગ્રંથી નામે પ્રસિદ્ધ થયા. બ્રહ્મચર્યના નિયમોનું પાલન કરી રોજ મરાઠીમાં શ્રીગુરુચરિત્રનો પાઠ કરતા. વેદ મંત્રની સિદ્ધિ થવાને કારણે લોકો એનો લાભ લેતા હતા. (૩૬-૪૨).

એક ગરીબ ગૃહસ્થની ગાય તોફાની થઇ હતી અને દોહવા દેતી ન હતી. એમણે મંત્ર પ્રયોગ દ્વારા તેને શાંત કરી. કોઇ જગ્યાએ સાપ નીકળે તો એના પર મંત્રનો પ્રયોગ કરી તેને પકડી લેતા. કોઇને વળગાડ હોય તો તે પણ દૂર કરતા. એક દિવસ જંગલમાં જતાં એક મોટો ફણાધર સાપ જોયો. એના પર મંત્ર પ્રયોગ કરી, તેને ત્યાંને ત્યાં સ્થિર કરીને ઘરે આવ્યા. પણ પછી મનમાં વિચાર આવ્યો કે ભગવાન દત્તની કૃપાથી મળેલી સિદ્ધિનો આવો ઉપયોગ કરું છું તે ઠીક નથી. એમ વિચારી પેલા ફણાધરને મંત્રમુકત કર્યો. (૪૩-૫૫).

પંદર વર્ષની ઉંમરે જેને ઇચ્છા થાય તેને વગર વેતને શીખવતા હતા. વેદાધ્યયન, શાસ્ત્ર શિક્ષણ, પંચકાવ્યો વગેરે શીખવતા હતા. લોકો હવે એમને શાસ્ત્રી બુવા કહેવા લાગ્યા. બ્રાહ્મણનાં ષટ્કર્મો નિયમિતપણે કરતા. વાહનમાં બેસે નહીં, માથે છત્રી રાખે નહીં કે પગમાં પગરખાં પહેરે નહીં. વાદ વિવાદ કરે નહીં અને બધા સાથે વિનયપૂર્વક વર્તે. નરસોબા વાડી જવાની અદમ્ય ઇચ્છા થતી હતી. નારાયણ સ્વામીની સમારાધનાની ઉજવણી નિમિત્તે વાસુદવે ત્યાં ગયા. આ નારાયણ સ્વામી કોણ હતા તે વિશે હવે પછીના અધ્યાયમાં. (૫૬-૮૫).

અલખ નિરંજનને કહે છે કે માણગાંવમાં ભાસ્કર ભટ્ટ ઓળકર નામે એક પ્રામાણિક બ્રાહ્મણ રહેતો હતો. એનો બ્રાહ્મણ પ્રત્યે ભક્તિભાવ હોવાથી ઘરે આવતા બ્રાહ્મણ અતિથિનું પૂજન કરીને તેને જમાડતો હતો. (૧-૨). સહ્યાદ્રિનો ઘાટ ઊતરીને માણગાંવમાં આવતા બ્રાહ્મણને તેના ઘરે ભોજન મળતું. (૩). ભાસ્કર અને તેની સ્ત્રી આ રીતે બ્રાહ્મણનો સત્કાર કરતાં તેથી એનો આદરભાવ જાણીને ઘણા બ્રાહ્મણો આવતા હતા. આમ કેટલોક સમય વીતી ગયો. (૪).

પ્રારબ્ધવશ ભાસ્કરની પત્નીનું મૃત્યુ થતાં ભાસ્કર હવે હરિસ્મરણમાં મગ્ન રહેતા અને ઉદાસીન વૃત્તિથી જીવતા. (૫). ઘરનો બધો વહીવટ પુત્રવધૂના હાથમાં આવ્યો. એટલે ભાસ્કર ભટ્ટ સાથે એ રોજ કલહ-કંકાસ કરવા માંડી. (૬). ઘરે આવતા બ્રાહ્મણોને ઉપાધિરૂપ સમજીને દીકરાની એ વહુ સસરા સાથે હંમેશાં ઝઘડો કરતી. (૭). આમ લડી લડીને એણે ઘરે આવતા બ્રાહ્મણોને બંધ કરી દીધા. આને કારણે ભાસ્કરને અંતરમાં અતિશય દુ:ખ થયું. (૮). હવે ઘરમાં રહેવાનો કોઇ અર્થ નથી એમ વિચાર કરીને ઘર વહુ પર છોડીને એ બ્રાહ્મણ તરત જ ઘરની બહાર નીકળી ગયો અને ચિત્તની સ્થિરતા માટે એકાંત સ્થળે જઇને રહ્યો. આમ દિવસો જતા હતા ત્યાં એક દિવસ એક બ્રાહ્મણ સીધો જ એના ઘરે ગયો. (૯-૧૦).

પહેલાંનું જૂનું ઘર યાદ કરીને એ બ્રાહ્મણ હરખભેર સીધો ભાસ્કરના ઘરે આવ્યો તો બારણાં બંધ જોઇને એને ખૂબ આશ્ચર્ય થયું. (૧૧). યજમાનને બોલાવવા છતાં અંદરથી કોઇ જવાબ મળતો ન હતો. ખૂબ દુ:ખી થઇને, મનમાં વિચાર કરતો કરતો એ ત્યાંથી જતો રહ્યો. (૧૨). એને થયું કે ઘરે આવતા બ્રાહ્મણોને ભાસ્કર જમાડતો હતો અને એનું બારણું બધા માટે સદા ખુલ્લું રહેતું હતું તે આજે કેમ બંધ થયું? (૧૩). બારણું અંદરથી સાંકળ દ્વારા બંધ છે તેમ છતાં કેમ કોઇ જવાબ આપતું નથી? લાવ, પડોશીને પૂછી જોઉં. એમ વિચારીને એ બ્રાહ્મણ ભાગ્યવશાત્ ટેંબેના ઘરે જ આવ્યો અને પૂછી જોતાં સુંદર શરીરધારી વાસુદેવ બોલ્યા કે આ બધો ભાસ્કર ભટ્ટની પુત્રવધૂનો ખેલ છે. એણે લડી લડીને આ વખત આણી દીધો છે. (૧૪-૧૬).

એ સાંભળીને બ્રાહ્મણ બોલ્યો કે એની વહુએ આ સારું નથી કર્યું. જેની જેવી ભાવના હશે તેને એવું ફળ મળશે. (૧૭). હે વાસુદેવ ! મને બહુ ભૂખ લાગી છે અને જમાડનારને શોધું છું. તું તરત જમાડીને મારા પ્રાણને શાંત કર. (૧૮). બ્રાહ્મણનાં આવાં વચન સાંભળીને વાસુદેવ તરત જ મા પાસે દોડતા ગયા અને 'મા'ને કહ્યું કે એક બ્રાહ્મણ સાચે જ ! ભૂખનો માર્યો અતિશય વ્યાકુળ થઇને આપણે બારણે આવ્યો છે.એ સાંભળીને રમાબાઇ બોલ્યાં કે જા ! તું એમને જલદી ઘરમાં લઇ આવ. (૧૯-૨૦). ભોજન તૈયાર જ છે. તું હવે વાર ના કરીશ. હું એને જરૂરથી જમાડીશ. માટે હે બાળક ! તું જા અને તેડી લાવ. (૨૧). વાસુદેવ તરત જ એ બ્રાહ્મણને તેડી લાવ્યા અને પ્રેમથી બેસાડીને એને વિનયપૂર્વક જમાડ્યા. (૨૨).

જમ્યા પછી મનમાં સંતોષ માપીને એ બ્રાહ્મણ બોલ્યો કે આ નાની ઉંમરનો બાળક છે પણ કેવો વિવેકી છે ! (૨૩). એણે સંતોષ પામીને વાસુદેવને કહ્યું કે આ તમારા પડોશીએ ઉપાધિ માનીને, સાંકળથી બારણું બંધ કરીને ઘરે આવતા બ્રાહ્મણોને બંધ કર્યા છે. તો મારું માનીને હે બાળક ! આજથી ઘરે આવતા બ્રાહ્મણોને તું હંમેશાં જમાડજે અને હૃદયમાં ઉત્સાહ રાખીને જે કોઇ બ્રાહ્મણ અતિથિ આવે તેનું હંમેશાં પ્રેમપૂર્વક આતિથ્ય કરવા માટે તત્પર રહેજે. જા ! તને મારી આશિષ છે કે તારું કલ્યાણ થશે. વાસુદેવે કહ્યું કે આપ સુપાત્ર છો અને મહાન છો એટલે હું તમારા આશીર્વાદને કારણે એ કાર્ય નિશ્ચિતરૂપથી કરીશ. આ સાંભળીને પછી એ બ્રાહ્મણ આનંદથી પોતાના રસ્તે નીકળી ગયો. (૨૪-૨૮). તે દિવસથી વાસુદેવ જે કોઇ બ્રાહ્મણ ઘરે આવે તેને ભોજન આપીને તરત જ સંતોષ આપતા. (૨૯).

અલખ બોલ્યા કે માણસ અહીં જેવાં કર્મ કરે છે તેવાં જ ફળ આગળ ઉપર એને અહીં જ ચોક્કસ મળે જ છે.① (૩૦).

ભાસ્કર ભટ્ટનો એ પુત્ર પિતાની આજ્ઞાને ઠોકર મારીને, સ્ત્રીનું કહ્યું માનીને, બ્રાહ્મણોને કોઇ દિવસ જમાડતો ન હતો. પરિણામે એના પર આપત્તિના ઓળા ઊતર્યા અને એને ખાવાની પણ મુશ્કેલી ઊભી થઇ અને એની પાસે પહેરવા માટે ચાર વસ્ત્રો પણ રહ્યાં નહીં. (૩૧-૩૨).

પરંપરાથી ચાલી આવતો ધર્મ કદી બંધ કરવો નહીં. એનાથી ઘણું પાપ લાગે છે અને ખૂબ આપત્તિ આવે છે. (૩૩). પૂર્વે કરેલાં સત્કર્મોના પુણ્યને લીધે કદાચ થોડા દિવસ આપત્તિ ના આવે તો પણ એ પુણ્ય પૂરું થતાં એ ચોક્કસ સંકટમાં આવી પડે જ. (૩૪). માટે ઘરમાં ચાલી આવતો ધર્મ બંધ કરવો નહીં. જો બની શકે તો ઊલટાનો એ ધર્મ નિરભિમાની થઇને વધારવો.② (૩૫).

આ બાજુ વાસુદેવ ઋગ્વેદ ભણીને પદ, ઘન, ક્રમ વગેરે સાથે સંહિતા ભણીને દશગ્રંથી થયા. (૩૬). બ્રાહ્મણના આશીર્વાદથી બાર વર્ષની ઉંમરે બધે દશગ્રંથી નામથી પ્રસિદ્ધિ પામ્યા. (૩૭). રઘુવંશના પંદર શ્લોકો વાંચીને પછી બધાની વચ્ચે નિર્ભયતાથી પુરાણ વાંચતા હતા. એ જોઇને બધા લોકો દંગ થઇ જઇ મનમાં વિચારતા કે આટલી કુમળી વયે પણ મનને ગમે એવું કેવું અપૂર્વ વકતૃત્ત્વ છે ! ધન્ય છે એ વકતૃત્ત્વને. (૩૮-૩૯).

ધન્યાતિધન્ય એવા વાસુદેવ અતિશય પવિત્રતા જાળવીને નિત્ય નિયમથી મરાઠીમાં શ્રીગુરુચરિત્ર વાંચતા હતા. (૪૦). બ્રહ્મચર્યના નિયમ પ્રમાણે વર્તવામાં હંમેશાં સાવધ રહેતા. એમને વેદમંત્રની સિદ્ધિ પ્રાપ્ત થઇ. (૪૧). એમને મળેલી મંત્રસિદ્ધિનો લોકો અનુભવપૂર્ણ લાભ લેતા હતા અને પ્રભુ પણ બાળલીલા કરીને આવાં કૌતુકો કરતા હતા. (૪૨).

એક ગૃહસ્થની ગરીબડી ગાય એક દિવસ તોફાની બનીને લાતો મારવા લાગી. કોઇને પાસે પણ ન આવવા દે અને કદાચ જો કોઇ પાસે જાય તો શીંગડું મારવા દોડતી. દોહવા માટે કોઇને આંચળે હાથ પણ અડાડવા ના દે. આ વાત જાણીને વાસુદેવે એના પર તે જ ક્ષણે મંત્રનો પ્રયોગ કર્યો. પ્રયોગ કરતાંની વારમાં જ શાંત થઇ જઇને ગાયે રોજની જેમ દૂધ આપ્યું. આવા ચમત્કારો બાળ અવધૂત કરતા હતા. (૪૩-૪૬).

આ જોઇને લોકો અંદરોઅંદર વાતો કરતા કે માનો-ન માનો પણ આ કોઇ ચોક્કસ અવતારી પુરુષ છે નહિતર આવું કેવી રીતે બને? આમાં કોણ શંકા કરે? (૪૭).

જો કોઇ જગ્યાએ સાપ નીકળે તો ત્યાં દોડી જઇને મંત્ર પ્રયોગ કરીને તે સાપને વશ કરી લેતા. પરિણામે એ નિરુપદ્રવી થઇને કોઇને કદી પણ કરડતો નહીં. જો કોઇને વળગાડ હોય તો વાસુદેવ મંત્ર પ્રયોગ કરીને એને વળગાડથી તરત જ મુકત કરી દેતા. બધા લોકો એનો મંત્ર પ્રભાવ નજરે જોતા હતા. (૪૮-૫૦).

એક દિવસ જંગલમાં ફરતાં વાસુદેવે અતિ ભયંકર નાગને જોયો. એટલે મંત્ર બળે એને ત્યાં ને ત્યાં જ બદ્ધ કરી દીધો. પછી તરત ઘરે આવ્યા અને મનમાં વિચાર આવ્યો કે કૃપામૂર્તિ શ્રીદત્તની દયાથી મને આ મંત્ર સિદ્ધિ મળી છે માટે તેનો ઉપયોગ કોઇ પ્રાણીને નાહક પીડા કરવા માટે કરતાં એ સિદ્ધિ હાથમાંથી જતી રહેશે. માટે હવે કદી આવી હેરાનગતિ કરવી નહીં. (૫૧-૫૪). મનમાં એવો નિશ્ચય કરીને મંત્ર પ્રયોગનું તરત જ વારણ કરીને

પેલા બદ્ધ સાપને મુકત કરી દીધો. (૫૫).

આ રીતે વાસુદેવ પંદર વર્ષના થતાં જે કોઇ જે વિદ્યા શીખવા ઇચ્છતા તેને તે વિદ્યા પ્રેમથી શીખવતા અને કશું વેતન સ્વીકારતા નહીં. કોઇ વેદાધ્યયન કરતું હતું, તો કોઇ ગૂઢ શાસ્ત્ર સદ્‌ભાવથી શીખતું હતું અથવા વિદ્યાર્થી સમુદાયને વાસુદેવ પ્રેમપૂર્વક પંચકાવ્ય શીખવતા હતા. (૫૬-૫૮). આ રીતે વિદ્યા શીખવતા વાસુદેવને બધા હર્ષભેર 'શાસ્ત્રીબુવા' નામે બોલાવતા અને પ્રણામ કરતા. (૫૯). પોતે વૈરાગ્યયુકત હોવાથી જરૂર વગર કોઇ દિવસ વસ્તુનો નકામો સંગ્રહ કરતા નહીં.③ (૬૦).

એમનાં દૃઢ વિવેક-વૈરાગ્ય જોઇને વિદ્વાન લોકો પોતાના મનમાં તર્ક પૂર્વક વિચારતા કે ધર્મ સ્થાપવા માટેનો આ કોઇ દૈવી અવતાર હશે. એમાં શંકાને સ્થાન નથી. આવું વિચારી તેઓ શાસ્ત્રના બધા ગૂઢ પ્રશ્નો લઇને તેના નિરાકરણ માટે શાસ્ત્રીબુવાની પાસે જતા અને એ અંગે એ જે અભિપ્રાય આપે તે મુજબ તેઓ ખાસ વર્તતા. (૬૧-૬૩). શાસ્ત્રીબુવા હંમેશાં નિયમપૂર્વક દત્તપાદુકા સાથે પંચાયતન દેવની પૂજા કરતા. અભ્યાગત અને અતિથિને સાક્ષાત્ દેવ માનીને તેમનો સત્કાર કરતા અને બ્રાહ્મણોની સેવામાં એકદમ તત્પર રહેતા. (૬૫).

અનાથ બ્રાહ્મણના શબનો સંસ્કાર કરવા માટે કોઇ ન હોય તો તરત જ વાસુદેવ પોતે અગ્નિ સંસ્કાર કરતા. (૬૬). કેવળ લોકોનું કલ્યાણ કરવા માટે જ જ્યોતિષ અને વૈદું શીખ્યા હતા અને જરૂર પડે ત્યારે સલાહ આપીને લોકોને મદદરૂપ બની સંતોષ આપતા. (૬૭). આઠ વરસની ઉંમરથી જ ત્રિકાલ સ્નાન અને સંધ્યા કરતા અને શુદ્ધ આચાર રાખતા. વાહનમાં બેસતા નહીં અને હંમેશાં પગે ચાલીને જ પ્રવાસ કરતા. શુદ્ધતાનો આગ્રહ રાખતા, પગમાં પાદુકા કે જોડા પહેરતા નહીં અને માથે છત્રી રાખે નહીં. ગરમી-ઠંડીને સહન કરતા. તેમજ અગિયારસ જેવાં વ્રતો વિધિપૂર્વક કરતા હતા. (૬૮-૭૦).

કોઇની સાથે કયારેય પણ વાદ વિવાદ કરે નહીં અને લોકોને શિક્ષણ આપવાના હેતુથી એ ભગવદ્ સ્વરૂપ હંમેશાં વિનયપૂર્વક વર્તતા.④ (૭૧). એમને શોક કે મોહ સ્વપ્ને પણ વિઘ્ન કરતા ન હતા. એમની પ્રફુલ્લિત મુખાકૃતિ હંમેશાં હસમુખી જ રહેતી. (૭૨). પછી વાસુદેવે વિધિપૂર્વક ચાંદ્રાયણ વ્રત કર્યું અને ત્યારબાદ શાસ્ત્રોકત નિયમાનુસાર ગાયત્રીનું પુરશ્ચરણ કર્યું. (૭૩). યતિશ્રેષ્ઠ દત્તાવતારી શ્રીપાદશ્રીવલ્લભ જે સ્થળે આજે પણ હાજરાહજૂર છે તે પાવનકારી ક્ષેત્ર કે જયાં શ્રીનૃસિંહસરસ્વતી સ્વામીએ બાર વર્ષ સુધી તપ કર્યું હતું તે નૃસિંહવાડી-નરસોબાની વાડી જે એમનું હંમેશનું નિવાસ સ્થાન છે ત્યાં જવા માટે શાસ્ત્રીબુવાનું મન દોડતું હતું. પોતે સ્વયં દત્તાવતારી હોવાથી એમને એ સ્થાન ગમતું હતું. (૭૪-૭૬).

જ્યાં ભકતવત્સલ ભગવાન સ્વયં સાક્ષાત્ વસી રહ્યા છે તે નરસોબાની વાડી એ નિશ્ચિતરૂપથી ભગવાન દત્તાત્રેયની રાજધાની છે એમ માન. (૭૭). તેઓ ત્યાં પોતાના ભકતોની મનોકામના પૂર્ણ કરે છે અને જો વ્યકિત પૂર્ણ અધિકારી હોય તો એને પોતાના સ્વરૂપવાળો કરી દે છે. (૭૮).

નરસોબાની વાડીમાં દર વર્ષે શ્રીપાદશ્રીવલ્લભ યતિની સમારાધના થતી હતી. એ જ રીતે નારાયણ સ્વામીની સમારાધના પણ ધામધૂમથી ઊજવાતી. આ ઉત્સવમાં ઘણા બધા ભકતો એક બીજાને મળતા. આ ઉત્સવમાં શાસ્ત્રીબુવા પણ જતા. (૭૯-૮૦).

વાસુદેવ વારે વારે પ્રેમથી વાડી જતા હતા. આ સાંભળીને નિરંજને ખૂબ વિનયથી પ્રશ્ન કર્યો કે આ વળી નારાયણ સ્વામી કોણ થઇ ગયા કે જેની આરાધના ભકતજનો પ્રેમથી કરે છે? ખરેખર પ્રભુની અગમ્ય લીલાને ધન્ય છે. અજાણ બનીને પોતે જ પોતાનો ઉત્સવ જોવાનું કૌતુક કરે છે. (૮૧-૮૨). મને નારાયણ સ્વામી વિશે સવિસ્તર કહો એવી હું તમને પ્રાર્થના કરું છું. આ સાંભળીને શ્રીયોગીશ્વર શ્રીઅલખે તરત જ કહ્યું કે આગળ ઉપર એનો અપૂર્વ **રંગ** રેલાશે. આ અધ્યાયમાં બાળલીલા વગેરેનું વર્ણન કર્યું જે સાંભળવાથી આલોકમાં અને પરલોકમાં દુ:ખ રહેશે નહીં. (૮૩-૮૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'બાલલીલાદિવર્ણન'** નામનો **એકસો સાતમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૦૭

(૧) આ દોહરો હૃદયમાં કોતરી રાખવા જેવો છે. 'સુખસ્ય દુ:ખસ્ય ન કોઽપિ દાતા, પરો દદાતીતિ કુબુદ્ધિરેષા'વાળો શ્લોક પણ આ જ વાત કરે છે. સુખ કે દુ:ખ બીજો કોઇ આપે છે એવું વિચારવું એ જ દુર્બુદ્ધિ છે. સુખ અને દુ:ખ વ્યક્તિએ કરેલાં કર્મોનું જ ફળ છે. કર્મ કરતી વખતે ધ્યાન આપી સાચું હોય તે જ કરવું એવું દૃઢપણે માની જે જીવે છે તેને રડવાનો વારો આવતો નથી. પૂ.પ્રેમ અવધૂતજીએ કરેલી વાત યાદ રાખવા જેવી છે. માએ દીકરીને ઘઉં વીણી દળાવી લાવવા જણાવ્યું. રમવાની ઉતાવળમાં ઘઉં જોયા ન જોયા કરી દળાવી નાંખ્યા. બીજે દિવસે એ ઘઉંના લોટની રોટલી ખાતાં રોટલીમાં કાંકરી ચવાતાં દીકરીએ ફરિયાદ કરી. તો માતાએ કહ્યું કે ઘઉં વીણતાં કાળજી રાખી હોત, તો ખાતી વખતે ફરિયાદ કરવાની ના રહેત.

(૨) દોહરા ૩૩ થી ૩૫ સરસ શિખામણ આપી જાય છે. વડીલો દ્વારા શરૂ થયેલું સત્કાર્ય ચાલુ રહેવું જોઇએ. બને તો એમાં વધારો કરવો પરંતુ એ સત્કાર્ય બંધ તો ન જ કરવું. વડીલોની પણ ફરજ છે કે એમણે જોવું જોઇએ કે એમણે શરૂ કરેલી સત્પ્રવૃત્તિને સંતાનો સાચવે અને બને તો એમાં વધારો કરે. સત્કાર્યો શરૂ કરવું જેમ મહત્ત્વનું છે તેમ સત્કાર્ય પરંપરાગત ચાલુ રહે એ જોવું પણ મહત્ત્વનું છે. વડીલોએ સાવધાની રાખીને આવી પરિસ્થિતિ સર્જવાની છે.

(૩) જે અનન્ય ચિત્તે નિષ્કામભાવે ભગવાનને ભજે છે તેનાં યોગક્ષેમનું ભગવાન વહન કરે છે એ ગીતા વાક્યમાં (અધ્યાય-૯ / શ્લોક-૨૨) દૃઢ વિશ્વાસ રાખીને સાધકે સંગ્રહવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ. વૈરાગ્યનો ઉદય થાય તો તેની પ્રતીતિ જ સંગ્રહવૃત્તિનો ત્યાગ છે. સંગ્રહ કરવાની વૃત્તિ એ બિનસલામતિની ભાવનાનું દ્યોતક છે. "મને જ્યારે જે વસ્તુની જરૂર પડશે ત્યારે તે વસ્તુ મને ગુરુ મહારાજ આપશે" એવો દૃઢ ભરોસો જાગે તો જ સંગ્રહ કરવાનું બંધ થાય. 'આવેલું બધું લૂંટાવી દેવાની વૃત્તિ' એ સંતનો ભગવાનમાં રહેલો દૃઢ ભરોસો સૂચવે છે.

(૪) દોહરા ૬૮ થી ૭૨માં છેલ્લો દોહરો એ પરિણામ છે. વાસુદેવ ત્રિકાળ સ્નાન સંધ્યા કરે, પવિત્રતાથી વર્તે, વાહનમાં બેસે નહીં, સ્પર્શાસ્પર્શનો ખ્યાલ રાખે, પગમાં પગરખાં પહેરે નહીં, માથે છત્રી ઓઢે નહીં, ઠંડી-ગરમી સહન કરે એટલે કે તિતિક્ષાવૃત્તિ રાખે, અગિયારસનાં વ્રતો કરે અને છેલ્લું કોઈની સાથે વાદવિવાદ ના કરે. વાદવિવાદ એ ઝઘડાનું અને અહંકાર વધારવાનું મૂળ છે. 'વધે વાદવાદે જ એ વેરઝાળ, બળે ઝાળમાં પ્રેમનો તંતુ ભાળ' એવું પૂ.શ્રીએ 'દત્તનામ સ્મરણ'માં આ જ અર્થમાં લખ્યું છે. પોતાના જીવનનો આચાર શુદ્ધ થાય એટલે પરિણામે વ્યક્તિ શોક મોહથી પર થાય.

વાદવિવાદમાં આપણે સાચા સાબિત થઈએ તો અભિમાન આવે અને હારી જઈએ તો મનમાં દુ:ખ થાય. સારા સંબંધોનો અંત લાવવામાં વાદવિવાદ જ મૂળ કારણ બને છે.

●

અધ્યાય : ૧૦૮

આ અધ્યાયનું નામ **'નારાયણ સ્વામી વર્ણન'** છે. આ અધ્યાયમાં ૧૧૮ દોહરા છે.

અલખ નિરંજનને કહે છે કે નૃસિંહવાડીમાં નારાયણ સ્વામી નામે દત્તના એક પરમ ઉપાસક સંત થઇ ગયા. કર્ણાટકમાં જન્મેલા નારાયણ એક વાર પેશ્વાને મળવા પુના ગયા તો ત્યાં શાસ્ત્રી સમુદાયમાં તિરસ્કૃત થયા. આ અપમાનનો બદલો વાળવા કાશી ગયા અને ગુરુ પાસે શાસ્ત્રાભ્યાસ કર્યો. અભ્યાસ પૂર્ણ કર્યા પછી 'દક્ષિણામાં શું આપું?' એવું શ્રીગુરુને પૂછતાં એમણે કહ્યું કે તું મારી પાસેથી શીખેલી વિદ્યા પાછી આપી દે કારણ કે તું એ દ્વારા બ્રાહ્મણોનું અપમાન કરવા ઇચ્છે છે. નારાયણ ટકોર સમજી ગયા અને વિદ્યાનો દુરુપયોગ નહિ કરવાનું વચન આપ્યું. એટલે શ્રીગુરુએ અંતરના આશીર્વાદ આપ્યા. નારાયણ ત્યાંથી વાડીમાં આવ્યા. (૧-૨૦).

નારાયણ ગૃહસ્થાશ્રમી થયા. બે નાની દીકરીને મૂકીને પત્ની મૃત્યુ પામ્યાં. નારાયણની દત્તોપાસના ઉત્તરોત્તર વધતી જતી હતી. રાત્રે કન્યાને સુવાડીને પછી ધ્યાન ધરતા હતા. એક વાર ધ્યાનમાં લીન થઇ ગયા ત્યાં એક દીકરી જાજરૂ જવા જાગી. નારાયણ સ્વામી તો ધ્યાનમાં લીન હતા એટલે દત્તપ્રભુએ નારાયણ સ્વામીનું રૂપ લઇને પરિસ્થિતિ સંભાળી લીધી. નારાયણ સ્વામીને આ વાતની ખબર થતાં બંને દીકરીઓ પોતાના ભાઇને સોંપી ધ્યાનમાં સમય પસાર કરવા લાગ્યા. (૨૧-૪૨).

એક દિવસ પંચગંગાના ઘાટ ઉપર પ્રગટ થઇને દત્ત ભગવાને નારાયણને સંન્યસ્તની દીક્ષા આપી. તેમને સંન્યાસીના વેશમાં જોતાં લોકોએ આકરી ટીકા કરવા માંડી. પછી તો ભગવાન પણ એમનું ઉપરાણું લઇને લોકોને ચમત્કાર દર્શાવવા લાગ્યા. (૪૩-૭૪).

વાડીના કેટલાક માણસો સાથે પગપાળા રામેશ્વરની યાત્રાએ જતાં રસ્તે મળેલા વાઘના પગમાંથી કાંટો કાઢવાનો પ્રસંગ થયો અને યાત્રામાંથી પાછા ફરતાં પરલી વૈજનાથમાં મૃત્યુ પામેલા એક બ્રાહ્મણપુત્રને સજીવન કરવાની લીલા કરી. ચૈત્ર માસની અમાસે સમાધિ લીધી. આવા નારાયણ સ્વામીની સમારાધનાનો ઉત્સવ નૃસિંહવાડીમાં ઊજવાતો હતો. (૭૫-૧૧૮).

અલખ નિરંજનને કહે છે કે હે નિરંજન ! નૃસિંહવાડીમાં દત્તના પરમ ઉપાસક એવા નારાયણ સ્વામી નામના એક સંન્યાસી થઇ ગયા. (૧). દત્તના ચિંતનમાં સદા રચ્યાપચ્યા રહીને એ પોતે જ દત્ત સરખા થઇ રહ્યા જેનાં દર્શનમાત્રથી આ સંસારરૂપી કૂવો સુકાઇ જાય છે. (૨). કર્ણાટકમાં તેમનો જન્મ થયો હતો અને નામ નારાયણ હતું. પૂર્વાશ્રમમાં એક દિવસ વિચાર આવ્યો કે લાવ પુના જઇને પેશ્વાને મળું. એમ વિચારીને પુના જતાં ત્યાં શાસ્ત્રી સમુદાયમાં ખૂબ જ તિરસ્કૃત થયા. (૩-૪). ભરી સભામાં અપમાન થયું તેથી મન ચિંતાતુર થયું અને વિચાર્યું કે કાશીમાં જઇને બધાં શાસ્ત્રોનો અભ્યાસ કરીને પછી આ સભાને જીતી લઉં. મનમાં આવું અભિમાન ધરીને

તેઓ કાશીમાં આવ્યા.(૫-૬).

બનેલી પોતાની બધી વિગતો ગુરુને ખાસ કહી સંભળાવી અને પછી ગુરુની સેવા કરતાં કરતાં શાસ્ત્રનો અભ્યાસ કરવાનું શરૂ કર્યું. (૭). અભ્યાસ પૂરો થતાં ગુરુને દક્ષિણા આપીને પોતાના ઘરે જવાનો મનમાં વિચાર કરીને પછી શ્રીગુરુને પ્રાર્થના કરતાં પૂછ્યું કે હે ગુરુ ! આ સેવક પાસે યોગ્ય જણાય તે ગુરુદક્ષિણા માગો. જેથી એ દક્ષિણા તરત જ આપી દઉં. (૮-૯). એટલે શ્રીગુરુ તરત બોલ્યા કે દક્ષિણામાં મારી પાસે તું જે જે વિદ્યા શીખ્યો છે તે તે બધી વિદ્યા મને પાછી આપી દે, કારણ કે તું તો મારી પાસેથી જે વિદ્યા શીખ્યો છે તેનાથી બ્રાહ્મણોનું અપમાન કરવાનું મનમાં વિચારે છે. સભામાં જઇ નિરર્થક રીતે વાદવિવાદ કરીને જે કોઇ બ્રાહ્મણનું અપમાન કરે છે તે બ્રહ્મરાક્ષસ થાય છે. (૧૦-૧૨).

આ વાત સાંભળીને ત્યાં નારાયણ તરત જ બોલ્યા કે હે ગુરુશ્રેષ્ઠ ! મારી આગળની મેળવેલી વિદ્યા સહિત અહીં આપની પાસેથી જે વિદ્યા શીખ્યો છું તે બધી વિદ્યા આપનાં ચરણકમળમાં ગુરુદક્ષિણાના રૂપમાં સમર્પિત કરી દઉં છું. પ્રાણાંતે પણ એ વિદ્યાનો હું ઉપયોગ કરીશ નહીં. આમ જે વિદ્યા શીખતાં દેહાભિમાન વધતું હોય તો તે વિદ્યા વિદ્યા નથી પરંતુ અવિદ્યા છે અને એ સાધકને તરત જ ઘોર નરકમાં પાડે છે.① (૧૩-૧૬). નારાયણની આવી વિવેકભરી વાણી સાંભળીને શ્રીગુરુ મનમાં તરત જ ખૂબ પ્રસન્ન થયા. (૧૭). એને આશિષ આપતાં ત્યાં બોલ્યા કે હે શિષ્યશ્રેષ્ઠ ! દેહાભિમાન ત્યજીને તેં તારી વિદ્યા મને અર્પણ કરી દીધી છે એટલે તારા ઉપર ભગવાનની પૂર્ણ કૃપા ઊતરશે અને તું મારી આશિષથી જલદીથી નિર્વાણપદને પામીશ. (૧૮-૧૯). આ પ્રમાણે આશિષ પામીને, ગુરુને વંદન કરીને નારાયણ પોતાની પત્ની સાથે નરસોબાની વાડીમાં આવ્યા અને ગૃહસ્થાશ્રમમાં પરમ આનંદથી રહેવા લાગ્યા અને રાત દિવસ ભાવથી દત્તની ઉપાસના કરવા લાગ્યા. (૨૦-૨૧).

સમય જતાં પ્રારબ્ધવશાત્ બે નાની દીકરીઓને મૂકીને પત્ની મૃત્યુ પામી. (૨૨). નારાયણ હવે સોઽહં મંત્રે ઇષ્ટદેવનું ધ્યાન ધરતા હતા. એક દિવસ રોજના નિયમ પ્રમાણે બંને દીકરીઓને સુવડાવીને, બ્રહ્મરંધ્રમાં પ્રાણ સ્થિર કરીને દત્તનું ધ્યાન ધરતા હતા ત્યાં જ દીકરીને જાજરૂ જવું હતું તેથી જાગી ગઇ અને 'બાપુ' 'બાપુ' એમ બોલીને જોરથી બૂમો પાડવા લાગી. (૨૩-૨૫).

નારાયણનું ચિત્ત તો દત્તધ્યાનમાં એકરસ થઇ ગયું હોવાથી એને દેહનું તલમાત્ર ભાન ન હતું. એટલે દીકરી બૂમો પાડતી હતી છતાં એ સાંભળતા ન હતા તેથી ભક્તાધાર દત્તપ્રભુએ શું કર્યું તે સાંભળ. (૨૬-૨૭). દત્તપ્રભુએ જાતે નારાયણનું રૂપ લઇ લીધું અને તરત જ ઘરમાં દીવો સળગાવીને દીકરીનો હાથ પકડીને એ દીકરીને વાડામાં લઇ જઇ જાજરૂ જવા બેસાડી અને પછી પોતાના હાથે એની ગુદા પણ સાફ કરી. (૨૮-૨૯). પાછા ઘરમાં આવીને દીકરીને ગળ્યું ખાવાનું આપીને મીઠા મીઠા બોલ બોલીને રમાડવા લાગ્યા. (૩૦).

થોડી વારે નારાયણને દેહભાન આવ્યું એ જોઇને દત્તપ્રભુ તરત જ અંતર્ધાન થઇ ગયા. (૩૧). દીકરીને જાગતી જોઇને અને ઘરમાં દીવો બળતો જોઇને નારાયણે ત્યારે કન્યાને પૂછ્યું કે બેટા ! તું કહે કે આ દીવો કોણે સળગાવ્યો? દીકરીએ તરત કહ્યું કે બાપુ તમે તો તમારા હાથે દીવો સળગાવીને મને તમે જાતે બહાર જાજરૂ જવા લઇ ગયા હતા અને મારી ગુદા પણ ધોઇ હતી. મને આ ગળ્યું ખાવાનું આપીને તમે મને અહીં રમાડતા હતા. પછી

મને કેમ આમ પૂછો છો? એનાં આવાં વચનો સાંભળીને નારાયણ બોલ્યા કે તને મેં જ્યાં જાજરૂ જવા બેસાડી હતી તે જગા બતાવ અને તારી ગુદા ધોઇ તે બતાવ. (૩૨-૩૬).

આ વચનો સાંભળીને ત્યારે કન્યાએ પિતાને તરત જ બંને જગા બતાવી. એ જોઇને દ્વિજશ્રેષ્ઠ મનમાં ખૂબ જ દુ:ખી થયો અને ગળગળો થઇને રડવા લાગ્યો. કંઠ રૂંધાયો હોવાથી મોંમાંથી શબ્દ પણ નીકળતા ન હતા. (૩૭-૩૮). મનમાં બોલ્યો કે હે દયાના સાગર દત્તપ્રભુ ! હે ભકતવત્સલ ! અરેરે ! મારે માટે આવું હલકું કામ કેમ કર્યું? (૩૯). આ જગતમાં મારા જેવો ભાગ્યફૂટ્યો દુષ્ટ માણસ બીજો કોઇ નથી. અરેરે ! મેં દેવની અઘટિત સેવા લીધી. (૪૦).

આ રીતે ત્યાં અતિશય દુ:ખ કરી, બીજે જ દિવસે એ સુજ્ઞ પુરુષે બંને કન્યાઓ પોતાના ભાઇને સોંપી દીધી. (૪૧). આમ બંધનમુકત થઇને ઇશ્વરના ધ્યાનમાં હંમેશાં સમય પસાર કરવા લાગ્યા. આ રીતે કેટલોક સમય પસાર થઇ ગયો. (૪૨).

એક દિવસ દયાઘન દત્તપ્રભુ પંચગંગાના ઘાટ પર સુંદર દેહ ધરીને પ્રગટ થયા અને નારાયણ પાસે પ્રેષોચ્ચાર કરાવીને, એને નગ્ન કરીને જાતે સંન્યસ્તની દીક્ષા આપી. (૪૩-૪૪). હાથમાં દંડ-કમંડળ લઇને જ્યાં નારાયણ ગામમાં આવ્યા ત્યાં જ બધા લોકો નિંદા કરતાં કહેવા લાગ્યા કે બ્રાહ્મણ સંન્યાસી વિના તમને દંડ કોણે આપ્યો? અમસ્તાં ભગવાં કપડાં પહેરીને અદાકારની માફક અહીં આવી ગયો ! (૪૫-૪૬). આમ કહીને લોકોએ એનો બહિષ્કાર કર્યો તો પણ મનમાં જરા પણ દુ:ખ થવા ના દીધું. (૪૭).

જેની વૃત્તિ હંમેશાં બ્રહ્માકાર રહેતી હોય તેને મન નિંદા અને સ્તુતિ બંને સરખાં જ છે પછી એ શું કામ દુ:ખી થાય? (૪૮). તેમ છતાં આ વાત દત્ત ભગવાનથી સહન ના થઇ અને ભકતને માટે કરીને એમણે ત્યાં ચમત્કાર કર્યો.② (૪૯).

નારાયણ સ્વામી જ્યાં ધ્યાનસ્થ અવસ્થામાં બેસતા હતા તે મઠદ્વારમાં ભકતપ્રિય દત્તપ્રભુ ગુપ્તપણે રહીને, દેવદર્શને આવતા લોકો આવીને સ્વામીને 'નમો નારાયણ' કહીને પગે લાગતા ત્યારે દત્તપ્રભુ પોતે એના પ્રત્યુત્તરરૂપે હંમેશાં 'નારાયણ' એવું કહેતા. આ સાંભળીને દરેક જણ આશ્ચર્યચકિત થઇને કહેતું કે સ્વામી ધ્યાનસ્થ દશામાં બેઠા છે તો પછી આ 'નારાયણ' શબ્દ કોણ બોલે છે? (૫૦-૫૩). મઠાધિપતિના કાને આ વાત જતાં પોતે ધ્યાનથી એ શબ્દ સાંભળીને પોતાની રીતે શોધ ચલાવી અને આખરે દૃઢ નિશ્ચય કર્યો કે આ સ્વામીનો અવાજ જ નથી. એ કોઇ બીજાની જ વાણી છે. હું જોઉં કે એ કોણ બોલે છે? (૫૪-૫૫). એમણે ઘણા પ્રયત્નો કર્યાં છતાં ખબર ના પડી કે એ કોનો અવાજ છે. એક દિવસ મઠાધિપતિ પોતાના ઇષ્ટદેવનું ધ્યાન ધરીને ભાવથી ભગવાનને નૈવેદ્ય અર્પતા હતા ત્યાં જ તેમની કોણી ભીંત સાથે અથડાઇ. પરિણામે ધ્યાનમાં ભંગ પડ્યો અને બધું નૈવેદ્ય પડી ગયું. ધ્યાન ધરવાનું સ્થાન એકદમ સાંકડું હોવાથી આમ બન્યું હતું. (૫૬-૫૮).

આ જે બન્યું તે કોઇએ જોયું ન હતું. ત્યાં જ માધુકરી લઇને આવેલા નારાયણે પોતાના મનથી આ બધું જાણી લીધું અને પછી મઠાધિપતિને કહ્યું કે થોડી મોકળાશવાળી જગ્યા કરીને, દેવનું ચિત્તમાં ધ્યાન ધરીને નૈવેદ્ય ધરાવશો તો ધ્યાનમાં ભંગ નહિ થાય અને યોગ્ય રીતે પૂજન પણ થશે. (૫૯-૬૧). આ સાંભળીને તે જ ક્ષણે

મઠાધિપતિએ ઊભા થઇને નારાયણને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. (૬૨). અનેક રીતે પ્રાર્થના કરીને પોતાના અપરાધની કરગરીને માફી માગી ત્યારે નારાયણ સ્વામી બોલ્યા કે આમાં તમારો લેશમાત્ર દોષ નથી. મેં જ્યારે સંન્યાસ ગ્રહણ કર્યો ત્યારે ત્યાં બીજું કોઇ જ ન હતું. કોઇએ બ્રાહ્મણ સંન્યાસીને જોયા પણ નહીં તેથી બધાના મનમાં શંકા થઇ એ સ્વાભાવિક છે. (૬૩-૬૫).

બ્રાહ્મણ વગર બીજા કોઇથી દીક્ષા આપી શકાય નહીં અને સંન્યાસી વિના બીજા કોઇથી દંડ આપી શકાય નહીં. (૬૬). આને કારણે બધા લોકો આ રીતે મારી નિંદા કરતા હતા તેમાં આશ્ચર્ય જેવું કશું જ નથી. આજે તમે બધી વાત સાંભળો. પંચગંગાના ઘાટ પર તે દિવસે સાચે જ ભકતોના આધાર, ભકતોનું યોગક્ષેમ વહન કરનાર દયાળુ દત્તપ્રભુએ પ્રગટ થઇને મને સંન્યસ્તની દીક્ષા આપી. પહેલી ડૂબકી મારીને સ્નાન કરતાંની સાથે મુંડન થઇ ગયું. બીજી ડૂબકી મારીને સ્નાન કરતાં વસ્ત્રો આપીને કાનમાં પ્રેષોચ્ચાર કર્યો અને ત્રીજી ડૂબકી મારીને સ્નાન કરતાં જ દંડ-કમંડળ વગેરે પ્રેમથી હાથમાં આપ્યાં અને અત્રિનંદને નારાયણ સરસ્વતી એવું મારું નવું નામ રાખ્યું. (૬૭-૭૧). આને કારણે મારા સદ્‌ગુરુ ભકતપ્રિય દત્તપ્રભુ જ છે અને એમની આજ્ઞાનુસાર જ હું વર્તું છું તે તમે શંકા રાખ્યા વગર જાણો. (૭૨). આ બધું સાંભળીને બધા લોકો શરમાઇ ગયા અને પોતાના અપરાધની ક્ષમા માગીને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. (૭૩). તે દિવસથી કોઇએ સ્વપ્નમાં પણ એમની નિંદા કરી નથી. એમને પ્રત્યક્ષ દત્ત માનીને એમના પર સદ્‌ભાવ રાખતા હતા. (૭૪).

આ પછી કેટલાક દિવસો બાદ વાડીના કેટલાક લોકોની સાથે તેઓ સેતુબંધુ રામેશ્વરની પગપાળા યાત્રાએ જવા નીકળ્યા. રોજે રોજ ચાલતાં ચાલતાં રસ્તો કપાતો હતો. ત્યાં એક દિવસ વનમાં તેમણે જોયું તો એક ભયંકર વાઘ રસ્તો રોકીને ઊભો હતો. વાઘને જોઇને બધા ગભરાયા. (૭૫-૭૭). તે વખતે નારાયણ સ્વામી દોડીને વાઘની પાસે ગયા અને એના શરીર પર હાથ ફેરવી પ્રેમથી બોલ્યા કે અરે ! તું રસ્તાની વચ્ચે આમ ઊભો છે તેથી આ લોકો ગભરાય છે. અહીં આમ કેમ ઊભો છે? જા ! સુખેથી વનમાં જતો રહે ! (૭૮-૭૯). એવામાં સ્વામીની નજર એ વાઘના પગ પર પડી. એમણે પળવારમાં જોઇ લીધું કે વાઘના પગમાં કાંટો છે. નાની છરી મંગાવીને એનાથી કાંટો કાઢીને પ્રેમપૂર્વક કહ્યું કે બેટા ! હવે રસ્તો છોડીને જતો રહે. (૮૦-૮૧). સ્વામીનાં એવાં વચનો સાંભળીને વાઘ વનમાં જતો રહ્યો. આ જોઇને સાથેના બધા માણસો આશ્ચર્યથી દંગ થઇ ગયા. (૮૨). બે હાથ જોડીને સ્વામીને માનપૂર્વક વંદન કરીને એમની સ્તુતિ કરી. પછી પ્રભુ બધાની સાથે રામેશ્વર ગયા. (૮૩).

વિધિપૂર્વક યાત્રા પૂરી કરી પાછા ફરતાં સાથેના લોકો સાથે ઝડપથી પરલી-વૈજનાથના જ્યોતિર્લિંગે આવ્યા. સાથેના લોકોને છોડીને, જેની ગતિવિધિ અનુમાની ન શકાય એવા નારાયણ યતિ એકલા ગામમાં ગયા. (૮૪-૮૫). એ ગામમાં એક બ્રાહ્મણનો વીસ વરસનો પુત્ર મૃત્યુ પામ્યો હતો અને બ્રાહ્મણો એના અગ્નિસંસ્કાર કરવા માટે એને બાંધતા હતા. (૮૬). સ્વામીએ પોતાની સગી આંખે-નજરોનજર આ જોયું, છતાં 'નારાયણ' કહીને ભિક્ષા માગી. બ્રાહ્મણવૃંદ બોલ્યું કે હે સ્વામી ! તમે તમારી સગી આંખે જુઓ છો કે વીસ વરસનો પુત્ર મૃત્યુ પામ્યો છે અને અમે શબને બાંધીએ છીએ તેમ છતાં આવા કપરા સમયે તમે ભિક્ષા માગો છો? તમારા અજ્ઞાનને માટે શું કહેવું? આપ તો તપના ભંડાર છો અને સર્વજ્ઞ છો પછી કેમ અજાણ્યા બનો છો? (૮૭-૮૯).

આ સાંભળીને સ્વામી બોલ્યા કે તમારે ભિક્ષા ના આપવી પડે એટલા માટે આવું જૂઠું શું કામ બોલો છો? (૯૦). જો એ જીવતો હોય તો શું ભિક્ષા આપશો? આ સાંભળીને લોકો અંદરોઅંદર કહેવા લાગ્યા કે માનો યા ના માનો પણ આ સ્વામી ચોક્કસ ભકતાભિમાની ભગવાન શંકર જ છે. નહિતર આવી નિર્ભયતાપૂર્વક વાતો ના કરે. (૯૧-૯૨). મનમાં આવો દૃઢ નિશ્ચય કરીને તેઓએ સ્વામીને કહ્યું કે હે પ્રભુ ! જો તમે અમને આ દુ:ખમાંથી મુકત કરશો તો અમે તમારી પૂજા કરીને તમને જરૂરથી ભિક્ષા આપીશું. હે પ્રભુ ! અમારા ગરીબની મદદે દોડો. (૯૩-૯૪).

એટલે સ્વામી બોલ્યા કે એને અહીં નકામો શું કામ બાંધ્યો છે? એને છોડીને તમે બધા દૂર જઇને બેસો. એટલે પછી હું જોઉં કે એને શું થયું છે? આ સાંભળતાં જ પ્રેતનાં બંધન છોડીને એ બધા બ્રાહ્મણો દૂર જતા રહ્યા. (૯૫-૯૬). કૃપાસાગર નારાયણ સ્વામીએ પ્રેતની પાસે જઇને એના પર અમીદૃષ્ટિ કરી અને એનામાં જીવન પ્રેર્યું. (૯૭). બ્રાહ્મણનો પુત્ર જીવતો થઇને વાતો કરવા લાગ્યો. ત્યાં જ સંન્યાસીઓમાં ઇંદ્ર સમાન એવા સ્વામી ત્યાંથી અદૃશ્ય થઇને આ બાજુ એમની વાડીના લોકોની મંડળીમાં આવી ગયા. પરળીના બ્રાહ્મણો આશ્ચર્યમગ્ન થઇને કહેવા લાગ્યા કે એ સંન્યાસીશ્રેષ્ઠ અમને કયાં મળશે? મનમાં આકુળવ્યાકુળ થઇને એમણે શોધ કરવા માંડી તો સ્વામીને વાડીના લોકોની મંડળીમાં જોયા. જોતાંની સાથે એમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને અત્યંત આગ્રહપૂર્વક ભિક્ષા લેવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. (૯૮-૧૦૧).

આ જોઇને એમની સાથેના વાડીના લોક વિચારમાં પડ્યા કે આ લોકો આમ વારે વારે પ્રાર્થના કરીને ભિક્ષા માટે કેમ આગ્રહ કરે છે? (૧૦૨). આવું વિચારીને એમણે ગામલોકોને કહ્યું કે રસોઇ થતાં સ્વામીજી રોજ જ અમારી સાથે પ્રેમપૂર્વક ભિક્ષા કરે છે. એ જ રીતે આજે પણ ચોક્કસ અહીં જ ભિક્ષા કરશે. આ સાંભળતાં બ્રાહ્મણોની ધીરજ ખૂટી ગઇ અને આનંદ અને ઉત્સાહમાં આવી જઇને આનંદનાં આંસુથી ઉભરાતી આંખે અને ગદ્‌ગદ્ કંઠે બોલ્યા કે અમે શું બોલીએ? આ સ્વામી ખરેખર સાક્ષાત્ ભગવાન શંકર જ છે. હે વાડીના સુજ્ઞ લોકો ! એમણે આજે તો મૃત્યુ પામેલા બ્રાહ્મણપુત્રને જીવતો કર્યો છે. (૧૦૩-૧૦૬). એ ઉપકારનો શું બદલો વાળી શકીએ? અમને કાંઇ સૂઝતું નથી. આ સાંભળીને વાડીના લોકો આશ્ચર્યમાં પડી ગયા. (૧૦૭).

સાથેના બધા લોકોએ સ્વામીને પ્રાર્થના કરી કે હે યતિરાય ! આપ ભિક્ષા માટે જઇને ગામના લોકોની મનોકામના પૂરી કરો. (૧૦૮). એમની આ પ્રાર્થના સ્વીકારીને વાડીના લોકોને સાથે લઇને એમણે એ બ્રાહ્મણના ઘરે ભિક્ષા લીધી અને આશિષ આપી. (૧૦૯). પછી વાડીના લોકોની મંડળી સાથે વાડીમાં પાછા આવીને નિજાનંદની મસ્તીમાં રહેવા લાગ્યા. એમનો મહિમા અહીં કોણ જાણી શકે એમ છે? (૧૧૦). શક સત્તરસો સત્તાવીસ (સંવત ૧૮૬૦)ની ચૈત્રી અમાસે નારાયણ સ્વામીએ સમાધિ લીધી. (૧૧૧).

જ્યારે શરીર છોડ્યું ત્યારે તે સમયે સ્વામી બોલ્યા કે હું જ્યાં રોજ સંધ્યા કરતો હતો તે સ્થાનને દિવસમાં ત્રણ વાર વાળી ઝૂડીને અને પાણી છાંટીને જે પવિત્ર રાખશે તેના પર દત્ત ભગવાન પ્રસન્ન થશે અને તેને અંતે સદ્‌ગતિ આપશે. આવું બોલીને એ તરત જ આત્મામાં લીન થઇ ગયા.③ (૧૧૨-૧૧૪).

આગળ જતાં ભકતોએ ત્યાં સમાધિ બાંધી અને બધા ભક્તિભાવથી સમારાધનાનો ઉત્સવ કરતા હતા. (૧૧૫).

વાસુદેવ પણ દરેક વર્ષે આ ઉત્સવમાં ભાગ લેવા એ પુણ્યધામ વાડીમાં આવતા. (૧૧૬).

ભકતની પૂર્ણ શ્રદ્ધા જોઇને જ્યાં દત્ત ભગવાન ભકતને પોતાના જેવો કરે છે એવું વાડી જેવું બીજું કોઇ ધામ નથી. (૧૧૭). અહીં કંઇ કેટલા સિદ્ધિ પામી ગયા એની વિસ્તારથી વાત આગળ ઉપર આવશે જે શ્રદ્ધા ભક્તિથી સાંભળતાં સંસારી પણ સંસાર સાગર તરી જશે. (૧૧૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'નારાયણ સ્વામી વર્ણન'** નામનો **એકસો આઠમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૦૮

(૧) 'બોદ્ધારો મત્સરગ્રસ્તા:' એવું વાકય રંગપત્રમંજૂષામાં પૂ.શ્રીએ ટાંકયું છે. સામાન્ય રીતે વિદ્વતાની ધન, સત્તા વગેરે આંગળી પકડીને અભિમાન આવતું હોય છે. એ ન આવે એ માટે સાવધાની અને ખાનદાનીની જરૂર રહે છે. 'વિદ્યા વિવાદાય, ધનં મદાય, શકિત: પરેષાં પરિપીડનાય' એ શ્લોકમાં પણ માનવ ભણે-ગણે, સાક્ષર બને એટલે બે વેંત ઊંચો ચાલે એ સહજ છે. એવું ન બને તો ભગવાનની કૃપા, ગુરુની કૃપા ગણાય. પૂ.શ્રીએ એક ભજનમાં લખ્યું છે કે :

ભણતર મોટું ભૂત, તપસી ! ભણતર મોટું ભૂત.
ગર્વ વધારે, વિનય સંહારે, ... અન્ય કહે તે જૂઠ. (અવધૂતી આનંદ/ ભજન-૧૩૪)

આપણે સાવધ રહીને જીવીએ એટલે બસ.

(૨) આ દોહરો ખાસ યાદ રાખવા જેવો છે. ભગવાનને ભકત માટે કેટલી લાગણી છે એનો આ પુરાવો છે. પોતાનું અપમાન થાય તો ભગવાન સહન કરી લે પરંતુ પોતાના ભકતનું અપમાન થાય તો તે સહન કરી લેતા નથી. એટલે ભકતે તો પોતાની રીતે સહન કરવાનું છે અને બાકીનું બધું ભગવાન પર છોડી દેવાનું છે. ન્યાય તોળવાની અને ખોટું કરનારને સજા કરવાની જવાબદારી ભગવાનની છે, એ સત્તા ભકતે વાપરવાની નથી.

(૩) નારાયણ સ્વામીએ શરીર છોડતી વખતે અંતેવાસીઓને સ્થાન શુદ્ધ રાખવાની અને એવી સેવા કરનારને સદ્‌ગતિ મળશે એમ જણાવ્યું તે યોગ્ય છે.

●

અધ્યાય : ૧૦૯

આ અધ્યાયનું નામ **'મંત્રોપદેશાદિવર્ણન'** છે. આ અધ્યાયમાં **૧૦૮** દોહરા છે.

નિરંજનની પ્રાર્થના સ્વીકારીને અલખે લીલાકથા આગળ ચલાવતાં કહ્યું કે સિદ્ધ પુરુષ વાફ્સિદ્ધિને કારણે જે કાંઇ બોલે તે સત્ય જ થાય છે. એ રીતે નારાયણ સ્વામીના કહેવા પ્રમાણે વાડીમાં રહેતાં દુર્ગાબાઇ નારાયણ સ્વામીના સંધ્યા કરવાના સ્થાનને પવિત્ર રાખીને જીવ્યાં તો સવાસો વર્ષ જીવીને અક્ષયધામ પામ્યાં. આ દુર્ગાબાઇ શાસ્ત્રીબુવાનાં માસી થતાં હતાં. (૧-૧૦).

વાસુદેવ સ્વામી પ્રથમ વાર વાડીમાં આવ્યા ત્યારે નારાયણ સ્વામીના મંદિરમાં ગોવિંદસ્વામીને મળ્યા ત્યારે ગોવિંદસ્વામીએ એમને ત્યાં રહેવા જણાવ્યું. એક દિવસ શાસ્ત્રીબુવાએ સ્વામીને મંત્રોપદેશ કરવા જણાવ્યું તો કહ્યું કે એ અધિકાર મને નથી. જેને તમારું અભિમાન હશે તે તમને મંત્રોપદેશ કરશે. શાસ્ત્રીબુવાએ વાત માની લીધી. તે દિવસે રાત્રે પાદુકા પાસે મોડેથી જપ કરવા ગયા તો મંદિરનું બારણું બંધ થતાં, શાસ્ત્રીબુવા દેવની પ્રદક્ષિણા કરવા ગયા ત્યાં જ તેજ તેજના અંબાર સમી ભવ્ય મૂર્તિએ એમને કડક શબ્દોમાં ઠપકો આપ્યો કે શયન આરતી પછી કોઇએ આવવું નહીં એ નિયમનો કેમ ભંગ કર્યો? શાસ્ત્રીબુવાએ માફી માગી વંદન કર્યાં ત્યાં જ એ સ્વરૂપ અદૃશ્ય થઇ ગયું. પોતે દત્તપ્રભુને ઓળખી ના શકયા એનું અતિશય દુ:ખ થયું. મઠમાં જઇને મૌનીસ્વામીને વાત કરી એટલે ગોવિંદસ્વામીએ કહ્યું કે દત્તપ્રભુ તમારા પર પ્રસન્ન થયા છે. પોતે ચરણસ્પર્શ ના કર્યો એ દુ:ખ વ્યકત કરતાં જ ગોવિંદસ્વામીએ કહ્યું કે તમારી એ ઇચ્છા પણ પૂર્ણ થશે અને બન્યું પણ એવું જ કે એ જ રાત્રે શયન કર્યા પછી પ્રાત:કાળે દત્તપ્રભુએ સ્વપ્નમાં દર્શન આપ્યાં. શાસ્ત્રીબુવાએ તરત જ ચરણસ્પર્શ કર્યો. દત્તપ્રભુએ જમણા કાનમાં મંત્રોચ્ચાર કરી એનું વિધાન ગોવિંદસ્વામી પાસેથી લખી લેવા જણાવ્યું. (૧૧-૬૬).

ગોવિંદસ્વામી પાસે જતાં એમણે સામેથી મંત્રનું વિધાન પોથીમાંથી લખી લેવા જણાવ્યું અને પછી કહ્યું કે તમે હવે દત્તપૂજન કરો, ધ્યાન ધરો અને ઉપનિષદોનો અભ્યાસ કરો. (૬૭-૭૮). માણગાંવનો એક શૂદ્ર ભૂતની ઉપાસનામાં કેવી રીતે પાયમાલ થયો તેનું દૃષ્ટાંત છે. (૭૯-૯૧). શાસ્ત્રીબુવાની સાધનાથી પ્રસન્ન થઇને દત્તપ્રભુએ એને અષ્ટાંગ યોગ સાધવા કહ્યું. એની વાત હવે પછીના અધ્યાયમાં. (૯૨-૧૦૮).

શિષ્ય નિરંજને ત્યાં હાથ જોડીને પ્રાર્થના-વિનંતી કરતાં કહ્યું કે પછી શી લીલા થઇ તે બધી મને વિસ્તારથી કહો. (૧). અલખ બોલ્યા કે હે નિરંજન બાળ ! તું સાંભળ. સિદ્ધપુરુષ જેમ કહે તે પ્રમાણે જે કોઇ સમજુ પુરુષ વર્તે તેની મનોવાંછના તરત જ ફળે છે. (૨). નરસોબાની એ પવિત્ર વાડીમાં દુર્ગાબાઇ નામે શાસ્ત્રીબુવાનાં માસી સેવા કરવા માટે રહેતાં હતાં. (૩). ભગવાન દત્તાત્રેયની આરાધના કરીને પરમાનંદમાં રહેતાં હતાં અને મીરાંબાઇની જેમ ભક્તિમાં રચ્યાંપચ્યાં રહેતાં હતાં. (૪). નારાયણ સ્વામી જ્યાં સંધ્યા કરતા હતા તે સ્થાનને

આજ્ઞા મુજબ સ્વચ્છ અને શુદ્ધ રાખતાં હતાં. પરિણામે દયાના સાગર દત્ત ભગવાને એમના પર પ્રસન્ન થઈને જાતે નિર્મળ જ્ઞાન આપ્યું તેથી માશીબા પ્રસન્ન થઈને સ્વાત્મજ્ઞાને હંમેશાં આનંદમગ્ન રહેતાં. એમનાં દર્શન કરીને પાપીઓ પણ પાવન થઈ જતા. (૫-૭). સત્પુરુષની આજ્ઞા પ્રમાણે એ સ્થાનને પવિત્ર રાખીને માશીબા ઉત્તમ ફળ પામી જ્ઞાની થઈ ગયાં. (૮). સવાસો વર્ષનું આયુષ્ય ભોગવી અંતે તેઓ અક્ષયધામને પામ્યાં. આમ સિદ્ધની આજ્ઞા મુજબ પૂર્ણ શ્રદ્ધાથી વર્તવાથી ભાવિક ભક્ત સાચેસાચ આવું ફળ પામે છે. આવાં તો અસંખ્ય દૃષ્ટાંતો છે જે કહેતાં પાર પણ આવે એમ નથી. (૯-૧૦).

આવા વાડીક્ષેત્રમાં વાસુદેવ ગુરુ સમારાધનાના સમારંભે પહેલી વાર આવ્યા ત્યાં જ નારાયણ સ્વામીના મંદિરમાં ત્રિકાળ જ્ઞાની ગોવિંદસ્વામી નામના સંન્યાસીને જોયા. (૧૧-૧૨). શાસ્ત્રીબુવાએ તેમને પ્રેમપૂર્વક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ત્યાં જ એ યતીશ્વર હસીને બોલ્યા કે શું વિચાર કરો છો? આ જ આપનું સ્થાન છે. અહીં આસન રાખો. એવું કહીને એમની રહેવાની બધી વ્યવસ્થા કરી. (૧૩-૧૪). વાતો કરતાં બંને વચ્ચે સખ્યભાવ જાગ્યો. એક દિવસ શાસ્ત્રીબુવાએ સ્વામીને કહ્યું કે હે પ્રભુ ! આપ મને મંત્રોપદેશ કરો. એટલે યતીશ્વર બોલ્યા કે એ અધિકાર મને નથી. જેને તમારું પૂર્ણ અભિમાન હશે તે તમારા પર જલદીથી કૃપા કરશે એવો વિશ્વાસ રાખજો.[૧] (૧૫-૧૭).

આ સાંભળીને શાસ્ત્રીબુવાએ દુરાગ્રહ ના કર્યો. તે દિવસે પાદુકાની શયન આરતી પત્યા પછી બે પ્રહર રાત્રી વીતી ગયા બાદ શાસ્ત્રીબુવાના મનમાં વિચાર આવ્યો કે લાવ, શાંતિથી જપ કરવા પાદુકા પાસે જઈને બેસું. એવું વિચારીને કૃષ્ણાવેણીના કિનારે જઈ, હાથ પગ ધોઈને પાછા મંદિરે આવ્યા, ત્યાં તો મંદિરનાં દ્વાર બંધ થઈ ગયાં હતાં. એટલે એમને થયું કે લાવ, હવે બહાર પ્રદક્ષિણા કરી લઉં. (૧૮-૨૧). આવું વિચારીને દેવની પરિક્રમા માટે ત્યાંથી નીકળીને જ્યાં ગુરુમહારાજ દક્ષિણ દ્વારે આવ્યા ત્યાં તો તેમણે પોતાની આગળ તેજની પ્રતિમા સમી ગંભીર અને દિવ્ય મૂર્તિ જોઈ. એનાં નેત્રો એકદમ સ્થિર હતાં. ભગવાં વસ્ત્રો પહેર્યાં હતાં, ભસ્મથી વિભૂષિત થયેલું શરીર હતું અને કરોડો ચંદ્ર સમાન હસતું મુખ શોભી રહ્યું હતું. (૨૨-૨૪).

એવું સ્વરૂપ જોઈને આ ચિદ્‌ઘન સ્વરૂપ દત્ત ભગવાન છે એવું ઓળખ્યા વગર શાસ્ત્રીબુવાએ વંદન કર્યાં. ત્યાં તો દત્ત ભગવાન બોલ્યા કે તું કોણ છે? તું અહીંયાં કેમ આવ્યો છે? શયન આરતી થયા પછી અહીં કોઈએ પણ આવવું નહીં એવો સ્થાનનો જે નિયમ છે તેની તને શું ખબર નથી? તું કેમ આવ્યો તે કહે. (૨૫-૨૭).

વાસુદેવ બોલ્યા કે હું અહીં પહેલી વાર જ આવ્યો છું. તેથી હે પ્રભુ ! આ સ્થાનના નિયમની મને ખબર નથી. હે દેવ ! હવે પછી આવી ભૂલ કયારેય પણ થશે નહીં. એમ કહીને જ્યાં વંદન કર્યાં ત્યાં તો તે જ ક્ષણે એ સ્વરૂપ અલોપ થઈ ગયું. આવો ચમત્કાર જોઈને શાસ્ત્રીબુવાના મનમાં લાગી આવ્યું- ચિત્ત ભરાઈ ઊઠ્યું. (૨૮-૩૦). મનમાં દુ:ખી થઈને વિચાર કરવા લાગ્યા કે ભગવાન દત્ત પ્રગટ થયા પણ હું તેમને ઓળખી શકયો નહીં કે મેં તેમનાં ચરણ પકડ્યા નહીં. મારી બુદ્ધિ કેમ બહેર મારી ગઈ? અરેરે ! મારું કમનસીબ નડ્યું ! હું એ ભગવાનને સદંતર કેમ ભૂલી ગયો? (૩૧-૩૨). હું કમનસીબ તેથી મને એ ના સૂઝ્યું. હે દત્તાત્રેય ! હે કૃપાના ભંડાર ! હે સર્વેશ્વર ! હે ઉત્તમ દેહધારી ! હે અનસૂયાનંદન ! હે ભકતવત્સલ ! મેં આજે બહુ મોટી ભૂલ કરી. હું તને વારે વારે વંદન કરું છું.

તું તારા ભકતની લાજ રાખજે. હે પ્રભુ ! તું મારો અપરાધ માફ કરી દે. ભકતોના કલ્પવૃક્ષ ! હે નાથ ! હે નામ અને અનામથી પર ! હે તાત ! હું તને વંદન કરું છું. (૩૩-૩૫). હે મા ! જો તું બાળકના દોષને ધ્યાનમાં રાખીશ તો પછી એનું રક્ષણ કોણ કરશે? અનાથ એવો હું પછી કેવી રીતે જીવીશ? (૩૬). હે દીનબંધુ ! મારાથી વારે વારે જે અપરાધ થાય છે તે ભૂલી જઇને આ દાસને સાચે જ દિલાસો આપ. (૩૭). હે દયાળુ દેવ ! મને છોડીને તમે કયાં અંતર્ધાન થઇ ગયા? હે મનમોહન ! મારા પર કરુણા કરો અને આ રાંકને તરછોડશો નહીં. (૩૮). હે કૃષ્ણાતટવાસી ! મારી મા, મારાં બાપ બધું તમે જ છો. હે શિવ ! તમારા વિના મારો ભવભય કોણ હરશે? (૩૯). હે દયાના ભંડારસમા દેવ ! હે પતિતને પાવન કરનાર નાથ ! તમારો જય હો ! જય હો ! તમારો વરદ હાથ મારે માથે મૂકી હે જગતાત ! મારી ભ્રાંતિ દૂર કરો. (૪૦).

ચોરોએ બ્રાહ્મણને મારી નાંખ્યા ત્યારે ત્યાં જે રીતે પ્રગટ થઇને બધા ચોરોને મારી નાંખ્યા હતા એ જ રીતે અહીં ઝડપથી દોડો. (૪૧). પેટની પીડાથી વ્યાકૂળ થતા બ્રાહ્મણ કાજે તમે તરત જ દોડ્યા હતા અને એનો રોગ ક્ષણવારમાં દૂર કર્યો હતો તો પછી અહીં કેમ વિલંબ કરો છો? (૪૨). પતિવ્રતા સ્ત્રીએ યાદ કરતાંની સાથે ત્યાં તરત જ પ્રગટ થઇને આપે એના મરેલા પતિને જીવતો કર્યો હતો તો પછી આ બાળકને કેમ ભૂલી જાવ છો? (૪૩). જલદીથી દોડીને મારા વ્યગ્ર ચિત્તને હે કૃપાળુ ભગવાન ! શાંત કરી દો. તને શું કહેવું તે પણ હું જાણતો નથી. (૪૪). હે નાથ ! આપ સર્વજ્ઞ છો અને તેથી મારા અંતરની બધી વાત જાણો છો. હું તો દીન અને અનાથ છું. આપે મારી બધી ચિંતા કરવાની છે. (૪૫).

આ રીતે ભગવાનને પ્રાર્થના કરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને મઠમાં ઝડપથી આવ્યા અને ગોવિંદસ્વામી તથા મૌનીસ્વામીને બનેલી બધી વિગત કહી સંભળાવી એટલે ગોવિંદસ્વામી બોલ્યા કે દત્તપ્રભુ આપની ભકિત જોઇને આપની ઉપર ખરેખર મન મૂકીને પ્રસન્ન થયા છે અને તેથી આપને દર્શન આપીને તરત જ અંતર્ધાન થઇ ગયા. એમાં સહેજ પણ શંકા ના કરશો. (૪૬-૪૮). શાસ્ત્રીબુવાએ કહ્યું કે એ આપની કૃપાનું ફળ છે પરંતુ મેં એમના ચરણનો સ્પર્શ ના કર્યા તેનો મનમાં એક વસવસો રહી ગયો. (૪૯). ગોવિંદસ્વામી બોલ્યા કે સમય આવશે એટલે આપની એ ઇચ્છા પણ જરૂરથી પૂરી થશે. તમે એ અંગે તર્ક-વિતર્ક કરશો નહીં. (૫૦).

ગોવિંદસ્વામીનાં આવાં વચન સાંભળીને શાસ્ત્રીબુવા ખૂબ જ રાજી થયા અને તરત જ શ્રીદત્તપ્રભુનું સ્મરણ કરીને ખરેખર શાંતિથી સૂઇ ગયા. વહેલી સવારે તેમને સ્વપ્ન આવ્યું જેમાં સુંદર દેહધારી દયાના સાગર એવા દત્ત ભગવાનની તેજસ્વી મૂર્તિનાં દર્શન થયાં. છ હાથ અને સુહાસ્ય મુખકમળથી તેઓ શોભતા હતા. (૫૧-૫૩). માથા પર જટાજૂટ શોભી રહ્યો છે, શેષનાગ છત્ર બનીને શોભે છે. ભગવાને પીતાંબર પહેર્યું છે અને કાનમાં મકરાકાર કુંડળ શોભે છે. હાથમાં બાજુબંધ અને ગળામાં હજાર સૂર્ય સમાન વૈજયંતી માળા શોભી રહી છે. (૫૪-૫૫). શરીર ભસ્મની સુગંધથી સુગંધિત છે. આવા સ્વરૂપે દત્તપ્રભુ પ્રગટ થયા તેની સાથે જ શાસ્ત્રીબુવાએ તેમના પગ પકડી લીધા. (૫૬).

દત્તપ્રભુ બોલ્યા કે હે ભકતરાજ ! આજે રાત્રે મેં તને પ્રદક્ષિણા વખતે દર્શન આપ્યું હતું. આ ફરી વાર દર્શન આપીને તને મંત્રનો ઉપદેશ કરું છું. એવું બોલીને શાસ્ત્રીબુવાના જમણા કાનમાં ત્રણ વાર પ્રેમથી મંત્રનો

ઉચ્ચાર કરીને કહ્યું કે આ મંત્રનું સવિસ્તર વિધાન ગોવિંદસ્વામી પાસે જઇને તરત તું જાતે લખી લેજે. આવું કહીને ભગવાન તે જ ક્ષણે ત્યાં જ અદૃશ્ય થઇ ગયા. (૫૭-૬૦).

પછી શાસ્ત્રીબુવા 'દત્ત દત્ત'નું રટણ કરતા જાગ્યા અને સ્વપ્નમાં જોયેલું સ્વરૂપ ચારે બાજુ ચારે દિશામાં શોધવા લાગ્યા પરંતુ એ (સ્વરૂપ) ત્યાં ક્યાંયે દેખાયું નહીં, અત્યંત ગુપ્ત થઇ ગયું હતું ! મનમાં દુ:ખ કરીને શાસ્ત્રીબુવા કહેવા લાગ્યા કે અરેરે ! હે દેવ ! મેં એવાં તે શા પાપ કર્યાં છે તે આ રીતે દર્શન આપીને હે દયાસાગર દત્તપ્રભુ ! આપ તરત જ અંતર્ધાન થઇ ગયા ! (૬૧-૬૩). પૂર્વ જન્મનાં કર્મો સાચે જ વિઘ્નરૂપ થઇ આડાં આવે છે. એવું કહીને હૃદયકમળમાં દત્ત ભગવાનનું ધ્યાન ધર્યું અને એકાગ્ર મને ઉપદેશેલા મંત્રનો જપ કરવા લાગ્યા. સૂર્યોદય થતાં સ્નાન સંધ્યા વગેરેથી પરવારીને તરત જ ગોવિંદસ્વામીની પાસે આવ્યા. એમને જોતાંની સાથે જ એ સુજ્ઞ યતિશ્રેષ્ઠે એમને કહ્યું કે આજે તમને સ્વપ્નમાં જે મંત્રનો ઉપદેશ થયો છે તેનું વિધિ વિધાન આ પોથીમાં અમુક પાના પર છે તે જોઇ લો અને તે પ્રમાણે જરા પણ ભૂલ ન થાય એ રીતે તમે જાતે જ લખી લો. (૬૪-૬૮). આમ બોલીને ગોવિંદ યતિએ મોં મલકાવીને પોથી આપી. એ જોઇને શાસ્ત્રીબુવા બોલ્યા કે હે યતિરાય ! આપને ધન્ય છે. આમ મનમાં એકદમ ગળગળા થઇને વિચારવા લાગ્યા કે સાચે જ ! આ દત્ત ભગવાન જ છે અને મારા માટે અવતાર ધરીને અહીં આવ્યા છે. મનમાં આવો દૃઢ નિશ્ચય કરીને સ્વામીને સાષ્ટાંગ પ્રણામ કરીને સ્વપ્નમાં જે કાંઇ બન્યું હતું તે બધું ગોવિંદસ્વામીને કહી સંભળાવ્યું. એ સાંભળીને સ્વામીએ શાસ્ત્રીબુવાને કહ્યું કે જુઓ ! હું તમને એક વાત કહું છું તે સાંભળો અને તે પ્રમાણે તમે આજથી રોજ દત્તપૂજા કર્યા પછી ધ્યાન કરો અને પછી બીજાં શાસ્ત્રો વાંચવાનું મૂકી દઇને તમે આજથી જ ઉપનિષદ ભાષ્યનો વારંવાર વિચાર કરવાનું શરૂ કરી દો. એનો અભ્યાસ કરવાથી બીજાં બધાં શાસ્ત્રો ચોક્કસ સમજાઇ જશે. આ વાત સાંભળીને શાસ્ત્રીબુવાએ તે પ્રમાણે કરવાનું કબૂલ્યું. (૬૯-૭૫).

માણગાંવમાં આવીને તેઓ નિત્ય નિયમથી શ્રીદત્તની પૂજા કરી, પ્રેમપૂર્વક ધ્યાન અને જપ કરવા લાગ્યા. હંમેશાં ઉપનિષદ્ ભાષ્ય ઉપર ચિંતન કરીને પોતાનો સમય વ્યતીત કરતા હતા અને બીજા બધાને પ્રેમપૂર્વક ઉપાસનાના માર્ગે વાળતા હતા. શ્રેષ્ઠ પુરુષો જેમ કરે છે તે જોઇને અન્ય લોકો પણ તે પ્રમાણે કરે છે.[૨] (૭૬-૭૮).

માણગાંવમાં એક શૂદ્ર રહેતો હતો. એક પિશાચને સાધીને એ દુષ્ટ શૂદ્ર એ પિશાચને ગામના લોકોની વસ્તુ લઇ આવીને પોતાને આપવા જણાવતો હતો અને પિશાચ પણ એના કહેવા મુજબ અનાજ વગેરે લાવીને રોજે રોજ શૂદ્રને આપતો હતો. લોકો આનાથી ત્રાસી ગયા હતા. આ પિશાચ શાસ્ત્રીબુવાથી ડરીને શાસ્ત્રીબુવાના ઘરે કે તેમના પડોશના ઘરે પણ આવતો ન હતો. એ સિવાયના બીજા લોકોના ઘરમાંથી અને ખેતરમાંથી ધાન્યાદિક લાવી આપતો અને લોકોને હેરાન-પરેશાન કરતો હતો. (૭૯-૮૩).

આમ ને આમ બાર વર્ષ વહી ગયાં અને શૂદ્ર તો લહેર કરતો હતો. એક દિવસ એ ભૂતે શૂદ્રને કહ્યું કે હવે વાર લગાડ્યા વગર મને માણસનો બલિ ચઢાવ. શૂદ્રે એની વાત માની નહીં. એટલે પિશાચે વળી પાછું કહ્યું કે તું વિચારમાં કેમ પડ્યો છે? જો તને બલિ માટે કોઇ મનુષ્ય મળતો ના હોય તો તારા જે ચાર પુત્રો છે તેમાંથી એકનો બલિ ચઢાવ. પરંતુ હવે ઢીલ ન કરીશ. (૮૪-૮૬). આમ છતાં શૂદ્રે એના કહ્યા પ્રમાણે કર્યું નહીં તેથી

આકુળવ્યાકુળ થઇને પિશાચ ક્રોધે ભરાયો અને ભયંકર ગર્જના કરીને બોલ્યો કે હે શૂદ્ર ! મૂરખના સરદાર ! તેં બાર વરસ સુધી મારી પાસે તારા નોકરની માફક કામ કરાવ્યાં છે. જો હવે મનુષ્ય બલિ નહીં આપે તો હું તને નિર્વંશ કરી નાંખીશ એ જાણી લે. આવું બોલીને એ ભૂતે એ શૂદ્રના ચારેય પુત્રોને મારી નાંખીને એ શૂદ્રનાં ઘરનાં બીજાં બધાં માણસોને પણ મારી નાંખ્યાં. છેવટે ક્રોધે ભરાઇને એ શૂદ્રને પણ મારી નાંખ્યો. (૮૭-૯૦).

આમ ભૂતની સાધના આખરે દુ:ખદાયી નીવડે છે અને તેથી જ ભૂત વગેરેના મંત્રનો ઉપયોગ કરવો નહીં. (૯૧). જેનાથી ભગવાન રાજી થાય એવું શાસ્ત્રમાં જણાવેલું કર્મ હંમેશાં ભાવથી કરવું જેથી આપણું કલ્યાણ થાય.③ (૯૨). ભૂત વગેરેની વિદ્યાના પ્રયોગમાં શરૂઆતમાં લાભ દેખાય પરંતુ હે નિરંજન ! આખરે નિર્વંશ થઇને નરકમાં પડવાનો વારો આવે. (૯૩). ભગવદ્ ગીતામાં ભગવાન કૃષ્ણે કહ્યું છે કે 'જે ભકત મને જે ભાવથી ભજે છે તેને તેવી ગતિ મળે છે એમાં કોઇ શંકા નથી.' (૯૪). માટે જાતે પ્રેમપૂર્વક શુદ્ધ ઉપાસના કરીને શાસ્ત્રીબુવા લોકોને પણ એવી ઉપાસના કરવાનું બતાવતા હતા. (૯૫).

આને કારણે થોડા જ સમયમાં દત્ત ભગવાને શાસ્ત્રીબુવા પર પૂર્ણ કૃપા કરી. (૯૬). શ્રીદત્ત ભગવાનની કૃપા થતાં ઉપનિષદોનો અભ્યાસ પણ સિદ્ધ થયો અને એમની કીર્તિ પણ વધી. (૯૭). વિવિધ પ્રકારની વિદ્યા સંપાદન કરીને તેઓ લોકોનું ભલું કરવા લાગ્યા અને લોકોને શાસ્ત્રનો તરત જ અનુભવ કરાવવા લાગ્યા. (૯૮). લોકોમાં ખૂબ પ્રસિદ્ધિ થઇ તેથી ગામેગામથી રોજ રોજ અસંખ્ય લોકો તેમનાં દર્શને આવવા લાગ્યા. (૯૯). એમની દૃઢ ઉપાસના જોઇને સ્વયં દત્ત ભગવાને એમને દર્શન આપીને પ્રસન્ન મુખે કહ્યું કે હે ભકતરાજ ! તને બધી જ વિદ્યા પ્રાપ્ત થઇ ગઇ હોવાથી તું હવે તરત જ અષ્ટાંગ યોગ સાધી લે. (૧૦૦-૧૦૧). એ વિના સર્વજ્ઞતા પ્રાપ્ત થતી નથી માટે તું યોગસાધના કર. એમ કહીને ભગવાને ત્યાં યોગાભ્યાસના નિયમો બતાવ્યા. એ બધું જોઇને શાસ્ત્રીબુવાએ નીચા વળીને નમસ્કાર કર્યા. (૧૦૨-૧૦૩). ત્યાં તો દત્ત ભગવાન તરત જ અંતર્ધાન થઇ ગયા. વાસુદેવે ભગવાનના જણાવ્યા મુજબ યોગાભ્યાસ કરવાનું શરૂ કરી દીધું. (૧૦૪).

ખૂબ જલદીથી પ્રાણાયામ સિદ્ધ થયો. એવામાં મુંબઇથી ઢોરે શાસ્ત્રી આવ્યા. (૧૦૫). શાસ્ત્રીબુવાને વિનંતી કરીને પોતે અભ્યાસ માટે તેમની સાથે રહ્યા એ અપૂર્વ **રંગ** આગળ ઉપર જણાવશે. (૧૦૬).

આ અધ્યાયમાં મંત્રોપદેશ વગેરે સારાંશરૂપ કહ્યા જે ભક્તિભાવથી સાંભળતાં સંસારનો કૂવો સુકાઇ જશે. (૧૦૭). ગુરુલીલા તો અપાર છે. એનું વર્ણન કરવા જતાં શેષ પણ મૂગો થઇ જાય છે. લોકોના કલ્યાણાર્થે દત્તનો અવતાર એવા શાસ્ત્રીબુવા મનુષ્ય તરીકેનો વેશ ભજવી રહ્યા છે. (૧૦૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'મંત્રોપદેશાદિવર્ણન'** નામનો **એકસો નવમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૦૯

(૧) સાચા સંતો કેવા હોય છે તેની ઝાંખી આ દોહરો કરાવે છે. શાસ્ત્રીબુવાએ ગોવિંદસ્વામીને સામેથી કહ્યું કે મને મંત્રોપદેશ કરો ત્યારે એમણે મંત્રોપદેશ ના કર્યો પણ બે મહત્ત્વની વાત સમજાવી. **એક** તો એ કે તમને મંત્રોપદેશ કરવાનો મને અધિકાર નથી. એટલે કે તમને મંત્રોપદેશ કરવાની જવાબદારી ભગવાને મને સોંપી નથી અને **બીજું** એ કે જેને તમારે માટે પૂરેપૂરું અભિમાન હશે તે તમને મંત્રોપદેશ કરશે.

ગોવિંદસ્વામીને ભગવાન સાથે કેવો સંબંધ હશે તે આવું જાણી શકે? આમ છતાં ગોવિંદસ્વામી કોઇને પોતાની કક્ષાનો ખ્યાલ આવવા દેતા નથી. સામે ચાલીને મંત્ર આપવા આવે, પધરામણી કરવાની વ્યવસ્થા ગોઠવાવે, પોતાની મહાનતાનો દેખાડો કરે ત્યાં સાધકે સાવધ થઇ જવું.

(૨) સાચા સંતો કેવી રીતે વર્તે તેની સમજ આ દોહરામાં છે. સાચા સંતો જાણે છે કે પોતાનું જોઇને સામાન્ય લોકો પણ એ મુજબ વર્તશે જ. તેથી આપણે સાચું જ કરવું. પોતે સાત્ત્વિક ઉપાસના કરે અને બીજાને એવી ઉપાસના કરવાની પ્રેરણા આપે. ગીતા પણ કહે છે કે "यत् यत् आचरति श्रेष्ठः तत् तत् एव इतरः जनः |". (શ્રેષ્ઠ પુરુષ જે જે આચરે છે, અન્ય માણસો પણ તે તે જ આચરે છે. (અધ્યાય-૩ / શ્લોક-૨૧)).

(૩) દોહરા ૯૧ અને ૯૨ બંને માર્ગદર્શક છે. ૯૧ મો દોહરો શું ન કરવું તે જણાવે છે જ્યારે ૯૨ મો દોહરો શું કરવું તે સૂચવે છે. ભૂતની સાધનાનો અંત ખરાબ હોવાથી ભૂતાદિ મંત્રનો પ્રયોગ કરવો નહીં. ભૂતની સાધનામાં અંત સારો હોતો નથી. All well that ends well - જેનો અંત સારો તેનું બધું સારું. અંતે શું પરિણામ આવે તે જ મહત્ત્વનું છે. સાત્ત્વિક સુખની વ્યાખ્યા આવતાં ગીતા પણ એમ જ જણાવે છે કે જે શરૂઆતમાં ઝેર જેવું જણાય પણ **અંતે** અમૃત સમાન હોય તે સુખ સાત્ત્વિક સુખ છે. કારણ કે તે પરમાત્માવિષયક બુદ્ધિના પ્રસાદમાંથી ઉપજ્યું હોય છે. (અધ્યાય-૧૮ / શ્લોક-૩૭)

પ.પૂ.સ્વામી મહારાજને એક સાધકે પ્રશ્ન કર્યો કે મારણ-જારણ કે ભૂત વગેરેના મંત્રો કરવાના ના હોય, એમાં લોક કલ્યાણ ના હોય તો પછી એવા મંત્રો રચવાની શી જરૂર? અને લોકોને જણાવવાની પણ શી જરૂર? સ્વામી મહારાજે કહ્યું કે કરિયાણાની દુકાને તો ખાંડ, ગોળ, ઘઉં, ચોખા સાથે વછનાગ, ઝેર કોચલા અને સોમલ જેવા ઝેર પણ હોય છે. વેપારી તો ગમે તે રાખે, આપણે આપણા માટે જે હિતકારી હોય તે જ લેવું.

ભૂતની સાધના ન કરવી તો પછી શું કરવું? એનો જવાબ એ છે કે જેનાથી પરમેશ્વર રાજી રહે તેવું શાસ્ત્રમાં જણાવેલું કર્મ ભાવપૂર્વક કરવું. સ્વાર્થની લાલચે ઘણી વાર આપણે નહીં કરવાનું કરીએ છીએ અને કરવાનું કરતા નથી.

●

અધ્યાય : ૧૧૦

આ અધ્યાયનું નામ **'યોગાભ્યાસાદિવર્ણન'** છે. આ અધ્યાયમાં **૧૨૦** દોહરા છે.

અલખને ભાવથી પગે લાગીને નિરંજને પૂછ્યું કે ઢોરે શાસ્ત્રી આવ્યા પછી શું બન્યું તે બધું વિસ્તારથી કહો. (૧-૨).

એક દિવસ શાસ્ત્રીબુવાએ ઢોરે શાસ્ત્રીને યોગાભ્યાસની વાત કરી એટલે એમણે કહ્યું કે તમે ઘી લેવાનું રાખો નહિતર તમને મૂળવ્યાધિ થશે એમ મને લાગે છે. ઢોરે શાસ્ત્રીના કહ્યા પ્રમાણે થોડુંક જ ઘી લઈને શાસ્ત્રીબુવા યોગાભ્યાસ માટે બેઠા તે દત્તપ્રભુને ગમ્યું નહીં. ભગવાને દૃષ્ટાંત આપીને કહ્યું કે આ ઢોરે શાસ્ત્રી તને યોગાભ્યાસની સરસ રીત બતાવે છે એવું વળમાં બોલ્યા પણ દેવની ભાષા શાસ્ત્રીબુવા સમજી શકયા નહીં. દત્ત ભગવાનને આ ઘીનો પ્રયોગ ગમ્યો છે એવું માની બીજે દિવસે ઘી લઈને અભ્યાસ કરવા બેઠા ત્યાં જ તકલીફ શરુ થઈ અને સંગ્રહણી રોગ લાગુ પડ્યો. ઊભા રહેવાની પણ શક્તિ ના હતી ત્યાં નારાયણ સ્વામીના ઉત્સવમાં જવાની આજ્ઞા થઈ અને એ અંગે અનન્ય લીલા કરી. (૩-૪૪). ખેચરી મુદ્રાના અભ્યાસથી યોગાભ્યાસ સિદ્ધ થયો અને લોકોપકારનાં કામ કરવા લાગ્યા. એમની કીર્તિ ખૂબ ફેલાતાં સંત, મહંત અને જ્ઞાની લોકો પણ જ્ઞાનગાષ્ઠિ માટે આવવા લાગ્યા. (૪૫-૫૦).

આ બધામાં રામતીર્થના આંજરેકર બુવા વારંવાર મળવા આવતા. તેઓ હનુમાનજીના પરમ ઉપાસક હતા. હનુમાનજીએ એમને વચનસિદ્ધિ આપી હતી. એક વાર પાડગાંવમાં દત્તમૂર્તિને અવ્યવસ્થિત પડેલી જોઈને ગામલોકોને કહ્યું કે આ મૂર્તિની સ્થાપના કરો. ગામલોકોએ આંજરેકર બુવાના હાથે જ પ્રતિષ્ઠા કરવાનું નક્કી કર્યું. આ વાત એ ગામના જાગીરદારને ન ગમી. એણે પહેલી વાર વાજાંવાળાને વાજાં વગાડવાં જતા રોકયા અને બીજી વાર બ્રાહ્મણોને અવળું સમજાવીને રોકયા અને મૂર્તિની પ્રતિષ્ઠા થવા ના દીધી. આંજરેકર બુવા જંગલમાં જઈને બેઠા. (૫૧-૮૯).

શાસ્ત્રીબુવા આંજરેકર બુવાને સમજાવીને માણગાંવ લઈ આવ્યા. પાડગાંવના લોકો પર એક પછી એક આફત આવવા માંડી તેથી તેઓ માણગાંવ જઈ શાસ્ત્રીબુવાને અને આંજરેકર બુવાને સમજાવીને પાડગાંવ લાવ્યા અને મૂર્તિની સ્થાપના કરી. સંતોની વૃત્તિને અનુકૂળ થઈને રહેવાથી જ સુખી થવાય છે. (૯૦-૧૨૦).

અલખ ગુરુના ચરણમાં ભાવપૂર્વક વંદન કરીને નિરંજન બોલ્યો કે હે પ્રભુ ! ત્યાં અભ્યાસાર્થે ઢોરે શાસ્ત્રી આવ્યા તે પછી શું બન્યું તે મને વિસ્તારથી કહો. અલખ બોલ્યા કે હે બાળ નિરંજન ! તું સાંભળ. શાસ્ત્રીબુવાએ ઢોરે શાસ્ત્રીને પ્રેમપૂર્વક પોતાના યોગાભ્યાસની વાત કરી. એક દિવસ વાતો કરતાં કરતાં ઢોરે શાસ્ત્રીએ કહ્યું કે હે સમર્થ સદ્‌ગુરુ ! આપ યોગાભ્યાસ કરો છો પરંતુ બિલકુલ ઘી ખાતા નથી તેથી મને એક ચિંતા થાય છે. (૧-૪).

તમે જ્યારે યોગાભ્યાસ માટે બેસો છો ત્યારે ગુદાદ્વાર પૂર્ણ રીતે એકદમ સંકુચિત થઇ જાય છે. એ સંજોગોમાં ઘી લેવામાં ન આવે તો તમને ચોક્કસ મૂળવ્યાધિ (હરસ, મસા) થશે એવું મને લાગે છે. માટે આપ થોડું ઘી લઇને યોગ્ય લાગે તેમ બેસો તો સારું. (૫-૬). ઢોરે શાસ્ત્રીની સલાહ એકદમ બરાબર છે એવું માનીને શાસ્ત્રીબુવાએ યોગાભ્યાસમાં થોડું ઘી લઇ અભ્યાસમાં બેસવાનું વિચાર્યું, પણ દત્તપ્રભુને એ ગમ્યું નહીં. દત્ત દયાઘને એમને દૃષ્ટાંત આપીને કહ્યું કે આ ઢોરે શાસ્ત્રી તને યોગાભ્યાસની એકદમ ઉત્તમ એવી રીત કહે છે એવું વિપરીત બોલ્યા. (૭-૯). આમ કહેવા છતાં શાસ્ત્રીબુવા દત્તપ્રભુની અવળ વાણી સમજી શક્યા નહીં. ઊલટાનું એને દત્તાજ્ઞા સમજીને, શાસ્ત્રાજ્ઞા ગણી બીજે દિવસે થોડુંક ઘી લઇને જ્યાં યોગાભ્યાસ કરવા બેઠા ત્યાં જ પેટમાં ગડગડાટ થયો અને તરત જ ઝુલાબ લાગ્યો તેથી તરત જ ઊઠ્યા. વારે વારે આમ ઝાડાની હાજત થયા કરવાથી શાસ્ત્રીબુવાને મહાન ત્રાસ થયો. (૧૦-૧૨). આખરે શાસ્ત્રીબુવાને સંગ્રહણીનો રોગ લાગુ પડ્યો અને દૈવયોગે ઊભા રહેવાની શક્તિ પણ ના રહી. ત્યાં ભગવાને વાડીમાં જવાની આજ્ઞા કરી. (૧૩-૧૪).

નારાયણ સ્વામીનો ઉત્સવ પાસે આવ્યો હોવાથી દત્તપ્રભુએ ખાસ દૃષ્ટાંત (આજ્ઞા) આપીને ત્યાં જવા કહ્યું. (૧૫). શાસ્ત્રીબુવાએ વિચાર્યું કે આવી સ્થિતિમાં ગામની બહાર જવાની પણ મારામાં તાકાત નથી અને ઊભા રહેવાનું પણ જ્યાં શક્ય નથી ત્યાં સહ્યાદ્રિનો દશ યોજનનો ઘાટ કેવી રીતે ચઢીશ અને કેવી રીતે ભયંકર જંગલનો રસ્તો પાર કરીશ? (૧૬-૧૭).

હે મન ! ચાલ હવે ઊઠ. ઉત્સવ પાસે આવી પહોંચ્યો છે. પછી તું શું વિચારમાં પડ્યું છે? અરે ! જે થવાનું હશે તે થશે. તું જવા માટે તૈયાર થા. પ્રાણ રહે કે જાય પરંતુ દેવાધિદેવ દત્ત સદ્‌ગુરુના ચરણમાં શુદ્ધ ભાવ રાખીને હવે તું તરત ઊઠ. (૧૮-૧૯). હવે એમની આજ્ઞાનો ક્યારેય પણ ભંગ કરવો યોગ્ય નથી. જેના સ્મરણથી ભવભય ટળી જાય છે તો પછી શાની ચિંતા કરે છે? (૨૦).

ગુરુની આજ્ઞાનું જે શિષ્ય ઉલ્લંઘન કરે છે તે નિષિદ્ધ કર્મ કરનાર આ લોકમાં ને પર લોકમાં સુખ પામતો નથી અને આ રીતે દુ:ખી થાય છે. (૨૧). અરે ! તું જ વિચાર કર કે તને દત્તગુરુએ જાતે યોગાભ્યાસના ઉત્તમમાં ઉત્તમ એવા નિયમો કહ્યા હતા. તો પણ તેં મૂરખે ઢોરે શાસ્ત્રીના કહ્યા મુજબ કર્યું. એને લીધે તને આવી ભયંકર આપદા વેઠવી પડી. (૨૨-૨૩). હે સુજ્ઞ મન ! જો તેં પહેલેથી જ બરોબર વિચાર્યું હોત તો તારી આવી દુર્દશા ક્યારેય પણ થાત નહીં. (૨૪). માટે હે મન ! તું આજથી અહીં દૃઢ નિશ્ચય કર કે પ્રાણ જાય તો ભલે જાય પરંતુ ગુરુની આજ્ઞા વગર કોઇ કાર્ય કરવું નહીં. (૨૫). જે કોઇ ગુરુનું સંતાન મારાં આ વચન માનીને એ પ્રમાણે વર્તશે તો તે ખરેખર બધે જ સુખી થઇ જશે. (૨૬). મનમાં એવો વિચાર કરીને શાસ્ત્રીબુવાએ ગામ છોડીને વાડીનો રસ્તો પકડ્યો. (૨૭).

ગામથી થોડેક દૂર જતાં જ એક માણસ આવીને શાસ્ત્રીબુવાને પ્રેમથી કહેવા લાગ્યો કે આ ઓસડ લેવાથી આ રોગ તરત જ દૂર થઇ જશે. આ સાંભળીને શાસ્ત્રીબુવા મનમાં વિચારવા લાગ્યા કે આ માણસ આગ્રહ કરે છે પણ મને ગુરુની આજ્ઞા નથી તો કેવી રીતે ઔષધ ખાઉં? આવો વિચાર કરતાંની સાથે જ કાનમાં અવાજ આવ્યો કે આ ઔષધી તરત લઇ લે. એ સાંભળીને શાસ્ત્રીબુવા બોલ્યા કે હે પ્રભુ ! હું મારું પૂરેપૂરું પ્રારબ્ધ ભોગવવા

માગું છું એટલે હું ઔષધ નહીં લઉં. આમ છતાં પણ આપની આજ્ઞા છે તો હું વાડીથી પાછો ઘરે આવું ત્યાં સુધી એ રોગ દૂર થજો અને ઘરે આવું એટલે પહેલાંની જેમ બાકીનું ભોગવી લેવા માટે મારા શરીરમાં એ રોગ દાખલ થજો. એ સાંભળીને દત્ત દયાઘન પ્રભુ બોલ્યા કે ભલે. એ પ્રમાણે જ થશે.① (૨૮-૩૪).

આમ છતાં મારી આજ્ઞા માનીને તું આ ઓસડ લે. એટલે વાસુદેવે તરત જ ઔષધી લીધી. (૩૫). ઓસડ લેતાંની સાથે જ રોગ મટી ગયો અને તેથી વાર લગાડ્યા વિના એકદમ ઉત્સવ ઉપર વાડીમાં આવ્યા. (૩૬).

દત્તપાદુકાને પ્રાર્થના સહિત વંદન કરીને પોતાના અપરાધની વારે વારે ક્ષમા માગવા લાગ્યા. (૩૭). પછી ત્યાંથી મઠમાં આવીને ગોવિંદ યતિને અને મૌનીસ્વામીને પ્રેમથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. (૩૮). રંગે ચંગે ઉત્સવની ઉજવણી થઇ એટલે દત્ત સ્તવન કરીને, ગુરુના ચરણમાં ભાવપૂર્વક વંદન કરીને, આજ્ઞા લઇને તરત જ માણગાંવમાં પોતાના ઘરે જ્યાં આવ્યા કે તરત જ પહેલાંની જેમ સંગ્રહણી થઇ અને ભયંકર પીડા થવા લાગી. (૩૯-૪૦). આને કારણે રોજ વારે વારે જાજરૂ જવું પડતું હતું એટલે શરીરમાં પાછી અતિશય નબળાઇ આવી ગઇ. (૪૧).

આવી સ્થિતિમાં પૂરા બાર મહિના ગયા. ત્યાં દેવનો દૃષ્ટાંત (આદેશ) થયો કે ખરેખર તારો કર્મભોગ પૂરો થયો છે માટે હવે તું જલદીથી દહીં-સૂરણ ખા. એનાથી તારો રોગ મટી જશે. એ મારી આજ્ઞા છે એમ માન. (૪૨-૪૩). દત્તપ્રભુની એવી આજ્ઞા થતાં દહીં-સૂરણ ખાવા માંડ્યું એટલે રોગ સમૂળો જતો રહ્યો અને શરીર એકદમ દિવ્ય થઇ ગયું. (૪૪).

પછી ત્યાં નિયમપૂર્વક ખેચરીમુદ્રાનો અભ્યાસ કરતા હતા. એ અભ્યાસ પૂર્ણ થતાં લોકોનું ભલું કરવા લાગ્યા. (૪૫). યોગસિદ્ધિ હસ્તગત થતાં બધા ગુણોની પ્રાપ્તિ થઇ જાય છે અને થોડા જ સમયમાં સર્વજ્ઞતા પણ પ્રાપ્ત થઇ ગઇ. (૪૬). આમ તો એ સાક્ષાત્ યોગેશ્વર પહેલેથી જ સર્વજ્ઞ જ હતા છતાં એ અજન્મા એવા દત્તાત્રેય પ્રભુ મનુષ્ય વેષ ધરીને લીલા કરી રહ્યા હતા. (૪૭). લોકોને શિક્ષણ આપવાના હેતુથી પોતે લોકોને એવું બતાવતા કે મેં આ રીતે અભ્યાસ કર્યો છે તો તમે પણ અભ્યાસ કરો. (૪૮).

આમ શાસ્ત્રીબુવાની બધે પ્રસિદ્ધિ થઇ અને કીર્તિ ફેલાઇ જતાં રોજેરોજ કામના-ઇચ્છા-વાળા લોકો દર્શને આવતા હતા. (૪૯). સંત, મહંત, મહામુનિ, બ્રહ્મજ્ઞાની, શાસ્ત્રી, મુમુક્ષુ અને પંડિતો પણ પ્રેમે આવતા હતા. (૫૦).

થોડી વાર જ્ઞાનની વાતો કરી પાછા જતા રહેતા હતા. એ વખતે આંજરેકર બુવા નામના એક મહાન સંત વારેવારે મળવા આવતા હતા. સહ્યાદ્રિના ઘાટ પર આંજરે ગામની પાસે આવેલા રામતીર્થ નામના સ્થળે એ તપોમૂર્તિ રહેતા હતા. ગૌડ બ્રાહ્મણ જાતિના એ માથે જટા રાખતા હતા અને પડછંદ શરીર ધરાવતા હતા. (૫૧-૫૩). એ ભગવાન હનુમાનના પરમ ઉપાસક હતા. એના પર પ્રસન્ન થઇને મહારુદ્ર હનુમાને એને પ્રેમપૂર્વક વચનસિદ્ધિનું વરદાન આનંદથી આપતાં કહ્યું હતું કે જ્યારે મારી જરૂર જણાય ત્યારે તું મારું ધ્યાન ધરજે. (૫૪-૫૫).

આવું કહીને ત્યાં હનુમાન તરત જ અલોપ થઇ ગયા. જ્યારે પણ આંજરેકર બુવા મનમાં એનું ધ્યાન ધરે ત્યારે તે હનુમાનજી સાથે તદ્રૂપ થઇ જતા અને ત્યારે તેમને બિલકુલ શરીરભાન રહેતું નહીં. (૫૬-૫૭). એવે સમયે શેર-બશેર સિંદૂર ખાઇ જતા અને એના પર શેર-બશેર તેલ પણ પી જતા. એ વખતે ફાવે તેવી- જે માગો તે- વસ્તુઓ લોકોને ઝોળીમાંથી કાઢી આપતા અને તેઓ જે કાંઇ બોલે તે સાચું જ પડતું. એમની ઉંમરનો કોઇ તાગ લાગતો ન હતો. સો વરસ કરતાં પણ મોટી ઉંમરના લોકો એમ કહેતા કે અમે એમને જેવા જોયા હતા તેવા ને તેવા જ એને અમે આજે પણ જોઇએ છીએ. (૫૮-૬૧). એમની મુખકાંતિમાં લેશમાત્ર ફરક પડ્યો નહોતો એવા અદ્‌ભુત એ હતા અને એમનો શાસ્ત્રીબુવા પર અનહદ પ્રેમ હતો. (૬૨). એને કારણે ભાવથી વારંવાર મળવા આવતા અને એ બંને જણા મિત્રતાના દાવે વાતો કરતા. (૬૩).

એક દિવસ આંજરેકર બુવા પાડગાંવમાં ફરતા ફરતા દત્તમંદિરે જઇ ચઢ્યા. (૬૪). ત્યાં ખૂણામાં દત્ત ભગવાનની મૂર્તિ પડી રહી હતી. બધે જ અવ્યવસ્થા જોઇને એ સુંદર શરીરધારી બુવાએ ગામલોકને બોલાવીને કહ્યું કે આ મૂર્તિને આમ અવ્યવસ્થિત દશામાં રાખવી એ તમારે માટે સારું ન ગણાય. (૬૫-૬૬). જે ગામમાં જૂનાં પુરાણાં મંદિરો હોય તે ગામના લોકો જો એની વ્યવસ્થા ન કરે તો સમગ્ર ગામની ચોક્કસ દુર્દશા થાય છે. એમાં શંકા લાવશો નહીં. એવાં વચનો સાંભળીને ગામના લોકોએ વંદન કરીને કહ્યું કે આપ સાક્ષાત્ હનુમાનજી છો. તેથી આપના હાથે આ મૂર્તિની પ્રતિષ્ઠા થાય એવી અમારી ઇચ્છા છે. (૬૭-૬૯).

આંજરેકર બુવાએ કહ્યું કે ભલે ! તમે મૂર્તિની સ્થાપના કરો. એ વખતે હું ચોક્કસ હાજર રહીશ. એ સાંભળીને ગામના લોકોએ મૂર્તિ સ્થાપનના ઉત્સવની તૈયારી શરૂ કરી. એ માટે જ્યાં અન્ન વગેરે સામગ્રીની વ્યવસ્થા કરી ત્યાં પાડગાંવ ગામના ગોસાવી જાગીરદારને આ વાતની ખબર પડી. શ્રીમંતાઇથી અતિ ઉન્મત્ત થયેલા એને આ વાત ન ગમી. એટલે મૂર્તિ સ્થાપના માટે વાજાં વગાડવા જતાં વાજાંવાળાને તેણે જવા ન દીધા. (૭૦-૭૩). જ્યારે આંજરેકર બુવાને આ વાતની જાણ થઇ ત્યારે એ વાજાંવાળાને બોલાવીને બુવાએ કહ્યું કે આ દેવનું કાર્ય છે એમ નિશ્ચિતરૂપથી માનજો. જો તમે વાજાં વગાડવા નહિ આવો તો તમે આપત્તિમાં સપડાશો. હું તમને સાચું કહું છું. (૭૪-૭૫).

આમ કહેવા છતાં એ લોકોએ માન્યુ નહીં. પરિણામે તે જ ક્ષણે પાડગાંવમાં મહા રોગચાળો ફેલાયો. એમાં સૌથી પહેલાં વાજાંવાળા ઝડપાયા. એટલે બીકના માર્યા એ બધા તરત જ બુવા પાસે આવ્યા. (૭૬-૭૭). શરણમાં આવીને દંડવત્ પ્રણામ કરીને માફી માગી અને કહ્યું કે હે મા-બાપ ! રોગનો ભય હરી લઇને અમોને બચાવી લો. (૭૮). હવે તમારી આજ્ઞાથી વિરુદ્ધ એવું વર્તન કયારેય પણ નહીં કરીએ. તું જ્ઞાની છે અને અમે અજ્ઞાની છીએ. હે હનુમાનજી ! અમને માફ કરો. (૭૯).

એમની આવી પ્રાર્થના સાંભળીને બુવા મનમાં પીગળ્યા અને એમને કહ્યું કે જો તમે ઉત્સવ પૂરો થાય ત્યાં સુધી અહીં રહીને વાજાં વગાડશો તો તમારો રોગનો ભય હરી લઇશ અને બધે શાંતિ સ્થાપીશ. (૮૦-૮૧). બુવાનાં આવાં વચન સાંભળીને એ હીન જાતિના લોકોની બુદ્ધિ તરત જ ફરી અને બધાએ ખાતરીપૂર્વક કહ્યું કે અમે હવે ઉત્સવમાં ચોક્કસ પ્રેમથી આવીશું અને હે દયાના સાગર બુવા ! ઉત્સવ પૂરો થાય ત્યાં સુધી સતત વાજાં ચોક્કસ

વગાડીશું. (૮૨-૮૩). આવું કહીને ફરી પાછા દંડવત્ પ્રણામ કર્યા ત્યારે બુવાએ ભસ્મ આપી જેથી રોગની શાંતિ થઇ. (૮૪). બધા વાજાંવાળા આનંદથી આવ્યા અને આનંદપૂર્વક વાજાં વગાડવા લાગ્યા. આમ અતિ આનંદ અને ઉલ્લાસમાં ઉત્સવનો આરંભ થયો. આ સમાચાર જાણીને પેલા અતિદુષ્ટ જાગીરદારના પેટમાં તેલ રેડાયું, દ્વેષથી એ બળવા લાગ્યો. (૮૫-૮૬).

ગામના બધા બ્રાહ્મણોને બોલાવીને એણે કહ્યું કે આ ઉત્સવમાં જે બ્રાહ્મણ રસોઇ કરે છે તે પાપી છે. એટલે તમે બધા ઉત્સવમાં જમવા જતાં પહેલાં વિચાર કરીને પછી જજો. એટલે મનમાં અભિમાન રાખીને એ બ્રાહ્મણો ઉત્સવમાં જમવા ન ગયા. (૮૭-૮૮). પરિણામે બધી રસોઇ શૂદ્રોમાં વહેંચી દઇને અતિ દુ:ખી થઇને બુવા જંગલમાં જઇને બેઠા. (૮૯). આ વાત તરત જ ગામોગામ ફેલાઇ ગઇ. આ વાત જાણીને વાસુદેવ તરત જ બુવા પાસે દોડ્યા. (૯૦). એમને પ્રેમથી સમજાવીને માણગાંવમાં લઇ આવ્યા અને ભાવપૂર્વક પોતાની સાથે રાખ્યા. (૯૧). અહીં મનનું સમાધાન થવાથી બુવા આનંદથી રહ્યા અને ત્યાં પાડગાંવના લોક પર દેવ નારાજ થયા. (૯૨). ત્યાં એક પર એક એમ ઉપરાઉપરી આફત આવવા માંડી. લોકો 'ત્રાહિ ત્રાહિ' પોકારી ગયા. એટલે લોકો માણગાંવમાં આવીને બુવાના પગમાં માથું મૂકીને આજીજી કરવા લાગ્યા કે હે દીનદયાળુ ! હે સુજ્ઞ પુરુષ ! હે નાથ ! એક વાર પાડગાંવ પધારીને અમારાં સંકટો દૂર કરો. આમ કાલાવાલા કરીને અને વારે વારે નમીને કહેવા છતાં બુવા વાત સાંભળવા તૈયાર જ ન હતા. એટલે નાછૂટકે એ બધાએ શાસ્ત્રીબુવાને પધારવા અંગે માનપૂર્વક વિનંતી કરતાં કહ્યું કે હે દીનબંધુ ! હે કરુણાનિધિ ! બુવાને સાથે લઇને આપ પાડગાંવમાં પધારો. આપ તો સાક્ષાત્ દત્ત છો. (૯૩-૯૭). અમે તમારા શરણે આવ્યા છીએ. આપ અમારા રાંકનો ઉદ્ધાર કરો. એમની વિનંતી સાંભળીને શાસ્ત્રીબુવાએ પ્રેમથી આંજરેકર બુવાને કહ્યું કે આ બિચારા બધા દુ:ખી થઇ ગયા છે. હે શિવ સ્વરૂપ બુવા ! કૃપા કરીને આપ પાડગાંવ ચાલો. હું પણ આપની સાથે આવું છું. આવાં વચન સાંભળતાં જ આંજરેકર બુવા શાસ્ત્રીબુવાને લઇને પાડગાંવમાં ગયા અને ત્યાં દત્તમંદિરમાં ઊતર્યા. જાગીરદારે આ વાત જાણી એટલે બે બ્રાહ્મણોને લઇને તરત જ એ ત્યાં ગયો અને આંજરેકર બુવાને ક્રોધથી કહેવા લાગ્યો કે : અરે પાખંડી ! ધુતારા ! તું અહીંથી તરત જતો રહે નહીંતર તારી દાઢી ખેંચી નાંખીશ. આમ મન ફાવે તેમ જાગીરદાર બોલવા લાગ્યો.② (૯૮-૧૦૩).

આ સાંભળીને આંજરેકર બુવા ક્રોધથી લાલચોળ થઇ ગયા. એમની ક્રોધમુદ્રા જોઇને શાસ્ત્રીબુવાએ તરત જ પેલા દુષ્ટ જાગીરદારને કહ્યું કે અરે ! આ બ્રાહ્મણને વગર કારણે ક્રોધે ભરાઇને કેમ ગાળો આપે છો? જરા ભાવિનો વિચાર કરો. બ્રાહ્મણનો આ રીતે દ્વેષ કરો છો તો એમાં કાંઇ સાર નહીં કાઢો. (૧૦૪-૧૦૬). આ સાંભળતાં જ જાગીરદાર બોલતો બંધ થઇ ગયો. પછી શાસ્ત્રીબુવાએ સ્નેહથી આંજરેકર બુવાને કહ્યું કે હે મહારાજ ! આજે અહીં આપના શરીરમાં ક્રોધરૂપી એક ચાંડાળ દાખલ થઇ ગયો છે. માટે પ્રભુ ! આપ સ્નાન કરો. શાસ્ત્રીબુવાનાં એવાં વચન સાંભળીને સાધુબુવાએ ત્યાં તરત જ સ્નાન કર્યું. (૧૦૭-૧૦૯). સ્નાન કર્યા પછી હાથમાં ભસ્મ લઇને આંજરેકર બુવા જાગીરદારને શાપ આપવા તૈયાર થયા એ જોઇને તરત જ શાસ્ત્રીબુવાએ સાધુબુવાને મીઠી વાણીથી સમજાવતાં કહ્યું કે હે પ્રભો ! શાપ આપવાથી આપણા તપનો લય થાય છે. આપ તો તપોનિધિ છો માટે શાપ ન આપશો. જેનાં જેવાં કર્મો હશે તેવું ફળ તે તરત જ પોતાના કર્માનુસાર પામશે. દુષ્ટોને શિક્ષા કરવા માટે સમર્થ ઈશ્વર

બેઠો છે. તમે નાહકનો શું કામ ક્રોધ કરો છો?③ (૧૧૦-૧૧૩).

આવાં અમૃત વચનો સાંભળીને સાધુબુવા સ્વસ્થ થયા. પછી તપમાં સૂર્ય સમાન બંને બુવા ગામ છોડીને પોતાના રસ્તે ચાલી નીકળ્યા. એટલામાં પાડગાંવમાં ભયંકર આગ લાગી અને જાગીરદાર સહિત બીજા બધા દુષ્ટોનાં ઘરો પણ તરત જ બળીને ખાખ થઇ ગયાં. (૧૧૪-૧૧૫). બ્રાહ્મણનો દ્વેષ કરનારા બધા દુર્જનોની દશા બગડી ગઇ અને જાગીરદારની દુર્દશાનો તો પાર ન રહ્યો. (૧૧૬). એને ખાવા માટે અન્ન પણ ન મળે એવો દુ:ખી થઇ ગયો. સાધુ સાથે છળ કરનારનું સારું થતું નથી. (૧૧૭). સંતોની કદી પણ અવગણના કરવી નહીં. એમની વૃત્તિને અનુકૂળ થઇને સદા ભાવથી રહેવું.④ (૧૧૮).

પછી આંજરેકર બુવા પોતાના સ્થાને ગયા અને શાસ્ત્રીબુવા પોતાના ગામે જલદીથી આવ્યા. (૧૧૯). વાડીમાં નિયમથી જતા હતા એ વાતનું અનુસંધાન હવે પછીના અધ્યાયમાં રહેશે. એનું શ્રવણ કરવાથી હે **રંગ** ! કોનો ઉદ્ધાર ન થાય? અજ્ઞાની માણસ પણ જ્ઞાની થઇ જાય છે. (૧૨૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'યોગાભ્યાસાદિવર્ણન'** નામનો **એકસો દસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૧૦

(૧) દોહરા ૨૫ થી ૩૪ ખૂબ ધ્યાનથી વાંચવા જેવા છે. ભગવાન જેને પોતાનો માને છે તેની પાસેથી ઊંચી અપેક્ષા રાખે છે અને એ અપેક્ષા પ્રમાણે ભકત ન વર્તે તો એને શિક્ષા કરતાં ભગવાન અચકાતા નથી. જેની સાથે ભગવાન વાતો કરે છે તે વાસુદેવ સ્વામીએ પણ કર્મભોગ તો ભોગવવો જ પડે છે. ખૂબી એ વાતની છે કે સ્વામી મહારાજ કર્મભોગમાંથી છટકવા માગતા નથી અને ભગવાન પણ એમને છટકવા દેતા નથી. આવા પ્રસંગો વાંચવાથી આપણને દુ:ખ સહન કરવાની શકિત મળે છે અને દુ:ખમાંથી છટકી જવાની વૃત્તિ ટળે છે.

(૨) દોહરો ૯૯ સંતનો સ્વભાવ દર્શાવે છે. સત્યનારાયણની કથામાં પણ 'એકદા નારદો યોગી પરાનુગ્રહકાંક્ષયા, પર્યટાન્ વિવિધાન્ લોકાન્ પૃથ્વીલોકમુપાગતા'- એવું વર્ણન છે. નારદ શું કામ ફરે છે? લોકોનું ભલું થાય, દુ:ખિયા હોય તે સુખિયા થાય માટે. 'દત્ત પ્રણતિ'માં પૂ.શ્રી લખે છે કે "દૃષ્ટ્વા લોકાઞ્ શોક નિમગ્નાન્ કરુણાપ્તો...". લોકોને દુ:ખશોકમાં ડૂબેલા જોતાં જ ભગવાન કે સંત કરુણાથી આર્દ્ર બની જાય છે. પાડગાંવના

લોકોનું દુ:ખ જોઇને શાસ્ત્રીબુવા આંજરેકર બુવાને સમજાવીને દત્તમંદિરે લઇ ગયા.

(૩) દોહરા ૧૧૨ અને ૧૧૩માં બે ત્રણ વાત સમજવા જેવી છે. એક તો જે જેવું કર્મ કરશે તેવું ફળ ભોગવશે. બીજું જે માણસ ખોટું કરે છે તેને એના કર્મ પ્રમાણે ફળ આપવાની જવાબદારી ઇશ્વરની છે અને એ જવાબદારી અદા કરવા માટે ઇશ્વર સમર્થ છે, એટલે માણસે એની ચિંતા કરવાની નથી અને છેલ્લે જો આપણી કોઇ જવાબદારી જ ન હોય તો આપણે નકામો ક્રોધ શું કામ કરવો? ક્રોધ હંમેશાં ક્રોધ કરનારને સૌથી વધુ નુકસાન કરે છે. તો ક્રોધ કરીને આપણે મૂર્ખ બનવાની શી જરૂર ?

(૪) દોહરો ૧૧૮ હૃદયમાં કોતરી રાખવા જેવો છે. સાચા સુખનો એ રાજમાર્ગ છે. એમાં બે વાત છે. **એક તો** સંતોની અવગણના ન થવી જોઇએ. આમ તો જીવમાત્રની અવગણના ના થવી જોઇએ પણ એટલી સૂક્ષ્મતાએ ન પહોંચાય તો ઓછામાં ઓછું સંતોનો તો અનાદર ના જ થવો જોઇએ. **બીજું** સંતની વૃત્તિને અનુકૂળ થઇને રહેવું જોઇએ. સંતની વૃત્તિમાં પોતાની વૃત્તિ ભેળવી દેવી જોઇએ.

જે લોકોએ પોતાના ગુરુને ગમે તે કરવું અને ન ગમે તે ન કરવું એવું અમલમાં મૂકી ગુરુની વૃત્તિમાં જ પોતાની વૃત્તિ ભેળવી દીધી છે તેને ગુરુ મહારાજે પોતાનું સ્વરૂપ આપી દીધું છે, એ વ્યક્તિને સ્વયં ગુરુપદે સ્થાપી દીધી છે.

●

અધ્યાય : ૧૧૧

આ અધ્યાયનું નામ **'વૃક્ષે દેવત્વસ્થાપન'** છે. આ અધ્યાયમાં **૧૦૫** દોહરા છે.

અલખજી નિરંજનને કહે છે કે એકવાર શાસ્ત્રીબુવા વાડીમાં હતા. કાળી ચૌદશના દિવસે ગોવિંદસ્વામી અને શિવરામ શાસ્ત્રી શૌચક્રિયા માટે બહાર જવા સવારના પહોરમાં સાથે નીકળ્યા. પૂજારીનાં છોકરાં પ્રસાદ આપવા આવ્યા ત્યારે ભગવાનનું સ્મરણ કરીને ગોવિંદસ્વામીએ અને શાસ્ત્રીબુવાએ પ્રસાદ લીધો પણ શિવરામ શાસ્ત્રીએ પ્રસાદનો ત્યાગ કર્યો. તેથી શિવરામ શાસ્ત્રી બેભાન થયા, તેમને તાવ આવ્યો અને બોલવાનું પણ ભાન ન રહ્યું. શિવરામ શાસ્ત્રીની પત્નીએ દેવની માફી માગી અને દત્તપાદુકા પર લઘુરુદ્ર કરાવ્યો ત્યારે શિવરામ શાસ્ત્રી સ્વસ્થ થયા. દેવના પ્રસાદ તરીકે ફળનો પ્રસાદ ગમે તે અવસ્થામાં લઇ લેવો. (પ્રસાદ તરીકે ગમે તેવી વસ્તુનો સ્વીકાર નહિ કરવાનો પણ ફળ તો લઇ લેવાં.) (૧-૨૮).

એક વાર દત્તપ્રભુની આજ્ઞાથી શાસ્ત્રીબુવા વાડીએ જવા નીકળ્યા. સાવંતવાડીના શંકર સપ્તેને ના કહેવા છતાં એ વાડીમાં સાથે ગયો. ત્યાં જ તાવમાં સપડાયો અને ભગવાને શાસ્ત્રીબુવાને કહ્યું તું તારી મેળે માણગાંવ જતો રહે. આખરે ગોવિંદસ્વામીની પ્રાર્થનાથી દ્રવીને દત્તપ્રભુએ એને મુકત કર્યો. સંત કહે તેમ કરવું, તેમની પાસે હઠ કરવી નહીં. (૨૯-૪૭).

શ્રદ્ધા જ ફળે છે અને વ્યક્તિની અડગ શ્રદ્ધા હોય તો જ દેવ પણ કૃપા કરે છે. નાસ્તિક માણસ છેવટે દુ:ખી થઇને મરે છે. સાવંતવાડી પાસે સાંગેલી ગામમાં દિવાકર જડે નામના એક શ્રીમંત ગૃહસ્થના બાગમાં ફણસનું એક ઝાડ હતું. દિવાકર ભટ્ટના પૂર્વજો એની પૂજા કરતા આવ્યા હતા. આમ સંતના કહેવાથી પરંપરાથી પૂજાતા આવેલા આ ફણસના ઝાડને દિવાકર ભટ્ટે કપાવી નાંખ્યું. 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ' તે આનું નામ. ઝાડમાં વળી દેવત્વ કયાંથી હોય એમ કહીને ઝાડ કપાવ્યું તો ઝાડ પડ્યું તેની નીચે એક છોકરો ચગદાઇ મર્યો અને પછી તો એક પછી એક આફત આવવા માંડી. દિવાકરને ખાવાનું ન મળે એવી સ્થિતિ થઇ ગઇ. એમના ભાસ્કર નામના ભાઇએ માણગાંવ જઇને શાસ્ત્રીબુવાને બધી વાત કરી. શાસ્ત્રીબુવાએ કહ્યું કે તું એ વૃક્ષ પાછું રોપ. એની નીચે મૂર્તિ સ્થાપી પછી એનું ઉદ્યાપન કરજે. કહ્યા પ્રમાણે કરવાથી પરિસ્થિતિ સુધરી પણ મૂર્તિ ન સ્થાપી તેથી પાછી આપત્તિ આવી. આખરે શાસ્ત્રીબુવાએ મૂર્તિનું સ્થાપન કરાવીને સંકટો દૂર કર્યા. (૪૮-૧૦૫).

અલખ નિરંજનને કહે છે કે એકવાર દિવાળીમાં શાસ્ત્રીબુવા વાડીમાં હતા ત્યારે કાળી ચૌદશના દિવસે પ્રાત:કાળમાં ગોવિંદસ્વામી અને શિવરામ શાસ્ત્રી શૌચાદિ ક્રિયા માટે સાથે બહાર જવા નીકળ્યા. ત્રણેયને સાથે જતા જોઇને પૂજારીનાં છોકરાં દોડતાં આવ્યાં અને 'આ દેવનો પ્રસાદ લો' એમ પગે લાગીને કહ્યું. સૌ પ્રથમ ગોવિંદસ્વામીને પ્રસાદ આપવા માંડ્યો તો સ્વામીએ કહ્યું કે અમે અત્યારે જાજરૂ જઇએ છીએ માટે મઠમાં જઇ મારા

આસન પાસે પ્રસાદ મૂકો. એટલે છોકરાં બોલ્યાં કે હે સ્વામી ! આ વાત અમારા માટે શક્ય નથી. આ મળવો મોંઘો એવો પ્રસાદ લેવો હોય તો લો, નહિતર પછી અમે ખાઇ જશું. આ સાંભળીને યતીશ્વરે મનમાં વિચાર્યું કે મારા ઇષ્ટદેવ મારી કસોટી કરતા હોય એમ લાગે છે. એવો નિશ્ચય કરીને ફળનો પ્રસાદ ખાઇ લીધો અને પછી રસ્તે ચાલવા માંડ્યું. પછી વાસુદેવ આવ્યા. તેમને પણ છોકરાંએ પ્રસાદ આપ્યો તેથી તેઓએ તરત જ પ્રસાદનું ભક્ષણ કર્યું. ફકત શિવરામ શાસ્ત્રીએ પ્રસાદ લીધો નહીં. (૧-૧૦).

પ્રસાદનો આમ ત્યાગ કરીને તે ઝડપથી આગળ જવા લાગ્યા. શૌચાદિથી પરવારીને, પંચગંગાને કિનારે તરત જઇને, સ્નાન સંધ્યાદિ કરીને મઠમાં આવ્યા અને પોતાના આસન પર શિવરામ શાસ્ત્રી સુસ્વસ્થ થઇને બેઠા. ત્યાં તો એકાએક એ બેભાન થઇ ગયા અને તેમને તરત જ તાવ ચઢ્યો અને બોલવાના પણ હોશકોશ રહ્યા નહીં. (૧૧-૧૩). આમ પથારીમાં બેભાન થઇને પડી રહ્યા. રાત્રે એમનાં પત્નીને દયાના સાગર એવા ભગવાને સ્વપ્નમાં સ્પષ્ટ દૃષ્ટાંત (આદેશ) આપ્યો કે તારા પતિએ મારા પ્રસાદનો ત્યાગ કર્યો છે તેની આ શિક્ષા છે. (૧૪-૧૫).

સવારના પહોરમાં એ સતીએ ગોવિંદસ્વામીની સાથે શાસ્ત્રીબુવા બેઠા હતા ત્યાં જઇને સ્વપ્નની વાત કરી. એટલે સ્વામીએ કહ્યું કે તારા પતિએ પ્રસાદનો ત્યાગ કર્યો તે અમે નજરોનજર જોયું હતું અને એની આ દુર્દશા એને લીધે જ થઇ છે. માટે તમે પતિ-પત્ની પાદુકા પાસે જઇને પોતાના અપરાધની માફી માગો અને દેવની ભાવપૂર્વક પ્રાર્થના કરીને ક્ષમાપના તરીકે પાદુકા ઉપર રુદ્રાભિષેક વિધિથી એક લઘુરુદ્ર કરો. મારું આટલું કહ્યું માનો. (૧૬-૨૦).

સ્વામીએ જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે જ પતિ-પત્નીએ કર્યું. એને લીધે શિવરામ શાસ્ત્રી તરત જ સ્વસ્થ થયા. (૨૧). તે દિવસથી શાસ્ત્રીબુવાએ નિયમ કર્યો કે દેવનો પ્રસાદ કહીને કોઇ ફળ વગેરે આપે તો તેનો ત્યાગ કરવો નહિ પણ લઇને તરત જ ખાઇ જવો. જો પ્રસાદનો ત્યાગ કરવાથી કળિયુગમાં પણ શ્રદ્ધાળુ ભકતને ભગવાન મહાન શિક્ષા કરતો હોય તો પછી પહેલાંના સત્યયુગના સમયમાં વાણિયાની દીકરીએ અને તુંગધ્વજ રાજાએ સત્યનારાયણના પ્રસાદનો ત્યાગ કર્યો હતો તેથી અતિશય દુ:ખી થયા હતાં એ બધી વાત શું જૂઠી હશે? (૨૨-૨૫).

નાસ્તિક ભલે કુતર્ક કરે પરંતુ શ્રદ્ધાળુએ મૂર્ખાની સોબતે-રવાડે-ચઢીને કોઇ પણ કાળે શાસ્ત્રની અવજ્ઞા કરવી નહીં. હલકી જાતિનાએ પણ પ્રસાદમાં ફળ વગેરે આપ્યું હોય તો ભાવપૂર્વક લઇ લેવું. પરંતુ ગમે તેવી વસ્તુનો કોઇ દિવસ સ્વીકાર કરવો નહિ. હે બાળક નિરંજન ! એવાનો ત્યાગ કરવામાં કોઇ પાપ લાગતું નથી.① (૨૬-૨૮).

એકવાર દત્તપ્રભુની આજ્ઞાનુસાર શાસ્ત્રીબુવા વાડીએ જવા નીકળ્યા ત્યારે સાવંતવાડીમાં રહેતા શંકર સપ્તે નામના બ્રાહ્મણે કહ્યું કે હું પણ તમારી સાથે વાડીક્ષેત્રમાં આવું. (૨૯-૩૦). એને શાસ્ત્રીબુવાએ કહ્યું કે તું મારી સાથે આવીશ નહીં. તો પણ એ આજ્ઞાનું ઉલ્લંઘન કરીને હઠ કરીને સાથે ગયો. (૩૧). જેવો વાડી પહોંચ્યો કે તરત જ તાવમાં ઝડપાયો. શરીરનું પણ ભાન ના રહ્યું અને હેરાન પરેશાન થઇ ગયો. (૩૨). ત્યાં

શાસ્ત્રીબુવાને પોતાને ગામ તરત જ જતા રહેવાની દત્તપ્રભુની આજ્ઞા થઇ. તેથી તેઓ વિચાર કરવા લાગ્યા કે હું આને આમ તાવમાં સપડાયેલો છોડીને કેવી રીતે જાઉં? ત્યાં તો ભગવાને કહ્યું કે એને મૂકીને તું તારી મેળે જતો રહે. (૩૩-૩૪). એટલે શંકર સપ્તેને ગોવિંદસ્વામીને સોંપીને શાસ્ત્રીબુવા માણગાંવ ગયા. (૩૫).

આ બાજુ દિવસે દિવસે સપ્તેને તાવ વધતો જ ગયો અને પછી તો તાવે તરત જ ગંભીર સ્વરૂપ પકડ્યું. (૩૬). આ જોઇને કરુણાના સાગર એવા ગોવિંદસ્વામીએ સ્મર્તૃગામી એવા દત્ત ભગવાનને પ્રાર્થના કરી. (૩૭). અગમ-નિગમ જેની સ્તુતિ કરે છે અને જે ભક્તિથી રીઝે છે એવા દત્તપ્રભુએ ગોવિંદસ્વામીને સ્વપ્નમાં પ્રેમપૂર્વક કહ્યું કે તું એને જલદીથી તીર્થોદકથી સ્નાન કરાવ અને શરીરે દેવની ભસ્મ લગાવ. એમ કરવાથી એનો તાવ મટી જશે. આમ દૃષ્ટાંત (આદેશ) થતાં સપ્તેને કૃષ્ણાવેણીમાં લઇ જઇને ઊભો રાખી દેવનાં તીર્થોદકથી સ્નાન કરાવ્યું અને તરત જ દેવની ભસ્મ કપાળે ચોળી. તદુપરાંત શરીર પર લગાડીને પથારીમાં વસ્ત્ર ઓઢાડીને સુવાડતાં જ ક્ષણવારમાં પરસેવો થયો અને તાવ દૂર થઇ ગયો. બધાને પગે લાગીને પછી સપ્તે પોતાના ઘરે ગયો. (૩૮-૪૩).

માટે કોઇ દિવસ સંત સાથે હઠ કરવી નહીં. આમ છતાં દુરાગ્રહ રાખીને જે સાધુપુરુષનું કહ્યું સાંભળતો નથી તેના પર ચોક્કસ ભયંકર સંકટો આવે છે જ. માટે સુજ્ઞ પુરુષે ધન, વિદ્યા વગેરેનું અભિમાન છોડીને સંતની આજ્ઞા પ્રમાણે વર્તવું અને ત્યાં પોતાનું ડહાપણ ચલાવવું નહીં. (૪૪-૪૬). એ જ રીતે દેવનો જેમ દૃષ્ટાંત (આદેશ) થાય તે જ પ્રમાણે શ્રદ્ધા રાખીને શંકા રાખ્યા વગર વર્તવું. (૪૭).

શ્રદ્ધા રાખ્યા વગર ફળ મળતું નથી. જો અચળ શ્રદ્ધા હોય તો જ કૃપાળુ પરમાત્મા તરત જ કૃપા કરે. (૪૮). જે નાસ્તિકો છે તે આખરે દુ:ખી થઇ જાય છે. આ અંગે એક કથા કહું છું તે સાંભળ, જેથી તારી શંકા દૂર થાય. (૪૯).

સાવંતવાડી પાસે સાંગેલી નામના ગામમાં એક ઉત્તમ ગૃહસ્થ રહેતા હતા. (૫૦). એમનું નામ દિવાકર હતું અને જડે એમની અટક હતી. એના બાગમાં ફણસનું એક ઝાડ હતું. (૫૧). દિવાકર ભટ્ટના પૂર્વજો વગેરે આ વૃક્ષની પરંપરાગત પૂજા કરતા હતા. (૫૨). કોઇ સંતના કહેવાથી એના બધા પૂર્વજો નિત્ય નિયમથી એ વૃક્ષની હંમેશાં પૂજા કરતા હતા. (૫૩). કમનસીબે એક દિવસ એના મનમાં એવું થયું કે આ વૃક્ષ તોડી નાંખું જે વંધ્ય અને નકામું છે. (૫૪). એનો આવો નિર્ણય જાણીને ગામલોકોએ એને સમજાવ્યો કે આ પરંપરાગત ઝાડ શું કામ તોડી નાંખે છે? (૫૫). તારા પૂર્વજો આની આમ પૂજા કરતા આવ્યા છે તો પછી એને કાપવાનું તને કોણ કહે છે? મહેરબાની કરીને ઝાડ કાપીશ નહીં. (૫૬).

ઘરનાં આપ્તજનો પણ આમ કરતાં રોકતાં હતાં પણ અભિમાનથી છકેલો એ કોઇનું સાંભળતો ન હતો અને એ નાદાન બુદ્ધિનો એમ બોલ્યો કે વૃક્ષમાં વળી દેવત્વ ક્યાંથી હોય? આ તો બધો ખાલી ખોટો વહેમ છે. આવું કહીને દુરાગ્રહપૂર્વક ઝાડ કપાવી નાંખ્યું. (૫૭-૫૮). જ્યારે એ ઝાડ કપાઇને ભૂમિ પર પડ્યું ત્યારે એની નીચે એક છોકરો ચગદાઇને મરી ગયો. (૫૯). એટલું જ નહીં પણ પછીથી એના પર એક પર એક એમ ગંભીર સંકટો આવવા લાગ્યાં અને બધી સંપત્તિ જતી રહી. (૬૦).

અધ્યાય : ૧૧૧

ગાય, ભેંસ વગેરે તેનાં બધાં ઢોરો રોગને લીધે મરી ગયાં અને ખેતીમાં કોઇ દિવસ સારો પાક થતો ન હતો. (૬૧). બાગમાં થતાં ફણસ વગેરે ફળ બહારથી પાકેલાં જણાય પરંતુ અંદરથી કોહી ગયાં હોય અને એમાં જીવડાં પડી ઊઠેલાં હોય. (૬૨). જો કાચાં ફળ ઘરે લાવીને શાક બનાવે તો ગમે તેટલું કરે તો પણ સીઝે નહીં-ચડે નહીં અને કાચાં ને કાચાં રહે. (૬૩). ઘરમાં આવેલાં ફળ પણ નકામાં વેડફાઇ જાય. ના તો કોઇ વેચાતાં લે કે ના તો ઘરના લોકો ખાય. (૬૪). આમ દિવાકર ભટ્ટને ખાવાનું ધાન ન મળે એવા દિવસો આવ્યા. આવી દુર્દશા જોઇને ઘરના લોકો પણ કંટાળ્યા. (૬૫). આને કારણે બધા ભાઇઓ ભાઇઓ પણ રોજે રોજ લડવા-ઝઘડવા લાગ્યા અને દિવાકરને કહેવા લાગ્યા કે તેં બધુ ગુમાવીને અમને ભીખ માગતા કર્યા. (૬૬).

રોજેરોજ કલહ કંકાસ વધતો ગયો. એટલે એ બ્રાહ્મણ છેક જ ત્રાસી ગયો. વડોદરામાં એનો એક દિલોજાન મિત્ર હતો. (૬૭). એને થયું કે લાવ, એને આશરે જઇને રહું. એવો વિચાર કરીને દિવાકર બ્રાહ્મણ વડોદરા આવ્યો તો એને ખબર પડી કે એના મિત્રનું તો થોડા દિવસ પહેલાં જ મૃત્યુ થયું છે. આ જાણીને દિવાકરે વિચાર્યું કે જો આશ્રય જ ના મળવાનો હોય તો પછી અહીં રોકાવાનો પણ શું અર્થ? આમ વિચારીને એકદમ રાંક બાપડો થઇને પાછો પોતાને ગામ આવ્યો. (૬૮-૭૦).

બીજી બાજુ એમનો ભાસ્કર નામનો ભાઇ ગરીબાઇથી ત્રાસી જઇને માણગાંવમાં આવ્યો અને પ્રેમથી શાસ્ત્રીબુવાનાં દર્શન કરીને પછી દુ:ખથી પ્રાર્થના કરતાં કહ્યું કે હે યોગીશ્વર ! હું અહીં આપના શરણે આવ્યો છું. હે અનાથના નાથ ! અને બધું સારી પેઠે જાણનાર ! મારી ખૂબ ખરાબ દશા થઇ છે અને તમારા વિના બીજું કોઇ રક્ષક નથી. (૭૧-૭૩). હે મહારાજ ! મારા પર દયા કરો. એવું કહીને રડવા લાગ્યો. એનું દુ:ખ જોઇને શાસ્ત્રીબુવા મનમાં દ્રવી ઊઠ્યા અને પ્રેમથી પૂછ્યું કે અલ્યા ! તું કેમ રડે છે? તું કંઇ વાત તો કર. એટલે દંડવત્ પ્રણામ કરીને એણે બનેલી બધી વિગત કહી સંભળાવી. (૭૪-૭૫).

એ વાત સાંભળીને શાસ્ત્રીબુવા બોલ્યા કે તમારા બાગમાં પરાપૂર્વથી ચાલી આવેલું ફણસનું જે જૂનું ઝાડ હતું તેના પર દેવના ગણો રહેતા હતા. તારા ભાઇએ એ ઝાડ કપાવી નાંખ્યું તેથી એ બધા દેવગણો આકુળવ્યાકુળ થઇને ખળભળી ઊઠ્યા. એને લીધે તમારા ઉપર વારેવારે સંકટો આવે છે અને ગરીબાઇ આવી તેનું કારણ પણ એ જ છે. (૭૬-૭૮). માટે હે ભાસ્કર ! તું મારું માનીને જલદીથી પહેલાં જ્યાં ફણસનું વૃક્ષ હતું ત્યાં ફણસ લાવીને રોપ. (૭૯). એને કાળજીથી ઉછેર. એ મોટું થાય એટલે એનું ઉદ્યાપન કરી એ ઝાડની નીચે પ્રેમથી મૂર્તિની સ્થાપના કરીને પહેલાંની જેમ જ એ વૃક્ષનું નિયમસર પૂજન કર. એનાથી તારી મુશ્કેલીનો તરત જ અંત આવશે એમ માન. (૮૦-૮૧).

આ સાંભળીને શાસ્ત્રીબુવાને ભાવપૂર્વક વંદન કરીને ભાસ્કર પોતાના ઘરે ગયો. (૮૨). ઘરે આવીને પોતાના બાગમાં ફણસ લાવીને ઉત્સાહપૂર્વક પ્રેમથી મૂળ સ્થાને રોપ્યું અને એનું નિયમસર પૂજન કરવા લાગ્યો. આમ કરતાંની સાથે જ બાગમાં પહેલાંની જેમ ફળો રસવાળાં થઇને પાકવા લાગ્યાં. (૮૩-૮૪). ખેતરમાં મબલખ પાક થવા લાગ્યો અને થોડા જ દિવસોમાં ભાસ્કરની બધી જ રીતે આબાદી થઇ અને પહેલાંના જેવી સારી સ્થિતિ થઇ ગઇ. તેની આવી સુખની સ્થિતિ જોઇને શંકર સપ્તેએ પોતાની દીકરી ભાસ્કરના પુત્ર સાથે પરણાવી.

એટલે બધાને આનંદ થયો.

આ બાજુ થોડા સમયમાં ફણસનું વૃક્ષ મોટું થઇ ગયું. આમ છતાં એની નીચે મૂર્તિની સ્થાપના કરવાનું ભાસ્કર વિચારતો ન હતો. (૮૫-૮૮). આને કારણે ભાસ્કરનો પુત્ર અને શંકર સપ્તેનો જમાઇ હરિ-ગાંડા જેવો થઇને રાત-દિવસ રખડ્યા કરતો હતો. (૮૯). એક પણ દિવસ ઘરે રહે નહિ અને ગામોગામ હંમેશાં ભટકતો ફર્યા કરે. પેલો ભાસ્કર પણ ચિંતામાં ને ચિંતામાં દૂબળો થઇ ગયો અને અરેરે ! હવે હું શું કરું? એમ વિચારવા લાગ્યો. આ પુત્ર તો હાથમાંથી છટકી ગયો. હવે મને કોણ મદદ કરશે? (૯૦-૯૧).

શંકર સપ્તે કે જે હરિના સસરા થાય તે પણ જમાઇની ચિંતા કર્યા કરતા હતા કે લાવ, આ બધી વાત જઇને શાસ્ત્રીબુવાને કરું. એમ વિચારીને માણગાંવ આવીને શાસ્ત્રીબુવાને પગે પડીને જમાઇના ગાંડપણની બધી વાત કહી સંભળાવી. આ સાંભળીને શાસ્ત્રીબુવા બોલ્યા કે ભગવાન પરચો બતાવે છે તેમ છતાં જે માણસ મૂર્ખ બનીને અહીંયાં વર્તે તેને તો આવાં જ ફળ મળે- આવો જ અનુભવ થાય. એમાં હું શું કરું? (૯૨-૯૫). ફણસના ઝાડ નીચે આજ સુધીમાં તમે મૂર્તિનું સ્થાપન કર્યું છે? એટલે જ જમાઇને ઝોડ વળગ્યું છે. (૯૬). માટે મારું માનીને વૃક્ષનું તાત્કાલિક ઉધાપન કરી એની નીચે મૂર્તિની સ્થાપના કરો. આટલું કરશો એટલે તમારો જમાઇ જરૂરથી ઘરે આવી જશે. એમની બંને આજ્ઞા માનીને વૃક્ષનું ઉધાપન કરી એની નીચે મૂર્તિની તત્કાળ સ્થાપના કરી દીધી. એનું વિધિપૂર્વક પૂજન કરતાં થોડા જ સમયમાં હરિ પહેલાં જેવો જ ડાહ્યો થઇને પાછો ઘરે આવી ગયો. એને જોઇને બધાને ખૂબ જ આનંદ થયો. (૯૭-૧૦૦).

માટે પૂર્વજો દ્વારા જે કાંઇ સત્કર્મ અહીં ચાલી આવતું હોય તે સત્કર્મ વગેરે કોઇ દિવસ અભિમાની બનીને બંધ કરવું નહીં. નહિ તો પછી દુ:ખનો કોઇ આરો રહેતો નથી. માટે આ સમજીને સદ્‌બુદ્ધિ રાખીને કુળનો જે આચાર હોય તે આચાર પાળીને જીવવું. (૧૦૧-૧૦૨).

અલખ નિરંજનને કહે છે કે હે બાળ ! સદ્‌ગુરુની લીલા આવી અતર્ક્ય હોય છે. વૃક્ષમાં પ્રત્યક્ષ દેવત્વ બતાવીને આવું કૌતુક કરીને અભિમાન મૂકાવીને લોકોને ધર્મના માર્ગે વાળ્યા. (૧૦૩-૧૦૪).

આવા તો કંઇ કેટલાય ચમત્કારો લોકોના ભલા માટે કર્યા. આગળ ઉપર અપૂર્વ **રંગ** જામશે જેને જોયા જાણવાથી ભવભય ટળી જશે. (૧૦૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'વૃક્ષે દેવત્વસ્થાપન'** નામનો **એકસો અગિયારમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૧૧

(૧) 'પ્રસાદ' શબ્દનો અર્થ કૃપા, મહેરબાની એવો થાય છે. ભગવાનની કૃપાના પ્રતિકરૂપ પ્રસાદનો ત્યાગ થાય નહીં. પ્રસાદ માટે એવું કહેવાય છે કે એ સૂકો હોય, દૂર દેશથી આવેલો હોય કે ગમે તે હોય પણ પ્રસાદ મળતાંની સાથે જ તેનું ભક્ષણ કરવું જોઇએ. પરંતુ સંડાસ જતા હોઇએ કે કોઇ અન્ય અપવિત્ર અવસ્થામાં હોઇએ ત્યારે અમુક વસ્તુનો જ પ્રસાદ તરીકે સ્વીકાર કરવો. કોઇ અપવાદરૂપ પ્રસંગે પ્રસાદના અસ્વીકારની પાછળ પોતાની લાચારી હોવી એક વસ્તુ છે અને અસ્વીકારની પાછળ તોછડાઇનો ભાવ હોવો એ બીજી વસ્તુ છે. પહેલી વાત ક્ષમ્ય છે, બીજી વાત શિક્ષાને પાત્ર છે. શ્રદ્ધાળુએ શાસ્ત્ર કહે તે પ્રમાણે કરવું.

શુષ્કં પર્યુષિતં વાઽપિ નીતમ્ વા દૂરદેશત:
પ્રાપ્તિ માત્રેણ ભોકતવ્યં નાત્ર કાલવિચારણા |
ન દેશ નિયમસ્તત્ર ન કાલ નિયમસ્તથા
પ્રાપ્તમન્નમ્ ધૃતમ્ શિષ્ટે ભોકતવ્યમ્ હરિબ્રવિત |

●

અધ્યાય : ૧૧૨

આ અધ્યાયનું નામ **'અનુષ્ઠાનરહસ્યાદિવર્ણન'** છે. આ અધ્યાયમાં **૯૫** દોહરા છે.

નિરંજને વંદન કરીને કથા આગળ ચલાવવાની વનંતી કરી એટલે અલખ બોલ્યા કે ગુરુદેવ સ્વયં સાક્ષાત્ દત્ત હોવા છતાં લોકોને શિક્ષણ આપવાના હેતુથી માણસ તરીકે વર્તતા હતા. દુખિયાંનાં દુ:ખ હરી લેતા અને મુમુક્ષુને જ્ઞાન આપતા હતા. (૧-૩).

સહ્યાદ્રિની તળેટીમાં દુકાનવાડી ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો. એની ફળફૂલની વાડી હતી. એક વાણિયાએ બનાવટી ગીરોખત બનાવીને એ બ્રાહ્મણની વાડી પડાવી લીધી. બ્રાહ્મણે મારી પાસે કરજે પૈસા લીધા છે તેના બદલામાં આ વાડી લખી આપી છે એવું નાટક ઊભું કર્યું. ગામલોકોએ વાણિયાને ઠપકો આપીને કહ્યું પણ ખરું કે આવું જૂઠ કેમ ચલાવે છે? અનાથના નાથ એવા શાસ્ત્રીબુવાએ ભોળા દ્વિજને કહીને એક પવિત્ર બ્રાહ્મણ પાસે મંત્રાનુષ્ઠાન કરાવ્યું. જેને પરિણામે વાણિયાને તકલીફો શરૂ થઇ અને જૂઠું ગીરોખત પાછું આપ્યું. (૪-૨૬).

માણગ્રામમાં ઘનશ્યામ વિકલ નામે તળાટી હતો. શાસ્ત્રીબુવાની પરીક્ષા કરવાના હેતુથી 'મારી ગ્રહ દશા કેવી ચાલે છે તે કહો' એમ પૂછ્યું. શાસ્ત્રીબુવાએ કહ્યું કે શનિની દશા ચાલે છે. ઘનશ્યામે સામે દલીલ કરી કે શનિ તો પીડા આપનારો ગ્રહ છે અને મને તો પૈસાનો લાભ થાય છે. શાસ્ત્રીબુવાએ કહ્યું કે થોડી ધીરજ રાખ. તને અનુભવ થશે અને ખરેખર એના પર ખૂનનો આરોપ આવ્યો. ગુનામાં દોષિત ઠર્યો પરંતુ શાસ્ત્રીબુવાની માફી માગી કહ્યા મુજબ ગ્રહશાંતિ કરાવતાં તે અંતિમ કોર્ટમાં નિર્દોષ છૂટ્યો. (૨૭-૪૭).

સાવંતવાડીમાં એક રૂપાળી વિધવા કન્યાને પિશાચપીડા હતી. એ શાસ્ત્રીબુવાને શરણે ગઇ. એટલે શાસ્ત્રીબુવાએ એને બાંધવા તાવીજ આપ્યું. ભૂતને આ ના ગમ્યું. એક રાત્રે શાસ્ત્રીબુવાનું ગળું દબાવ્યું. પણ શાસ્ત્રીબુવાએ એને મંત્રથી બંધનમાં લીધો. (૪૮-૬૨).

સાવંતવાડીમાં એક બ્રાહ્મણ હતો. તેને ક્ષયનો રોગ થયો હતો. શાસ્ત્રીબુવાના કહેવાથી ગુરુચરિત્રના પાઠથી તેનો રોગ મટ્યો પરંતુ નાસ્તિકોની સોબતે ચઢીને શ્રીગુરુચરિત્રનો પાઠ કરવાનો બંધ કર્યો એટલે પાછો ક્ષય થયો અને અંતે એ દુ:ખી દુ:ખી થઇને મર્યો. (૬૩-૯૫).

બે હાથ જોડીને ફરી પાછો નિરંજન બોલ્યો કે શ્રીગુરુનો મહિમા મને વિસ્તારપૂર્વક હજી કહો. (૧). લીલાનું પાન કરતાં મને તૃપ્તિ થતી નથી. ઊલટી મારી તરસ વધતી જાય છે. અલખે કહ્યું કે સ્વયં દત્ત એવા શ્રીગુરુનાથ સામાન્ય માણસની જેમ વર્તીને લોકોને શિક્ષણ આપતા હતા. એ દુખિયાંનાં દુ:ખ હરી લેતા હતા અને મુમુક્ષુને જ્ઞાન આપતા હતા. (૨-૩).

અધ્યાય : ૧૧૨

સહ્યાદ્રિની તળેટીમાં દુકાનવાડી નામે એક ગામ હતું. ત્યાં એક બ્રાહ્મણશ્રેષ્ઠ પોતાના કુટુંબ સાથે રહેતો હતો. (૪). એના ઘરમાં ફળ અને ફૂલોની એક ઉત્તમ વાડી હતી જેના પર એનું સારી રીતે ગુજરાન ચાલતું હતું. (૫). એ બ્રાહ્મણ નિષ્કપટી, ભોળો અને ભાવિક હતો. એ અભ્યાગત અને અતિથિનો સત્કાર કરતો હતો. (૬). એમ કેટલાક દિવસો વીતી ગયા. એ બ્રાહ્મણને સાત્વિક બુદ્ધિનો જાણીને એક વાણિયાની બુદ્ધિ બગડી. (૭). બ્રાહ્મણની ઉત્તમ વાડી પચાવી પાડવા માટે એ વાણિયાએ કપટબાજી ગોઠવી. (૮). એણે લોકોને જાહેરમાં કહેવા માંડ્યું કે આ બ્રાહ્મણે મને એની આ વાડી ગીરો લખી આપીને મારી પાસેથી કરજે પૈસા લીધા છે. (૯). બ્રાહ્મણની બનાવટી સહીવાળું ગીરોખત પણ બનાવડાવ્યું હતું અને જાહેરમાં લોકોને આ વાત કરતો હતો. (૧૦).

આ વાત જાણીને બ્રાહ્મણની સ્ત્રીએ પોતાના પતિને કહ્યું એટલે બ્રાહ્મણે કહ્યું કે અરેરે ! આ તો ગજબનું થયું ! આપણો તો મોંમાંનો કોળિયો ગયો. (૧૧). આ વાણિયાએ આ કેમ કર્યું એની મને કંઇ ખબર નથી. એમ કહીને એ રડવા લાગ્યો. ગામના પ્રતિષ્ઠિત લોકોએ આ વાત જાણી. (૧૨). બધાએ પેલા વેપારીને કહ્યું કે તું કેમ આમ જૂઠું બોલે છે? આ ગરીબની વાડી પડાવી લેવી છે? આવી લુચ્ચાઇ- કપટ તને શોભે કે? (૧૩). આ સાંભળીને વૈશ્ય-વાણિયો બધાને જવાબ આપતો કે આ ગીરોખત સરકારની કચેરીમાં નોંધાવ્યું છે. હવે એમાં કોઇ ઘાલમેલ ચાલશે નહિ. (૧૪). હવે આ વાડીનો માલિક હું થયો છું. તમે લોકો નકામી હૈયા વરાળ કાઢો છો. એવું કહીને એણે બાગનો તરત કબજો લઇ લીધો અને બ્રાહ્મણને પૈસો આપ્યો નહિ. એ કયાં ફરિયાદ કરે? એ બિચારા ગરીબ બ્રાહ્મણની ફરિયાદ સાંભળે પણ કોણ? (૧૫-૧૬).

અનાથના નાથ અને ગરીબોના બેલી એવા શાસ્ત્રીબુવાએ આ વાત જાણી એટલે સાક્ષાત્ રુદ્ર સમાન થઇને (ક્રોધે ભરાઇને) તરત જ ત્યાં દોડ્યા. (૧૭). પેલા ભોળા બ્રાહ્મણને કહીને એમણે મંત્ર આપીને પવિત્ર બ્રાહ્મણ પાસે એનું તરત જ ખાસ અનુષ્ઠાન શરૂ કરાવ્યું. (૧૮). આ બાજુ જ્યાં અનુષ્ઠાનનો આરંભ થયો કે તરત જ ત્યાં વાણિયાને ભયંકર વ્યથા થવા લાગી. (૧૯). ચિત્ત બેચેની અનુભવવા લાગ્યું અને અરેરે ! હવે હું શું કરું? એવું બોલવા લાગ્યો. આમ આઠ દિવસ વિત્યા ત્યાં તો એ ખૂબ જ ગભરાયો અને બ્રાહ્મણને જઇને પગે પડીને કહેવા લાગ્યો કે હે મહારાજ ! એ ગીરોખત જૂઠું હતું અને એ હું પાછું આપું છું. (૨૦-૨૧). આમ કહીને એણે તરત જ ગીરોખત પાછું આપી દીધું અને દંડવત્ પ્રણામ કરીને બ્રાહ્મણની માફી માગી. (૨૨). અનુષ્ઠાન પૂરું થયું અને વાણિયો પણ સ્વસ્થ થયો. દયાના સાગર અને ભકતવત્સલ એવા ગુરુનાથનો જય હો ! જય હો ! (૨૩).

મંત્રની શકિત અદ્‌ભુત છે. તેમ છતાં બતાવનારો પણ પવિત્ર હોય તો જ આવું ઉત્તમ ફળ મળે છે અને જો અનુષ્ઠાન કરનારો પણ શ્રદ્ધાળુ હોય તો જ એ મંત્ર ફળ આપે છે નહિતર મંત્ર નિષ્ફળ નીવડે છે.① (૨૪-૨૫). નાસ્તિક અને શ્રદ્ધા વગરનાને મંત્રનું ફળ મળતું નથી. સાચે જ હંસ મોતીનો ચારો ચરે છે જ્યારે કાગડો વિષ્ઠા ખાય છે. (૨૬).

હે સુજ્ઞ શિષ્ય ! હું તને બીજું દૃષ્ટાંત કહું છું તે તું સાંભળ. માણગાંવમાં ઘનશ્યામ વિઠ્ઠલ કરીને એક બ્રાહ્મણ રહેતો હતો અને તલાટીની નોકરી કરતો હતો. એક દિવસ શાસ્ત્રીબુવાની પરીક્ષા કરવાના હેતુથી શાસ્ત્રીબુવાની પાસે આવીને એણે જયોતિષ શાસ્ત્રની ખૂબ નિંદા કરી અને વેદાંતની અનુભવ વિનાની મોટી મોટી-

લૂખી વાતો કરવા લાગ્યો. (૨૭-૨૯). શાસ્ત્રીબુવાની મશ્કરી કરીને પછી બોલ્યો કે મારી ગ્રહદશા કેવી ચાલે છે તે કૃપા કરીને જુઓ. (૩૦).

શાસ્ત્રીબુવાએ કહ્યું કે તને શનિની દશા ચાલે છે એટલે એણે સામે કહ્યું કે તો મને પછી મને દ્રવ્યનો મોટો લાભ કેવી રીતે થઇ શકે? (૩૧). શનિ તો ખરેખર પીડાકારક ગ્રહ છે, તો મને કેવી રીતે લાભ આપનારો થાય? મને જ્યોતિષ શાસ્ત્રમાં જરાય ભરોસો નથી. (૩૨). એટલે શાસ્ત્રીબુવાએ ફરીથી કહ્યું કે તને થોડા સમયમાં જ ઘર બેઠાં શનિનો અનુભવ થશે અને તારી બધી શંકા દૂર થશે. (૩૩). ઘનશ્યામે કહ્યું કે હું પણ જોઉં છું કે ગ્રહ શું કરે છે? આવું કહીને એ પોતાના ઘરે જતો રહ્યો.

થોડા દિવસ ગયા ન ગયા ત્યાં જ રામનવમીના પવિત્ર દિવસે રાજાની આજ્ઞાનુસાર રાજદૂતોએ એના પર ખૂનનો આરોપ મૂકીને એને હાથમાં બેડી પહેરાવીને તરત જ પકડીને લઇ ગયા. અદાલતમાં મુકદ્દમો ચાલ્યો અને એ ગુનેગાર ઠર્યો. તેથી એને બેડી પહેરાવીને તરત જ કેદમાં નાંખી દીધો. આને લીધે ઘનશ્યામ અંતરમાં ખૂબ પશ્ચાત્તાપ કરવા લાગ્યો અને બોલ્યો કે અરેરે ! મેં શાસ્ત્રીબુવાની નકામી નિંદા કરી. આમ એ રાત દિવસ દુ:ખથી આકુળવ્યાકુળ થતો હતો. (૩૪-૩૮). હાથ જોડીને પોતાના આત્મજનો દ્વારા એ શાસ્ત્રીબુવાને કરગરીને વિનંતી કરવા લાગ્યો કે હે પ્રભુ ! મારા પર દયા કરો. હું આપના શરણે આવ્યો છું. હું આપના ચરણનો દાસ છું. મારા ગુના માફ કરો. હે તાત ! આ ગરીબના દોષો સામે જોશો નહિ અને આપ એનાં સંકટો દૂર કરો. (૩૯-૪૦).

શાસ્ત્રીબુવાએ કહ્યું કે તું અહીં ગ્રહોની શાંતિ કરાવ. એનાથી તારાં બધા સંકટો ઓક્કસ દૂર થશે. (૪૧). વળી તને બીજું એ પણ કહું છું કે તારા ઘરે ચોરી થવાની છે. પરંતુ ચોર પકડાઇ જશે અને ચોરેલો માલ પાછો મળી જશે. (૪૨). એમણે જેવું કહ્યું હતું તેવું જ તરત થયું. ચોરી થઇ પણ ચોરેલી વસ્તુઓ પાછી મળી ગઇ. (૪૩). શાસ્ત્રીબુવાના કહ્યા પ્રમાણે ગ્રહશાંતિ કરાવવાથી ઘનશ્યામ અંતિમ અદાલતમાં નિર્દોષ ઠર્યો અને કેદમાંથી તરત જ છૂટી ગયો. જેલમાંથી છૂટીને સીધો ગુરુના ચરણમાં ભક્તિભાવથી વંદન કર્યાં. (૪૪-૪૫). એની નાસ્તિકતા દૂર થઇ અને એ તરત જ ગુરુભકત થઇ ગયો. પરિણામે શ્રીગુરુની પૂરી કૃપા થતાં અંતે સદ્‌ગતિને વર્યો. (૪૬). શ્રીગુરુની આવી અપાર લીલાને કહેવા બેસીએ તો એનો પાર આવે એમ નથી. કહીએ તો મોટો ગ્રંથ થાય. એના સારરૂપ કથા કહું છું તે તું સાંભળ. (૪૭).

સાવંતવાડી નામના ગામમાં રાજકુટુંબમાં એક અતિ સ્વરૂપવાન કન્યા હતી. પણ કમનસીબે એ વિધવા થઇ હતી. (૪૮). એને પિશાચ પીડા આપતું હોવાથી એને ચેન પડતું ન હતું અને રાત દિવસ દુ:ખી અને ભયભીત રહેતી હતી. (૪૯). એને પિશાચ અનેકરીતે ત્રાસ આપતું હતું અને એને એક ક્ષણ પણ શાંતિથી જીવવા દેતું ન હતું. પિશાચનાં દુ:ખથી ત્રાસીને એ ગુરુજીને શરણે ગઇ. (૫૦).

ત્યાં જઇને ભાવપૂર્વક વંદન કરીને અને હાથ જોડીને પ્રાર્થના કરતાં કહ્યું કે હે દેવ ! મુજને આ દુષ્ટ પિશાચ ભયંકર પીડા આપે છે. (૫૧). હે કૃપાસાગર ! હે ગુરુનાથ ! મને આ દુ:ખમાંથી છોડાવો. શરણે આવેલાના વત્સલ એવા સાક્ષાત્ દત્તાત્રેય પ્રભુરૂપ શાસ્ત્રીબુવાએ દયાર્દ્ર મનથી એને તાવીજ આપ્યું. એ તાવીજ હાથે બાંધવાથી ભૂત એને અડકી શકતું ન હતું. (૫૨-૫૩). એને કારણે રાજકન્યા પીડાથી મુકત થઇ એટલે પેલું પિશાચ

શાસ્ત્રીબુવા ઉપર ક્રોધે ભરાયું. (૫૪). રાત્રે દ્વેષપૂર્વક મંદિરમાં આવીને દેવનો દીવો હોલવી નાંખી, શાસ્ત્રીબુવાનો કંઠ દબાવીને કહેવા લાગ્યું કે તું તાવીજ પાછું લઇ લે, નહિ તો તને ચીસ પડાવીને તારો પ્રાણ લઇશ. (૫૫-૫૬).

પિશાચના એવા શબ્દો સાંભળીને શાસ્ત્રીબુવાએ તરત જ મંત્રબળે એને દૂર કરીને મક્કમતાથી કહ્યું કે હું તાવીજ પાછું લેવાનો નથી અને તું ક્ષણવાર અહીં જ ઊભું રહે. એવું કહીને એને મંત્રબળે બાંધી દીધું અને સેવા માટે પાસે રાખ્યું. શાસ્ત્રીબુવા જે કામ કહે તે કામ એમની આજ્ઞાનુસાર નોકરની માફક ભૂત કરતું હતું. (૫૭-૫૯). આવું શાસ્ત્રીબુવાનું સામર્થ્ય હતું. એનું વર્ણન કોણ કરી શકે? જે સમયે શાસ્ત્રીબુવા અને ભૂતનો વાદ થયો હતો તે સમયે અનેક લોકો જાગતા હતા તેથી તેમણે પણ એ વાદ સાંભળ્યો હતો અને સવારે ઊઠીને એ વાત બીજાને કરી હતી. આ સાંભળીને બધા લોકો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા. શ્રીગુરુની આવી અદ્‌ભુત લીલાનું વર્ણન કરવામાં શેષ પણ હારી જાય એમ છે. (૬૦-૬૨).

સાવંતવાડી ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો. ક્ષયના રોગથી એ બહુ પીડાતો હતો અને ખૂબ ત્રાસ ભોગવતો હતો. (૬૩). કોઇ સંતે એને કહ્યું કે તું હંમેશાં નિયમપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક ગુરુચરિત્રનો પાઠ કર અને સાથે સાથે નિમિત્રમાત્ર આ ઔષધિનું પણ ભક્તિથી સેવન કર. તારા પર દત્ત ભગવાનની કૃપા થશે અને તારો રોગ પણ દૂર થશે. (૬૪-૬૫). આ સાંભળીને બ્રાહ્મણે શ્રદ્ધાપૂર્વક ગુરુ ચરિત્રનો પાઠ વાંચવો શરૂ કર્યો અને નિમિત્તરૂપ ઔષધિ પણ લીધી. એને કારણે થોડા દિવસોમાં એનો રોગ દૂર થયો અને એનું શરીર પહેલાંની જેમ તંદુરસ્ત થઇ ગયું અને દુ:ખનું નામ સરખું ના રહ્યું. (૬૬-૬૭).

આ રીતે થોડા દિવસો વીતી ગયા. એવામાં એને શુષ્ક વેદાંતી (અનુભવ વગરની વાચાળતાવાળા) સાથે મિત્રતા થઇ એટલે હંમેશાં એમની સાથે ફરતો હતો. (૬૮). એમની બધી વાતો સાંભળીને એ બ્રાહ્મણની કર્મ ઉપરથી શ્રદ્ધા ઊઠી ગઇ અને દિવસે દિવસે એ નાસ્તિક થતો ગયો. (૬૯). સ્નાન, સંધ્યાદિ કર્મનો ત્યાગ કરીને એણે શ્રીગુરુચરિત્રનો પાઠ કરવાનું પણ તરત બંધ કરી દીધું. (૭૦). વળી એ કહેવા લાગ્યો કે આવા પ્રાકૃત ગ્રંથ વાંચવાથી શું થાય? આ નકામો સમય બગાડવાનો ધંધો છે. મારો આ રોગ ગયો તે તો કાગનું બેસવું ને ડાળનું પડવું એ ન્યાયે આ પાઠ તો ફક્ત નિમિત્ત જ છે. ખરેખર તો જે ઔષધિ લીધી તેનાથી જ રોગ દૂર થઇ ગયો છે. (૭૧-૭૨). આવું બોલીને એ બ્રાહ્મણ સ્વચ્છંદતાથી વર્તવા લાગ્યો. એને લીધે તેના પર ભગવાનની અવકૃપા થઇ. (૭૩). એને પરિણામે પહેલાંની જેમ એ ફરીથી ક્ષયરોગમાં ઝડપાયો. વિવિધ પ્રકારની વિપત્તિથી એ હેરાન હેરાન થઇ ગયો. (૭૪). પહેલાં લેતો હતો તે ઔષધિ ફરી પાછી શરૂ કરી અને બીજા પણ ઉપાયો કર્યા તો પણ ફેર પડ્યો નહીં. ઊલટાનું દિવસે દિવસે રોગ વધતો ગયો. (૭૫). આખરે કંટાળીને એ શાસ્ત્રીબુવાની પાસે ગયો અને પગે પડીને આજીજીપૂર્વક મદદ માગવા લાગ્યો. (૭૬).

એ સાંભળીને યોગીશ્વર શાસ્ત્રીબુવા બોલ્યા કે તમે બ્રાહ્મણ થઇને સંધ્યાદિક કર્મો છોડી દીધાં એ શું તમે યોગ્ય કર્યું કે? તમે એ જ રીતે શ્રીગુરુચરિત્રનો પાઠ કરવાનો પણ છોડી દીધો એટલે તમારા પર ભગવાનની મોટી અવકૃપા થઇ છે-ભગવાન નારાજ થયા છે. (૭૭-૭૮). હવે પેલા વેદાંતીઓને કહો એ તમને મદદ કરશે. હું તો ભગવાનનો દાસ છું. આમાં મારું કંઇ ચાલે નહિ.☺ (૭૯). અરે ! જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી આપણે

ભગવાનના દાસ છીએ એવો ભાવ ખાસ રાખવો જોઇએ. (૮૦).

દેહભાવથી દાસ છીએ અને જીવભાવથી ઈશ્વરનો અંશ છું એવો ભાવ રાખીને સદા રહેવું. આ બન્ને ભાવનો નાશ થતાં જ્ઞાનીપુરુષ અહીં બ્રહ્માકારવૃત્તિના થાય છે. પછી એને દેહાધ્યાસ રહેતો નથી અને એ વિદેહી કહેવાય છે. (૮૧-૮૨). જ્યાં સુધી આવી સ્થિતિએ પહોંચીએ નહીં ત્યાં સુધી દેવની જરૂરથી સેવા કરવી જોઇએ તો જ આપણું કલ્યાણ થાય. (૮૩). જેની દેહવૃત્તિ સંપૂર્ણપણે ક્ષીણ થઇ ગઇ છે તે જ્ઞાની બ્રહ્મરૂપ હોવા છતાં બકબક કરતો નથી-લૂખી વાતો કરતો નથી. (૮૪). 'હું બ્રહ્મ છું' 'હું બ્રહ્મ છું' એવું બધાને ચૌટે ને ચકલે કહેતો ફરતો નથી, આમ પૈસા લઇને બ્રહ્મજ્ઞાન વેચતો નથી. (૮૫). જે કોઇ ભાવિક લોકો અહીં એને શરણે જાય છે તેને એના અધિકાર મુજબ કર્મો કરવાનું જણાવે છે. (૮૬). પોતે આચરણમાં મૂકીને બીજાને ઉપદેશ આપે છે. બધાના પર સરખી દૃષ્ટિ રાખીને એના કલેશ તરત જ દૂર કરે છે. (૮૭). ત્રણે લોકમાં એની નિરંતર કીર્તિ રહે છે. હું તો બસ ! 'દત્ત દત્ત' કર્યા કરું. એ સિવાય હું બીજું કશું જાણતો નથી. (૮૮).

આ પ્રમાણે પેલા બ્રાહ્મણને કહીને એને અશ્રદ્ધાળુ જાણીને શાસ્ત્રીબુવાએ એના પોતાના સ્થળે પાછો કાઢ્યો. (૮૯). કેટલાક દિવસો પછી રીબાઇને અને દુ:ખ પામીને એ અધમ મૃત્યુ પામ્યો. (૯૦).

માટે શુષ્ક-અનુભવ વિનાની- વાતો કરનારા જ્ઞાનીઓની સોબતે ચઢીને સ્વચ્છંદપણે કર્મનો ત્યાગ કરવો નહીં. (૯૧). સાધુપુરુષનો સંગ કરીને એની આજ્ઞામાં રહેવું અને હંમેશાં સદાચારમાં રચ્યાપચ્યા રહેવું જેથી બધાં પાપનો નાશ થાય. (૯૨).

અલખ નિરંજનને કહે છે કે ખરેખર શ્રીગુરુની વર્ણવી ન શકાય એવી આવી લીલાનું ગાન શ્રેષ્ઠ દેવો કરે છે. (૯૩). દુષ્ટજનોને શિક્ષા કરવા માટે અને ભકતોનું રક્ષણ કરવા માટે પોતે નિર્લેપ રહીને આવાં અવનવાં કૌતુકો કરે છે. (૯૪). આ ચરિત્ર ભાવપૂર્વક ગાવાથી અને સાંભળવાથી હંમેશ માટે સ્વપ્નમાં પણ દુ:ખ રહેતું નથી અને હે **રંગ** ! જન્મમરણનું દુ:ખ ટળી જાય છે. (૯૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અનુષ્ઠાનરહસ્યાદિવર્ણન'** નામનો **એકસો બારમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૧૨

(૧) દોહરા ૨૪ અને ૨૫ની સાથે ૨૬ પણ જોઇ લેવા જેવો છે. પરંતુ મહત્ત્વની વાત એ છે કે દત્તાવતારી સંત મંત્ર બતાવી તેનું અનુષ્ઠાન કરાવવાનું કહે છે. તેનું કારણ સંકટમાં સપડાયેલો બ્રાહ્મણ નિષ્કપટી, ભોળો, ભાવિક અને ધાર્મિક હતો. સાત્ત્વિક બુદ્ધિવાળો હોવાથી એનું દુ:ખ સ્વામી મહારાજને વધુ અસર કરી ગયું. મંત્રાનુષ્ઠાનનું ફળ ક્યારે મળે? મંત્ર બતાવનાર શુદ્ધ હૃદયનો હોય અને અનુષ્ઠાન કરનાર શ્રદ્ધાળુ હોય. "શ્રદ્ધા ફલતિ સર્વત્ર" એ ભૂલવું ન જોઇએ. નાસ્તિક અને શ્રદ્ધા વગરનાને ફળ મળતું નથી. મંત્ર, તીર્થ, દ્વિજ, દેવ, વૈદ્ય, ગણક અને ગુરુ- એ સાતમાં જેની જેવી ભાવના-શ્રદ્ધા-હોય તેવી સિદ્ધિ મળે છે. ગીતા પણ કહે છે કે 'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્'. (અધ્યાય-૪ / શ્લોક-૩૯) શ્રદ્ધાનો અર્થ જ છે- શાસ્ત્રમાં, ગુરુમાં અને દેવમાં વિશ્વાસ.

(૨) વ્યક્તિ હાથે કરીને દુ:ખી થાય છે એ વાતને સમજાવતા દોહરા ૬૮ થી ૭૯ સમજવા જેવા છે. આ જ પ્રારબ્ધની ખૂબી પણ છે. ક્ષયનો રોગ મટ્યા પછી શુષ્ક વેદાંતીઓની સોબતથી અવળી બુદ્ધિ થઇ. શુષ્ક વેદાંતી એટલે કેવળ ગ્રંથો વાંચીને વેદાંતની લૂખી વાતો કરનારા. અનુભવ જ્ઞાન વિનાના આ લોકો શ્રદ્ધાળુની મશ્કરી કરી એમને ઊંધા રસ્તે ચઢાવે છે. દુ:ખમાંથી છૂટકારો પામેલો માનવી ભગવાનની કૃપાને ભૂલીને બુદ્ધિપૂર્વકના કુતર્ક કરે છે. ગુરુચરિત્રનો પાઠ કરવામાં ખર્ચ શું? મહેનત શું? કેવળ શ્રદ્ધાપૂર્વક અર્ધો કલાક વાંચવામાં શું જાય? પરંતુ શુષ્ક મનનો માનવી જ્ઞાનની વાતો કરે ત્યારે એ પોપટિયું જ્ઞાન સમાજ માટે નુકસાનકારક નીવડે છે. જેને ખરેખર અનુભવ થયો છે તે તો સમાજનું શ્રેય થાય એવો જ ઉપાય બતાવે છે. આપણા પૂ.બાપજીનું એમની માતા સાથેનું વર્તન અને પૂ.માજીના દેહાંત વખતે એમણે કરેલા કેટલાક ઉપચારો એ સમાજને શિક્ષણ આપવા માટે જરૂરી હતા. એમણે એમનાં માતાની ઉત્તર ક્રિયા પણ કરી તે પણ સમાજમાં માતૃભક્તિ જગાડવા માટે જ. બાકરોલમાં એક વૃદ્ધાને જોઇને 'મને મારાં માજી યાદ આવી ગયાં' એમ કહીને આંખમાં આવેલાં આંસુ લૂછ્યાં તે પણ સાચા બ્રહ્મજ્ઞાનીને શોભે તેવું જ વર્તન. 'અધૂરો ઘડો છલકાય' અને 'ખાલી ચણો વાગે ઘણો' એ ન્યાયે શુષ્ક વેદાંતીની સંગત કદી કરવી નહીં. વાતો કરવી એ એક વાત અને જીવનમાં ઉતારી બતાવવું એ બીજી વાત.

●

અધ્યાય : ૧૧૩

આ અધ્યાયનું નામ **'મૂર્તિસ્થાપનાદિકથન'** છે. આ અધ્યાયમાં **૧૪૦** દોહરા છે.

અલખ નિરંજનને કહે છે કે શાસ્ત્રીબુવાને બે ભાઇઓ અને છ બહેનો હતી. સૌથી નાના સીતારામ અને વચલા હરિભટ્ટ હતા. સીતારામને સંકલ્પ મૂકીને કોઇએ ગાયનું દાન કર્યું. એ દાન લેવાથી સીતારામની તબિયત બગડી એટલે શાસ્ત્રીબુવાએ પ્રાયશ્ચિત્ત કરાવીને બમણી કિંમતનું ગોદાન કરાવી દીધું. પછી સીતારામની તબિયત સુધરી. માટે સુજ્ઞ પુરુષે સંકલ્પદાન લેવું નહીં. (૧-૧૧).

દત્તાજ્ઞાવશ શાસ્ત્રીબુવાએ ગોંડે બાબાજી પંતની કન્યા અન્નપૂર્ણા સાથે લગ્ન કરી ગૃહસ્થાશ્રમની શરૂઆત કરી. ભગવાને અન્નપૂર્ણાને પણ એવી આજ્ઞા કરી હતી કે એક દિવસથી વધુ પિયેરમાં રહેવું નહીં. (૧૨-૨૭). એક વાર માણગ્રામનો મુખી ઘનશ્યામ પોતાના ગુરુની પત્નીને ઘરે લઇ ગયો અને મોંઘાં વસ્ત્રો તથા આભૂષણો આપી સત્કાર કર્યો. ગુરુપત્નીએ લેવાનો ઇન્કાર કર્યો પણ ઘનશ્યામના આગ્રહને વશ થઇ વસ્ત્રો તથા આભૂષણ પહેરીને તેઓ ઘરે ગયાં. તો શાસ્ત્રીબુવાએ બારણાં બંધ કરી દીધાં. જૂનાં વસ્ત્રો પાછાં પહેર્યા પછી જ ઘરમાં આવવા દીધાં. (૨૮-૪૯).

ચોવીસ વર્ષની ઉંમરે શાસ્ત્રીબુવાને દત્તભગવાને વાડીમાં દર્શન આપીને માણગાંવમાં મંદિર સ્થાપવા કહ્યું. આ અંગે મૂર્તિની પણ શી વ્યવસ્થા થશે તે પણ જણાવ્યું. એ પ્રમાણે માણગાંવમાં શાસ્ત્રીબુવાએ દત્તપ્રભુનું મંદિર બાંધ્યું. (૫૦-૭૮). એક દિવસ ભગવાને પ્રગટ થઇને કહ્યું કે તારા શરણે અર્થાર્થી, આર્ત કે જીજ્ઞાસુ આવે તો તેની વાત સાંભળીને તું જે વરદાન અપશે તે પ્રમાણે બધું થશે. તારું રક્ષણ કરવા હું મારા ગણો તારી પાસે રાખું છું. શાસ્ત્રીબુવાએ ભગવાનની સ્તુતિ કરી અને લોકોનાં દુ:ખો દૂર કરવાના ઉપાયો બતાવવા લાગ્યા. (૭૯-૧૦૬).

શનિવારે ભરાતી જાત્રામાં અસંખ્ય લોકો આવતાં. એક યાત્રાળુ બહેન સ્નાન કરતાં હતાં તે તકનો લાભ લઇને કોઇ એના દાગીનાની પોટલી લઇ ગયું. પણ શાસ્ત્રીબુવાએ દેખરેખ રાખવા નીમેલા ભૂતે એ દાગીના પાછા અપાવ્યા. (૧૦૭-૧૨૮). એ જ રીતે એક સ્ત્રીએ દત્તમંદિરમાંથી ચાર આનાની જ ચોરી કરી તો પિશાચ એને બાંધી લાવ્યું અને પૈસા પાછા મૂકાવ્યા. આવું માણગ્રામ પૃથ્વી પરનું વૈકુંઠ જ હતું. (૧૨૯-૧૪૦).

અલખે કહ્યું કે હે શિષ્ય ! તું સાંભળ. શાસ્ત્રીબુવાને છ બહેનો અને બે ભાઇઓ હતા. (૧). બે ભાઇઓમાં સીતારામ સૌથી નાના હતા અને હરિભટ્ટ વચેટ હતા. સીતારામ બાર વર્ષના હતા ત્યારે એક ગૃહસ્થે ગાયના દાન અંગે સંકલ્પ મૂકીને, સીતારામના હાથમાં એ સંકલ્પ જળ મૂકીને ગાયનું દાન આપ્યું. (૨-૩). એને લીધે સીતારામની તબિયત એકાએક બગડી. એ જોઇને શાસ્ત્રીબુવા બોલ્યા કે તેં ગાયનું દાન લીધું છે તેથી આ તબિયત બગડી છે. એમ કહીને પ્રાયશ્ચિત કરાવીને ગાયની બમણી કિંમત સાથે પેલી ગાયનું બ્રાહ્મણને દાન

કરી દીધું. એથી સીતારામ ત્યાં એકદમ સુસ્વસ્થ થયા. (૪-૬).

માટે સમજુ માણસે કોઇ દિવસ કોઇએ સંકલ્પ કરીને આપેલું દાન લેવું નહીં. પાપી માણસને આ વાતનો અનુભવ ધ્યાનમાં આવતો નથી. (૭). જયાં ગંદકીનો ડુંગર જેવો ઢગલો પડ્યો હોય ત્યાં થોડો વધારે કચરો નાંખતાં એ ઢગલો મોટો થયો તેમ લાગતું નથી. એ જ રીતે એમાંથી થોડો કચરો ઓછો થતાં એ ઢગલો નાનો થયેલો પણ જણાતો નથી. આ પાપીઓને આવા મોટા ઉકરડા સમાન જાણવા. (૮-૯). એ લોકોને એમનાં દુષ્કર્મોનું તરત ફળ મળતું નથી. એકદમ સ્વચ્છ વસ્ત્રમાં પડેલા ડાઘો તરત દેખાઇ આવે છે. (૧૦). માટે પોતાના ભકતો તરફ સાધુ પુરુષો વધારે સખતાઇથી વર્તે છે. શાસ્ત્રીબુવાએ પણ ભાઇને એ રીતે જ શિક્ષણ આપ્યું.① (૧૧).

આ રીતે લીલા કરવામાં એકવીસ વર્ષ પસાર થઇ ગયાં. એવામાં ભગવાન દત્તાત્રેયે શાસ્ત્રીબુવાને કહ્યું કે હવે બ્રહ્મચર્યાશ્રમની સમાપ્તિ કરી ગૃહસ્થાશ્રમનો તરત જ સ્વીકાર કરો. (૧૨-૧૩). સાવંતવાડીમાં બાબાજીપંત ગોંડે રહે છે. તેની અત્યંત ગુણિયલ કન્યા સાથે સુખેથી લગ્ન કરો. (૧૪). એ (લોકો) પોતે જ તમને વિનંતી કરવા આવશે તો એમની પ્રાર્થનાનો સ્વીકાર કરજો, બીજું કોઇ અનુમાન કરશો નહીં. (૧૫). આવો દૃષ્ટાંત (આદેશ) થતાં એમણે પ્રાર્થના કરતાં કહ્યું કે હે દેવ ! લગ્ન કરવું મને ક્ષણમાત્ર પણ ગમતું નથી. (૧૬). ત્યાં દત્ત ભગવાનનો ફરી પાછો એ જ દૃષ્ટાંત (આદેશ) થયો અને કહ્યું કે મારી આજ્ઞા માનીને તું તે પ્રમાણે જ કર. (૧૭).

દેવનો એવો વારંવાર આગ્રહ જોઇને, પૂર્વજન્મના યોગે કરીને વાસુદેવે તરત જ આજ્ઞા સ્વીકારી લીધી અને બાબાજી પંતની સુંદર દેહધારી કન્યારત્નનો સ્વીકાર કર્યો. (૧૮-૧૯). એકવીસમે વર્ષે બ્રહ્મચર્યની સમાપ્તિ કરી વિધિપૂર્વક લગ્ન કરી લીધાં. (૨૦).

પત્ની અન્નપૂર્ણા પાર્વતી સમાન સતી હતાં અને નામ પ્રમાણે ગુણમાં જગદંબા સમાન હતાં. (૨૧). અતિથિ અને અભ્યાગતને કદી પણ જાકારો મળતો નહીં અને પતિને પરમેશ્વર માનીને તેમની એકનિષ્ઠાથી સેવા કરતાં. (૨૨). પતિવ્રતાપણું એ જ સ્ત્રીનું એક માત્ર સાચું ઘરેણું છે એવું માનીને એમનું મન કદી અલંકારમાં રાચતું નહીં. (૨૩). શાસ્ત્રીબુવાની જેમ એ પણ હંમેશાં મીઠા વગરનું જ ખાતાં. આ રીતે તેઓ પતિપરાયણ હતાં. (૨૪). પતિની સેવા રાત દિવસ આનંદથી કરતાં હતાં. એમનું આવું વર્તન જોઇને દત્તભગવાને જાતે પ્રસન્ન થઇને દૃષ્ટાંત દ્વારા આજ્ઞા કરી હતી કે પિયેરમાં એક દિવસ કરતાં વધારે રોકાવું નહીં. (૨૫-૨૬). આને કારણે સતી અન્નપૂર્ણા એ રીતે વર્તતાં હતાં. આમ આનંદથી દિવસો જતા હતા. (૨૭).

એક દિવસ એવું બન્યું કે માણગ્રામનો મુખી કે જે શાસ્ત્રીબુવાનો અતિ ભાવુક ભકત હતો તે પ્રાર્થના કરીને સતીને પોતાના ઘરે લઇ ગયો. (૨૮). એમને ઉત્તમ આસન પર બેસાડીને ભકિતભાવથી વિધિપૂર્વક પૂજા કરી અને પછી જરીવાળી સાડી, ચોળી અને ત્રણ હજાર રૂપિયાની કિંમતના અલંકારો આપ્યા અને શુદ્ધભાવથી ચરણમાં માથું મૂકીને એ સ્વીકારવાની ઘનશ્યામે પ્રાર્થના કરી. (૨૯-૩૧). આ સાંભળીને અન્નપૂર્ણા સતી બોલ્યાં કે આ વસ્ત્રો અને અલંકારો મારે અને મારા પતિને માટે નકામાં છે. અમને બન્નેને આવું સ્વપ્નમાં પણ ગમતું નથી. એટલે હું આ બધું નહિ લઇ જાઉં. આ બધું કોઇ ગરીબને આપી દો અને અમને આપ્યાં છે એમ માનો. (૩૨-૩૩).

આ સાંભળીને ઘનશ્યામ બોલ્યો કે હે મા ! હું તમારો બાળક છું. આ ઘરેણાં સ્વીકારીને મારી આટલી ઇચ્છા પૂરી કરો. (૩૪). તમે અમારાં પૂજ્ય ગુરુ-પત્ની છો. એટલે અમને મનમાં એમ થાય છે કે જેમ અમારી સ્ત્રીઓ મોંઘાં વસ્ત્રો અને ઘરેણાં પહેરે છે તેમ હે માતા ! તમે પણ હંમેશાં એવું જ પહેરો. અન્નપૂર્ણા સતી બોલ્યાં કે મને આ બધું શોભે નહીં. (૩૫-૩૬).

પગમાં માથું મૂકીને ઘનશ્યામે ફરી પાછું કહ્યું હે મા ! આ આપેલાં વસ્ત્રો અને ઘરેણાં હવે પાછાં નહીં લઉં. (૩૭). એટલે હવે આ બધું પહેરીને મારી ઇચ્છા પૂરી કરો. એનો અતિ આગ્રહ જોઇને તરત જ સતી ત્યાં બોલ્યાં કે હે સર્વ લોકો ! તમે હવે મારું નાટક જુઓ. એમ બોલીને એમણે તરત જ વસ્ત્રો અને ઘરેણાં પહેરી લીધાં. (૩૮-૩૯). આ રીતે શણગાર સજીને જ્યાં પાછાં ઘરે આવ્યાં ત્યાં જ (દૂરથી) એમને જોઇને શાસ્ત્રીબુવાએ ઘરનાં બારણાં ફટાફટ બંધ કરી દીધાં. (૪૦).

પતિનું આવું વર્તન જોઇને સતી બોલ્યાં કે એમણે બારણાં કેમ બંધ કર્યાં તેનું કારણ હું સમજી ગઇ છું. (૪૧). આવું બોલીને નવાં વસ્ત્રો અને ઘરેણાં કાઢી નાંખીને સતીએ તે જ ક્ષણે જૂનું લૂગડું પહેરી લીધું. (૪૨). એ જોઇને પછી શાસ્ત્રીબુવાએ ઘરનાં દ્વાર ખોલ્યાં એટલે સતી અન્નપૂર્ણા તરત જ ઘરમાં ગયાં. (૪૩). પતિને પ્રણામ કરીને બધી વાત કહી સંભળાવી. એ સાંભળીને શાસ્ત્રીબુવાએ તરત જ ઘનશ્યામને બોલાવીને કહ્યું કે આ અલંકાર વગેરે બધું પાછું ઘરે લઇ જાવ. દુ:ખી થઇ જઇને મુખી બોલ્યો કે હે દેવ ! મેં ભાવનાથી જે આપ્યું છે તે પાછું નહીં લઉં. એ સાંભળીને શ્રીગુરુએ કહ્યું કે તો પછી તું એ બધું બ્રાહ્મણોમાં વહેંચી દે. (૪૪-૪૬).

આવાં એ દંપતી બન્ને વૈરાગ્યયુકત અને એકદમ નિર્દોષ હતાં, જેના ચરણકમળના સ્મરણથી હરેક પ્રકારના સુખનો ભંડાર મળે છે. (૪૭).

"વૈરાગ્ય કેળવ્યા વિના સ્વપ્નમાં પણ ઇશ્વર મળતા નથી. ભગવાન મેળવવાની દિશામાં એ પહેલું પગથિયું છે."② (૪૮).

આ રીતે એ બંને અરસપરસ સંતોષથી રહેતાં હતાં. ઇશ્વરની આરાધનામાં રત રહીને- પ્રભુપરાયણ થઇને મનમાં હંમેશાં દત્તપ્રભુનાં ચરણારવિંદનું ધ્યાન ધરતાં હતાં. (૪૯).

આમ શાસ્ત્રીબુવા ચોવીસ વરસના થતાં એક વાર દત્તપ્રભુનાં દર્શનાર્થે વાડીમાં ગયા. ત્યાં દત્તપ્રભુએ સાક્ષાત્ પ્રગટ થઇને દર્શન આપ્યાં. પ્રભુએ ભગવાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં, હાથમાં દંડ અને કમંડળ હતાં. મુખ પર મંદ સ્મિત શોભાયમાન હતું. એવું પ્રભુનું ભવ્ય સ્વરૂપ શોભી રહ્યું હતું. આ જોઇને વાસુદેવે વંદન કર્યાં અને તન્મય થઇ ગયા. (૫૦-૫૨).

બે હાથ જોડીને એમણે પ્રાર્થના કરતાં કહ્યું કે :

હે વિશ્વનું ભરણપોષણ કરનાર ! હું આપના ચરણકમળને ભમરાની માફક વંદું છું. હે અનંતમાયાના ચક્રને ચલાવનાર પરમેશ્વર ! હે અનંતકોટિબ્રહ્માંડના નાયક ! વેદ વગેરે પણ તારો જરા પણ પાર પામી શકતા નથી. તારું વર્ણન કરતાં તેઓ મૂગા થઇ ગયા છે. હે નિર્વિકાર અને અશરીરી પ્રભો ! હે જગત દ્વારા વંદન કરવાને યોગ્ય કરુણાનિધિ ! હું આપનાં ચરણકમળમાં દંડવત્ પ્રણામ કરું છું. હું બીજું કશું જાણતો નથી. તેથી હું

શું બોલું? (૫૩-૫૬).

એમની આવી પ્રાર્થના સાંભળીને દયાળુ દત્તપ્રભુ બોલ્યા કે હે ભકતરાજ ! તારો ખરેખર આવો શુદ્ધ ભાવ જોઇને મારા મનમાં એવી ઇચ્છા જાગી છે કે હું તમારી સાથે માણગાંવમાં સાત વરસ રહું. માટે તમે હવે જલદી માણગ્રામ જાઓ અને નવું મંદિર બાંધો. રસ્તે જતાં તમને મારી મૂર્તિ પ્રાપ્ત થશે. (૫૭-૫૯). એ લઇને તમે આગળ જશો એટલે એક માણસ મળશે જે તમને પ્રેમથી પૈસા આપશે. એ બધા પૈસા લઇને તમે મૂર્તિ બનાવનારને આપજો. એવું કહીને ભગવાન ક્ષણવારમાં અલોપ થઇ ગયા. (૬૦-૬૧).

ભગવાનની આજ્ઞા પ્રમાણે શાસ્ત્રીબુવા તરત જ સદ્‌ભાવથી દત્તપાદુકાને વંદન કરીને તેમજ ગોવિંદસ્વામીને અને મૌનીસ્વામીને વંદન કરીને તથા તેમની રજા લઇને માણગાંવ પાછા જવા માટે નીકળ્યા. (૬૨-૬૩). રસ્તે જતાં કાગલગ્રામમાં એક મૂર્તિકારે આવીને વિનયપૂર્વક અતિ આગ્રહથી પ્રાર્થના કરતાં કહ્યું કે હે મહારાજ ! મેં આપને માટે દત્ત ભગવાનની એક સુંદર મૂર્તિ તૈયાર કરી છે. તમે એ જલદીથી જોઇ લો અને સાથે લઇ જાઓ. એવી પ્રાર્થના સાંભળીને શ્રીગુરુએ કહ્યું કે અત્યારે મારી પાસે એક રાતી પાઇ પણ નથી. એટલે મૂર્તિકાર બોલ્યો કે તમ તમારે આજે મૂર્તિ લઇ લો. એની કિંમત તમને મળે ત્યારે આપજો. આવું કહીને એ રમ્ય મૂર્તિ તરત જ આપી. એ લઇને શાસ્ત્રીબુવા આગળ જવા લાગ્યા. (૬૪-૬૮).

થોડાક જ આગળ ગયા હશે ત્યાં એક બીજા સદ્‌ગૃહસ્થ મળ્યા. એણે કહ્યું કે તમે આ જે ઉત્તમ મૂર્તિ લાવ્યા છો તે મૂર્તિકારને આ પૈસા આપી દો. એમ કહીને એમના હાથમાં પચીસ રૂપિયા મૂકયા. (૬૯-૭૦). એ પૈસા લઇને શાસ્ત્રીબુવા મૂર્તિકારને ઝડપથી આપી આવ્યા અને પછી પોતાના ઘરે આવ્યા. (૭૧). માણગ્રામમાં આવીને જાતે પોતાના હાથે તરત જ નાનું મંદિર બાંધ્યું. (૭૨). શકે અઢારસો પાંચની વૈશાખ વદ પાંચમે દત્તાત્રેય ભગવાનની મૂર્તિની વિધિપૂર્વક સ્થાપના કરી અને એનું ભાવથી યથાસાંગ ત્રિકાલપૂજન કરવા લાગ્યા. (૭૩-૭૪).

જેમ માતા-પિતા પોતાના નાના બાળકનું રાત દિવસ રક્ષણ કરે તેમ એ ભગવાન વાસુદેવનું પ્રેમપૂર્વક રક્ષણ કરતા હતા. (૭૫). પોતે બે (રૂપ) થઇને, લોકોને શિક્ષણ આપવા માટે, તે દેવ અને ભકતના સંબંધે તેઓ અગમ્ય એવી લીલાઓ કરતા હતા. (૭૬). અર્ધનારીનટેશ્વરની જેમ દેવ અને ભકત એ બે જુદા નથી છતાં અવતાર ધારણ કરીને આ રીતે ભક્તિમાર્ગની સ્થાપના કરે છે. (૭૭). પરંતુ આ વાત અધિકાર પ્રાપ્ત કર્યો ન હોય તેને સમજાતી નથી. આ રીતે દત્તમૂર્તિની પૂજા-અર્ચા કરતા હતા ત્યારે એક દિવસ સાક્ષાત્ પ્રગટ થઇને ભગવાને કહ્યું કે હે ભકતરાજ ! તું સાંભળ. જો કોઇ જિજ્ઞાસુ, દુખિયારો કે સાંસારિક કામનાની ઇચ્છાવાળો, એના મનમાં જે કોઇ ઇચ્છા રાખીને તારે શરણે આવે, તો તેની શ્રદ્ધા જોઇને અને એની ઇચ્છા તપાસીને તું એને ચિંતા રાખ્યા વગર વરદાન આપજે. તારું રક્ષણ કરવા માટે હું મારા ગણોને તારી પાસે રાખું છું. જેને કારણે તને કોઇના તરફથી ઉપદ્રવ થશે નહીં. એમ કહીને ભકતવત્સલ શ્રીહરિએ હાથની અભય (મુદ્રા) આપી- બતાવી. વાસુદેવે તરત જ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને સ્તવન કરતાં કહ્યું કે : હે સમર્થ ગુરુ ! આપનો જય હો ! જય હો ! ભકતની ભાવનાને વશ થઇને તું અનાથનો નાથ બેલી બનીને ભકતની ઇચ્છા પૂરી કરે છે. હે યોગીજનોના લક્ષ્યરૂપ પ્રભુ ! હું તને વંદન કરું છું. ભગવાં વસ્ત્ર પહેરીને અને હાથમાં દંડ, કમંડળુ લઇને તું ભકતની વહારે ચઢે છે. હે પ્રભુ ! તારી સ્તુતિ કરતાં તો વેદો પણ

થાકી ગયા છે અને તેથી 'નેતિ નેતિ' (આ નહીં, આ નહીં) એવું કહે છે. તો પછી હે પ્રભુ ! હું તમારી શું સ્તુતિ કરું? (૭૮-૮૬).

આ રીતે આદરપૂર્વક સ્તુતિ કરીને, વારંવાર પ્રણામ કરીને, ગળગળા થઇને દત્તપ્રભુ (શ્રી)ના ચરણે પોતાનું મસ્તક મૂક્યું. ત્યાં જ દત્ત ભગવાન અંતર્ધાન થઇ ગયા. તે દિવસથી વાસુદેવ દત્ત ભગવાનની આજ્ઞા વિના એક ડગલું પણ ભરતા ન હતા એ તું જાણ. (૮૭-૮૮).

દત્ત ભગવાનની મૂર્તિની સ્થાપના થવાથી એ ગામની શોભા ખરેખર વૈકુંઠ જેવી જણાતી હતી. (૮૯). એ શોભા દિન પ્રતિદિન વધતી જતી હતી. આ દત્તગુરુની મૂર્તિનાં દર્શન કરવા માટે અનેક લોકો દૂર દૂરથી આવતા હતા. (૯૦). એમાં પણ શનિવારના દિવસે તો હજારો સ્ત્રી-પુરુષો આવતાં હતાં અને જાણે કે જાત્રા ભરાતી હતી. (૯૧). લોકો જાતજાતની મનોકામના રાખીને આવતા હતા. રોગી, ભૂત વગેરેથી પીડિત એમ અનેક રીતે દુ:ખી એવા લોકો આવીને શાસ્ત્રીબુવાને કાલાવાલા કરીને ત્યાં પ્રશ્નો પૂછતા અને ભૂત, ભવિષ્ય અને વર્તમાન- ત્રણે કાળને જાણનાર ગુરુમૂર્તિ એ સંકટો દૂર કરવાના ઉપાયો પ્રેમથી બતાવીને સંકટો હરતા હતા. એટલે એમની કીર્તિ ચારે દિશામાં ફેલાઇ અને યાત્રિકોની સંખ્યા પણ વધી. (૯૨-૯૪).

શાસ્ત્રીબુવાના બે ભાઇઓ નામે હરિ અને સીતારામ ખંતપૂર્વક આ બધી વ્યવસ્થા કરતા હતા કારણ કે પિતા અને દાદા બન્ને તો આ પહેલાં મૃત્યુ પામ્યા હતા. એને કારણે આ બધી વ્યવસ્થાનો ભાર એ બે ભાઇઓ પર હતો. આ બંધુ-બેલડીને ધન્ય છે અને એ મહાભાગ્યશાળી પણ હતા. (૯૫-૯૭).

માણગ્રામમાં શાસ્ત્રીબુવાની પાસે આવીને લોકો એમનાં દુ:ખની વાતો કરતા હતા. એમનો અધિકાર-લાયકાત- જોઇને વર્ણ અને ધર્મ પ્રમાણે તેમને પ્રેમથી ઉપાસનાના નિયમો બતાવતા હતા અને એ રીતે ગુરુવર એમનાં દુ:ખ દૂર કરતા હતા. (૯૮-૯૯). એમના બતાવ્યા પ્રમાણે શ્રદ્ધાળુ- વર્તતા અને તેથી તેમની ઇચ્છા તરત જ પૂર્ણ થતી અને તેથી લોકોને ખૂબ સંતોષ થતો. (૧૦૦). લોકોનાં બધાં કામો સિદ્ધ થવાથી બધે કીર્તિ ફેલાઇ ગઇ એટલે લોકોનાં ટોળેટોળાં (તેમની પાસે આવવા) દોડવા લાગ્યાં. (૧૦૧).

કોઇને પણ પિશાચબાધા થાય કે તરત જ એને માણગાંવમાં શાસ્ત્રીબુવાની પાસે લઇ આવતા. (૧૦૨). સૌ પ્રથમ તો પૂર્વજન્મનાં કર્માનુસાર પિશાચપીડાનું શરૂથી અંત સુધીનું કારણ સમજાવી એમાંથી છૂટવા માટે શ્રીગુરુ વિધિપૂર્વક પ્રાયશ્ચિત્તાદિક કર્મો કરાવી એને પિશાચ પીડાના દોષથી તરત જ મુકત કરાવતા. (૧૦૩-૧૦૪). જો કોઇ પિશાચ હઠ કરીને ના નીકળે તો પછી એનું તરત જ બંધન કરીને એની પાસેથી શ્રીગુરુ વિવિધ પ્રકારનાં કાર્યો કરાવી લેતા હતા. એ પૈકીના એક બે દૃષ્ટાંત હું તને કહું તે તું સાવધ થઇને સાંભળ. (૧૦૫-૧૦૬).

એક વાર એક શનિવારે જાત્રાળુની ઠઠ જામી અને અનેક લોકો એકઠા થયા હતા. રહેવા-બેસવાની જગ્યા પણ રહી નહીં. (૧૦૭). દત્તમંદિર પાસે સામેના ભાગે આવેલી વાવમાં સ્નાન કરવા જતા પહેલા એક સ્ત્રીએ પોતાનાં સોનાનાં બધાં ઘરેણાં કાઢીને, એની વસ્ત્રમાં પોટલી બાંધીને વ્યવસ્થિત મૂકી અને એના પર નજર રાખીને તે સ્નાન કરતી હતી. (૧૦૮-૧૦૯). એની નજર ચુકાવીને એક બીજી સ્ત્રીએ દાગીનાની પોટલી એકદમ ચોરી લીધી અને તરત જ પોતાના ઘરે જતી રહી. પેલી સ્ત્રી સ્નાન પતાવીને આવીને જુએ તો એની ઘરેણાંની પોટલી

કયાંય પણ જણાઇ નહિ તેથી એ એકદમ ગભરાઇ ગઇ અને એણે એ વાત બીજાને કહી. બધા લોકો શ્રીગુરુની પાસે આવ્યા. શ્રીગુરુને પગે લાગીને જે કાંઇ બન્યું હતું તે બધી વાત કહી સંભળાવી ત્યારે શાસ્ત્રીબુવા બોલ્યા કે તમે ગભરાશો નહિ. આજ સાંજ સુધીમાં તમને એ ચોરાએલા દાગીના ચોક્કસ મળી જશે. એમાં ચિંતા કરવાને કોઇ કારણ નથી. (૧૧૦-૧૧૪).

આમ કહીને ત્યાં તરત જ બધાને શાંત કરી દીધા. આ બાજુ નવાઇ પામી જવાય એવું શું બન્યું તે તું સાવધાનીથી સાંભળ. (૧૧૫). જે દિવસથી ત્યાં જાત્રા ભરાવાની શરૂ થઇ હતી તે જ દિવસથી શાસ્ત્રીબુવાએ બધા પર દેખરેખ રાખવા એક ભૂતને કામે રાખ્યું હતું. ભૂતે પેલી સ્ત્રીને અલંકાર ચોરી જતાં જોઇ એટલે એને ચોરની જેમ બાંધી લાવીને શ્રીગુરુ પાસે આવ્યું અને પેલી સ્ત્રીને એનું ભયંકર રૂપ બતાવીને ખૂબ ડરાવી.એટલે એ બિહામણું રૂપ જોઇને સ્ત્રી ભયભીત થઇને રડવા લાગી. એટલે શાસ્ત્રીબુવાએ પૂછ્યું કે તું રડે છે કેમ? (૧૧૬-૧૧૯).

બે હાથ જોડીને પેલી સ્ત્રી બોલી કે હે ગુરુ ! મેં આજે અહીં વાવ પરથી અલંકારની ચોરી કરી હોવાથી મને આ કોઇ વારંવાર મારે છે અને એનું બિહામણું રૂપ બતાવીને સાચે જ ખૂબ બિવરાવે છે. હે પ્રભુ ! આપ મને એ ત્રાસથી જલદી છોડાવો. એવું કહીને એ પગે લાગી. એટલે શ્રીગુરુવર ત્યાં બોલ્યા કે તું સાચું કહે કે તેં એ દાગીના કયાં સંતાડ્યા છે? એટલે પેલી સ્ત્રીએ કહ્યું કે અમુક ઘરની અમુક જગ્યાએ જમીનમાં દાટ્યા છે. (૧૨૦-૧૨૩). આમ કહ્યું એટલે એ ઘરના માલિકને તરત જ બોલાવીને એમને બધી વાત કરી અને દાગીના મંગાવી લીધા અને ચોરી કરનાર બાઇને તરત જ ભયમુકત કરી દીધી અને પછી એને શિખામણ આપતાં શાસ્ત્રીબુવાએ પ્રેમથી કહ્યું કે તું સારા ઘરની છે. તું આવું કરે એ તને શોભતું નથી. ચોરી કરવી એ ખૂબ જ ખરાબ કાર્ય છે. હવેથી આવું ફરી ના કરીશ. (૧૨૪-૧૨૬). આમ મીઠા શબ્દોમાં એમને ઠપકો આપીને એને વિદાય કરી અને પછી એ દાગીના જે સ્ત્રીના હતા તેને તરત જ આપી દીધા. એટલે એ સ્ત્રી વંદન કરીને આનંદથી શ્રીગુરુનાં યશોગાન ગાતી રાજી થતી થતી એના ઘરે ગઇ. એ જ રીતે એક બીજી સ્ત્રીએ પણ ખરેખર ચોરી કરી. (૧૨૭-૧૨૯).

એ સ્ત્રીએ દત્તમંદિરમાંથી ફકત ચાર આના જ લીધા તેથી એને બાંધીને પિશાચ શ્રીગુરુ પાસે લઇ આવ્યું એટલે એ રડી પડી અને ગુરુજી પાસે પોતાની ભૂલ કબૂલ કરી.પગે લાગીને વિનયપૂર્વક માફી માટે પ્રાર્થના કરી.વળી ચોરેલા પૈસા પણ તરત જ આપી દીધા. એટલે શાસ્ત્રીબુવાએ એને પિશાચથી મુકત કરી દીધી. (૧૩૦-૧૩૨).

આવા ચમત્કારો તો ત્યાં રોજ જ બનતા હતા. જ્યાં શેષ પણ વર્ણન કરતાં થાકી જાય ત્યાં આ બધું વર્ણન કોણ કરી શકે? (૧૩૩). ચોર, જાર, શઠ અને કુટિલ એવાં બધે વસતાં પુરુષ-સ્ત્રીઓ અહીં તો કુટિલતા છોડીને સન્માર્ગે વર્તતા હતા. (૧૩૪). અહીં જૂઠું તો એક ક્ષણ પણ ટકી શકતું ન હતું. તેથી બધા સાચું જ બોલતા અને રામરાજ્યની માફક બધે નિર્ભયપણું રહેતું. (૧૩૫). મંદિરની આજુબાજુ ગમે ત્યાં વસ્તુ મૂકો તો એ ત્યાંની ત્યાં જ પડી રહે અને એને કોઇ અડે સુદ્ધાં નહીં. (૧૩૬). સ્ત્રી-પુરુષો, બાળક અને વૃદ્ધો બધાં નિર્ભયપણે ફરતાં હતાં અને રાતે કે દિવસે કોઇને કોઇના તરફથી ઉપદ્રવ થતો નહીં. (૧૩૭).

જ્યાં દત્તપ્રભુ હાજરાહજૂર વસતા હોય એવા પૃથ્વી પરના વૈકુંઠ સમાન માણગાંવની શોભાનું વર્ણન કેવી રીતે થઇ શકે? ખરેખર શાસ્ત્રીબુવાના એ સામર્થ્યને ધન્ય છે. ભકતોને માટે આગળ ઉપર એ અવનવી લીલા

કરે છે. (૧૩૮-૧૩૯). એ બધી લીલા ભક્તિ અને ભાવથી સાંભળવાથી જરા પણ ભીતિ રહેતી નથી. પરંતુ શ્રદ્ધા વિના બધું નકામું છે. એ કથન **રંગ**નો નિશ્ચય (**રંગ** ખાતરીપૂર્વક કહે છે.) છે. (૧૪૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે '**મૂર્તિસ્થાપનાદિકથન**' નામનો **એકસો તેરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૧૩

(૧) દોહરા ૭ થી ૧૧ ધ્યાનમાં રાખવા જેવા છે. કોઇ દિવસ સુજ્ઞે સંકલ્પદાન લેવું નહીં. જે પાપી હોય છે, જેના જીવનમાં દુષ્કૃત્યોનો ઢગલો હોય છે તેને આવાં કાર્યની અસર ઓછી જણાય છે પરંતુ સાધુ પુરુષોને તો તરત જ શિક્ષા થાય છે. જે વ્યક્તિ સજ્જન હોય છે તેની પાસેથી દેવ અને સમાજ વધુ અપેક્ષા રાખે છે. હોળી પરનો અનુભવ છે કે જે લોકોનાં કપડાં રંગાઇ ચૂક્યાં છે તેને પછી રંગાવાનો ડર નથી. જેનાં કપડાં સ્વચ્છ છે તેને જ કોઇ રંગી ન જાય તો સારું એવી સાવધાની રાખવી પડે છે.

(૨) વિવેકયુકત વૈરાગ્ય એ ઇશ્વર પ્રાપ્તિનું ખૂબ મહત્ત્વનું સાધન છે. આલોકના ને પરલોકના વિષયો પ્રત્યેની ઉદાસીનતા એ વૈરાગ્ય છે પરંતુ વિષયો છોડી દેવાની આ વૃત્તિ સમજપૂર્વકની-વિવેકયુકત-હોવી જોઇએ, લાગણી કે આવેશના વેગમાં આવેલી ન હોવી જોઇએ. વ્યક્તિમાં સંતોષ આવે અને પોતાના ઇષ્ટદેવમાં કે ગુરુમાં અડગ વિશ્વાસ આવે તો પછી એનો વૈરાગ્ય સરળ બને. આપણા ગુરુમહારાજનો ભરયુવાનીમાં જે વૈરાગ્ય હતો તે જોઇને પ.પૂ. પ્રકાશાનંદજી મહારાજ એવું બોલ્યા હતા કે જો આ વૈરાગ્ય કાયમ ટકી રહે તો એમની માતાને ધન્ય છે. "જગત જેની પાછળ દોડે, એની પાછળ જે ન દોડે તેને પામેલો જાણવો." એ વિધાનની પાછળ પણ મહત્ત્વ તો વૈરાગ્યનું જ છે. શ્રીપાદશ્રીવલ્લભ પણ વિરક્તિને જ પરણ્યા હતા.

●

અધ્યાય : ૧૧૪

આ અધ્યાયનું નામ **'દેવસેવાપ્રકારકથન'** છે. આ અધ્યાયમાં **૧૪૨** દોહરા છે.

શિષ્ય નિરંજને વંદન કરીને અલખને ગુરુલીલા આગળ કહેવા વિનંતી કરી અને કહ્યું કે મને શ્રીગુરુની લીલા સાંભળવાની ખૂબ જ ઉત્કંઠા થાય છે. (૧-૪). અલખે કહ્યું કે માણગાંવના એક પોલીસ પટેલની દીકરીને પિશાચ પીડા હોવાથી તેનો પતિ બીજાં લગ્ન કરવાનું વિચારતો હતો. ગુરુ મહારાજે એ કન્યાને એક મંત્રનો જપ કરવાનું અને દેવની પ્રદક્ષિણા કરવાનું કહ્યું. એણે શ્રદ્ધા અને નિષ્ઠાથી આજ્ઞાનુસાર જપ અને પ્રદક્ષિણા કર્યાં તેથી પિશાચ પીડામાંથી મુકત થઇ. (૫-૧૫). જેની જેવી નિષ્ઠા, તેવું ફળ તે મેળવે છે.

વિસોબા પાડગાંવકરના એક ચાકરને પેટમાં ભયંકર શૂળ ઊપડતું હતું. શ્રીગુરુએ કહ્યું કે પિશાચ તારો જીવ લેવા આવી યુક્તિ-પ્રયુક્તિ કરે છે. તું અહીં રહીને દત્તસેવા કર. એમ કરવાથી એનું દર્દ દૂર થયું. કોઇએ મંદિરમાં સૂવું નહીં એમ કહેવા છતાં પેલો ચાકર મંદિરમાં ઊંઘી ગયો અને એને સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં કોઇ કહેતું હતું કે તારો શેઠ મરી ગયો છે તો તું તારે ગામ જા. વાસુદેવ શાસ્ત્રીબુવાએ સમજાવ્યો. એને જવાની ના કહી તો પણ એમનું કહ્યું ન માનીને ગયો. શેઠ તો સ્વસ્થ હતા. શેઠે એને પાછું માણગાંવ જવા કહ્યું તો માણગાંવ જતા રસ્તામાં પિશાચે એનો જીવ લીધો. (૧૬-૩૯).

આવું જ સાવંતવાડી પાસેના ગામમાં રહેતા એક કોઢીલા શૂદ્ર સાથે થયું. શ્રીગુરુએ એને મંત્ર સાથે દેવની પ્રદક્ષિણા કરવાનું કહ્યું અને તેમ કરવાથી તેનો કોઢ દૂર થયો. ગુરુદ્વાદશીના ઉત્સવ પર શ્રીગુરુના ના કહેવા છતાં એ નરસોબાની વાડીએ ગયો તો ફરી પાછો કોઢ નીકળ્યો અને પૂજારીએ એને મંદિરમાં પેસવા ના દીધો. તેથી એને દર્શન નહીં થયાં. માણગાંવ આવ્યો પણ દત્તાજ્ઞાનુસાર શાસ્ત્રીબુવાએ ના કહી. આખરે તે પોતાને ગામ આવ્યો ને દુ:ખી થઇને મરી ગયો. માટે સંત કહે તે રીતે જીવવું. (૪૦-૬૮).

સાવંતવાડીના વેંગુર્લેકર નામના બ્રાહ્મણ ઉપર કારણ વિના ચોરીનો આરોપ મૂકી રાજદૂતો તેને પકડી ગયા અને જેલમાં પૂરી દીધો. દત્તપ્રભુને આજીજીપૂર્વક પ્રાર્થના કરી અને બાધા રાખી કે તમે મને આમાંથી છોડાવશો તો હું વાડીમાં આવીને મહાપૂજા કરાવીશ. ભગવાને ચમત્કાર કરી એને સંકટમુકત કર્યો. પરંતુ બાધા પૂરી કરવાનું ખોરંભે પડ્યું. તેથી દેવની અવકૃપાથી દુ:ખી થયો પણ આખરે શ્રીગુરુની સહાયથી બાધા પૂરી કરી અને અંતે સંકટ મુકત થયો. (૬૯-૧૪૨).

નિરંજને ફરી પાછું હાથ જોડીને પ્રાર્થનાપૂર્વક વિનંતી કરતાં પૂછ્યું કે મૂર્તિની સ્થાપના કર્યા પછી શું થયું તે મને કહો. (૧). ગુરુલીલા સાંભળતાં મારામાં અવનવો ઉત્સાહ ચઢે છે. મારા ત્રિવિધ તાપની બળતરા મટી ગઇ છે તેથી હું બધી રીતે શાંત થયો છું. (૨). અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરીને ગાઢ અંધારું દૂર કરનાર હે અલખ યોગીશ્રેષ્ઠ !

તમને ધન્ય છે. તમે મને મારા પૂર્વપુણ્યના પ્રતાપે જ સાંપડ્યા છો. (૩). આગળની લીલા જાણવા માટે મારું મન ખૂબ ઉત્કંઠિત થયું છે. અલખ બોલ્યા કે હે બાળ નિરંજન ! તું એ પાવનકારી કથા સાંભળ. (૪).

માણગાંવનો એક પોલીસ પટેલ હતો. તે ગુરુમૂર્તિની ભાવપૂર્વક સેવા કરતો હતો. (૫). એને બાર વર્ષની એક દીકરી હતી. પૂર્વજન્મના સંસ્કારવશ તેને પિશાચ હેરાન કરતું હતું. (૬). એને પિશાચ અનેક રીતે હેરાન પરેશાન કરતું હતું. એક ક્ષણ માટે પણ તેને છોડતું ન હતું. તેથી એને સ્વપ્નમાં પણ સુખ ન હતું. (૭). એની આવી દશા જોઇને એનો પતિ ત્યાં બીજી સ્ત્રી સાથે લગ્ન કરવાનો મનમાં વિચાર કરતો હતો. (૮). એ દીકરીના બાપે જ્યારે આ વાત જાણી ત્યારે એણે તરત જ આ વાત ગુરુમૂર્તિ સમક્ષ કરી. (૯).

એને બોલાવીને કૃપાળુ ગુરુરાયે એને એક પવિત્ર મંત્ર આપ્યો જે જપતાં પાપ નાશ પામે. (૧૦).

મંત્ર

|| તુજ વીણ દત્તા મજ કોણ તારી ||

(હે દત્ત ! તારા વિના મને તારનાર કોણ છે?)

આ મંત્ર શ્રીમુખે કહીને પછી કહ્યું કે એનો જપ કરી તું દેવની પ્રદક્ષિણા કર એટલે તારાં બધાં દુ:ખો દૂર થશે. (૧૧). ગુરુની આજ્ઞા મુજબ શ્રદ્ધાપૂર્વક મંત્ર જાપ કરીને એ રોજ સંદેહ રાખ્યા વગર પ્રદક્ષિણા ફરતી હતી. (૧૨). એની શ્રદ્ધા જોઇને શ્રીગુરુરાયને ખૂબ સંતોષ થયો અને પરિણામે દેવની આજ્ઞાથી એને પિશાચના દુ:ખમાંથી ક્ષણવારમાં છોડાવી દીધી. એટલે બધાને આનંદ થયો. શ્રીગુરુનો ઉપકાર માથે ચઢાવીને પછી બધા વંદન કરીને ગયા. (૧૩-૧૪). **જેની જેવી નિષ્ઠા હોય તેવું ફળ તે પામે છે.** તને એક બીજું દૃષ્ટાંત કહું છું જેથી તારી શંકા દૂર થાય.[૧] (૧૫).

વિસોબા પાડગાંવકરનો એક ચાકર હતો. એના પેટમાં ભયંકર શૂળ ઊઠતું હતું. (૧૬). એવી અસહ્ય પીડાથી એ એકદમ કંટાળી ગયો હતો. જાત જાતના ઉપચારો કરીને આખરે થાકી ગયો હતો. (૧૭). છેવટે એ શ્રીગુરુના શરણે આવ્યો અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કહેવા લાગ્યો કે હે પ્રભુ ! તું હવે મારો ઉદ્ધાર કર. તારા વિના હવે કોઇની આશા નથી. (૧૮). એટલે શાસ્ત્રીબુવા બોલ્યા કે તારાં પૂર્વ જન્મનાં કર્મોને લીધે તને પિશાચને કારણે પેટમાં આ રોગ થયો છે. (૧૯). તારો જીવ લેવા માટે પિશાચે આવું કર્યું છે. જો એમાંથી છૂટવાની તારી ઇચ્છા હોય તો અહીં રહીને રોજ શ્રદ્ધાપૂર્વક દત્તની સેવા કર. એટલે એ વાત સ્વીકારી શ્રીગુરુની આજ્ઞાનુસાર શ્રદ્ધાથી એ સેવા કરવા લાગ્યો. થોડા દિવસ થતાં એનું શૂળનું બધું દર્દ દૂર થઇ ગયું. (૨૦-૨૨).

દેવની સેવામાં રહેનારને શાસ્ત્રીબુવાએ આજ્ઞા કરી હતી કે રાત હોય કે દિવસ હોય પણ કોઇએ આ મંદિરમાં સૂવું નહીં. આમ છતાં પણ જે અહીં સૂશે તેના પર ભયંકર ઘાત અથવા આફત આવશે. એટલે ત્યારથી કોઇ પણ માણસ દત્તમંદિરમાં સૂતું ન હતું . (૨૩-૨૫). આ આજ્ઞા ભુલાઇ જતાં, એક રાત્રે વિસોબાનો પેલો ચાકર ભૂલથી મંદિરમાં સૂઇ ગયો. એ ઊંઘી ગયો એટલે એને સ્વપ્ન આવ્યું અને સ્વપ્નમાં કોઇ કહેતું હતું કે અલ્યા ! આમ કેમ સૂઇ રહ્યો છે? તારો શેઠ મૃત્યુ પામ્યો છે. એટલે તું તાત્કાલિક તારે ગામ જા. (૨૬-૨૮). આ સ્વપ્નથી

એ મનમાં ગભરાયો અને શ્રીગુરુ પાસે ગામ જવાની રજા લેવા ઝડપથી આવ્યો અને પગે લાગીને ત્યાં સ્વપ્નની વાત ખાસ કહી સંભળાવી. એ સાંભળીને દયાસાગર શ્રીગુરુ બોલ્યા કે અરે ! આ ખરેખર દેવનો દૃષ્ટાંત (આદેશ) નથી. (૨૯-૩૦). તું મંદિરમાં ઊંઘી ગયો તેથી પિશાચ તને આવું સ્વપ્ન બતાવીને ઊંધે રસ્તે દોરે છે. (૩૧). એટલે જ્યાં સુધી દેવની આજ્ઞા ન થાય અને જ્યાં સુધી દેવનો પ્રસાદ ન મળે ત્યાં સુધી મારું માનીને દત્તની સેવા છોડીને તારે ગામ જઇશ નહીં. શાસ્ત્રીબુવાએ આવું સ્પષ્ટ કહ્યું હોવા છતાં પણ એ મૂરખ ગુરુની આજ્ઞા અવગણીને પોતાને ગામ ગયો. ત્યાં તો એના શેઠને ખુશી મઝામાં જોયો. એટલે ચાકરે એને સ્વપ્નની બધી વાત કહી સંભળાવી. એ સાંભળીને વિસોબાએ ક્રોધે ભરાઇને એને કહ્યું કે : અરે નાદાન ! તને શાસ્ત્રીબુવાએ ના કહી તો પણ એની આજ્ઞા ઉલ્લંઘીને કેમ અહીં આવ્યો? તું તરત ને તરત પાછો જા. (૩૨-૩૬).

પોતાના શેઠની આજ્ઞા મુજબ માણગાંવ પાછો જતાં રસ્તામાં જ પિશાચે એના શરીરમાં પેસીને ફરી પાછું પહેલાંના જેવું ભયંકર શૂળ પેટમાં ઉત્પન્ન કર્યું અને પળવારમાં એણે એનો જીવ લીધો અને આ રીતે એ મૂઢ બુદ્ધિનો ચાકર એની હઠને કારણે મૃત્યુ પામ્યો. (૩૭-૩૯).

આવું જ બીજાને પણ થયું. સાવંતવાડી પાસેના એક ગામડામાં એક કોઢના રોગવાળો શૂદ્ર રહેતો હતો. (૪૦). પૂર્વના સંચિત કર્માનુસાર એને ગલત્કુષ્ઠ થયો. આખરે કંટાળીને એ શ્રીગુરુમૂર્તિને શરણે ગયો અને કહેવા લાગ્યો કે હે દયાળુ ! હે પ્રભુ ! આ રોગ દૂર કરીને મને દુ:ખમાંથી છોડાવો. હું આપનાં ચરણકમળમાં વંદન કરું છું. (૪૧-૪૨). આવું બોલીને એમનાં ચરણકમળમાં વારે વારે વંદન કરવા લાગ્યો. એની કાકલૂદી સાંભળીને તરત જ શ્રીગુરુ દ્રવ્યા. (૪૩). એને એક મંત્ર કહ્યો. આ મંત્રજપ સાથે એને પ્રેમપૂર્વક દૂરથી દત્તમંદિરની પ્રદક્ષિણા કરવાનું કહ્યું. (૪૪). મંત્રજાપ સાથે એ શૂદ્ર ત્યાં શ્રદ્ધાથી દેવની પ્રદક્ષિણા કરવા લાગ્યો. એ રીતે કેટલાક દિવસો પસાર થતાં દેવની કૃપાથી એનો રોગ દૂર થયો. થોડા દિવસ પછી ગુરુદ્વાદશી (આસો વદ ૧૨)નો ઉત્સવ આવ્યો એટલે એના મનમાં નરસોબાની વાડીમાં જવાની ઇચ્છા થઇ. તેથી એ ગુરુમૂર્તિ પાસે આવીને વંદન કરીને ત્યાં જવાની રજા માગવા લાગ્યો. શ્રીગુરુએ કહ્યું કે ત્યાં જવાની તને દેવની આજ્ઞા નથી માટે તું ત્યાં જવાની ખટપટમાં પડતો નહિ. શ્રીગુરુનાં આ વચનો સાંભળીને એ કમભાગી બ્રહ્મજ્ઞાનની મોટી મોટી વાતો કરીને કહેવા લાગ્યો કે જે દત્તપ્રભુ અહીં છે તે જ દત્તપ્રભુ ત્યાં છે તો પછી ત્યાં જવામાં હે પ્રભુ ! શું વાંધો છે? આમાં દેવની આજ્ઞાનું શું કામ છે? એવું બોલીને એ તરત જ ગુરુની અવજ્ઞા કરીને વાડી તરફ જવા નીકળ્યો. વાડીએ જતાં રસ્તામાં જ તેને પહેલાંની માફક ભયંકર ગલત્કુષ્ઠ- ગળતો કોઢ- શરીર ઉપર ફૂટી નીકળ્યો. એટલે દુ:ખી દુ:ખી થઇને એ વાડીક્ષેત્રમાં આવીને દેવના દર્શન કરવા ગયો તો ત્યાં તો એને કોઢીલો જોઇને બધાંએ એને ધિક્કાર્યો અને પૂજારીઓ પણ ક્રોધે ભરાઇને બોલ્યા કે તું અહીંથી તરત જ નીકળી જા. અલ્યા પાપીડા ! તું દેવમંદિરની સામે પણ આવીશ નહીં. આમ અનેક રીતે બધાએ એને હડધૂત કરી નાંખ્યો. એને લીધે એને દત્ત ભગવાનનું દર્શન થયું નહીં. આ ગળતા કોઢને લીધે એને યાત્રા પણ જોવા મળી નહીં. (૪૫-૫૬).

આ દુ:ખને લીધે એ ખૂબ કંટાળી ગયો અને પાછો માણગાંવ આવ્યો. આ બાજુ દત્તપ્રભુએ ગુરુને દૃષ્ટાંત (આદેશ) આપીને કહ્યું કે પેલો કોઢીલો શૂદ્ર મારો ગુનેગાર છે એટલે એ તારી પાસે આવે તો એને ત્યાંથી

કાઢી મૂકજે. વાડીએથી નીકળીને એ તારી પાસે પાછો આવે છે પણ એને મંદિર પાસે ખાસ આવવા દઈશ નહીં. (૫૭-૫૯). આને લીધે દૂરથી જોતાં જ શાસ્ત્રીબુવાએ દત્ત ભગવાનની આજ્ઞાનુસાર એને કાઢી મૂક્યો. (૬૦). મનમાં ખિન્ન થઈને એ દુ:ખિત પોતાને ગામ આવ્યો. ત્યાં રોગ એકદમ વધી જતાં એમાં જ એ મૃત્યુ પામ્યો. (૬૧).

માટે જે કોઈ વ્યક્તિ સત્પુરુષની આજ્ઞાનુસાર અહીં દેવની સેવા કરે છે તે એ દેવની અથવા એ સત્પુરુષની આજ્ઞા વગર જો હઠ કરીને એ સેવા છોડી દે છે તો અનર્થ થાય છે. (૬૨-૬૩). એટલા માટે જ સંતની આજ્ઞાથી સેવા કરનારે એમની આજ્ઞા વિના બીજી કોઈ જગ્યાએ જવું નહીં. જ્યાં હોય ત્યાં જ રહીને શ્રદ્ધાથી સેવા કર્યા કરવી અને પોતાનું કાર્ય સિદ્ધ થઈ જાય તો પણ ત્યાંથી ખસવું નહીં. દેવ કે સંતની આજ્ઞા વગર અને પ્રસાદ મેળવ્યા વગર સેવાનું એ કાર્ય મોહમાં પડીને છોડવું નહીં. (૬૪-૬૬). ભાવ અને શ્રદ્ધાથી સંતના કહ્યા મુજબ વર્તવાથી સ્વપ્નમાં પણ દુ:ખ રહેતું નથી અને શોધવા જતાં પણ ક્યાંય દુ:ખ જડતું નથી.② (૬૭). આમ દેવની સેવાનો માર્ગ ખૂબ સૂક્ષ્મ છે. તારા મનમાં બિલકુલ શંકા ન રહે તેટલા માટે તને બીજું દૃષ્ટાંત કહું છું. (૬૮).

સાવંતવાડીમાં વેંગુર્લેકર નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. કોઈ પણ કારણ વગર એના પર ચોરીનો આરોપ મૂકીને એને રાજદૂતો તરત જ પકડીને લઈ ગયા અને કોઈ પણ જાતની તપાસ કર્યા વિના જ એને જેલમાં નાંખી દીધો. (૬૯-૭૦). ત્યારે એ બ્રાહ્મણે દુ:ખી થઈને મનમાં દત્તપ્રભુનું સ્મરણ કરીને અનન્ય નિષ્ઠાથી નમ્ર પ્રાર્થના કરી અને કહ્યું કે હે ભક્તવત્સલ પ્રભુ ! તું અનાથનો નાથ- નોધારાનો આધાર- છે. હે તાત ! હું તારે શરણે આવ્યો છું. આ દાસને તું શરણમાં રાખ. (૭૧-૭૨). સ્મરણ કરતાંની સાથે જ હાજર થનાર, તું સર્વત્ર છે અને બધું જ જાણે છે. તારા આ બાળક ઉપર તદ્દન ખોટું આળ આવ્યું છે. હે દીનદયાળુ વિભુ ! તારા વગર આ સંકટમાંથી મને કોણ છોડાવનાર છે? તેથી તું તરત જ દોડ, દોડ ને દોડ. (૭૩-૭૪). આ સેવક પર કરુણા કરીને તું જો એને સંકટમાંથી મુક્ત કરશે તો નરસોબાની વાડીમાં આવીને હે પ્રભુ ! હું તારી વિના વિલંબે આનંદપૂર્વક મહાપૂજા કરાવીશ. એની આવી પ્રાર્થના સાંભળીને દયાના સાગર એવા ભગવાને શું કર્યું? (૭૫-૭૬).

જેલની અંદર રાજદૂતો જ્યાં એના પર પહેરો ભરતા હતા ત્યાં તે જ ક્ષણે એક ચમત્કાર થયો. (૭૭). ત્યાં એક મોટો અને ભયંકર નાગ- ફૂંફાડા મારતો આવ્યો અને એને જોઈને રક્ષકો બીકના માર્યા થર થર ધ્રૂજવા લાગ્યા અને પ્રાણ બચાવવા માટે જે રસ્તો જણાયો તે રસ્તે બ્રાહ્મણ સાથે ભાગી છૂટ્યા. (૭૮-૭૯). આમાં કોઈ કોઈને જોતું ન હતું અને જેને જેમ ફાવ્યું તેમ મૂઠી વાળીને નાસી છૂટ્યા. એમની પાછળ પેલો ફણાધર ઝડપથી દોડતો હતો તે જોઈને ધોરીમાર્ગ છોડીને, ગામ છોડીને જંગલમાં પેઠા. આ રીતે દોડવામાં એકબીજાનો સાથ છૂટી ગયો અને બધા એક બીજાથી છૂટા પડી ગયા. આ રીતે વનમાં દૂર દૂર પહોંચી ગયા. દોડી દોડીને એવા તો થાકી ગયા હતા કે આખરે ત્યાં જ બેસી ગયા. (૮૦-૮૨). સાપને દૂર જતો રહેલો જોઈને બધા નિરાંતે બેઠા. આ સમય દરમ્યાન પેલો બ્રાહ્મણ ત્યાંથી નાસી છૂટ્યો હતો. (૮૩). એને શોધવા માટે રાજદૂતો જતા હતા ત્યાં તો પાસેના ગામમાં જ કોઈનું ખૂન થયું હતું. (૮૪). સર્વોચ્ચ અધિકારીએ જ્યારે આ વાત જાણી ત્યારે જે રાજદૂતો વનમાં ગયા હતા તે બધાને ખાસ હુકમ કરીને ખૂનની તપાસ કરવા માટે તરતોતરત એ ગામમાં મોકલી દીધા. (૮૫-૮૬). આમ અનાયાસે પેલી ચોરીની તપાસ અને વિપ્રને મારીને વાત કઢાવવાની કાર્યવાહી ખોરંભે પડી. (૮૭).

અધ્યાય : ૧૧૪

સર્વોચ્ચ અધિકારીની આજ્ઞા થવાથી બધા રાજદૂતો વનમાંથી ગામ તરફની દિશામાં જવા લાગ્યા. (૮૮). ત્યાં જતાં રસ્તામાં ઊંડા કોતરમાં એકાંત રસ્તે સાવધાનીભરી નજરે જોયું તો ત્યાં ચોરોની ટોળી બેસીને ચોરેલા માલની અંદરોઅંદર વહેંચણી કરતી હતી. (૮૯-૯૦). તરત જ દોડી જઈને રાજદૂતોએ બધાને પકડી લીધા અને જોયું તો જે ચોરી પહેલાં થઇ હતી તેની જ આ બધી વસ્તુઓ હતી. (૯૧). આને કારણે એ બ્રાહ્મણ ઉપરનો ચોરીનો આરોપ દૂર થયો અને તેથી રાજી થઈને એ બ્રાહ્મણે તરત જ નરસોબા વાડીનો રસ્તો પકડ્યો. (૯૨).

રસ્તે જતાં એના સસરાનું ગામ આવ્યું. ત્યાં જઈને બધાને આનંદથી બનેલી બધી વાતો કહી સંભળાવી અને કહ્યું કે મનમાં એમ જ થયા કરે છે કે દત્ત ભગવાનની દયાથી હું આ સંકટમાંથી છૂટ્યો છું એટલે જાણે ક્યારે વાડીમાં પહોંચી જાઉં. (૯૩-૯૪). આ વાત સાંભળીને સસરા વગેરેએ કહ્યું કે વાડીમાં જવાની તો અમારી પણ ઘણી ઇચ્છા છે તો ચાલો બધાં સાથે જશું. (૯૫). જેવો ઉનાળો પૂરો થાય કે તરત જ આપણે બધાં સાથે ઊપડીશું. એટલે થોડા દિવસ અહીં રહો. (૯૬). દત્તક્ષેત્ર વાડીમાં જવાનું દૂર રાખીને સસરાના આગ્રહથી પેલો બ્રાહ્મણ ત્યાં રહી પડ્યો. (૯૭).

એને કારણે એના પર દેવની અવકૃપા થઇ. તે જ દિવસે એના ગામમાં એનું ઘર બળીને ખાખ થઇ ગયું. (૯૮). એ સમાચાર સાંભળીને એ પોતાના ઘરે જવા નીકળ્યો. તરત જ સાવંતવાડીમાં આવીને જોયું તો બાળ-બચ્ચાં સહિત આખું ઘર બળીને ખાખ થઇ ગયું હતું. બધે રાખ, રાખ ને રાખ જોઇને એ બ્રાહ્મણ ખૂબ રડવા લાગ્યો. (૯૯-૧૦૦).

કેટલાક દિવસ સુધી તો એને ખાવાને અન્ન અને પહેરવાને વસ્ત્ર પણ મળ્યાં નહીં, તો પણ એ દુર્ભાગીને દત્તપ્રભુ યાદ આવ્યા નહીં. (૧૦૧). દુ:ખના દહાડામાં બાધા રાખીને જે એ બાધા યાદ રાખે નહીં તે પછી શોક સાગરમાં ડૂબે ત્યારે એને કોણ બચાવે? (૧૦૨). આવો દુ:ખી થયેલો બ્રાહ્મણ શ્રીગુરુની પાસે આવ્યો અને દંડવત્ પ્રણામ કરીને કરગરતો કરગરતો ખાસ પ્રાર્થના કરવા લાગ્યો : હે શરણે આવેલાનું રક્ષણ કરનાર ! હું દુ:ખ દરિયામાં ડૂબી ગયો છું. મારાં બધાં દુ:ખ દૂર કરીને મારા ગરીબનો ઉદ્ધાર કરો. (૧૦૩-૧૦૪). એવી પ્રાર્થના કરીને પછી પોતાનાં દુ:ખની બધી વાતો કરી પરંતુ એ મૂરખે દત્તપ્રભુની બાધા રાખી હતી તે વાત ના કરી. (૧૦૫).

એની બધી વાત સાંભળીને શ્રીદત્તમૂર્તિ ત્યાં બોલ્યા કે તું કાલે સવારે આવજે. હું તને મુક્તિનો કોઇ ઉપાય કહીશ. (૧૦૬). તું અત્યારે અહીંથી જતો રહે. એમ કહીને એ જેવો જતો રહ્યો કે તરત જ શ્રીદત્તને એનો પ્રશ્ન પૂછ્યો. (૧૦૭). ત્યાં દયાળુ દત્તપ્રભુ બોલ્યા કે એ બ્રાહ્મણ મારો અપરાધી છે. એને હવે પાસે આવવા દઇશ નહીં. એ આવે એટલે એને તરત જ કાઢી મૂકજે. (૧૦૮). બીજે દિવસે જેવો બ્રાહ્મણ ત્યાં આવ્યો એટલે શ્રીગુરુએ એને પાસે આવવા દીધો નહીં. (૧૦૯). એને દૂર ઊભો રાખીને કહ્યું કે તેં જરૂરથી દેવનો કોઇ અપરાધ કર્યો છે તેનું આ ફળ છે એવું માનજે. (૧૧૦).

આ સાંભળતાંની સાથે જ એ તરત ગભરાઇ ગયો. તો પણ ખરેખર એને બાધા ધ્યાનમાં આવતી ન હતી. (૧૧૧). ખૂબ વિચાર્યા પછી બે હાથ જોડીને પ્રાર્થના કરતાં પૂછ્યું કે હે દયાળુ ! હે સંસારમાંથી પાર ઉતારનાર ! મેં દત્તપ્રભુનો એવો તે શો અપરાધ કર્યો છે કે જેને કારણે મારો આ રીતે બહિષ્કાર કરીને મને પાસે પણ આવવા

દેતા નથી. (૧૧૨-૧૧૩). મારાથી જાણે અજાણે કોઇ દોષ થઇ ગયો હોય તો હું હાથ જોડીને આપની સાથે દેવની પણ ક્ષમા માગું છું. (૧૧૪). એમ કહીને એ કરગરી પડ્યો. એ સાંભળીને શ્રીગુરુરાય બોલ્યા કે તું કાલે સવારે આવજે. હું તને ત્યારે બધું કહીશ. (૧૧૫).

એને આમ કહીને ત્યારે તરત રવાના કરી દીધો. પછી રાત્રે શાસ્ત્રીબુવાએ દત્ત ભગવાનને પ્રાર્થના કરતાં કહ્યું કે હે દેવ ! મેં અત્યારે પેલા બ્રાહ્મણને કહ્યું છે કે તારાં દુ:ખ દૂર કરવાનો ઉપાય તને કાલે સવારે કહીશ. હવે હું શું કરું? આમ છતાં આપની આજ્ઞા આખરી છે. એ સાંભળીને દત્તપ્રભુ તરત જ બોલ્યા કે એ મૂઢબુદ્ધિવાળા પર પહેલાં જ્યારે કારણ વગર ચોરીનો આરોપ આવ્યો હતો ત્યારે એણે બાધા રાખી હતી કે જો હું આ સંકટમાંથી છૂટીશ તો વાડીમાં આવીને હું મહાપૂજા કરીશ પરંતુ હવે એ બાધા યાદ કરતો નથી. એ પોતાનું વચન- બાધા-પાળતો નથી માટે દુ:ખી થાય છે. (૧૧૬-૧૨૦).

આમ છતાં તને જેમ યોગ્ય જણાય તે રીતે એને દુ:ખથી મુકત કરજે. એ ભકત છે એ તો નિશ્ચિત છે. (૧૨૧). એ બીજી વાર આવી ભૂલ ના કરે એટલા માટે એને આ શિક્ષા કરી છે અને એ રીતે બીજાને પણ આવી સખતાઇની જાણકારી મળે. (૧૨૨). શ્રીગુરુને દેવ દ્વારા આવી આજ્ઞા થતાં બીજે દિવસે આવીને બ્રાહ્મણે જેવા દંડવત્ પ્રણામ કર્યા કે તરત જ શ્રીગુરુ બોલ્યા કે અલ્યા ! તારા પર ચોરીનું આળ આવતાં તેં રાંક બાપડા થઇને જો હું દુ:ખમાંથી મુકત થઇશ તો વાડીમાં જઇ મહાપૂજા કરાવીશ એવી દેવની બાધા-ફાધા કાંઇ પહેલાં રાખી હતી ખરી કે? (૧૨૩-૧૨૫).

તને દેવે સંકટમાંથી છોડાવ્યો તે પછી તેં વાડીમાં જઇને કહ્યા પ્રમાણે બાધા પૂરી કરી ખરી કે? (૧૨૬). આ સાંભળીને બ્રાહ્મણે એનો ગુનો કબૂલ કર્યો અને સસરાના ઘરે બનેલી બધી વાત વિસ્તારપૂર્વક કહી સંભળાવી. (૧૨૭). ત્યારે શાસ્ત્રીબુવા બોલ્યા કે તું જ્યારે સંકટમાં સપડાયો હતો ત્યારે તને કોણે છોડાવ્યો હતો તે તું મને સાચું કહેજે. (૧૨૮). તે વખતે તને દેવે છોડાવ્યો હતો કે તારા સસરાએ છોડાવ્યો હતો? શું તેથી સસરાનું કહ્યું માનીને તું વાડી નો'તો ગયો? અને સાસુ સસરાનું કહ્યું માનીને તેં દેવનું પૂજન ના કર્યું? તેથી તારા પર આવાં સંકટો આવ્યાં છે. (૧૨૯-૧૩૦). માટે વાડીમાં જઇને તું સૌ પ્રથમ મહાપૂજા સહિત દેવ પર એક લઘુરુદ્ર કરાવ અને પછી અપરાધની માફી માગીને, દેવને પ્રાર્થના કરીને ત્યાંથી પ્રસાદ લઇને મારી પાસે અહીં આવજે. (૧૩૧-૧૩૨). પછી હું તને દુ:ખમાંથી મુકત થવાનો ઉપાય કહીશ. આ સાંભળીને શ્રીગુરુને પગે લાગીને બ્રાહ્મણ વાડીએ ગયો અને શ્રીગુરુના કહ્યા મુજબ લઘુરુદ્ર સહિત મહાપૂજા કરીને, પ્રસાદ લઇને તરત જ માણગાંવમાં આવ્યો. (૧૩૩-૧૩૪).

ગુરુમૂર્તિને ભાવપૂર્વક દંડવત્ પ્રણામ કરતાં શ્રીગુરુએ એક મંત્ર આપ્યો અને એનો કેવી રીતે જપ કરવો એનું વિધાન પણ બતાવ્યું. (૧૩૫). શ્રદ્ધાપૂર્વક વિધિ અનુસાર જપ કરવાથી એ બ્રાહ્મણ થોડા જ સમયમાં બધા કલેશમાંથી મુકત થયો. (૧૩૬). આમ એ ત્યાર પછી દત્તપ્રભુનો અઠંગ ભકત બની ગયો અને દત્તપ્રભુના ચિંતનમાં રાત દિવસ મગ્ન રહેવા લાગ્યો. (૧૩૭).

માટે દેવકાર્ય અંગે જે કાંઇ સંકલ્પ કર્યો હોય તે વાર કર્યા સિવાય તરત જ પૂરો કરવો. (૧૩૮). કોઇ ભલેને ફાવે તેવું ભળતું કહે છતાં પણ આત્માનો બુદ્ધિભ્રંશ થવા દેવો નહીં. (૧૩૯). એને લીધે ઇશ્વરની તરત જ

કૃપા થશે. આ ખૂબ જ સૂક્ષ્મ માર્ગ છે અને એમાં ભલા ભલા સાધકો પણ ગબડી જાય છે. (૧૪૦).

શ્રીગુરુની લીલાનો તો પાર નથી. એ બધી લીલાને કોણ વર્ણવી શકે? જ્યાં શિવ સનકાદિ પણ વર્ણન કરતાં થાકયા છે ત્યાં માનવીનો ગર્વ તો નકામો છે. (૧૪૧).

એની લીલા તો એ જ જાણે. એ જેમ બોલાવે તેમ હું તો બોલું છું. એમની લીલાના સાગરમાંથી હે **રંગ** ! બિંદુ સમાન આ લીલાસાર છે. (૧૪૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'દેવસેવાપ્રકારકથન'** નામનો **એકસો ચૌદમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૧૪

(૧) શ્રદ્ધા એ સાધનાની શરૂઆત છે પણ નિષ્ઠા એ એની પરાકાષ્ઠા છે. નિષ્ઠા એટલે નિતરામ સ્થિતિ. વ્યક્તિ નિષ્ઠાવાન હોય તો પછી એ જે રસ્તે ડગ મૂકે તે રસ્તો એ કદી પણ છોડે નહિ. એને ભય કે લાલચ કોઇ ડગાવી શકે નહિ. એટલે પૂ.શ્રી ઘણી વાર કહેતા કે "તમારા ગુજરાતમાં શ્રદ્ધા ઘણી છે પણ નિષ્ઠા ઓછી છે." 'ડાકોરની દેણ' પ્રવચનમાં દેહ તે ડાકોર આત્મા શ્રીરણછોડ અભંગમાં નિષ્ઠાને જ્ઞાન સાથે સરખાવી છે. શરૂઆત શ્રદ્ધાથી કરવાની પણ સમાપ્તિ નિષ્ઠામાં થવી જોઇએ. એક દેવ, એક ગુરુ, એક મંત્ર એ બધું નિષ્ઠા સૂચવી જાય છે.

(૨) સંત કહે તે રીતે અક્ષરશ: વર્તવું એ પહેલી વાત અને શ્રદ્ધાપૂર્વક વર્તવું એ બીજી વાત. આપણે સંત સાથે રહેવું હોય પણ સંત આપણને ઘરે જવાની આજ્ઞા કરે તો એ આજ્ઞાનો સહર્ષ અને સાદર સ્વીકાર થવો જોઇએ. ગુરુની જેમ સંતની આજ્ઞા પણ અવિચારણીય છે. જો વ્યક્તિ આ રીતે જીવે તો એને જીવનમાં કયાંય દુ:ખ ન રહે. આ રીતે રહેવામાં વ્યક્તિએ પોતાના અહંને મારી નાંખવો પડે છે.

"ઠેરન દે દિન ચાર, સાંઇ, તેરે દ્વાર પે" એ પૂ.શ્રીનું ભજન આનું ઉત્તમ ઉદાહરણ છે (અવધૂતી આનંદ / ભજન-૩૯). પોતાનો પગ મચકોડાયો હોવાથી બે-ચાર દિવસ ગરુડેશ્વર રોકાવું હતું પરંતુ તે જ રાત્રે સ્વામી મહારાજની ગરુડેશ્વર છોડવાની આજ્ઞા થતાં બીજે દિવસે એમણે ગરુડેશ્વર છોડી દીધું.

●

અધ્યાય : ૧૧૫

આ અધ્યાયનું નામ **'વિપ્રપુત્રમૂકત્વહરણાદિ'** છે. આ અધ્યાયમાં ૯૨ દોહરા છે.

અલખ બોલ્યા કે હે શિષ્ય ! તું રસભરી કથા સાંભળ. ગુરુની અપાર લીલા પૈકીની તને થોડી લીલા સારરૂપે કહું છું. (૧).

સાવંતવાડી રાજ્યના વાલાવલી નામના ક્ષેત્રમાં એક જણનું ખૂન થયું. ખૂનીને શોધવામાં અધિકારીઓ નિષ્ફળ ગયા તેથી કેવળ શંકાને લઇને એ ગામના એક બ્રાહ્મણને પકડીને જેલમાં પૂરી દીધો. શાસ્ત્રીબુવાએ આ વાત જાણી એટલે જાતે વરિષ્ઠ અધિકારીને કહ્યું કે આ નિર્દોષ બ્રાહ્મણને કેમ કેદમાં નાંખ્યો છે? જેણે ખૂન કર્યું છે તે તમને આજથી ત્રીજે દિવસે સહેલાઇથી મળી જશે. એમ કહીને ખૂનીનાં ચિહ્નો કહ્યાં. ખૂની મળી જતાં બ્રાહ્મણને મુકત કર્યો. (૨-૧૧). સાવંતવાડીના રામભાઉ સબનીસ નામના મહેસૂલી અધિકારીને વિના કારણે બરતરફ કર્યા ત્યારે એમને યોગિનીમંત્ર બતાવીને ફરી પાછા નોકરીમાં ચાલુ કરાવ્યા. (૧૨-૧૬). વેંગુર્લે ગામના વાસુદેવ સાઠે કરીને એક પરમ ધર્મિષ્ઠ ગૃહસ્થના ઘરે પુત્રજન્મ થયો. આ પુત્ર જન્મથી જ મૂગો હતો. એ સાઠેને એક મંત્ર આપી તેનું એકવીસ દિવસનું અનુષ્ઠાન આપ્યું જે એણે શ્રદ્ધાપૂર્વક કર્યું તેથી પુત્ર કડકડાટ બોલતો થયો. (૧૭-૨૯). શનિવારે યાત્રા ભરાઇ હતી. શ્રીગુરુની મનાઇ છતાં અજાણતાંમાં એક શૂદ્રથી ઔદુંબરને સ્પર્શ થઇ ગયો. પરિણામે એને સાપ કરડવાથી એ મૃતપાય થઇ ગયો. આ જાણીને શ્રીગુરુએ જાતે જઇને અમીદૃષ્ટિથી એને સારો કર્યો. (૩૦-૩૮). મસુરેંગામના વિઠ્ઠલ નામના એક શૂદ્રને ગલત્કુષ્ઠ થયો હતો. એની શ્રદ્ધા અને ભાવના જોઇને એને નિર્મલા નદીમાં સ્નાન કરવાનું કહી, દેવની પ્રદક્ષિણા કરાવી દુ:ખમાંથી મુકત કર્યો. (૩૯-૪૬). નૃસિંહવાડીમાં (નરસોબાની વાડી) રહેતા આબા શાસ્ત્રી નામના એક બ્રાહ્મણે માણગાંવ આવીને શ્રીગુરુ સાથે વાદ વિવાદ કરવાના હેતુથી શ્રુતિમાં અષ્ટાંગ યોગ વિના બ્રહ્મજ્ઞાન શકય નથી એવું કયાંય જણાવ્યું નથી એમ કહીને વિવાદની શરૂઆત કરી. વાદ વિવાદ કરવાથી દૂર રહેનારા શ્રીગુરુએ કહ્યું કે મને શાસ્ત્રનો એવો ઊંડો અભ્યાસ નથી એટલે હું એ વિશે કશું જાણતો નથી. આબા શાસ્ત્રીને ગર્વ થયો. એ ગર્વ ઉતારવા માટે દત્તપ્રભુએ બ્રહ્મચારીનું રૂપ લઇ વાદ કરીને એમની બોલતી બંધ કરી દીધી. શાસ્ત્રીબુવા જ આ રૂપે આવ્યા છે એમ માનીને આબા શાસ્ત્રીએ તેમની માફી માગી. (૪૭-૯૨).

અલખ બોલ્યા કે હે શિષ્ય નિરંજન ! તું રસસભર કથા આગળ સાંભળ. શ્રીગુરુની લીલા તો અપરંપાર છે. એમાંથી તને સારરૂપ થોડી કહું છું. (૧).

સાવંતવાડી રાજ્યના વાલાવલી નામના એક ગામમાં એક વાર ભયંકર ખૂન થયું. (૨). આ ખૂન શા માટે થયું? કોણે કર્યું? એની કાંઇ ખબર પડતી ન હતી અને ખૂનીની શોધ કરી કરીને બધા અધિકારીઓ ખરેખર

થાકી ગયા હતા. (૩). કેવળ શકને આધારે જ એ ગામના એક બ્રાહ્મણને પકડીને એને ખોટો જેલમાં નાખી દીધો. (૪). માણગાંવમાં શાસ્ત્રીબુવાને આ વાતની ખબર પડી કે તરત જ બ્રાહ્મણના બેલી એવા શ્રીગુરુ દોડી ગયા. (૫). તરત જ વરિષ્ઠ અધિકારીઓને બોલાવીને કહ્યું કે આ નિર્દોષ બ્રાહ્મણને નાહકનો શું કામ જેલમાં પૂર્યો છે? (૬). જેણે ખૂન કર્યું છે એ થોડી મહેનતે આજથી ત્રીજા દિવસે તમને અચૂક જડી જશે. (૭). એવું કહીને પેલા બ્રાહ્મણને જલદીથી જમીન પર છોડાવ્યો. ખૂનીનાં બધાં ચિહ્નો સચોટતાથી કહ્યાં અને એ પ્રમાણે શોધખોળ કરતાં ત્રીજે દિવસે ખરેખર સાત અપરાધીઓ પકડાયા. (૮-૯). એમની ઊલટ તપાસ થતાં તેઓ ગુનેગાર સાબિત થયા અને પેલો બ્રાહ્મણ તરત જ છૂટી ગયો. (૧૦). આવી લીલા કરીને શ્રીગુરુ સત્ય-અસત્યનો નિવેડો લાવતા હતા. હવે એક બીજી વાત સાંભળ. (૧૧).

સાવંતવાડી ગામમાં રામભાઉ સબનીસ નામે એક મહાલકારી રહેતો હતો જે ભાવથી દત્તાત્રેયની સેવા કરતો હતો. (૧૨). કોઇ પણ જાતના કારણ વિના એને બરતરફ કર્યો તેથી દુ:ખી થઇને તે માણગાંવ આવ્યો. (૧૩). શ્રીગુરુનાં ચરણકમળમાં પ્રણામ કરીને બધી વાત કહી સંભળાવી. એ સાંભળીને ગુરુવરે એને યોગિનીમંત્ર કહ્યો. (૧૪). હૃદયમાં શ્રદ્ધા રાખીને કહ્યા પ્રમાણે એ મંત્રનો જપ કરતાં રાજાના અધિકારીએ એને સામેથી બોલાવીને નોકરી પાછી આપી. આવા ચમત્કારો કરીને શ્રીગુરુ ભકતની ટેક રાખતા હતા. (૧૫-૧૬).

વેંગુર્લે નામના ગામમાં વાસુદેવ સાઠે કરીને એક પરમ ધર્મિષ્ઠ સદ્‌ગૃહસ્થ રહેતા હતા. (૧૭). એને એક દીકરો થયો પરંતુ એ જન્મથી જ મૂગો નીકળ્યો. એને શાસ્ત્રીબુવા પાસે લાવીને, પગે લગાડીને અને જાતે ભાવપૂર્વક દંડવત્ પ્રણામ કરીને ત્યાં પ્રાર્થના કરતાં કહ્યું કે: હે પ્રભુ ! તમે સાક્ષાત્ ભગવાનના જ અવતાર છો. તેથી આના ઉપર કૃપાદૃષ્ટિ કરો. (૧૮-૧૯). મારો આ પુત્ર સાચે જ જન્મથી જ મૂગો છે. એના પર કૃપા કરીને હે પ્રભુ ! એને તરત જ વાણી આપો. (૨૦). હે દીનાનાથ ! આ મૂગો છે તો એને યજ્ઞોપવીત પણ કેવી રીતે આપીએ? હે તાત ! પુણ્યના ભંડાર એવા તમારા સિવાય અમારે બીજા કોઇનો આધાર નથી. (૨૧).

આવાં વચન સાંભળીને એ યોગીશ્વર બોલ્યા કે તમે કહો છો તે ઠીક છે પરંતુ તો પણ હું ભગવાન તો નથી જ. છતાં મારી સમજ પ્રમાણે હું તમને વાત કરું છું.① (૨૨). આ દોષ દૂર કરવા માટે હું તમને શાસ્ત્રમાં કહ્યા મુજબ જે (મંત્ર) કહું તેનું શ્રદ્ધાપૂર્વક મંત્રાનુષ્ઠાન કરવાથી દત્ત ભગવાન પ્રસન્ન થઇને તમને તરત એનું ફળ આપશે. આમ કહીને એમણે તરત જ એક મંત્ર કહ્યો અને મંત્ર કરવાનું વિધિવિધાન પણ કહ્યું અને એકવીસ દિવસનું પ્રેમથી અનુષ્ઠાન કરવાની આજ્ઞા કરી. (૨૩-૨૫). એ પ્રમાણે એ બ્રાહ્મણે એકવીસ દિવસનું શ્રદ્ધાપૂર્વક કહ્યા મુજબ અનુષ્ઠાન કર્યું. (૨૬). એને કારણે તરત જ પુત્રનું મૂગાપણું ગયું અને શ્રીગુરુએ કહ્યું હતું તે પ્રમાણે તે કડકડાટ બોલવા લાગ્યો. (૨૭). આ સાંભળીને ત્યાંના બધા લોકો આશ્ચર્યચકિત થઇ ગયા અને કહેવા લાગ્યા કે જુઓ ! જુઓ ! આ મૂગો બાળક બોલતો થઇ ગયો ! ગુરુરાયને ધન્ય હો ! ધન્ય હો ! (૨૮). ભાવથી દંડવત્ પ્રણામ કરીને માતાપિતા બાળકને લઇને આખે રસ્તે ગુરુનાં યશોગાન ગાતાં ગાતાં આનંદપૂર્વક ઘરે ગયાં. (૨૯).

હે સુજ્ઞ શિષ્ય ! શ્રીગુરુની આવી દિવ્ય લીલા હતી. એકવાર શનિવારના રોજ ત્યાં-માણગાંવમાં-મોટી યાત્રા ભરાઇ. (૩૦). ત્યાં બધાને શ્રીગુરુમૂર્તિએ પહેલેથી જ કહી રાખ્યું હતું કે આ ઔદુંબર વૃક્ષને હંમેશાં દત્તસ્વરૂપ

માનીને કોઇએ તેને અડકવું નહીં. બ્રાહ્મણ હોય તેણે જ સ્નાન કરીને એનું હંમેશાં પૂજન કરવું. (૩૧-૩૨). બીજા વર્ણના લોકોએ એની દૂરથી પૂજા કરવી. આમાં કોઇ ભૂલ કરશે તો તેના ઉપર મોટી આફત આવશે. (૩૩). તે દિવસથી બધા લોકો ત્યાં સાવધાનીપૂર્વક વર્તતા હતા. આમ કંઇક દિવસો વીતી ગયા પછી એક દિવસ અઘટિત ઘટના ઘટી. (૩૪).

પ્રારબ્ધવશાત્ એક ગામના શૂદ્રથી ઔદુંબરનો ભૂલમાં સ્પર્શ થઇ ગયો. એની એ ભૂલને કારણે એને સાપ કરડ્યો અને તરત જ મરવા જેવો થઇ ગયો. આ વાત જાણીને શ્રીગુરુ ખરેખર તરત જ ત્યાં દોડ્યા અને ચિત્તમાં દયાથી ભીંજાઇને, સુધાદૃષ્ટિથી એ શૂદ્રને સર્પદંશના ત્રાસમાંથી મુકત કર્યો. (૩૫-૩૭). આ જોઇને બધા લોકો શ્રીગુરુનો જોર જોરથી જયજયકાર કરવા લાગ્યા. આમ ગુરુની ઉત્તમ કીર્તિ ચારે દિશામાં ફેલાઇ ગઇ. (૩૮).

મસૂરેંગામનો વિઠ્ઠલ નામનો એક શૂદ્ર ગલત્કુષ્ઠ-ગળતા કોઢ-ને કારણે દુ:ખી થતો હતો. (૩૯). એ ઘણા ઉપાયો કરી કરીને થાકી ગયો અને આખરે કંટાળીને છેવટે માણગાંવમાં શ્રીગુરુ પાસે આવ્યો. (૪૦). વંદન કરીને પ્રાર્થના કરતાં કહ્યું કે હે ગુરુનાથ ! હું આ દુ:ખથી થાકી ગયો છું. આપ સાક્ષાત્ દત્તપ્રભુ છો. તમે મારો ઉદ્ધાર કરો. (૪૧).

આ સાંભળીને શાસ્ત્રીબુવાએ એને ત્યાં કહ્યું કે તું અહીં રોજ નિર્મળા નદીમાં સ્નાન કરીને પ્રેમપૂર્વક દેવની દૂરથી પ્રદક્ષિણા કર. એનાથી દેવ તારા પર જરૂર કૃપા કરશે. એટલે કહ્યા પ્રમાણે શૂદ્રે અચળ શ્રદ્ધા રાખીને નમન કરતાં કરતાં પ્રદક્ષિણા કરી. એને લીધે થોડા જ દિવસોમાં એનો રોગ દૂર થયો. યોગીશ્વરની કૃપા થતાં એનું શરીર સરસ થઇ ગયું. શ્રીગુરુના ચરણમાં દંડવત્ પ્રણામ કરીને અને એમની રજા લઇને એ મુખથી શ્રીગુરુની લીલાનું ગાન કરતો કરતો તરત જ પોતાના ઘરે ગયો. એને જોઇને બધા લોકોને ખૂબ જ આશ્ચર્ય થયું. (૪૨-૪૬).

હે શિષ્ય ! હું તને બીજું દૃષ્ટાંત કહું છું. તે તું સાંભળ. નરસોબાની વાડીમાં આબા શાસ્ત્રી નામના એક બ્રાહ્મણ રહેતા હતા. (૪૭). એક વાર શ્રીગુરુમૂર્તિને મળવા માટે તેઓ પ્રેમથી માણગાંવ આવ્યા. એમને પ્રેમભાવથી મળ્યા પછી કહ્યું કે વેદમાં અષ્ટાંગ યોગનો કયાંય પણ ઉલ્લેખ નથી અને એ વગર કયારેય પણ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થઇ શકે નહીં એવું કહ્યું નથી. આવી રીતે પૂર્વ પક્ષ કરીને (શંકા કરીને) એમણે વાદવિવાદની શરૂઆત કરી. નિરભિમાની શ્રીગુરુમૂર્તિએ ત્યાં વાત જ બંધ કરી દીધી. (૪૮-૫૦).

શ્રીગુરુનો એવો નિયમ હતો કે કયારેય પણ કોઇની સાથે વાદ વિવાદમાં પડવું નહીં અને વિતંડાવાદ કરવો નહીં. (૫૧). વળી બીજી મર્યાદા એ પણ હતી કે નરસોબાની વાડી એ ભગવાન દત્તની રાજધાની હોવાથી પવિત્ર છે અને ત્યાં રહેનારા બધા દત્તરૂપ જ છે. આવું માની બધા પર પ્રેમ રાખીને બધા સાથે ખૂબ સાવધાનીપૂર્વક વર્તતા હતા. (૫૨-૫૩). આને કારણે શ્રીગુરુએ આબા શાસ્ત્રી સાથે કોઇ વાદવિવાદ કર્યો જ નહીં અને નિરભિમાની થઇને કહ્યું કે હે પ્રભુ ! મને આની કાંઇ ખબર નથી. (૫૪). મેં કોઇ શાસ્ત્રાભ્યાસ કર્યો નથી અને આપ તો સુજ્ઞ અને જાણકાર છો. તેથી હું અજ્ઞાની આપની સાથે વાદ કરી શકું નહીં. (૫૫).

આમ કહીને શ્રીગુરુ સ્નાન સંધ્યા માટે ગયા. આવાં વચન સાંભળીને આબા શાસ્ત્રી અંતરમાં અભિમાનથી ખૂબ ફુલાયા અને વિચારવા લાગ્યા કે આ ધરતી પર મારા જેવો બીજો કોઇ વિદ્વાન નથી. આવું

વિચારીને આખો દિવસ એ ત્યાં જ રહ્યા અને બીજે દિવસે સવારે ઊઠીને વેંગુર્લે બંદરે જઇને મુકામ કર્યો. (૫૬-૫૮). વિદ્યાના અભિમાનમાં ઉન્મત્ત બનીને એ જ્યાં ઊતર્યા હતા ત્યાં શ્રીદત્તપ્રભુ બ્રહ્મચારીના રૂપમાં ગયા અને કહેવા લાગ્યા કે માણગાંવમાં જઇને શાસ્ત્રીબુવાની સાથે વાદ કરીને તમે વિજય મેળવ્યો. તમારા જેવા શ્રેષ્ઠ મહાપુરુષને ધન્ય છે. (૫૯-૬૦).

અષ્ટાંગ યોગનું વેદમાં પ્રતિપાદન નથી થયું એવો તમારો મત તમે ત્યાં સારી રીતે પ્રસ્થાપિત-સિદ્ધ-કર્યો. (૬૧). આપ મહાન પંડિત છો એવું ખાસ જાણીને હું આપની સાથે અહીં વાદ કરવા આવ્યો છું તો મને નિરાશ ન કરશો. (૬૨). મારી સાથે વાદ કરીને અને 'યોગ દ્વારા જ્ઞાન થતું નથી' એવા જે શાસ્ત્રો-પ્રમાણો છે તે દેખાડો. (૬૩). તમે જોઇ જોઇને કેટલાં શાસ્ત્રો જોયાં? અને ક્યાં ક્યાં શાસ્ત્રો જોયાં? તમે કયા ગ્રંથમાં આવું ભળતું વાંચ્યું તે કહો. (૬૪). તમે જે શાસ્ત્રો જોયાં તેમાં ક્યાંયે તમને આ વાતને પ્રતિપાદિત કરતો આધાર ના જડ્યો? અને યોગ આવશ્યક છે એની ખાતરી ના થઇ? (૬૫).

આવું કહીને ત્યાં બ્રહ્મચારીએ તરત જ શ્રુતિ, સ્મૃતિ, પુરાણ અને આચાર્યોના ઢગલાબંધ પ્રમાણો ફટાફટ બોલી બતાવ્યાં. આ સાંભળીને આબા શાસ્ત્રીની તો બોલતી જ બંધ થઇ ગઇ. (૬૬-૬૭). કેવી રીતે સામી દલીલ કરવી-પ્રતિપક્ષ કરવો- મતનું ખંડન કરવું તે પણ સૂઝ્યું નહિ. એ જોઇને નિશ્ચિતરૂપથી બ્રહ્મચારી બોલ્યા કે યોગના અભ્યાસ વગર બીજાં સાધનોથી કદી પણ બ્રહ્મજ્ઞાન થતું નથી એવું શાસ્ત્ર કહે છે અને મારો અનુભવ પણ કહે છે. (૬૮-૬૯).

યોગાભ્યાસ વગર મન કદી પણ સુસ્થિર થતું નથી અને ચંચલ ચિત્તની સ્થિરતા વગર ચંચલ ચિત્તથી ધ્યાન કે નિદિધ્યાસન શક્ય બનતું નથી. (ધ્યાન કર્યા વગર સ્વપ્ને પણ બ્રહ્મજ્ઞાન સુદૃઢ થતું નથી.) (૭૦). અનુભવ વગરનો વાણી વિલાસ એ તો કેવળ અજ્ઞાનતા છે. (૭૧). પૂર્વ જન્મમાં જેણે યોગની સાધના પૂર્ણ કરી હોય તે જ વ્યક્તિને આ જન્મે યોગાભ્યાસ કર્યા વગર બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. (૭૨). નહિ તો પછી આ જન્મે એ યોગાભ્યાસની સાધના સિદ્ધ કરીને ચોક્કસ જ્ઞાની થાય છે. આ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ યોગાભ્યાસ કર્યા વગર વાદ-વિવાદ કરવાથી-બજારમાંથી પોથી વાંચવાથી-થતી નથી. માટે મોક્ષની ઇચ્છાવાળાએ હંમેશાં યોગાભ્યાસ કરવો. (૭૩-૭૪).

બ્રહ્મચારીની એવી અનુભવસિદ્ધ વાતો સાંભળીને આબા શાસ્ત્રી જવાબ આપી શક્યા નહીં અને એમનું અભિમાન તરત જ ઓગળી ગયું. (૭૫). આ જોઇને બ્રહ્મચારી ત્યાંથી ચાલી નીકળ્યા. એ થોડેક દૂર ગયા હશે ત્યાં આબા શાસ્ત્રી મનમાં એ બ્રહ્મચારી વિશે વિચાર કરવા લાગ્યા કે આ કોણ હશે જે મારા મનની બધી વાતો જાણીને બધું પુરાવાસર બોલી ગયા. જે કાંઇ વાત મારી ને શાસ્ત્રીબુવા વચ્ચે થઇ હતી તે બધું એણે કેવી રીતે જાણ્યું હશે? આ તો એકદમ દંગ પમાડે એવી વાત છે. (૭૬-૭૮). માટે આ કોઇ સમર્થ પુરુષ હોવા જોઇએ એ વાત તો નિશ્ચિત જ છે. તો લાવ, એમના પગ પકડીને માફી માગું. આવું મનમાં વિચારીને એ બ્રહ્મચારીની પાછળ આબા શાસ્ત્રી દોડ્યા. ત્યાં તો બ્રહ્મચારી અંતર્ધાન થયા અને દેખાતા બંધ થયા અને તેઓ ક્યાં ગયા એનું અનુમાન પણ થઇ શકે એમ ન હતું. (૭૯-૮૦).

આબા શાસ્ત્રી તો ત્યાં આશ્ચર્યચકિત જ થઇ ગયા. માણગાંવમાં આવીને શ્રીગુરુના ચરણમાં પડ્યા અને કહેવા લાગ્યા કે આ દાસ આપનો અપરાધી છે અને તેથી હે દયાળુ ! આપની માફી માગે છે. આ દીનને આપને શરણે રાખો. એવું દિલથી કહીને પછી બ્રહ્મચારી વિશેની બનેલી બધી જ વાત કહી સંભળાવી. ત્યારે શાસ્ત્રીબુવા બોલ્યા કે હે શાસ્ત્રી ! આમાં બીજું કાંઇ અનુમાન કરશો જ નહીં. એ બ્રહ્મચારી હતા જ નહીં પરંતુ ખરેખર સ્વયં દત્ત ભગવાન જ હતા અને એમણે આવીને તરત જ સત્યની સ્થાપના કરી. (૮૧-૮૪). પણ તમે તો બહુ મોટી ભૂલ કરી ! તમે એમના પગ કેમ ના પકડ્યા? એમના ચરણમાં માથું કેમ ના મૂકી દીધું? અરે ! તમે અમૂલ્ય અવસર ચૂકી ગયા. (૮૫).

શ્રીગુરુનાં આવાં વચન સાંભળીને આબા શાસ્ત્રી મનમાં ખૂબ દુ:ખી થયા અને તે ફરીથી વિચારવા લાગ્યા કે માનો ના માનો પણ આ શાસ્ત્રીબુવા પોતે જ ખરેખર સ્વયં દત્તનો અવતાર છે. માટે વિદ્યાનું આ નકામું અભિમાન છોડી દઇને આ માનવદેહને સાર્થક કરવા માટે હું એમના શરણે જ જાઉં. ખૂબ મહેનત કરીને એમની કૃપા સંપાદન કરીને કૃતાર્થ થઇ જાઉં. એવું વિચારીને ત્યારથી ગુરુમૂર્તિ જેવી આજ્ઞા કરે તે રીતે વર્તીને અને દત્તનું નામ સ્મરણ કરીને હંમેશાં આનંદથી શ્રીગુરુનાં ચરણકમળનું ધ્યાન ધરવા લાગ્યા. (૮૬-૯૦).

આવા અવનવા ચમત્કારો કરીને શ્રીગુરુ બધા લોકોને હંમેશાં સન્માર્ગે ચઢાવતા હતા. (૯૧). અલખનાં આવાં વચન સાંભળીને નિરંજન જે બોલ્યો તેનું અનુસંધાન હવે પછીના અધ્યાયમાં છે જે સાંભળવાથી સંસારનો (**રંગ**નો) ભય ટળી જાય છે. (૯૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે '**विप्रपुत्रमूकत्वहरणादि**' નામનો **એકસો પંદરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૧૫

(૧) ચોરોનાં ચિહ્નો કહેવાં અને આજથી ત્રીજે દિવસે એ પકડાઇ જશે એવી ખાતરીપૂર્વકની ભવિષ્યવાણી કરવી અને તે પ્રમાણે થવું એ શાસ્ત્રીબુવાની દિવ્ય શકિતનું સમર્થન કરે છે. દત્ત ભગવાને જ એમને લોકોનાં કામ કરવાનું કહ્યું હતું તેમ છતાં મહાન વ્યકિત કદી પણ પોતે મહાન છે એવાં બણગાં ફૂંકતી નથી. આપણા બાપજી પણ સ્વયં દત્તનો અવતાર હતા અને ભકતોનાં કામ કરતા હતા છતાં પણ આ બધું તો ભગવાનની દયા છે, ગુરુમહારાજની કૃપા છે એવું જ કહેતા.

●

અધ્યાય : ૧૧૬

આ અધ્યાયનું નામ **'સગુણોપાસના રહસ્ય'** છે. આ અધ્યાયમાં **૯૫** દોહરા છે.

શિષ્ય નિરંજને હાથ જોડીને શ્રીગુરુની લીલા વિસ્તારપૂર્વક કહેવાની વિનંતી કરી એટલે અલખે કહ્યું કે ગુરુની લીલાનો તો પાર નથી પણ હું તને એનો સાર કહું છું. (૧-૩).

એક વાર શરદપૂનમને દિવસે અનેક ભકતો નૈવેદ્ય માટે પૌંઆ લાવ્યા. શાસ્ત્રીબુવાએ સૂકા પૌંઆ નૈવેદ્યમાં મૂકયા તેથી ભગવાને કહ્યું કે આવા સૂકા પૌંઆ અર્પણ કરીને તારે મારું ગળું છોલવું છે? શાસ્ત્રીબુવાએ કહ્યું કે માજીએ નૈવેદ્યને સિદ્ધ કર્યું નથી તેથી મારાથી આ પ્રમાદ થયો છે. આ સાંભળીને ભગવાને રમામાતાનો કંઠ સુજાડી દીધો અને એમને તીવ્ર વેદના થવા લાગી. વળી મૂર્છિત થઇને નીચે પડી ગયાં. આ બધું જોઇને શાસ્ત્રીબુવાએ 'રસજ્ઞાવશાત્ તારકં સ્વાદુ લભ્યં' ક્ષમાપન સ્તોત્ર લખ્યું. 'યથા દેહે તથા દેવે' નું સૂત્ર જીવનમાં ઉતારી લોકોને પણ શિખવાડ્યું. (૪-૨૧).

એક વાર માતાના આગ્રહને વશ થઇને, દત્તપ્રભુની આજ્ઞા ન હોવા છતાં બધા સાથે શિવરાત્રીના તહેવાર પર ગોકર્ણ મહાબળેશ્વરનાં દર્શને જવા નીકળ્યા. ગામની બહાર જતાં જ એક સાપ આવીને શાસ્ત્રીબુવાને કરડીને જતો રહ્યો. એનું ઝેર ઉતારવા યાત્રાએ જવાનું માંડી વાળ્યું. એ જોઇને રમામાતાએ નક્કી કર્યું કે હવે એને કશું કહેવું નહિ. (૨૨-૪૬).

એક દિવસ અતિશય થાકી જવાને લીધે પોતાનો નિત્યક્રમ અધૂરો રાખીને વિશ્રાંતિ લેવા ગયા ત્યાં ઊંઘી ગયા. ભગવાનને આ ગમ્યું નહીં. તેથી એમના શયન સ્થળે વીંછી મોકલીને કરડાવ્યો. આખી રાત્રી ભજનમાં ગાળી. નિયમમાં પ્રમાદ ન કરવો એવું બધાને શીખવ્યું. (૪૭-૫૯).

સાવંતવાડીથી શ્રીગુરુનાં દર્શન માટે આવેલા સોનીને શ્રીગુરુએ વેદોકત કર્મ કરવાની ના કહી, તો પણ એ સોનીએ હઠ કરીને, ગુરુની ના કહેવા છતાં વેદોકત કર્મ કરવાનું ચાલુ રાખ્યું. પરિણામે એના ઘરમાં ચોરીનો માલ છે એવો આરોપ મૂકીને પોલીસો એને ચોકી પર લઇ ગયા. એણે પોલીસને પૈસાની લાલચ આપી દત્તમંદિરે દેવનાં અને શાસ્ત્રીબુવાનાં દર્શન કરાવો એમ કહ્યું. શાસ્ત્રીબુવાએ કહ્યું કે ભગવાન તને મુકત કરશે. દુ:ખમાંથી મુકત થતાં રામ, કૃષ્ણ અને દત્તની મૂર્તિ બનાવીને આપી. દત્ત ભગવાને કહ્યું મારી મૂર્તિ તું લઇ લે. એ પ્રવાસમાં તને કામ લાગશે. (૬૦-૯૫).

શિષ્ય નિરંજન બે હાથ જોડીને ત્યાં બોલ્યો કે મને શ્રીગુરુની લીલા હજી વિસ્તારથી કહો. (૧). આબા શાસ્ત્રીનું અભિમાન ઊતરી ગયું તે પછી હે પ્રભુ શું થયું તે બધું મને કૃપા કરીને કહો. (૨). શિષ્યનાં એ વચન સાંભળીને દયાળુ શ્રીઅલખ બોલ્યા કે શ્રીગુરુની લીલાનો તો કોઇ પાર નથી. હું તને એમાંથી સારરૂપ થોડી લીલા

કહું છું તે તું સાંભળ. (૩).

એક વાર શરદપૂર્ણિમાને દિવસે અનેક ભકતો દેવનાં નેવેદ્ય માટે પોંઆ લાવ્યા હતા. (૪). શાસ્ત્રીબુવાએ તરત જ તે સૂકા પોંઆ ઉપર પ્રોક્ષણ કર્યું અને શ્રીદત્ત ભગવાનને નેવેદ્ય તરીકે અર્પણ કર્યું. (૫). ત્યારે ત્યાં મોટો અવાજ થયો કે નેવેદ્ય તરીકે આવા સૂકા પોંઆ આપીને તું મારો કંઠ છોલવા માગે છે? (૬). એવા શબ્દો સાંભળીને શાસ્ત્રીબુવાએ બે હાથ જોડીને દેવને પ્રાર્થના કરતાં કહ્યું કે હે દીનબંધુ ! હે નાથ ! આજે માજીએ મને સિદ્ધ કરીને નેવેદ્ય આપ્યું નહિ. તેથી મારાથી આવો પ્રમાદ થઇ ગયો છે. આ સાંભળીને દત્ત ભગવાને તરત જ રમામાતાનો કંઠ અતિશય સુજાડી દીધો. તીવ્ર વેદના થવાને કારણે મોટેથી બૂમ પાડીને રમામાતા તે જ ક્ષણે ધરતી પર મૂર્છિત થઇને ઢળી પડ્યાં. (૭-૧૦).

આ બધું જોઇને શ્રીગુરુ ગભરાઇ જઇને, દેવને દંડવત્ પ્રણામ કરીને આ રીતે દેવની માફી માગવા લાગ્યા :- (૧૧).

સ્તોત્ર

જીભને વશ થવાથી સ્વાદિષ્ટ અને તારક તારું નામ હે દત્ત પ્રભુ ! જો કદાચ મેં ન લીધું હોય તો હે દયાર્દ્ર ચિત્તવાળા ! તમે મારો અપરાધ ક્ષમા કરો, અપરાધ ક્ષમા કરો, અપરાધ ક્ષમા કરો. (૧).

હે વિભુ ! પૂર્વે દેવવશ જુદી જુદી યોનિઓમાં મેં તારું નામ કદાચ ન લીધું હોય તો હે દયાભીના ચિત્તવાળા ! મારો અપરાધ માફ કરો, અપરાધ માફ કરો, અપરાધ માફ કરો. (૨).

હે દત્ત ! માતાના ગર્ભમાં રહેવાથી પ્રાપ્ત થયેલાં કષ્ટને કારણે મેં કદાચ તારું નામ ન લીધું હોય તો હે દયાળુ ચિત્તવાળા ! તમે મારો અપરાધ માફ કરો, અપરાધ માફ કરો, અપરાધ માફ કરો. (૩).

મેં જન્મતાં જ મોહવશ હે પ્રભુ, જો કદાચ આપનું નામ ન લીધું હોય તો આપ મારો અપરાધ ક્ષમા કરો, અપરાધ ક્ષમા કરો, અપરાધ ક્ષમા કરો. (૪).

હે દત્ત પ્રભુ ! બાળપણમાં રમવામાં જ આસકત ચિત્તને કારણે મેં આપનું નામ કદાચિત ન લીધું હોય તો હે દયાભીના ચિત્તવાળા ! મારો અપરાધ ક્ષમા કરો, અપરાધ ક્ષમા કરો, અપરાધ ક્ષમા કરો. (૫).

હે દત્ત ! મેં યુવાનીમાં અજ્ઞાનતાને કારણે ભોગમાં જ સંતોષ માનીને કદાચ તારું નામ ન લીધું હોય તો હે દયાળુ ચિત્તવાળા ! મારો અપરાધ માફ કરો, અપરાધ માફ કરો, અપરાધ માફ કરો. (૬).

હે દત્ત ! મેં ઘડપણમાં બધી ઇંદ્રિયો શિથિલ થવાથી કદાચિત તારું નામ ન લીધું હોય તો હે દયાર્દ્ર ચિત્તવાળા ! મારો અપરાધ માફ કરો, અપરાધ માફ કરો, અપરાધ માફ કરો. (૭).

હે હૃષિકેશ ! મારા વાણી, મન અને કાયાથી જાણે અજાણે થયેલા (જન્મેલા) અપરાધોને હે વિશ્વસાક્ષી ! ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો. (૮).

અધ્યાય : ૧૧૬

મેં આપનું સ્મરણ, ધ્યાન, આવાહન, અર્ચન, ગાન, સ્તુતિ, વંદન અથવા જપ કર્યા નથી. તો હે દયાભીના ચિત્તવાળા ! મારા અપરાધ માફ કરો, અપરાધ માફ કરો, અપરાધ માફ કરો. (૯).

આપના જેવો (બીજો કોઇ) દયાનો સાગર નથી અને મારા જેવો (કોઇ) પાપી નથી. આપનામાંથી થએલા એવા મારું આપ જ શરણ છો-જેમ ભૂમિ પર ડગમગતા પગ ભૂમિ ઉપર જ સ્થિર થાય છે તેમ. આ રીતે દત્ત શિષ્યે આપની અદ્ભુત પ્રાર્થના કરી છે. (૧૦).

અપરાધક્ષમાપન સ્તોત્રથી એ રીતે સ્તુતિ કરતાં સંતુષ્ટ થઇને દત્ત ભગવાન ત્યારે બોલ્યા કે પોતાના દેહને જે રીતે સુખ થાય તે રીતે જ દેવને પણ એવી વસ્તુથી પ્રસન્ન કરવાથી, શ્રીહરિને સંતોષ થાય છે. (૧૨-૧૩). 'યથા દેહે તથા દેવે' એ સૂત્રને સાચું માની હંમેશાં એકાત્મભાવથી ઇશ્વરને ભજવા જોઇએ.① (૧૪). ભગવાનનાં એ વચન સાંભળીને શાસ્ત્રીબુવાએ તરત જ દેવના ચરણોમાં માથું મૂકીને તે દિવસથી નક્કી કર્યું કે આપણને જે જે વસ્તુ ગમે અને જેવી વસ્તુ ગમે તે તે અને તેવી વસ્તુ હંમેશાં ભાવથી શ્રીપ્રભુને અર્પણ કરવી. (૧૫-૧૬).

માટે હે સર્વજનો ! આ રીતે જ બધા લોકોએ જેમ આપણો આત્મા છે તેવો દેવનો માનીને દેવને પૂજા વગેરે ત્યાં અર્પણ કરવાં. આવું ભાવથી કરતાં એ ઇશ્વર પ્રસન્ન થાય છે અને અનન્ય નિષ્ઠા જોઇને બહુ જલદીથી રીઝે છે. (૧૭-૧૮). એટલા માટે જ હંમેશાં એકાંતમાં બેસીને ઇશ્વરમાં તન-મનને પ્રેમથી જોડીને એનું હંમેશાં ધ્યાન કરવું. (૧૯). બધી શંકા છોડીને પ્રેમથી પૂજા વગેરે પણ કરવાં જોઇએ. આવા દેવ-ભકતના સંબંધથી અરસ પરસ સ્નેહ વધે છે. (૨૦). પોતે સ્વયં દત્ત હોવા છતાં પણ શાસ્ત્રીબુવા પોતે આ પ્રમાણે વર્તીને લોકોને ઉપાસનાનો માર્ગ બતાવતા હતા. (૨૧).

એક વાર એમની માતાનો આગ્રહ જોઇને શ્રીદત્તની રજા વિના ગોકર્ણ ક્ષેત્રના મહાબળેશ્વરનાં દર્શન માટે શિવરાત્રીએ જવા તૈયાર થયા. ત્યાં એક ચમત્કાર થયો. (૨૨-૨૩). સાથે માણગાંવના ઘણા લોકો હતા. સંઘ લઇને જેવા ગામની બહાર નીકળ્યા કે તરત જ એક અતિ ચપળ સાપ બધાની વચ્ચેથી ઘૂસ્યો. પરંતુ કોઇએ એ જોયો નહીં. એ સાપ સીધો શ્રીગુરુ પાસે આવીને એમના પગે કરડીને તરત જ પાછો ખૂબ ઝડપથી ટોળામાંથી પાછો જતો રહ્યો. (૨૪-૨૬).

આ જોઇને શાસ્ત્રીબુવાએ એક પણ ડગલું આગળ ભર્યું નહીં અને તરત જ પાછા પોતાના ઘરે આવી ગયા. (૨૭). પ્રાણને બ્રહ્મરંધ્રમાં ખેંચીને તેઓ ધ્યાનમાં બેઠા તો પણ એ પગમાંનું ઝેર ઊતરતું ન હતું. (૨૮). સમાધિમાંથી દેહભાન પર આવીને સાપે ડંખ માર્યો હતો તે જગ્યા જોઇ તો ઝેરનું પ્રમાણ એકાએક વધી જઇને પગ સૂજીને થાંભલા જેવો થઇ ગયો હતો. એ જોઇને સાથે જે ભાવિક લોકો હતા તેમણે કહ્યું કે હે પુણ્યના ભંડાર ! આ પગને એકદમ શું થયું? અને એ આટલો બધો કેમ સૂજી ગયો? (૨૯-૩૧).

ત્યારે શાસ્ત્રીબુવા બોલ્યા કે ગોકર્ણ જવા માટે હું જ્યારે તમારી સાથે ગામની બહાર નીકળ્યો ત્યારે ટોળામાંથી સીધો ને સડસડાટ એક મોટો સાપ મારી પાસે આવીને મારા પગમાં જોરથી કરડ્યો. (૩૨-૩૩). મને લાગે છે કે ખરેખર એને કારણે આ પગ સૂજી ગયો છે. તમે કોઇએ એ સાપને ત્યાં શું જોયો નહીં? (૩૪).

આ વાત સાંભળીને ત્યાં બધા લોકો ગભરાઇ ગયા અને કહેવા લાગ્યા કે આ તો ભારે આશ્ચર્યકારક કહેવાય કે કોઇએ કયાંય પણ સાપ જ ના જોયો. (૩૫). હવે જે થવાનું હતું તે થઇ ગયું. હવે હે પ્રભુ ! જો આપ રજા આપો તો અહીં માંત્રિકને બોલાવીને સાપનું ઝેર ઉતારવા માટે તરત બધા પ્રયત્નો (મંત્ર વગેરે) કરીએ. એટલે ત્યાં શાસ્ત્રીબુવાએ કહ્યું કે આવું કાંઇ કરશો નહીં. મંત્ર કે ઔષધિનો ઉપચાર કરવાથી તો ચોક્કસ વધારે જ વેદના થશે એમ મારું માનવું છે. (૩૬-૩૮). આમ છતાં જેવી તમારી બધાની ઇચ્છા. આવું વચન સાંભળીને લોકોના મનમાં ક્ષણવાર પણ ધીરજ રહી નહીં. (૩૯). એટલે લોકોએ માંત્રિકને બોલાવીને ત્યાં ઝેર ઉતારવા માટેના વિવિધ પ્રકારના ઉપાયો વારંવાર કર્યા. લોકો જેમ જેમ પ્રયત્નો કરતા હતા તેમ તેમ ઝેર વધુને વધુ ચઢીને પગ ખૂબ ભારે થઇ ગયો. આખરે પગ એટલો બધો સૂજી ગયો કે એને આમ કે તેમ જરા પણ ફેરવી શકાતો ન હતો. એટલે ખૂબ ત્રાસ થતો હતો. (૪૦-૪૨).

જ્યાં શિવરાત્રીનો ઓચ્છવ પૂરો થયો ત્યાં જ બીજે દિવસથી એ સોજો ધીરે ધીરે જાતે જ ઊતરી ગયો અને પહેલાંના જેવો પગ થઇ ગયો. એ જોઇને રમામાતા અનહદ પશ્ચાત્તાપ કરવા લાગ્યાં. (૪૩-૪૬). એ કહેવા લાગ્યાં કે મેં એને જવા માટે ખોટો આગ્રહ કર્યો. હવે પછી પ્રાણ જાય તો પણ કોઇ દિવસ આ રીતે આગ્રહ નહીં કરું. (૪૫). ખરેખર એ અવતારી પુરુષ છે અને એ પૂર્ણપણે નિષ્કામ છે. આવું બોલીને હંમેશાં બધાં કામોમાં અનુકૂળ થઇ જતા હતા. (૪૬).

એક દિવસ એવું બન્યું કે કોઇ કારણસર શાસ્ત્રીબુવાને ખૂબ જ મહેનત કરવી પડી. તેથી ખૂબ થાકી ગયા હતા. પરિણામે પોતાનો નિત્યનો ક્રમ અધૂરો રાખીને થોડો આરામ કરવા ગયા ત્યાં તો એમને ઊંઘ આવી ગઇ. આ વાત શ્રીદત્ત ભગવાનને ગમી નહીં. એટલે એમના શયનસ્થાને વીંછી મોકલાવ્યો અને એમના હાથમાં કરડાવ્યો. (૪૭-૪૯). શાસ્ત્રીબુવા તરત જ ઝટપટ ઊઠી પડ્યા અને એનું દુ:ખ ન માનીને પોતાનાં ચિત્તને શિખામણ આપતાં કહ્યું કે હે ચિત્ત ! તું સુખથી સૂતું રહે અને જરા પણ કલેશ કરીશ નહીં. દત્ત ભગવાનને છોડીને તું કયાં વિશ્રાંતિ શોધે છે? (૫૦-૫૧).

ઠરવા માટેનું એક માત્ર એવું એ સાત્ત્વિક સ્થળ છોડીને હે હલકટ મન ! તું તામસ નિદ્રાને શું કામ ભેટવા જાય છે? (૫૨).

જે હંમેશાં તારું રક્ષણ કરે છે તેના જ નિયમ છોડીને બીજું જ કરવા જતાં તારે આ ફળ ભોગવવું પડ્યું. (૫૩). એટલે હવે તું આવી ભૂલ ફરીથી કયારેય પણ કરીશ નહીં. આવું બોલીને આખી રાત શ્રીગુરુએ દત્તભજનમાં ગાળી. માટે સહુએ પોતાના નિત્ય નિયમનો કદી પણ ત્યાગ કરવો નહીં. (૫૪-૫૫). નિયમનો ભંગ

કરવાથી ચિત્તમાં પ્રમાદ આવે છે અને પ્રમાદ તેમ જ આળસથી માણસનો વિનાશ થાય છે. (૫૬). એનાથી ઈશ્વર અનુસંધાન તૂટે છે ને આખો ભવ બગડે છે. માટે પ્રમાદ ઉપર કાબુ મેળવીને ભાવપૂર્વક ભગવાન શંકરને ભજવો. (૫૭). ભક્તિપૂર્વક પૂજન-અર્ચન કરવાથી, નિયમપૂર્વક હંમેશાં ધ્યાન ધરવાથી અને હંમેશાં નિયમપૂર્વક શ્રવણ અને મનન કરવાથી શું પામી ન શકાય?② (૫૮). વીંછી કયાંનો અને વળી ડંખ શાનો? આ તો અન્ય લોકોને શિક્ષણ આપવાના હેતુથી શ્રીગુરુ આ બધી લીલા કરતા હતા. (૫૯).

સાવંતવાડીથી એક દિવસ એક સોની શ્રીગુરુનાં દર્શન માટે આવ્યો અને સાક્ષાત્ વંદન કરીને શ્રીગુરુ પાસે વિનયથી બેઠો. એ (સોની હોવા છતાં) વેદોકત કર્મ કરે છે એવું જાણીને એ યોગીશ્રેષ્ઠ બોલ્યા કે તારા હૃદયમાં શ્રદ્ધા સારી છે તો પણ આ કળિયુગમાં વેદોકત કર્મ કરવાનો એકમાત્ર અધિકાર બ્રાહ્મણોને જ છે. (૬૦-૬૨). બ્રાહ્મણ સિવાયની બીજી જાતિના ડાહ્યા માણસે વેદમંત્ર સાથે કદીયે કર્મ કરવાં નહીં. કારણ કે એમાં એનું જરા પણ કલ્યાણ નથી. (૬૩). માટે મારી આજ્ઞા માનીને તું પણ હવે વેદોકત કર્મ કરીશ નહીં. નહીંતર તને ચોક્કસ મોટું પાપ લાગશે અને ખૂબ પસ્તાવું પડશે. માટે જાતે જ મનમાં સમજી જઈને હે ભાઈ ! આ હઠ તું છોડી દે. (૬૪-૬૫).

શ્રીગુરુએ આવું કહ્યું તો પણ સોનીએ જીદ કરીને ગુરુનાં વચન ઉપર ધ્યાન ન આપ્યું અને હઠ કરીને એ પહેલાંની જેમ જ વેદોકત કર્મ કરવા લાગ્યો. કેટલાક દિવસ વીત્યા પછી ત્યાં એક દિવસ શું બન્યું? (૬૬-૬૭). એ સોનીના ઘરમાં ચોરીનો માલ છે એવી શંકા ઉપરથી ત્યાં રાજાના પોલીસો ઓચિંતા આવીને એને બાંધીને, ધમકાવીને પોલીસ ચોકી ઉપર લઈ ગયા. (૬૮-૬૯). ત્યાં એને મનમાં શ્રીગુરુનાં વચનો યાદ આવ્યાં. એટલે હૃદયમાં પશ્ચાત્તાપ કરીને રાજદૂતોને ધનની લાલચ આપીને કહ્યું કે તમે સૌથી પહેલાં મને દત્તમંદિરે શાસ્ત્રીબુવાનાં દર્શને લઈ જાઓ, પછી મને ફાવે ત્યાં તમે ભલે ખેંચી જાઓ. એવું કહીને એ કાલાવાલા કરવા લાગ્યો. એ વાત સાંભળીને રાજાના પોલીસોનાં મનમાં દયા ઊપજી. (૭૦-૭૩). એટલે એને તરત જ માણગાંવમાં લઈ જઈને દત્તમંદિરની પાસે સાચે જ ઊભો રાખ્યો. (૭૪). શાસ્ત્રીબુવાને જોતાં જ એ સોનીની આંખમાં દુ:ખને કારણે ક્ષણવારમાં આંસુ આવી ગયાં. (૭૫). દંડવત્ પ્રણામ કરીને, ગરીબડો થઈને પ્રાર્થના કરવા લાગ્યો કે હે પ્રભુ ! હું અપરાધી છું અને તમારી માફી માગું છું. (૭૬). મારા બધા દોષો ભૂલી જઈને, આ દાસને શરણે લો. આવાં રાંક વચન સૂણીને વાસુદેવ ગુરુવરે કહ્યું કે અરે ! તને સાચો પશ્ચાત્તાપ થયો છે. એટલે તારા પર ભગવાન ચોક્કસ કૃપા કરશે અને તારાં બધાં દુ:ખો દૂર કરશે. (૭૭-૭૮). જા ! તું દત્ત ભગવાનનું નામ સ્મરણ કર. એવાં વચન સાંભળીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને એ રાજદૂતો સાથે ગયો. (૭૯). એ જેવો ચોકી ઉપર આવ્યો તેવો જ ઉપરી અધિકારીએ એને જામીન લઈને તરત જ છોડી દીધો. એટલે ત્યાંથી નીકળીને કોલ્હાપુરમાં આવીને દેવીનાં દર્શન કરીને પછી તરત જ રામ, કૃષ્ણ તથા દત્ત ભગવાનની અલંકાર સાથે ધાતુની મૂર્તિઓ બનાવીને માણગાંવ આવ્યો અને ગુરુના ચરણકમળને ભાવપૂર્વક વંદન કરીને, શાસ્ત્રીબુવા પાસે દેવની બધી મૂર્તિઓ મૂકી અને પ્રાર્થના કરતાં કહ્યું કે આ બધી મૂર્તિઓ હું આપના માટે જ લાવ્યો છું એટલે એમાંથી જે જે મૂર્તિ ઉત્તમ જણાય તે બધી મૂર્તિઓ હે પ્રભુ ! તમે પસંદ કરીને રાખી લો. (૮૦-૮૪).

શ્રીગુરુએ કહ્યું કે મને તો એક પણ મૂર્તિની જરૂર નથી. ત્યાં દત્ત ભગવાને એમના કાનમાં કહ્યું કે આમાંથી તું મારી મૂર્તિ ખરેખર રાખી લે. પ્રવાસ સમયે તને પૂજન માટે કામ લાગશે. એમાં તું મનમાં જરા પણ શંકા કરીશ નહીં. (૮૫-૮૬).

એટલે શ્રીગુરુએ કહ્યું કે હે પ્રભુ ! હે કૃપામૂર્તિ ! હે દાતાર ! આનો અર્થ તો એ થયો કે આપ મને પ્રવાસ કરવાની આજ્ઞા કરો છો. (૮૭). પરંતુ પ્રવાસમાં તો પૂજા માટેના યોગ્ય ઉપચારો-પૂજા દ્રવ્યો-મળશે નહીં એટલે આપની યથાસાંગ પૂજા કેવી રીતે થઇ શકશે? (૮૮).

એવાં વચન સાંભળીને શ્રીદત્ત ભગવાને કહ્યું કે સ્નાન કર્યા પછી તું જેમ તારા શરીરે ભસ્મ લગાડે છે તેમ પ્રવાસમાં હોય ત્યારે હંમેશાં ભાવપૂર્વક મને સ્નાન કરાવીને ભસ્મનું વિલેપન કરજે એટલે હું બધા ઉપચારો થયા છે એમ માની લઇશ. એમાં પૂજા દ્રવ્યની જરૂર નહીં પડે. (૮૯-૯૦).

દત્તપ્રભુનાં એવાં વચન સાંભળીને શ્રીગુરુએ સોની પાસેથી આનંદપૂર્વક દત્તની મૂર્તિ રાખી લીધી. (૯૧). શ્રીગુરુની કૃપાને કારણે સંપૂર્ણપણે નિર્દોષ ઠરીને એ સોની તરત જ સંકટમાંથી છૂટી ગયો. (૯૨). પુરાણોકત પછી પુરાણમાં જણાવેલાં કર્મો કરીને એ સોની સુખી થયો. સાધુજનોની આજ્ઞા માનીને એ પ્રમાણે જીવવાથી સાચે જ મુક્તિ હથેલીમાં આવી મળે છે. આવી અદ્‌ભુત લીલા કરીને શ્રીગુરુ લોકોને શિક્ષણ આપતા હતા. (૯૩-૯૪).

આગળ ઉપર ભરપૂર રસવાળી લીલા છે જેમાં શ્રીગુરુ મૃત્યુ પામેલાને જીવતો કરે છે. જયાં સ્વયં દત્તનો અવતાર હોય ત્યાં હે **રંગ** ! કાળ વળી કોણ? (૯૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'સગુણોપાસના રહસ્ય'** નામનો **એકસો સોળમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૧૬

(૧) મૂર્તિપૂજા એ કનિષ્ઠ પ્રકારની પૂજા છે. માનસપૂજા શ્રેષ્ઠ છે, પરંતુ શરૂઆતમાં મૂર્તિપૂજાનો આધાર લઇ ધીરે ધીરે માનસપૂજા તરફ ગતિ કરવાની છે. મૂર્તિપૂજા કરતી વખતે એ મૂર્તિ નથી પણ જીવતા દેવ છે એવી ભાવના થવી જોઇએ અને પરિણામે જે જે વસ્તુ આપણને ગમે તે તે વસ્તુ દેવને અર્પણ કરવી. આ જગત ભાવનાત્મક

છે એટલે જેવો ભાવ કરીએ તેવા ભગવાન દેખાય. ચિત્તશુદ્ધિ પછીની ઉપાસનામાં આ શક્ય બને છે. પૂજા એ કામ કે વેઠ ન બનવી જોઇએ. પૂજા કરતાં કરતાં આનંદ આવવો જોઇએ અને ભગવાન સાથે એકાત્મભાવ થવો જોઇએ.

(૨) દોહરા ૫૫ થી ૫૭ આપણને ચેતવે છે જ્યારે દોહરો ૫૮મો નિયમપૂર્વક પૂજન-અર્ચન કરવાથી બધું જ મળે છે એમ જણાવે છે.

પોતાનો રોજનો નિયમ પાળવો જોઇએ. નિયમભંગની ટેવ ચિત્તમાં પ્રમાદ લાવે છે અને પ્રમાદ-આળસથી અનુસંધાન તૂટે છે અને વ્યક્તિનું આધ્યાત્મિક માર્ગમાં પતન થાય છે. એક જ સમય, એક જ સ્થળ, એક જ આસન, એક જ માળા, એક જ મંત્રની ટેવ મનને સંસ્કારિત કરે છે, વશમાં લાવે છે. નિયમપૂર્વક પૂજા, અર્ચા, ધ્યાન, શ્રવણ અને મનન કરવાથી વ્યક્તિ આધ્યાત્મિક માર્ગમાં સુંદર પ્રગતિ કરે છે. આને માટે અંતર્મુખ થવું પડે. માન-પ્રતિષ્ઠા વધારનારી બહારની પ્રવૃત્તિ ઘટાડવી પડે. નહીં તો 'લાલ વેચી કરી કાચ લે જ્યમ કપિ' જેવું થાય.

●

અધ્યાય : ૧૧૭

આ અધ્યાયનું નામ **'મૃતપુત્રોજ્જીવન'** છે. આ અધ્યાયમાં **૬૦** દોહરા છે.

નિરંજને વંદન કરીને કહ્યું કે શ્રીગુરુએ મરેલા બાળકને જીવતો કર્યો એ લીલાકથા વિસ્તારપૂર્વક કહો. એટલે અલખે એ લીલાનું વર્ણન કરવું શરૂ કર્યું. (૧-૨).

નરસોબાની વાડીમાં દુર્ગામાસી રહેતાં હતાં. તેનો વિનાયક કોનકર નામે એક ભાઇ હતો અને તે માણગાંવમાં રહેતો હતો. એ શ્રીગુરુના પિતાના મામા થતા હતા. એમને દોઢ વરસનો એક દીકરો હતો. એક દિવસ તે એકાએક માંદો પડ્યો. પુત્રના પિતા બાળકની કુંડળી લઇને શ્રીગુરુ પાસે ગયા તો શ્રીગુરુએ કુંડળી જોઇને કહ્યું કે ચિંતા કરશો નહીં. મૃત્યુની બીક રાખશો નહીં. ભગવાનનું ભજન કરો. શ્રીગુરુએ આવું કહ્યું એટલે વિનાયક આનંદથી ઘરે ગયા. (૩-૧૧).

નસીબજોગે એ બાળક મૃત્યુ પામ્યો. એ બાળકની માતા તથા દાદી તો એક જ હઠ લઇને બેઠાં કે શાસ્ત્રીબુવાએ કહ્યું કે મૃત્યુની બીક નથી તો પછી મરે જ શાનો? એટલે અગ્નિસંસ્કાર માટે શબ આપતાં ન હતાં. (૧૨-૧૬).

એક બ્રાહ્મણ શાસ્ત્રીબુવાને બોલાવી લાવ્યો. એણે દાદીને અને બાળકની માતાને ખૂબ સમજાવ્યા છતાં પણ માન્યાં નહીં. બંનેએ ગુરુના પગમાં આળોટીને કાકલૂદીભરી એક જ વિનંતી કરી કે ગમે તેમ કરીને આ બાળકને જીવતો કરો. શાસ્ત્રીબુવાએ દત્ત ભગવાનને કહ્યું કે આ સંકટ આવી પડ્યું છે તો એમાંથી મને ઉગાર. દત્તપ્રભુને પ્રાર્થના કરીને બાળક તરફ અમીદૃષ્ટિ કરી. તેની સાથે બાળકમાં જીવ આવ્યો. આ જોઇને બધાએ શ્રીગુરુનો જયજયકાર કર્યો અને કહેવા લાગ્યા કે આ દત્તપ્રભુ જ છે અને શ્રીપાદશ્રીવલ્લભ તથા શ્રીમન્નૃસિંહસરસ્વતી સ્વામીના જેવી જ લીલા કરે છે. લોકોનાં ટોળે ટોળાં આવવાં લાગ્યાં. (૧૭-૫૦).

એક દિવસ કેટલાક વિદ્વાનોએ પૂછ્યું કે ઘણી વાર વ્યક્તિ સંતના કહ્યા પ્રમાણે જીવે છે તો પણ તેને તેનું ફળ મળતું નથી. તેનું શું કારણ? શ્રીગુરુએ કહ્યું કે કરેલાં કર્મનું ફળ મોડું કે વહેલું તો મળે જ છે અને એ અંગેનું એક દૃષ્ટાંત કહું એમ કહ્યું. (૫૧-૬૦).

નિરંજન વંદન કરીને બોલ્યો કે શ્રીગુરુએ મૃત્યુ પામેલાં બાળકને જીવતો કર્યો. તો એ સાંભળીને મારું મન એ લીલા સાંભળવા ઉત્સુક થયું છે તો તમે એ લીલા સવિસ્તર કહો. (૧). ચાતક સમાન શિષ્યનો આવો પ્રશ્ન સાંભળીને દયાળુ અલખ મેઘની જેમ ત્યાં રીઝ્યા અને અમૃતની ધારરૂપ વર્ણન કરવા લાગ્યા. (૨).

એ લીલામૃતનું પાન કરવાથી બધો ભવરોગ જરૂરથી ટળી જશે. આ પહેલાં જેની વાત કરી હતી તે નરસોબાવાડીમાં રહેતાં-મીરાં સમાન નિરભિમાની દુર્ગામાસીનો વિનાયક કોનકર નામનો એક ભાઇ માણગાંવમાં

રહેતો હતો. એ શ્રીગુરુના પિતાના મામા થાય. (૩-૫). એમને દોઢ વરસનો એક પુત્ર હતો. તે એક દિવસ એકાએક બીમાર પડ્યો. (૬). એને આ રીતનો બીમાર જોઇને બધાં જ ચિંતામાં ડૂબી ગયાં. એના પિતા વિનાયક એની જન્મકુંડળી લઇને શાસ્ત્રીબુવા પાસે આવ્યા અને ત્યાં આવીને એ કુંડળી બતાવી. જન્મકુંડળી જોઇને શ્રીગુરુએ કહ્યું કે આને મૃત્યુની બીક નથી. (૭-૮).

શ્રીગુરુનાં એ વચનો સાંભળીને એ બ્રાહ્મણ આનંદપૂર્વક પોતાને ઘરે આવ્યો અને બધાંને સઘળી વાત કહી સંભળાવી. (૯). મને યોગીશ્વરે કહ્યું છે કે એને મરવાની જરા પણ ભીતિ નથી. માટે બીજી ચિંતા છોડીને **સુખથી ભગવાનનું** ભજન કરો. (૧૦). એનાં એવાં વચન સાંભળીને ત્યાં બધાંને મનમાં ઘણો જ આનંદ થયો. પરંતુ પ્રારબ્ધવશ શું થયું? (૧૧). કેટલાક દિવસો વીત્યા પછી એ પુત્ર મૃત્યુ પામ્યો.ગામના બ્રાહ્મણો શબના અગ્નિસંસ્કાર માટે આવ્યા. (૧૨). એ પુત્રની મા તથા દાદીમા પ્રેતને બાળવા માટે આપતાં ન હતાં અને આક્રોશ કરીને કહેવા લાગ્યા કે શાસ્ત્રીબુવા કે જે પ્રત્યક્ષ દત્ત છે તેમણે એમ કહ્યું હતું કે આ બાળકને મરવાનો ભય નથી, તો પછી એમનું બોલ્યું ખોટું પડે જ નહીં. માટે **એ ન** કહે ત્યાં સુધી આ પ્રેતને બાળવા માટે આપશું નહિ. ભલે ને એમાં દશ દિવસ પસાર થઇ જાય. (૧૩-૧૫).

એમનો આવો મક્કમ નિશ્ચય સાંભળીને એક બ્રાહ્મણ દોડીને શાસ્ત્રીબુવા પાસે ગયો અને બધી વિગત કહી સંભળાવી અને કહ્યું કે આપ ત્યાં પધારો. આ વાત સાંભળીને તરત આવીને ત્યાં શ્રીગુરુએ સ્ત્રીઓને કહ્યું કે એને મરી ગયાને ઘણો સમય પસાર થઇ ગયો. એટલે હવે એ પ્રેતને અગ્નિસંસ્કાર માટે લઇ જવા દો. એની પાસે બેસીને એક વરસ સુધી રડ્યા કરશો તો પણ એ પાછો જીવતો થવાનો નથી. એ મારી વાત તમે માનો. (૧૬-૧૯). તમને રડતાં જોવા છતાં એ સહેજ પણ રડતો નથી તો પછી આવું નકામું દુ:ખ શું કામ કરો છો? આ સઘળું જીવન જ સાર વિનાનું છે. (૨૦). આ તો પરાપૂર્વથી ચાલતું આવ્યું છે. પ્રાણીમાત્ર ઋણાનુબંધે જગતમાં જન્મે છે અને એ ઋણ પૂરું થતાં જ બધાંને છોડીને જતો રહે છે. તમે તમારી સગી આંખે આવું જુઓ છો, છતાં પણ વ્યર્થ સ્નેહ કરીને મોહમાં નકામાં કેમ પડી રહો છો? (૨૧-૨૨).

વળી નવાઇ પમાય એવી બીજી વાત એ છે કે અહીં હજારો લોકોને માણસ પોતાની આંખે મરતાં જુએ છે છતાં પોતે અમર થઇ જવાનું ઇચ્છે છે. (૨૩). આના જેવું અહીં બીજું કયું અજ્ઞાન છે તે કહો. જગતમાં આ રીતે જે જે વસ્તુ ઉત્પન્ન થાય છે તેનો કોઇને કોઇ દિવસ ચોક્કસ નાશ થાય જ છે. આ માયામય સમગ્ર જગત ક્ષણભંગુર છે અને નીરસ છે. (૨૪-૨૫). આ સત્ય જાણવા છતાં પણ નકામો શોક શું કામ કરે છો? આ બધા રાહ જોઇ રહ્યા છે તો બાળવા માટે મડદું આપી દો. (૨૬).

શાસ્ત્રીબુવાની આવી વિવેકભરેલી વાતો સાંભળીને પુત્રની દાદીમાએ બે હાથ જોડીને નમન કરતાં કહ્યું કે આપનું કહેલું વાકય કદી ખોટું પડે જ નહીં. તમે ખરેખર સાક્ષાત્ દત્ત ભગવાનના અવતાર છો એ વાતની મારા મનમાં કોઇ શંકા નથી. (૨૭-૨૮). આપે આ પહેલાનાં અવતારમાં ચોરોએ જ્યારે બ્રાહ્મણનો વધ કર્યો હતો ત્યારે તરત જ ત્યાં દોડી જઇને એને જલદીથી જીવતો કર્યો હતો. (૨૯). સતીના મરણ પામેલા પતિને વળી જેમ ઉઠાડ્યો હતો અને બ્રાહ્મણના મૃત્યુના પંથે પરવરેલા પુત્રને કરુણા કરીને જીવાડ્યો હતો અને તમારું વચન પાળ્યું હતું તેમ

આ વખતે પણ આપનો બોલ સાચો ઠેરવો. (૩૦-૩૧). હે કૃપાસાગર ગુરુદેવ ! આ દાસીની વિનંતીને તરત માન્ય કરીને આ મરેલા પુત્રને જીવતો કરો. (૩૨). આપના વિના અહીં બીજું કોઇ સમર્થ નથી. હે ભકતવત્સલ ! આપ જે બોલ્યા હતા તે વચન સત્ય કરો. (૩૩).

શ્રીગુરુએ કહ્યું કે હે મામી ! જયોતિષશાસ્ત્રના આધારે તે વખતે મેં કહ્યું હતું કે આ બાળકને મરણની બીક નથી. આવું કહેવા છતાં પણ જો એ પુત્ર મૃત્યુ પામ્યો જ છે તો અગ્નિસંસ્કાર માટે આ પ્રેતને હવે લઇ જવા દો. (૩૪-૩૫).

આમ અનેક રીતે શ્રીગુરુએ ત્યાં ઉપદેશ કર્યો તો પણ એ બંને જણીએ પોતાનો મક્કમ નિર્ણય બદલ્યો નહીં. (૩૬). શ્રીગુરુના ચરણમાં આળોટીને કહેવા લાગ્યાં કે હે દયાળુ વાસુદેવ ! આ બાળકને જીવાડીને તમારું એ વચન સત્ય કરો. (૩૭).

એવાં કરુણાજનક વચન સાંભળીને શ્રીગુરુ મનમાં વિચારીને બોલ્યા કે હે દત્ત પ્રભુ ! આ ભયંકર સંકટ આવી પડ્યું છે તો તું એમાંથી બચાવ. (૩૮). દત્ત ભગવાનને એવી પ્રાર્થના કરીને બાળક તરફ અમૃતભરી દૃષ્ટિથી જોયું અને જોતાંની વારમાં જ એ પ્રેતમાં ફરી પાછો પ્રાણ આવ્યો અને શ્વાસોચ્છવાસ શરૂ થયો. આમ પ્રભુએ ટેક રાખી. (૩૯-૪૦). બાળક પણ સાવધાન થઇને ક્ષણવારમાં માતાનું સ્તનપાન કરવા લાગ્યો. આ અદ્‌ભુત દૃશ્ય જોઇને બધા આશ્ચર્યચકિત થઇ ગયા. (૪૧).

બધા આશ્ચર્યચકિત થઇને આનંદપૂર્વક શ્રીગુરુનો જયજયકાર કરીને પ્રેમભાવથી એમને વારંવાર વંદન કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે ભકતોને માટે આ પૃથ્વી પર સ્વયં દત્ત ભગવાને જ અવતાર ધારણ કર્યો છે. એ સામાન્ય માણસના જેવા દેખાય છે એટલું જ. (૪૨-૪૩). પૂર્વાવતારમાં શ્રીપાદશ્રીવલ્લભ અને શ્રીનૃસિંહસરસ્વતીના જેવા જ એમના ચમત્કારો પણ ખરેખર અદ્‌ભુત છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. આ ખરેખર દત્તનો જ અવતાર છે એવી અંદરોઅંદર આનંદપૂર્વક વાતો કરતા કરતા શ્રીગુરુનાં ચરણકમળને ભાવથી વંદન કરીને તેઓ બધા પોતપોતાના ઘરે ગયા. (૪૪-૪૬).

એ વિનાયક ભટ્ટનો પુત્ર શાન્તારામ આગળ જતાં ખૂબ ધાર્મિક થયો અને ગુરુની કૃપાથી ખરેખર ખૂબ પ્રસિદ્ધિ પામ્યો. શ્રીગુરુના આવા તો અપાર ચમત્કારો હતા એનું વર્ણન કોણ કરી શકે એમ છે? (૪૭-૪૮).

લોકોનાં ટોળેટોળાં આવવા લાગ્યાં અને અનેક જાતના પ્રશ્નો પૂછવા લાગ્યાં. શ્રીગુરુ પણ બધાના પ્રશ્નોનું સમાધાન કરતા હતા. (૪૯).

એક દિવસ ત્યાં મોટા મોટા વિદ્વાનો ભેગા થઇને બે હાથ જોડીને પૂછવા લાગ્યા કે હે પ્રભુ ! એક મોટી શંકા ઊભી થાય છે. (૫૦). કેટલાક લોકો ભાવપૂર્વક સંતના શરણે જઇને તન, મન અને ધનથી તેમની સેવા કરે છે. એટલું જ નહીં પણ સંતોના ઉપદેશાનુસાર જીવન જીવે છે અને વિધિ પ્રમાણે કર્મ અને ઉપાસના બધું કરે છે. તેમ છતાં તેમને શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણેનું ફળ મળતું નથી. આવો તો અનેકનો અનુભવ છે. હે પ્રભુ ! આવું બનવાનું કારણ શું? (૫૧-૫૩). હે યોગીશ્વર ! આપ બધું જ જાણો છે તેથી આપ કૃપા કરીને અમને એનું કારણ કહો અને અમારી શંકા દૂર કરો. (૫૪).

એ સાંભળીને યોગીશ્રેષ્ઠ બોલ્યા કે જે કોઇ સ્ત્રી કે પુરુષ ગુરુના કહ્યા પ્રમાણે પ્રેમથી અને વિધિસર કર્મો કરે છે તેને શાસ્ત્રમાં જણાવેલું ફળ અહીં જરૂરથી મળે જ છે. એમાં કોઇ જાતની શંકા કરવી નહીં. હા ! એવું બને કે કદાચ કોઇને પૂર્વજન્મના કર્મરૂપ પ્રારબ્ધ આડે આવે તો જ આ જન્મે ફળ મળવામાં થોડી વધુ વાર લાગે અને બીજા જન્મે કર્મ કર્યા વગર એને ત્યાં ફળ મળે છે. પણ ટૂંકમાં કરેલું કર્મ કોઇ પણ સંજોગોમાં નકામું જતું નથી.① (૫૫-૫૮).

તમારી શંકા મૂળમાંથી નાબૂદ થઇ જાય એવું તમને એક દૃષ્ટાંત કહું. એમ કહીને શ્રીગુરુએ જે દૃષ્ટાંત કહ્યું તેનું વર્ણન હવે પછી આગળના અધ્યાયમાં થશે. (૫૯). શ્રીગુરુની વાણીનું એ અમૃત ભવના ભયને હરનાર જાણ. જે સદ્‌ભાગી છે તે આ અમૃત (**રંગ**) પીએ છે અને જે અભાગી છે તે રડે છે. (૬૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે '**મૃતપુત્રોજીવન**' નામનો **એકસો સત્તરમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૧૭

(૧) જીવનને સાચે રસ્તે દોરી જવામાં આ કર્મનો સિદ્ધાંત મદદરૂપ બને છે. કર્મ કરવાનો તારો અધિકાર છે. તું કર્મ કર્યા વગર રહી શકવાનો નથી, માટે કર્મ તો કરવું જ પડશે. સારાં કર્મો પુણ્યદાયી છે અને ખરાબ કર્મો પાપદાયી છે. સારાં કર્મોથી સ્વર્ગ મળે છે અને ખરાબ કર્મોથી નરક મળે છે. પરંતુ આ બંને પ્રકારનાં કર્મો બંધનકર્તા છે માટે તું નિષ્કામ ભાવથી કર્મ કર.

ફળની અપેક્ષા વગર કરેલું કર્મ પણ ફળ તો આપે જ છે. પણ એ ફળથી કર્મ કરનારને સુખ કે દુ:ખની લાગણી થતી નથી.

●

અધ્યાય : ૧૧૮

આ અધ્યાયનું નામ **'સોહિરોબાવૃત્તકથન'** છે. આ અધ્યાયમાં ૮૨ દોહરા છે.

શ્રીગુરુએ દૃષ્ટાંત કહેવા માંડ્યું. સોહિરોબા આંબે કરીને એક અતિવિદ્વાન બ્રાહ્મણશ્રેષ્ઠ હતા. સાવંતવાડી પાસેના બાંદે નામના ગામમાં રહેતા હતા. રાજમાં મહેસૂલની વસૂલાતની નોકરી કરતા હતા. પૂર્વજન્મના સંસ્કારને કારણે સત્ત્વગુણી હતા. લોકોને એના પર ઘણો પ્રેમ હતો. (૧-૪).

એક વાર વસૂલાતનું કામ પતાવી, વસૂલાતની આવેલી રકમનું ભરણું એમણે ચિઠ્ઠી સાથે હરિજનોને આપ્યું. રસ્તામાં ચોરોએ એમને લૂંટી લીધા એટલે એમણે કચેરીમાં કારકુનને ચિઠ્ઠી આપી અને કહ્યું કે અમને તો ફકત આટલી ચિઠ્ઠી જ આપી છે. એ સિવાય બીજું કશું જ આપ્યું નથી. એટલે પોલીસોને મોકલીને સોહિરોબાને કચેરીમાં બોલાવી દ્રવ્યનું પૂછ્યું. એણે કહ્યું કે મેં તો ચિઠ્ઠી સાથે દ્રવ્ય મોકલ્યું હતું પરંતુ એ હરિજનોએ પછી એનું શું કર્યું તેની મને ખબર નથી. સોહિરોબા જૂઠું બોલે છે એમ માનીને એને કેદમાં નાંખી દીધો અને રાજદૂતો એને ડરાવતા હતા. (૫-૨૧).

સોહિરોબાએ વિચાર્યું કે આ રીતે દુ:ખી થવું એના કરતાં ઘરબાર વેચીને પૈસા ભરી દઉં અને પછી ભગવાનનું ભજન કરું. એની વાત સાંભળી અધિકારીએ એની પાસે કરારનામું લખાવી લીધું અને પછી જામીન ઉપર છોડ્યો. (૨૨-૩૨). જ્યારે મિત્રોએ વાત જાણી ત્યારે એ લોકોએ સોહિરોબાને કહ્યું કે તું રાજાને મળ. રાજા ભલો છે અને અમે ભલામણપત્ર લાવી આપીએ છીએ. રાજાને ખાલી હાથે ન મળાય એવું શાસ્ત્રવચન યાદ કરીને, બજારમાંથી ફળો લાવી સાવંતવાડી જવા નીકળ્યા. (૩૩-૪૦).

રસ્તે ચાલતાં ચાલતાં તાપને કારણે થાક લાગ્યો એટલે પોતાના પ્રારબ્ધનો વિચાર કરતાં ઝાડ નીચે આરામ કરવા બેઠા. પશ્ચાતાપને લીધે આંખમાં આંસુ આવ્યાં. ત્યાં એક દિગંબર વ્યક્તિએ આવીને ખાવાનું માગ્યું. સોહિરોબાએ ફળો આપ્યાં. ફળ ખાઇને પીવા માટે પાણી માગ્યું. સોહિરોબાએ સ્વચ્છ પાણી લાવી આપ્યું. પાણી પીધા પછી સોહિરોબાનું માથું જોરથી હલાવીને પૂછ્યું કે કયાં સુધી આવી ઉપાધિમાં રહેવું છે? એમ કહીને અદૃશ્ય થઇ ગયા. નોકરી છોડીને સોહિરોબા વિરકત થઇ ગયા. આજે પણ એમણે લખેલા અભંગો લોકો પ્રેમથી વાંચે છે. આ વાતનો સારાંશ એટલો જ કે ઇશ્વરની પ્રાપ્તિ માટે કરેલી મહેનત કયારેય પણ નકામી જતી નથી. માટે બધાએ ઇશ્વરપ્રાપ્તિના પ્રયત્નો હંમેશાં કરવા જ જોઇએ. શ્રીગુરુની વાતથી બધાને સંતોષ થયો. (૪૧-૬૫).

માણગાંવમાં દત્તમંદિરને સાત વર્ષ પૂરાં થતાં દત્ત ભગવાને વાસુદેવને યાત્રાર્થે નીકળવાની આજ્ઞા કરી. મંદિરની વ્યવસ્થા નારાયણ ઉકિડવેને સોંપીને અને દત્ત ભગવાનની મૂર્તિને સાથે લઇને શાસ્ત્રીબુવા યાત્રા માટે માતાની આજ્ઞા લેવા આવ્યા. (૬૬-૮૨).

અધ્યાય : ૧૧૮

શ્રીગુરુ બોલ્યા કે તમે બધા હું કહું તે સાંભળો. થોડાં વર્ષો ઉપર સાવંતવાડી પાસેના બાંદે નામના એક ગામમાં સોહિરોબા આંબે નામના સરસ્વતીના ઉપાસક એવા બ્રાહ્મણશ્રેષ્ઠ રહેતા હતા. (૧-૨). રાજ્યમાં એ મહેસૂલ વસૂલાતની નોકરી કરતા હતા. પૂર્વજન્મના સંસ્કારથી એ સત્ત્વગુણી હતા. (૩). પૂર્વ સંસ્કારના બળે એમનામાં ઘણા સદ્‌ગુણો હતા અને એમના પર લોકોનો પ્રેમ પણ ઠીક ઠીક હતો. (૪).

એક વખત વસુલાતનું કામ પૂરું કરીને એ ભરણું રાજાની તિજોરીમાં ભરી દેવા માટે એણે એ ભરણું અને ભરણાંની ચિઠ્ઠી તરત હરિજનોને આપ્યાં. એ હરિજનોને રસ્તામાં બદમાશ ચોરો મળ્યા. (૫-૬). એમના પર એકદમ હુમલો કરીને કપટપૂર્વક દ્રવ્ય હરી લઈને એ ભામટા દગો દઈને નાસી છૂટ્યા. (૭). એમની પાસે ચિઠ્ઠી રહી ગઇ હતી તે લઈને હરિજનો કચેરીમાં આવ્યા અને એ ચિઠ્ઠી કારકુનને આપી. (૮). ચિઠ્ઠી વાંચીને કારકુને પૂછ્યું કે પૈસા ક્યાં છે? લાવો ! એ આપો એટલે જમા કરી લઉં. એટલે એ હરિજનો બોલ્યા કે પૈસાની અમને કાંઇ ખબર નથી. અમને તો આ કાગળ જ આપ્યો હતો. અમને તો જે આપ્યું હતું તે બસ ! આ કાગળ જ છે. તે તમે સંભાળી લો.(૯-૧૦).

સાહેબ ! અમને પૈસા-બૈસા કાંઇ આપ્યા નથી. સાચી વાત કહીશું તો કોઇ માનશે નહીં એમ વિચારીને હરિજન લોકોએ આવું જૂઠું ઠોકી દીધું. આ સાંભળીને કારભારીની પાસે જઈને કારકુને વિગતે બધી વાત કરી. એટલે કારભારીએ કહ્યું કે એને અહીં બોલાવો. (૧૧-૧૩). સોહિરોબા પાસે પોલીસ મોકલીને એને તરત જ ખાસ કચેરીમાં પકડી મંગાવ્યા. (૧૪). પછી કારભારીએ એમને પૂછ્યું કે પૈસા ક્યાં છે? આ બધું શું માંડ્યું છે? જે કાંઇ સાચું હોય તે જલદીથી કહી દે. (૧૫).

ત્યારે સોહિરોબાએ કહ્યું કે વસૂલાતનું બધું રાજદ્રવ્ય મેં મારા હાથે આ હરિજનોને આપ્યું હતું અને ભગવાન શંકર એનો સાક્ષી છે. (૧૬). ત્યાર પછી શું બન્યું તે હું જાણતો નથી. કારભારીએ મનમાં વિચાર્યું કે આ સીધેસીધું માને એમ લાગતું નથી. (૧૭). એવું વિચારીને એણે તરત જ કોટવાળને બોલાવીને સોહિરોબાને એમના હવાલે કરી દીધા. (૧૮). કોટવાળે પોતાના હાથ નીચેના સિપાઇને સોંપી દઈને કહ્યું કે એને તરત કેદમાં નાંખી દો. (૧૯). એને અંધારી ઓરડીમાં પૂરી દઈને જુઓ કે એ માને છે કે નહીં. માને તો તેમ, નહીં તો પછી ત્યાં ભલે કોહવાયા કરતો. (૨૦).

આ સાંભળીને એને ડરાવતાં ડરાવતાં સિપાઇઓ એને કોટડીમાં પૂરવા લઇ જતા હતા ત્યારે સોહિરોબાએ મનમાં વિચાર્યું કે અરે ! આવા હલકટ માણસોના હાથનો જુલમ સહન કરવા કરતાં તો મરી જવું સારું. (૨૧-૨૨). એટલે ભલે, મારાં ઘરબાર વેચી દઈને આ રાજાનું દ્રવ્ય ભરી દઉં. એ જ ઉત્તમ ઉપાય છે. કારણ કે અધિકારીઓમાં સહેજ પણ વિવેકવિચાર હોત તો મારા પર કદી પણ ખોટી શંકા કરત નહીં. હશે, દેવને જે ગમ્યું તે ખરું. નસીબમાં જે લખ્યું હોય તે પ્રમાણે જરૂરથી બને જ છે. એની ચિંતા કરવી નકામી છે. (૨૩-૨૫).

ગમે તેમ કરીને રાજ્યનું દ્રવ્ય ભરપાઇ કરી દઉં અને પછી નોકરી છોડીને ઇશ્વરનું પ્રેમથી ભજન કરું. (૨૬). આવું વિચારીને એણે ત્યારે તે સિપાઇઓને કહ્યું કે તમે મને આ કોટડીમાં ગોંધીને નકામો શું કામ ત્રાસ આપો છો? (૨૭). જો તમને એમ જ લાગતું હોય કે હું જ ચોર છું તો તમે મને છોડી દો એટલે હું બધું રાજ્યદ્રવ્ય ભરપાઇ કરી દઉં. (૨૮). એનાં આવાં વચન સાંભળીને સિપાઇઓ એને તરત જ કારભારી પાસે ખાસ લઇ ગયા. (૨૯). અધિકારીએ ત્યાં એની બધી વાત સાંભળીને પછી એમના હાથે એમની પાસેથી એવું કરારનામું લખાવી લીધું કે હું એ બધું દ્રવ્ય અમુક દિવસ સુધીમાં કચેરીમાં આવીને ચોક્કસ ભરી જઇશ અને આ અંગે જામીન પણ આપું છું. (૩૦-૩૧). આમ જામીન આપીને સોહિરોબા છૂટીને પોતાના ઘરે ચિંતા કરતા કરતા આવી પહોંચ્યા. (૩૨).

એમના મિત્રોએ જ્યારે આ વાત જાણી ત્યારે એમણે એને મળીને કહ્યું કે તું આવા જૂઠા આરોપ માટે શું કામ નાહકનાં ઘરબાર વેચીને રાજ્યદ્રવ્ય ભરપાઇ કરે છે? અમે તને એક યુક્તિ બતાવીએ તેમ તું કર. તું જઇને રાજાને રુબરુ મળ. (૩૩-૩૪). રાજાને સાચી વાત કહેશે એટલે તારા ઉપરનું સંકટ દૂર થશે. જો ! આ રાજા અધિકારીઓના જેવો મૂરખ નથી એ તું નિશ્ચિતરૂપથી જાણી લે. (૩૫). અમે તને રાજાના એક મિત્રનો ભલામણ પત્ર પણ લાવી આપીશું એટલે રાજા તરત જ મુલાકાત આપશે. (૩૬). સોહિરોબાના મિત્રો આવું કહીને રાજા ઉપરનો ભલામણ પત્ર લેવા માટે તેમના સ્નેહીના ઘરે ગયા. (૩૭). એ ભલામણ પત્ર લાવીને એને તરત જ આપ્યો. એ પત્ર લઇને સોહિરોબાએ રાજાને મળવા જવાનું નક્કી કર્યું ત્યાં જ એમને શાસ્ત્રવચન યાદ આવ્યું કે રાજા પાસે કોઇ દિવસ ખાલી હાથે ન જવાય.① (૩૮-૩૯).

આમ યાદ આવતાં બજારમાંથી સુંદર ફળો લાવીને તરત જ સાવંતવાડીના રસ્તે ચાલવા માંડ્યું. (૪૦). રસ્તે તાપમાં ચાલતાં ચાલતાં અતિશય થાકી ગયા. એટલે વિચાર્યું કે ઝાડના છાંયાની નીચે બેસીને થોડો આરામ કરું. આમ વિચારીને ઝરણા પાસેના ઝાડના છાંયડામાં બેસીને આરામ કરવા બેઠા અને ત્યાં એકાંતમાં પોતાના પ્રારબ્ધનો વિચાર કરવા લાગ્યા. એ અંગે અંતરથી પશ્ચાત્તાપ થતાં આંખમાંથી ચાર આંસુ પડી ગયાં. (૪૧-૪૩). બસ ! ત્યાં તો એકદમ જ એક દિગંબર મૂર્તિ પ્રગટ થઇ અને બોલી કે હે બચ્ચા ! જો ! મને ખૂબ જ ભૂખ લાગી છે. તો જો તારી પાસે કાંઇ ખાવાનું હોય તો તું મને તરત ને તરત આપી દે. એ સાધુનાં વચન સાંભળતાંની સાથે તરત જ એણે રાજાને માટે જે ફળો લીધાં હતાં તે બધાં ફળો પ્રેમથી એમની પાસે મૂકી દીધાં. એ ફળો ખાઇને સંતુષ્ટ થઇને એ યોગીશ્રેષ્ઠ બોલ્યા કે બચ્ચા ! મને ખૂબ જ તરસ લાગી છે. તો મને પીવા માટે પાણી લાવી આપ. તરત જ સોહિરોબાએ વસ્ત્રથી ગાળીને સરસ મઝાનું ઠંડું પાણી લાવીને એમની પાસે મૂક્યું. જલપાન કરીને હૃદયથી સંતોષ પામીને એ દિગંબરે પ્રેમથી કહ્યું કે અરે હે બાળક ! આવી ઉપાધિમાં તું ક્યાં સુધી રહેવા ઇચ્છે છે? એમ કહીને સોહિરોબાનું માથું ત્યાં હાથથી પકડીને નાળિયેરની માફક એને ખૂબ જોરથી હલાવ્યું અને પછી તે જ ક્ષણે અદૃશ્ય થઇ ગયા અને સોહિરોબા પણ ત્યાં સ્વસ્વરૂપમાં લીન થઇને સમાધિસ્થ થઇ ગયા. (૪૪-૫૨). દેહભાન રહ્યું નહીં અને તંદ્રાવસ્થામાં જઇ રહ્યા. ત્રીજે દિવસે જ્યારે સમાધિ ઊતરી ત્યારે એણે આજુબાજુ જોયું તો એ મૂર્તિ પાસે નજરે

પડી નહીં. મનમાં દુ:ખી થઇને સોહિરોબા કહેવા લાગ્યા કે હે દયાસિંધુ ગુરુનાથ ! હે દયાળુ ગેબીનાથ ! મને આમ છોડીને આપ ખરેખર કયાં અંતર્ધાન થઇ ગયા? (૫૩-૫૫). મારા પૂર્વજન્મના હે સદ્‌ગુરુ યતિરાય! મને આ આનંદસાગરમાં ડુબાડી દઇને, મને એકલો મૂકીને તમે કયાં જતા રહ્યા? હવે હે નાથ ! મને તમે કયાં મળશો? આવું કહીને ગદ્‌ગદ્‌ કંઠે એ મહાપુરુષ રડવા લાગ્યા. (૫૬-૫૭).

તરત જ નોકરી છોડી દઇને એમણે વૈરાગ્ય લઇ લીધો અને પછી એ સોહિરોબા મહાન સંત તરીકે પ્રસિદ્ધ થયા. (૫૮). આજે પણ લોકો એમના પોતાના અનુભવના અમૃતથી ભરેલા અભંગો વાંચે છે, જે સાંભળવાથી શોક નાશ પામે છે. (૫૯). હે વિદ્વાનો ! આ વાતનો સાર એટલો જ છે કે કરેલાં કર્મો નિષ્ફળ જતાં નથી અને તેનું યોગ્ય સમયે નિશ્ચિતરૂપથી ચોક્કસ ફળ મળે જ છે. (૬૦). જીવતે જીવ મુક્તિ માટેનો વિવેક એ જ એનો યોગ્ય પુરાવો છે. ઇશ્વરને મેળવવા માટે કરેલી મહેનત કયારેય પણ નકામી જતી નથી. (૬૧).

જેમ લોકો પૈસા મેળવવા માટે અનેક જાતના પ્રયત્નો કરે છે તેમ એ જો કદાચ ઇશ્વર મેળવવા માટે પ્રયત્નો કરે તો કેમ તરી ન જાય? (૬૨). પૈસા મેળવવા માટે કરેલા પ્રયત્નો તો કદાચ નિષ્ફળ પણ જાય અને મૂળ મૂડી ગુમાવીને ઊલટાની ગરીબાઇ પણ આવી જાય. (૬૩). ઇશ્વરને મેળવવાના પ્રયત્નોમાં તો કોઇ દિવસ નુકસાન થવાની વાત જ નથી. માટે સ્ત્રી-પુરુષે હંમેશાં ઇશ્વર પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવાનો જ. (૬૪). શ્રીગુરુનાં આવાં વચનો સાંભળીને બધાને શંકાનું સમાધાન થયું અને સંતોષ થયો. શ્રીગુરુ આવી લીલાઓ કરીને સમય પસાર કરી રહ્યા હતા. (૬૫).

આવી રીતે લીલામાં સાત વરસ પૂરાં થતાં ત્યાં શ્રીમદ્‌ દત્તાત્રેય ભગવાને વાસુદેવને કહ્યું કે તમે હવે યાત્રાના નિમિત્તે નીકળીને બધે ફરો અને જે કોઇ શરણે આવે તેને સાચો અને સારો ઉપદેશ આપીને, બધાને સાચા રસ્તે ચઢાવીને એમને અહીં બંધનમાંથી મુકત કરો. જેથી મારાપણાનો ભાવ કયાંય પણ રહે નહીં. (૬૬-૬૮). મારા અદ્વૈતરૂપનો તમને અનુભવ થશે અને જીવન્મુકત બનીને અંતે તમને સુખેથી વિદેહમુક્તિની પ્રાપ્તિ થશે. આમ આ બાહ્ય પ્રપંચ છોડ્યા વગર માણસ કદી પણ પૂર્ણપણે નિષ્કામ થઇ શકતો નથી. (૬૯-૭૦). માટે યાત્રાનું બહાનું કરીને, બધા પ્રપંચો છોડી દો અને અનિકેત બનીને અને ચિત્ત પર સંયમ રાખીને દેશમાં બધે ફરો. (૭૧). શ્રીદત્તપ્રભુએ એવી આજ્ઞા કરી કે આ મંદિરની પૂજન તથા નૈવેદ્ય વગેરેની વ્યવસ્થા કરીને, એ બધું કોઇને સોંપીને મારી આ મૂર્તિ સાથે લઇને તરત જ નરસોબાની વાડીમાં જાઓ. (૭૨-૭૩).

દત્તપ્રભુને તરત જ વંદન કરીને વાસુદેવે મનથી નક્કી કર્યું કે ચોક્કસ આમ કરીશ જ અને પછી વિચારવા લાગ્યા કે દેવની પૂજા વગેરેની જવાબદારી કોઇ યોગ્ય ભકતને ચોક્કસપણે સોંપી દઉં. ત્યાં તો સાવંતવાડીના રહેવાસી એવા નારાયણ ઉકિડવે નામના ભાવિક સદ્‌ગૃહસ્થે પગે લાગીને કહ્યું કે આજ સુધી આપે કોઇને પણ તમારા મોઢે કોઇ કાર્ય કરવાનું કહ્યું નથી. માટે આ પ્રસંગે પૈસા વિશેની કોઇ પણ વાત કોઇને પણ કરવાથી એ દુર્જન અને હલકટ માણસો તક મળશે ત્યારે ચોક્કસ નિંદા કરશે. એટલે આપની કૃપાથી એ બધું આવી મળશે. (૭૪-૭૯).

ઉકિડવેનાં વચન સાંભળીને શ્રીગુરુરાયે કહ્યું કે હવે તમે જાણો અને દેવ જાણે. હવે તમે અને દેવ આ બધું અહીં સંભાળી લેજો. (૮૦). આ રીતે મંદિરની વ્યવસ્થા કરીને તીર્થયાત્રાએ જવા માટે માતાની રજા લેવા આવ્યા. એ રસમય અનુસંધાન હે શિષ્ય ! હવે આગળ ઉપર થશે. આમ અલખમુનિએ કહ્યું. શ્રદ્ધા અને ભક્તિથી જે કોઇ સાંભળશે તે આ સંસાર (**રંગ**) કેમ તરી નહીં જાય? (તરી જશે જ). (૮૧-૮૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'સોહિરોબાવૃત્તકથન'** નામનો **એકસો અઢારમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૧૮

(૧) રાજા પાસે, દેવ પાસે, ગુરુ પાસે, જ્યોતિષી પાસે, વૈદ્ય પાસે અને મિત્ર પાસે ખાલી હાથે જવું નહીં. એની પાસે ફળ લઇને જવાથી ફળ મળે છે. જ્યાં નાનાં બાળકો હોય ત્યાં પણ ખાલી હાથે જવું નહીં. **પ્રેમ વગર આપી શકાય પણ આપ્યા વગર પ્રેમ વ્યકત ના કરી શકાય** એ વિધાન હંમેશાં યાદ રાખવા જેવું છે.

'આપ્યું તેં તારાને આપી રાચું મન મોઝાર' એ પંક્તિ ગાવામાં સહેલી છે, આચરણમાં ઉતારવી એટલી સહેલી નથી. પરંતુ જે આપી શકે તે જ પ્રભુને પામી શકે.

●

અધ્યાય : ૧૧૯

આ અધ્યાયનું નામ **'તીર્થયાત્રાપ્રયાણ'** છે. આ અધ્યાયમાં **૧૦૫** દોહરા છે.

અલખે કહ્યું કે જ્યાં માતુશ્રીને પગે લાગીને તીર્થયાત્રાએ જવા માટે રજા માંગી ત્યાં જ રમામાતા મૂર્છિત થઇને ધરતી પર ઢળી પડ્યાં. શ્રીગુરુએ એમને સાવધ કરીને શોક ન કરવા જણાવ્યું. માતા બોલ્યાં કે તું મને શોકાગ્નિમાં ધકેલીને જતો ના રહીશ. જે રીતે આજ સુધી આનંદ કરાવ્યો છે તે જ રીતે આમ આનંદ થયા કરે એવું કર. તારા વિનાનું જીવવું વ્યર્થ છે. (૧-૧૧).

માતાનાં આવાં શોકાર્ત વચનો સાંભળીને શ્રીગુરુએ એમને મોહ દૂર થાય અને જ્ઞાન થાય એવો ઉપદેશ કર્યો. માતાએ સાધનામાં આવતા વિઘ્નોના ઉપાયો પૂછતાં શાસ્ત્રીબુવાએ એ અંગે બધી સ્પષ્ટતા કરી. (૧૨-૨૭). માતાની રજા લઇને પત્ની પાસે આવ્યા એટલે અન્નપૂર્ણાએ સાથે આવવાનો પોતાનો મક્કમ નિર્ણય જણાવી દીધો. પત્નીને લઇને અને બંને ભાઇઓને માતાની સંભાળ રાખવાની જવાબદારી સોંપીને પછી દત્તમંદિરે આવીને ભગવાનની પ્રાર્થના કરી. પ્રાર્થના બાદ અંગૂઠા જેવડી દત્તપ્રભુની મૂર્તિ, પોતે સ્થાપેલી દત્ત ભગવાનની મૂર્તિ સાથે લીધાં અને દત્તપાદુકા પણ સાથે લઇને માતુશ્રીને વંદન કરી શાસ્ત્રીબુવા વાડીએ જવા નીકળ્યા ત્યારનું વાતાવરણ ભગવાન કૃષ્ણ ગોકુળ છોડીને મથુરા ગયા ત્યારના વાતાવરણ જેવું ગમગીન હતું. (૨૮-૪૪).

આખું ગામ શોકમગ્ન અને હૃદયભગ્ન હતું. ગામ આખું એમને મૂકવા માટે પાછળ પાછળ આવ્યું ત્યારે બધાને પાછા વળીને શ્રીદત્તનું ભજન કરવાનો ઉપદેશ કર્યો અને સંસારનો ઘટનાક્રમ સમજાવ્યો. માતાને દુ:ખનો ડૂમો ભરાઇ આવતાં ફરી સમજાવી શ્રીગુરુ ત્યાંથી નીકળ્યા. (૪૫-૬૭). વાડીએ જતાં સાવંતવાડીમાં મુકામ કર્યો ત્યારે લોકોની ઘેલછા જોઇને પરિચિત સ્થાને ન જવાનું અથવા કોઇ ન જાણે તેમ જવાનું વિચાર્યું. એમની સાથેના દત્તના ગણોએ એક ગાડીવાળાનું ગાડું ઊંધું વાળ્યું તેથી દત્તગણોને વાડીમાં દત્ત ભગવાનને સોંપી દેવાનું વિચાર્યું. (૬૮-૮૭).

વાડીમાં આવીને માસીબાને અન્નપૂર્ણા માતા સોંપીને શ્રીગુરુ મૌની સ્વામી અને ગોવિંદસ્વામી સાથે રહ્યા. વાડીમાં એક વરસ રહ્યા તે દરમ્યાન સતી અન્નપૂર્ણાએ એક પુત્રને જન્મ આપ્યો. પરંતુ થોડા સમયમાં મૃત્યુ પામ્યો. સતી અન્નપૂર્ણાનો શોક દૂર કરવા શ્રીગુરુએ એમને ગંગાનું દૃષ્ટાંત કહ્યું. (૮૮-૧૦૫).

અલખ બોલ્યા કે રમામાતાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને શ્રીગુરુએ કહ્યું કે મારે હવે તીર્થયાત્રાએ જવું છે માટે હે મા ! મને તમે જલદીથી રજા આપો. આ વાત સાંભળતાં જ માતા શોકાકૂલ થઇને તરત જ મૂર્છા ખાઇને પૃથ્વી પર ઢળી પડ્યાં. આ જોઇને શ્રીગુરુએ માતાને બેઠાં કરીને અને એમને સાવધ કરીને સ્નેહપૂર્વક કહ્યું કે હે મા ! વગર કારણે આવો શોક કેમ કરો છો? અહીં બધું પ્રારબ્ધવશ બન્યા કરે છે માટે આ દુ:ખ કરવું નકામું છે.

માટે તમે શોક ત્યજીને તમારા અંતરમાં શી ઇચ્છા છે તે મને કહો. એટલે રમામાતા બોલ્યાં કે અરે ! બેટા ! તું આ શું પૂછે છે? (૧-૫).

તારી તીર્થયાત્રાએ જવાની વાત સાંભળીને બિલકુલ ચેન પડતું નથી. મને આમ શોકના અગ્નિમાં ધકેલીને તારું આ રીતે બહાર જવું યોગ્ય નથી. મારા ઘરમાં દત્તપ્રભુએ જન્મ ધરીને આજ સુધી આમ મને આનંદના સાગરમાં દિવસ રાત રાખી છે તે જ રીતે હે સુપુત્ર રૂપ નિધિ ! તું મને આગળ ઉપર પણ સુખસાગરમાં રાખ. (૬-૮). આ આનંદની ચઢેલી ભરતીમાં કદી ઓટ ન આવે એવી એક જ ઇચ્છા મારા હૃદયમાં છે. એમ કહીને ત્યાં રડવા લાગ્યાં. (૯). હે પુત્ર ! તું મારો કુળદીપક છે. હું તારો પ્રેમ કેવી રીતે ભૂલી શકું? અરેરે ! મારું નસીબ આજે કેમ આમ આડું થયું? (૧૦). હે દીકરા ! તું મારાથી અળગો થઇશ નહીં. તારા વિનાનું જીવન વ્યર્થ છે. આમ કહીને 'હાય, હાય' એવું બોલીને દુ:ખી રમામાતા રડવા લાગ્યાં. (૧૧).

માતાની આવી શોકથી ભરેલી વાત સાંભળીને સુજ્ઞ એવા વાસુદેવે પોતાના મનમાં વિચાર્યું કે માતાજી બરાબરનાં માયાજાળમાં ફસાયાં છે. બ્રહ્મજ્ઞાન વગર બીજા કોઇ ઉપાયે આ મોહ કયારેય પણ દૂર થશે નહીં. એમ વિચારીને ત્યાં મલકતા મુખે બોલ્યા કે હે મા ! તમે શંકા કેમ કરો છો? અહીં આ સંસારમાં એક ઇશ્વર સિવાય કશું જ અચલ નથી. ઇશ્વરને પામ્યા સિવાય સ્વપ્નમાં પણ શાશ્વત સુખ મળવાનું નથી. આ દારુણ માયાપાશને તોડ્યા વગર શાંતિની આશા રાખવી તદ્દન નિરર્થક છે. (૧૨-૧૬).

આ સંદર્ભમાં દત્ત દયાઘને યદુરાજાને જે ઉપદેશ કર્યો હતો તે ઉપદેશ હું તમને કહું છું તે સાંભળો. એમ કહીને યદુ અને અવધૂતનો જે અપૂર્વ સંવાદ હતો તે શ્રીગુરુનાથે ત્યારે પ્રેમથી રમામાતાને કહ્યો. એ શુદ્ધ જ્ઞાન સાંભળીને રમામાતાનો મોહ દૂર થયો અને એમણે પ્રશ્ન કર્યો કે તેં મને જે ઉપદેશ કહી સંભળાવ્યો તે પ્રમાણે અહીં વર્તતાં સાધકના મનમાં કોઇ વાર પ્રારબ્ધવશાત્ વિષયવાસના જાગી ઊઠે અને મન વિકારી બને તો ત્યારે એણે શું ઉપાય કરવો? આ પ્રશ્ન સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે હે મા ! એવા લોકોએ અહીં સર્વસ્વનો ત્યાગ કરીને, એકાંત સ્થળમાં આસન સિદ્ધ કરીને, નિયમપૂર્વક બેસીને, થોડોક જ સાત્ત્વિક આહાર લઇને સતત અભ્યાસ કરવો. (૧૭-૨૩). જેમ જેમ એ અભ્યાસ સુદૃઢ થતો જશે તેમ તેમ ધ્યાનમાં વૃત્તિ તન્મય થશે અને એ મુમુક્ષુ ખરેખર ઇશ્વરરૂપ થઇ જશે, એમાં કોઇ શંકા નથી. એ સાંભળીને રમામાતા તરત જ સ્વસ્થ થયાં.[૧] (૨૪-૨૫).

એમને સ્વસ્થ જોઇને શ્રીગુરુએ એમને દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે હે મા ! હવ મને તીર્થાટન કરવાની તરત જ રજા આપો. બંને નાના ભાઇઓ તમારી સેવામાં ખડે પગે રહેશે. (૨૬-૨૭). એમની આવી નિર્ણયાત્મક વાત સાંભળીને રમામાતાએ ત્યારે રજા આપી. માતાને પ્રેમપૂર્વક વંદન કરીને પછી શાસ્ત્રીબુવા પત્ની પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે હે પ્રિયે ! તું ધ્યાનથી સાંભળ. મારે હવે તીર્થાટનમાં જવું છે. તારે ઘરમાં રહીને મારી માતાની સેવા કરીને આનંદથી વર્તવું. (૨૮-૩૦). એ સાંભળીને સતી અન્નપૂર્ણાએ પતિના ચરણને વંદન કરીને કહ્યું કે હે પ્રાણજીવન ! આપે મન આટલું બધું નિષ્ઠુર કેમ કર્યું છે? (૩૧). આજ દિન સુધીમાં મેં કોઇ દિવસ તમારું કહેવું ન માનીને મન ફાવે તેવું વર્તન કર્યું હોય તેવું તમે કોઇ દિવસ જોયું છે ખરું? (૩૨). તો પછી આ અબળાને

એકલી તરછોડીને હે પ્રભુ ! તીર્થાટનમાં એકલા કેમ જાવ છો? મને એ જરા પણ ગમતું નથી. (૩૩). સ્ત્રીએ પણ પતિની સાથે તીર્થાટનમાં જવું જોઇએ એવું બધાં જ શાસ્ત્રો કહે છે. માટે હે નાથ ! તમે આ દાસીને પ્રેમથી દયા લાવીને સાથે લો. આમ છતાં આ ગરીબ અને નિર્દોષ અબળાને છોડીને જશો તો આપ જેવા ઘરની બહાર જશો કે તરત જ હું મારા પ્રાણનો ત્યાગ કરીશ. આવી **દીન** પ્રાર્થના સાંભળીને શાસ્ત્રીબુવાને ખરેખર સંતોષ થયો અને એમણે સતીને સાથે લીધાં. માતાની સેવા કરવા માટે બંને ભાઇઓને વાત કરી, તરત જ દત્તમંદિરે આવીને ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને, બંને હાથ જોડીને સદ્‌ભાવથી વારંવાર પ્રાર્થના કરવા લાગ્યા કે હે પ્રભુ ! આપની આજ્ઞા મુજબ અમે હવે નીકળીએ છીએ. (૩૪-૩૯).

એમ કહીને અંગૂઠા જેવડી મૂર્તિ તથા સ્વહસ્તે સ્થાપેલી શ્રીદત્તની મૂર્તિ પ્રેમપૂર્વક લીધી. (૪૦). વળી સાથે તરત જ દત્તપાદુકા પણ લઇને, માતાને પગે લાગીને, પત્ની સાથે નક્કી કર્યા મુજબ શાસ્ત્રીબુવા ત્યારે વાડીમાં જવા નીકળ્યા. ભગવાન કૃષ્ણ ગોકુળ છોડીને મથુરાને રસ્તે જતાં વ્રજની ગોપીઓ અને પશુપક્ષી વગેરે જેમ શોક કરતાં હતાં તેમ માણગાંવના લોકો દુ:ખી થઇ જઇને ખૂબ શોક કરવા લાગ્યા અને પશુપંખી અને વૃક્ષ વગેરે પણ આપ્તજનની જેમ રડવા લાગ્યાં. (૪૧-૪૪). બધાં જ દુ:ખદરિયામાં ડૂબ્યાં હતાં અને ક્યાંય આનંદ જણાતો ન હતો. શ્રીગુરુ માણગાંવમાં હતા ત્યારે એ જે સ્વર્ગ જેવું જણાતું હતું તે શ્રીગુરુ ગામ બહાર નીકળતાંની સાથે જ સ્મશાનવત્ જણાવા લાગ્યું. (૪૫-૪૬).

આગળ આગળ શ્રીગુરુ ચાલતા હતા અને સઘળા લોકો એમની પાછળ પાછળ અને સાથે સાથે વિયોગનો શોક કરતા કરતા જતા હતા. (૪૭). આવું જોઇને શ્રીગુરુએ બધાને ત્યાં કહ્યું કે હવે અહીં દુ:ખ કર્યા વિના તમે બધા ગામમાં પાછા જાઓ. (૪૮). એ હંમેશાં તમારી પાસે જ રહે છે. પૂર્ણ શ્રદ્ધા રાખીને ભગવાન દત્તનું ભજન કરો. એટલે એ તરત જ દર્શન દેશે. એટલે વિયોગનું દુ:ખ કરવાનું કોઇ કારણ નથી. બધાને આવું કહીને પછી બંને ભાઇઓ સહિત માતુશ્રીને શ્રીગુરુએ પ્રેમથી કહ્યું કે પ્રાણીમાત્રનો આ અરસપરસનો સંબંધ પૂર્વજન્મના કર્મ અનુસાર અહીં થાય છે અને હંમેશાં એકધારો કદી પણ ટકતો નથી. આ દેહ જેમ જન્મે છે તેમ કર્મ પૂરા થતાં નાશ પણ પામે છે. (૪૯-૫૨).

અહીં કોઇ દિવસ એક જ સમયે બધાં ભેગાં થતાં નથી અને હંમેશ માટે સાથે રહેતાં નથી. એમાં નવાઇ પામવા જેવું શું છે? (૫૩). જેમ ઝાડને પહેલાંનાં પાંદડાં પાકીને ખરી પડે છે અને નવાં પાંદડાં આવે છે તેવા જ આ બધા સંબંધો પણ છે. (૫૪). પહેલાંનો યોગ પૂરો થઇને નવા સંબંધો બંધાય છે. વળી પાછા એ પણ તૂટીને નવા બંધાય છે. આવી ઇશ્વરી વ્યવસ્થા છે. (૫૫). માટે હે માતા ! હવે તમે ભાઇઓ સાથે પાછાં ઘરે જાઓ. શ્રીગુરુનાં આવાં વચનો સાંભળીને હૃદય ભરાઇ આવતાં રમામાતા એક નાનાં બાળકની જેમ દુ:ખપૂર્વક રુદન કરવા લાગ્યાં. દુ:ખનો ડૂમો શમતો ન હતો. સાચે જ પુત્રપ્રેમ મહાન છે. (૫૬-૫૭). અનેક રીતે મનને સમજાવવા છતાં એ સમજતું જ ન હતું. એ જોઇને શાસ્ત્રીબુવા બોલ્યા કે હે માતા ! મેં તમને જે દિવ્ય અને ગૂઢ ઉપદેશ કહી સંભળાવ્યો હતો તેનું સ્મરણ કરીને ખરેખર આ દુ:ખને ભૂલી જાઓ. આ મળવું (યોગ) અને છૂટા પડવું (વિયોગ) એમાં કાંઇ સાર

નથી. (૫૮-૫૯). જ્યારે પણ અંત:કરણમાં સારી રીતે દત્ત ભગવાનનું ધ્યાન સિદ્ધ કરશો ત્યારે હું હંમેશાં તમારી પાસે જ છું એવી તમને અનુભૂતિ થશે. (૬૦). આવું કહીને જ્યાં માતાને તે સમયે શાંત કર્યાં ત્યાં જ બધા ગામલોકો વારંવાર વંદન કરીને, બેઉ હાથ જોડીને પ્રેમપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા કે હે ગુરુનાથ ! અમારા પર હંમેશાં કૃપાદૃષ્ટિ રાખજો. (૬૧-૬૨).

પ્રાર્થના

હંમેશાં હરેક રીતે તારી સાથે અમારો યોગ થતો રહે. તારે માટે અમે અમારા દેહનો અંત લાવી દઈએ. હે અનંતા ! હે ગુણવંતા ! અમારી અવગણના ના કરશો. હે ગુરુનાયક ! અમે આટલું જ માગીએ છીએ.

•

ત્યાં આવું સ્તવન કરીને દંડવત્ પ્રણામ કર્યા એટલે શ્રીગુરુએ સહુને પ્રેમથી આશીર્વાદ આપ્યા અને ત્યાંથી પાછા વાળ્યા અને પોતે પત્ની સાથે આનંદપૂર્વક દત્તપ્રભુનું ચિંતન કરતાં કરતાં રસ્તો પસાર કરવા લાગ્યા. (૬૩-૬૪). જ્યાં સુધી શ્રીગુરુવર દેખાયા કર્યા ત્યાં સુધી બધા લોકો ત્યાં ઊભા રહ્યા અને પછી છેવટે ગામમાં ગયા. (૬૫).

શ્રીગુરુના વિયોગનું દુ:ખ અસહ્ય જણાતું હતું. દુ:ખમાં ડૂબેલા એ ગ્રામજનો વળી વળીને ફરી પાછું જોતા હતા. (૬૬). શ્રીગુરુએ ત્યાં રહીને જે લીલા કરી તેનું સ્મરણ કરતા કરતા એ લોકો માણગાંવમાં આવ્યા. આ બાજુ શ્રીગુરુ ઝડપથી રસ્તો કાપતા કાપતા સાવંતવાડીમાં આવ્યા અને તે દિવસે ત્યાં દત્તમંદિરમાં મુકામ કર્યો. આ વાત તરત જ ગામમાં ફેલાઇ ગઇ કે દત્તાત્રેયનો સાક્ષાત્ અવતાર એવા શાસ્ત્રીબુવા અહીંયાં આવ્યા છે. તેથી સ્ત્રી-પુરુષોનાં ટોળેટોળાં દર્શન માટે દોડ્યાં. (૬૭-૭૦). દત્તમંદિરમાં જબરજસ્ત ગિરદી થઇ અને ત્યાં પ્રેમથી દર્શન કરવા માટે ધક્કા મુક્કી કરીને, એકમેકને મુષ્ટિપ્રહાર કરીને, પાછા ધકેલીને પોતે આગળ થતા હતા. એવી ગિરદીમાં અથડાઇને એક માણસ ભૂમિ ઉપર પટકાઇ પડ્યો. ત્યાં એને માથામાં પથ્થર વાગ્યો અને તેથી તેને તીવ્ર ઘા પડ્યો. (૭૧-૭૩). આ જોઇને શ્રીગુરુએ ત્યાં નક્કી કર્યું કે જે નગરમાં પ્રત્યક્ષ ઓળખાણ હોય તે નગરમાં કોઇ દિવસ જવું નહીં અને કદાચ જવું જ પડે એવું હોય તો કોઇ ન જાણે તેમ ત્યાંથી છટકી જવું જેથી આવી ઉપાધિ ના થાય. (૭૪-૭૫).

આવું વિચારીને તે દિવસે શ્રીગુરુનાથ ત્યાં જ રહ્યા. બીજે દિવસે આગળ જવા સાક્ષાત્ શ્રીગુરુ જ્યારે નીકળ્યા ત્યારે એમની સાથે દત્તપ્રભુના જે ગણો હતા તે આગળ આગળ ચાલતા હતા. ત્યાં એમણે સામેથી એક ડમણિયું- બે બળદની નાની ગાલ્લી- આવતાં જોયું. (૭૬-૭૭). ગણોએ એ ગાડીના માલિકને તરત જ કહ્યું કે આ રસ્તે શ્રેષ્ઠ યોગીરાજ એવા જે મહારાજ અહીં આવે છે એ અમારા ગુરુજી છે. માટે તું તારું ડમણિયું થોડી વાર બાજુમાં ઊભું રાખ. (૭૮-૭૯). પરંતુ ગાડીવાને એમની વાત માની નહીં. એવું જોઇને એ ગણોએ બળદ સાથેનું

ડમણિયું ઊંધું વાળી દીધું. (૮૦). એ ડમણિયામાં જે માણસો બેઠા હતાં તે બધાં ચગદાઇ ગયાં. ગાલ્લી ભાંગી ગઇ અને એ બધાં બહુ દુ:ખી થયાં. (૮૧).

આવું જોઇને શ્રીગુરુએ મનમાં વિચાર્યું કે તીર્થયાત્રામાં જઇએ છીએ ત્યારે દેવના ગણોને સાથે રાખવું ઠીક નથી. કારણ કે એ ખરેખર ઉપાધિકારક છે. એટલે વાડીમાં પહોંચતાની સાથે જ દત્ત ભગવાનને પ્રાર્થના કરીને આ ગણોને ત્યાં જ રાખીશું. એવી યોજના મનમાં કરીને પત્ની સાથે પગપાળા વાડીમાં આવી પહોંચ્યા.② (૮૨-૮૪). ત્યાં આવીને દત્ત ભગવાનને પ્રાર્થના કરીને અને પછી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને બધા ગણો સોંપી દીધા. (૮૫). સતી અન્નપૂર્ણાએ પણ દત્તચરણમાં ખરેખર આનંદપૂર્વક વારંવાર વંદન કર્યાં. (૮૬). આ પહેલાં નારાયણ નામના સંન્યાસી જ્યાં રહેતા હતા ત્યાં જ શ્રીગુરુએ રહેવાનું રાખ્યું. તે વખતે સુજ્ઞ એવાં દુર્ગાબાઇ માસીબા પણ તે સ્થળે રહેતાં હતાં. તેમને પ્રેમપૂર્વક પત્ની(અન્નપૂર્ણા)ને સોંપીને પોતે ઊલટભેર મૌનીસ્વામીની પાસે અને તપોરાશિ ગોવિંદસ્વામી સંન્યાસી પાસે આવ્યા. (૮૭-૮૯). તેમની પાસે આવીને તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને તરત જ પોતાના સમાચારો વિગતવાર કહી સંભળાવ્યા. (૯૦). દેવની એ બધી લીલા જાણીને બન્નેને ખૂબ આનંદ થયો. આમ શ્રીગુરુ વાડીમાં એક વરસ સુધી સંતોષપૂર્વક રહ્યા. (૯૧).

ત્યાં સતી અન્નપૂર્ણાએ એક પુત્રને જન્મ આપ્યો પરંતુ એ થોડા સમયમાં જ મૃત્યુ પામ્યો. (૯૨). શોકમગ્ન થયેલાં સતી અન્નપૂર્ણા રડતાં હતાં. શ્રીગુરુએ કહ્યું કે આમ મૂઢની જેમ કેમ શોક કરે છે? (૯૩). તું તારા મનથી વિચાર કરી આ અસાર દુ:ખને ત્યજીને આ સંસારથી મુકત થઇને અક્ષય પદના સારરૂપ (દત્તપ્રભુ)ને પામ. (૯૪). એટલે ત્યારે અન્નપૂર્ણા બોલ્યાં કે હે પ્રાણનાથ ! આ પુત્રનો શોક હું કેવી રીતે શાંત કરું? મને પ્રેમપૂર્વક એ ઉપાય બતાવો. (૯૫).

શ્રીગુરુ બોલ્યા કે હે પ્રિયે ! ગંગા નામની બ્રાહ્મણની એક છોકરી હતી. એના પતિનું મૃત્યુ થતાં એ અતિશય દુ:ખી થઇને તરત જ શ્રીગુરુના ચરણનું શરણું લીધું અને બે હાથ જોડીને વિનંતી કરતાં કહ્યું કે હે દયાના સાગર એવા દેવ ! મારા પતિનું મૃત્યુ થતાં હું હીન અને દીન એવી પરતંત્ર થઇને ઘરધંધામાં અથડાઉં છું. (૯૬-૯૮). પતિ જીવતો હતો ત્યારે પણ સ્વપ્નમાં પણ મેં સુખ જોયું નથી અને સાસુ નણંદના મહેણાં-ટોણાં જ સહન કર્યાં છે. (૯૯). હું પતિના ચરણમાં મન પરોવીને જેમ તેમ દિવસો કાઢતી હતી. ત્યાં પતિનું મૃત્યુ થયું. (૧૦૦). મનમાં એવી આશા હતી કે આગળ જતાં જીવનમાં સુખ મળશે પરંતુ પતિનું મૃત્યુ થવાને કારણે એ આશા તે જ ક્ષણે નાશ પામી અને ચારે બાજુ દુ:ખની હોળી પ્રગટી છે. હે ગુરુરાય ! એ ચિતામાં હું દીન બળી રહી છું. આપ મારો ઉદ્ધાર કરો. (૧૦૧-૧૦૨). આપના ચરણોનાં દર્શન થયાં એટલે મારા ત્રિતાપનો નાશ થયો છે. મારું બધું દુ:ખ જતું રહ્યું છે અને આ મન પણ પ્રસન્ન થયું છે. (૧૦૩). આપના ધન્ય ચરણનાં દર્શન થયાં તેથી મારો જન્મ સફળ થઇ ગયો છે. હે પ્રભુ ! હવે કૃતાર્થ કરો. એ રીતે અનન્ય ભાવે પ્રાર્થના કરવા લાગી. (૧૦૪).

એની શ્રદ્ધા જોઇને શ્રીગુરુ જે બોલ્યા એનું અનુસંધાન આગળના અધ્યાયમાં છે જે ભવ (**રંગ**)ના સંદેહને હરનારું છે. (૧૦૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે '**તીર્થયાત્રાપ્રયાણ**' નામનો **એકસો ઓગણીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૧૯

(૧) દોહરા ૨૨ થી ૨૫ મનનીય છે. જેમણે ઈશ્વરપ્રાપ્તિના માર્ગે જવું છે એમને માટે આ દોહરા માર્ગદર્શક છે.
સાધકે શું કરવું?

(૧) સર્વસ્વનો ત્યાગ કરવો. (૨) એકાંતનું સેવન કરવું. (૩) આસન સિદ્ધિ કરવી. (૪) નિયમથી સતત અભ્યાસ કરવો. (૫) થોડોક આહાર કરવો. (૬) સાત્ત્વિક આહાર કરવો.

આનું પરિણામ શું?

(૧) અભ્યાસ સુદૃઢ થાય. (૨) અભ્યાસ સુદૃઢ થતાં ધ્યાનમાં વૃત્તિ તન્મય થાય. (૩) મુમુક્ષુ ઈશ્વરરૂપ થઈ જાય.

આપણે જે પ્રકારનું જીવન જીવીએ છીએ તેને આ આદર્શો સાથે સરખાવીને નક્કી કરતાં રહેવું જોઇએ કે આપણે કઇ દિશામાં કેવી ગતિ કરી રહ્યા છીએ.

(૨) સાચા સંત પોતાને કારણે બીજા કોઇને તકલીફ ન થાય એ જુએ છે. પૂ.શ્રીએ તો કહ્યું છે કે '**અન્યને ઉપાધિ ન થાય એ રીતે જીવવું એ જ સત્કર્મ.**' પૂ.પ્રેમ અવધૂતજીના શબ્દોમાં '**જે પરનો વિચાર કરે તેને જ પરબ્રહ્મ મળે.**' બીજાનું હિત જોવું એ જ સાચો ધર્મ છે. 'પરહિત સરિસ ધર્મ નહીં ભાઇ, પરપીડા સમ નહીં અધમાઇ.' દત્ત ભગવાને રાખેલા ગણોને સોંપી દઇને શ્રીગુરુએ પોતે દુ:ખ સહન કરવાની- તિતિક્ષા અપનાવવાની- તૈયારી કરી છે. આપણું જીવન પણ આવું બને તો કેવું સરસ !!

●

અધ્યાય : ૧૨૦

આ અધ્યાયનું નામ **'ગુરુદ્વિજકન્યાસંવાદકથન'** છે. આ અધ્યાયમાં **૧૨૦** દોહરા છે.

અલખ નિરંજનને કહે છે કે એ દ્વિજકન્યા ગંગાની વાત સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે તું કોણ છે તે કહે અને તારા પરમાનંદનું કારણ જે તારો પતિ હતો જેનો તને વિરહ થયો છે તે વિશે તું વિસ્તારથી કહે. (૧-૨). ગંગાએ કહ્યું કે હું કશ્યપગોત્રી દેવદત્તની દીકરી છું અને મારું નામ ગંગા છે. મારા પતિ વિષ્ણુદત્તનું મૃત્યુ થવાથી હું દુ:ખી દુ:ખી થઇ ગઇ છું. જ્યારે પણ મને મારા પતિની યાદ આવે છે ત્યારે આ હૃદય દુ:ખાગ્નિથી બળી ઊઠે છે. મારું બધું સુખ જતું રહ્યું. (૩-૭).

શ્રીગુરુએ તેથી સ્વાનંદ પ્રાપ્તિ કેવી રીતે થાય એ વાત સમજાવવા માંડી. શ્રીગુરુ બોલ્યા કે હૃદયમાં જે સચ્ચિદાનંદરૂપ આત્મજ્ઞાન છે તે હૃદય જ આનંદનું સ્થાન છે. લોકો હું બોલીને હૃદય પર જ હાથ મૂકે છે. (૮-૧૫).

જડ અને ચેતનમાં વ્યાપી રહેલા પરમાત્માનું નિવાસસ્થાન હૃદય છે. જેને શાસ્ત્ર જીવાત્મા કહે છે તે જ ઈશ્વર છે. જો આવું જ્ઞાન શાસ્ત્ર દ્વારા અને ગુરુ દ્વારા મેળવ્યું હોત તો આજે તું જે દુ:ખ કરે છે તે ના કરતી હોત. આ જડ દેહમાં આપણે 'મારાપણા' નો ભાવ કરીએ છીએ તે ખોટું છે. પછી શ્રીગુરુએ તેને જડ ચેતનનો ભેદ સમજાવ્યો કે આ દેહ જડ છે અને આત્મા ચૈતન્ય તથા પ્રકાશ સ્વરૂપ છે. એ નિર્વિકાર અને સાક્ષીરૂપ તટસ્થ છે. (૧૬-૨૯).

અહંકારને કારણે આ જડ દેહ ચેતન જેવો લાગે છે. આ અહંકારની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ- એ ત્રણ અવસ્થા છે. આ દેહ વિકારી છે અને અન્નમય કોશનો બનેલો છે. જીવે કરેલાં કર્મો ભોગવવા માટે એને અનુરૂપ દેહ મળે છે. પછી શ્રીગુરુ એ કન્યાને દેહની ઉત્પત્તિનું રહસ્ય સમજાવે છે. દેહમાંથી જીવ જતો રહ્યા પછી એને બાળી મૂકવા છતાં દુ:ખ થતું નથી. માટે દેહનું મમત્વ રાખવું નહીં. (૩૦-૮૬).

કન્યાએ પૂછ્યું કે હે ગુરુ ! અમારે સ્ત્રીઓએ ચૂલા-ચક્કીમાં જ જીવન વ્યતીત કરવાનું? શું પ્રભુપ્રાપ્તિનો માર્ગ સ્ત્રીઓ માટે નથી? શ્રીગુરુ સાથે સંવાદ કરતાં છેલ્લે કન્યાએ કહ્યું કે મને હવે સમજાયું કે આ દેહ નહીં પણ પ્રાણ એ જ આત્મા છે. કારણ કે આ બધી પ્રવૃત્તિ કરાવનાર પ્રાણ જ છે. (૮૭-૧૨૦).

અલખે નિરંજનને કહ્યું કે બ્રાહ્મણ કન્યાનાં એવાં વચન સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે પહેલાં તો તું કોણ છે તે કહે. (૧). તારો પતિ કે જે તારા પરમાનંદની પ્રાપ્તિનું સ્થાન હતો અને જેનો તને વિરહ થયો છે તે કોણ હતો તે તું વિસ્તારથી કહે. (૨).

કન્યા બોલી કે હે ગુરુ ! કશ્યપગોત્રમાં જન્મેલા અને જેનું નામ દેવદત્ત છે એ મારા પિતા છે અને નિશ્ચિતરૂપથી હું એમની કન્યા છું. મારું નામ ગંગા છે અને અહીં વિષ્ણુદત્ત નામે મારા પતિ હતા. (૩-૪). મને

એકલીને આમ દુ:ખના દરિયામાં ત્યજી દઈને એ પરલોકમાં જતા રહ્યા અને હું એમના વિરહમાં ઝૂરૂં છું. (૫). જ્યારે પણ અંતરમાં એમની યાદ આવી જાય છે ત્યારે હે શ્રીગુરુ ! દુ:ખાગ્નિથી મારું આ હૃદય અરેરે ! (ભડભડ) બળે છે. (૬). હું શું કરું? અને ક્યાં જાઉં? બધું સુખ નાશ પામ્યું. સદ્‌ગુરુ બોલ્યા કે કન્યા ! તું નાહકની શું કામ પરેશાન થાય છે? (૭). હું તને જે કહું તે સાવધાનીથી સાંભળ જેથી તને સ્વાનંદની પ્રાપ્તિ થશે. એટલે કન્યાએ વિનંતી કરતાં કહ્યું કે હે પ્રભુ ! તમારા વિના મારું કોઇ સગું નથી. (૮). હે દયાળુ ! આ ગરીબ દાસી ઉપર જો તમે દયા કરશો તો આપનાં ચરણારવિંદનું હંમેશાં ચિંતન કરતી, હે દયાના સાગર ! આપની સેવામાં હું ચોક્કસ રચીપચી રહીશ. મને સ્વાનંદની પ્રાપ્તિ થાય એવો ઉપદેશ કરો. એવું બોલીને એણે ભાવપૂર્વક પગ પકડ્યા. એટલે ત્યાં જ શ્રીગુરુ બોલ્યા કે તું જે હૃદય પર હાથ રાખીને અહીં શોક કરી રહી છે તે જ હૃદય આનંદનું સ્થાન છે એમ તું દૃઢતાપૂર્વક માન અને એમાં જ સચ્ચિત્સુખમય આત્મજ્ઞાન રહેલું છે.① (૯-૧૨).

તને એનું જ્ઞાન નથી તેથી તું દુ:ખથી રડે છે. એટલે કન્યાએ કહ્યું કે હે પ્રભુ ! તમે મને એ બધું સમજાવો. (૧૩). શ્રીગુરુ બોલ્યા કે હે બુદ્ધિશાળી કન્યા ! તું સાંભળ. કોઇ પણ વ્યક્તિ 'હું-હું' કહીને આ શરીરના માથા ઉપર કે આંખ ઉપર તેનો હાથ મૂકતું નથી પરંતુ તેં જે રીતે મૂક્યો છે એ રીતે હૃદય ઉપર જ હાથ મૂકે છે. માટે એ વાત નિ:સંદેહ સત્ય છે કે ચેતન અને જડ બધી વસ્તુમાં જે પરમાત્મા વ્યાપકરૂપે રહેલો છે તે પરમાત્માનું નિવાસ સ્થાન આ પ્રાણીમાત્રનું હૃદય છે. (૧૪-૧૬). બધાં શાસ્ત્રો અને અનુભવીઓ એમ કહે છે કે જેને જીવાત્મા કહેવામાં આવે છે તે જ ઇશ્વર છે. (૧૭). આવું યોગ્ય (સમ્યક્) જ્ઞાન જો તેં શાસ્ત્ર કે ગુરુ દ્વારા મેળવ્યું હોત અથવા સ્વાનુભવ દ્વારા પૂરતા પ્રમાણમાં તેમ થયું હોત તો તને આજે દુ:ખનું કારણ રહેત નહીં. હે સુજ્ઞા ! તારામાં તો જડ ચેતન વચ્ચેનો ભેદ પારખવાનો વિવેક પણ નથી. (૧૮-૧૯). નામ, રૂપ, કુળ, જાતિ અને ગોત્ર વગેરેની જડ દેહ વિશે જે કલ્પના કરવામાં આવે છે તે તો આધાર વિનાની છે. (૨૦). માણસ આ ક્ષણભંગુર અને જડ દેહને નાહકનો 'હું-હું' કહે છે અને એ જ રીતે દેહનાં સંબંધીને નાહકનાં 'મારાં-મારાં' એમ કહે છે. (૨૧). પરંતુ આમાંથી કશું જ આત્માને સ્પર્શતું નથી, કારણ કે એ તો હંમેશનો નિર્વિકાર છે અને ઉપાધિરહિત શોભે છે. (૨૨). નિર્વિકલ્પ, નિશ્ચલ અને સદા નિરંજનરૂપ એ આત્મા નથી તો નાશ પામતો કે એ નથી કદી પણ ક્ષીણ થતો. એમાં ક્યારેય પણ વધઘટ થતી નથી. એ તો કેવળ ચિન્મયરૂપ છે. એ તો અનાદિ, અનંત, સંપૂર્ણ શુદ્ધ અને સનાતન છે. (૨૩-૨૪). સારા-નરસાથી એ તો અળગો અને અલિપ્ત રહે છે અને આ દુનિયાનાં સુખદુ:ખ એને સ્પર્શતાં નથી. (૨૫).

હાથ જોડીને, વંદન કરીને કન્યા બોલી કે હે કરુણાસાગર ! મને જડ ચેતનનો તફાવત સમજાવો જેથી આ ખેદ દૂર થાય. (૨૬).

સદ્‌ગુરુ બોલ્યા કે સાંભળ : જે પોતાને જાણતો નથી અને એ જ રીતે અન્યને પણ જાણતો નથી તે બધાં જડ છે, તેમ જાણ. જે પોતાને જાણે છે અને જે અન્યને પણ જાણે છે તેને જ શાસ્ત્રના અને અનુભવના આધારે ચૈતન્ય તું જાણ. (૨૭-૨૮). નિર્વિકાર, સાક્ષીરૂપ અને સ્વયં પ્રકાશિત જે સર્વકાળે એકરૂપ રહેનારું એવું અજર અને

અમર ચૈતન્ય જ અંતરમાં રહેલો તટસ્થ જીવાત્મા છે. (૨૯).

એટલે કન્યા બોલી કે ત્યારે મેં જે કહ્યું એમાં શું ખોટું કહ્યું? જેવો કાંટો પગમાં વાગે છે કે તરત એની જાણ દેહને થાય છે. (૩૦). એનો સણકો એકદમ માથા સુધી પહોંચી જાય છે અને માખી કે મચ્છર પણ શરીર પર બેસતાં અરેરે ! બિલકુલ સહન થતું નથી. (૩૧). માટે આવા શરીરને જડ તો કેવી રીતે કહેવાય? એટલે ગુરુએ કહ્યું કે હે કન્યા ! તું સાંભળ. તું અહીંયાં તદ્દન ઊંધું સમજી છે. (૩૨). જો ખરેખર દેહ જ ચેતનરૂપ હોત તો ફાવે ત્યાં રહીને એ બધાને જોઇ શકત. (૩૩). શબ્દ વગેરે વિષયોનું એને ઇંદ્રિયોની મદદ વગર, ફાવે ત્યાં રહીને, હંમેશાં સ્વયં જ્ઞાન થાત. (૩૪). જે સ્વયં ચેતન છે અને સાક્ષાત્ પ્રકાશરૂપ છે તેને દર્શનાર્થે આંખ વગેરેની કદી જરૂર પડતી નથી. (૩૫).

આ બધાંની દેહને જ જરૂર પડે છે. આ દેહ આંખ વગર જોઇ શકે નહીં, કાન વગર સાંભળી શકે નહીં. માટે આ દેહ કોઇપણ સંજોગોમાં ચૈતન્ય નથી. આ બધું જાણનારો કોઇ બીજો જ છે. (૩૬-૩૭). અહંકાર અને આત્મા સાથે તાદાત્મ્ય થવાથી આ શરીર જડ હોવા છતાં સાચે જ ચેતનભર્યું લાગે છે એમાં કોઇ શંકા નથી. (૩૮). આ શરીરમાં પગનાં તળિયાંથી માંડીને માથા સુધી અહંકાર ઓતપ્રોત થઇને રહ્યો છે. (૩૯). અને એને કારણે જ ખરેખર આ દેહને જુદી જુદી અવસ્થા થાય છે એમાં કોઇ શંકા નથી. (૪૦).

આ અહંકાર જ્યારે પૂર્ણ વિકસિત અવસ્થામાં હોય છે ત્યારે પ્રાણીમાત્રની જાગ્રત અવસ્થા કહેવાય છે. એ અહંકાર અર્ધોન્મીલિત (અર્ધી ઊઘડેલી) અવસ્થામાં હોય ત્યારે એ પ્રાણીમાત્રની સ્વપ્ન અવસ્થા કહેવાય છે અને જ્યારે અહંકાર અવિકસિત અવસ્થામાં હોય ત્યારે પ્રાણીમાત્રની નિદ્રાવસ્થા કહેવાય છે. (૪૧-૪૨). આમ અહંકારને લીધે દેહની ત્રણ અવસ્થા થાય છે. જ્યારે નિદ્રાવસ્થામાં અહંકારનો લય થાય છે ત્યારે બધા લોકોના બાહ્ય વ્યવહારો થોભી જાય છે અને મોહ, શોક કે દુ:ખ વગેરેનું ભાન રહેતું નથી. (૪૩-૪૪). એટલે આ દેહને ચેતન કહી શકાય નહીં. ચૈતન્યને કોઇ દિવસ, કલ્પને અંતે પણ જન્મ કે મરણ હોતાં નથી. (૪૫). આ દેહ વિકારી જાણ અને બધા એનો અનુભવ પણ કરે છે. એ અન્નમયકોશનો બનેલો છે. શરીર દ્વારા થયેલાં શુભ અને અશુભ કર્મો આ જીવાત્માએ ભોગવવાં પડે છે. પૂર્વ દેહમાં જે કર્મો કર્યાં હોય તે કર્મોને ભોગવવા માટે તેને અનુરૂપ અહીં શરીર ધારણ કરવું પડે છે. માટે જ્ઞાન મેળવીને જો વ્યક્તિ મુક્તિ પ્રાપ્ત કરી ના લે તો એ જન્મ મરણનો ફેરો ચૂકતો નથી અને હંમેશાં જુદા જુદા દેહ ધરીને આ જીવ સંસારમાં ભ્રમણ કર્યા કરે છે. (૪૬-૪૯).

આ શરીરને જોઇને એનું મૂળ કારણ તપાસીએ તો શું જાણવા મળે? માતા પિતા જે અન્ન ખાય છે તે અન્નનો રસ થાય છે અને એ રસ ઘન થતાં એનું રકત અને રેત બને છે. એ રકત તથા રેતથી આ દેહ ઉત્પન્ન થાય છે. એ અન્નથી જ આ દેહ મોટો થાય છે અને અન્ન વગર આ દેહ ક્ષીણ થઇને અંતે પૃથ્વીમાં રાખ થઇને મળી જાય છે. આ દેહ એ અન્નકોશનો બનેલો છે. આ વિકારી, જડ અને જોઇ શકાય એવો દેહ કેવી રીતે ચૈતન્ય હોઇ શકે એ તું સારરૂપ વિચારીને બોલ. (૫૦-૫૩). વસ્તુને જોનારો એ વસ્તુથી જુદો છે. દ્રષ્ટા (જોનારો) અને દૃશ્ય (વસ્તુ) બંને

કદી પણ એકરૂપ હોઇ શકે નહીં. (૫૪). એ જ ન્યાયયુક્તિથી જોતાં દેહને જોનારો બીજો હોવો જોઇએ. એવો દેહ કદાપિ છે નહીં. (૫૫). વેદનો સિદ્ધાંત છે કે જે દેખાય છે તે નાશવંત છે, (यदृष्टं तन्नष्टं). દેખાય તે વસ્તુ માત્ર નશ્વર છે તેથી નજર સમક્ષ દેખાતા આ જડ, વિકારમય અને મલિન એવા દેહને ચેતન મનાય જ કેવી રીતે? માનું રકત અને પિતાનું રેત (વીર્ય) ભળવાથી આ અમંગલ દેહ બને છે. (૫૬-૫૭).

પિતાના વીર્યથી હાડકાં, મજ્જા અને સ્નાયુ બને છે અને માતાના લોહીથી માંસ, લોહી અને ચામડી બને છે. (૫૮). કફ, વાત અને પિત્તથી આ રકત તથા રેત ઘટ્ટ બને છે. રજસ્વલાના મેલથી એ વિકારી દેહ વિકાસ પામે છે. જો છ મહિનાની અંદર કદાચ ગર્ભ પડી જાય તો તે માંસના પિંડ સમાન એકદમ જડ દેખાય છે. સાતમે મહિને તાળવું ભેદીને ગર્ભમાં ચૈતન્યરૂપ ઈશ્વર પ્રવેશ કરે છે એટલે પછી ગર્ભ ત્યાં ચલન-વલન વગેરે ક્રિયા કરે છે. (ગર્ભ ફરકે છે.) (૫૯-૬૨). એ જીવ પૂર્વ જન્મના કર્મના ફળરૂપ પુણ્ય પાપને અંતરમાં યાદ કરીને ત્યાં ગર્ભની પીડા જોઇને અતિશય દુ:ખી થાય છે. (૬૩). 'સોહં' (સ:+અહં = હું તે છું.) શબ્દના ઉચ્ચારથી ઈશ્વરની પ્રાર્થના કરીને જીવ કહે છે કે આ દુ:ખમાંથી છૂટવાની સાથે જ હું 'સોહં' શબ્દ દ્વારા ઈશ્વરનું અનન્ય ભાવે ભજન કરીશ. અને એનું અભેદભાવથી ચોક્કસ ચિંતન કરીશ. (૬૪-૬૫).

આ રીતે ગર્ભમાં અસહ્ય ત્રાસ ભોગવીને અને માતાને મરણતોલ દુ:ખ આપીને અંતે નવ મહિના પૂરા થતાં મળ-મૂત્ર વગેરે ગંદકી સાથે એ યોનિદ્વારથી કીડાની માફક બહાર પડે છે. અથવા જો એ અંદર આડો હોય તો માતા માટે એને જીવલેણ સમજીને કાપો મૂકીને એને બહાર કાઢે છે. (૬૬-૬૮). ખરેખર ! ગર્ભાવસ્થા આવી દુ:ખદાયી છે. આવા દેહના જન્મનો કોણ ઉત્સવ ઊજવે અને મરી જાય ત્યારે શોક પાગ કોણ કરે? (૬૯). હરિભજન કરવાનો ગર્ભમાં કરેલો સંકલ્પ જન્મતાંની સાથે જ જીવ તરત ભૂલી જાય છે. (૭૦).

બાળપણ રમત-ગમતમાં ગુમાવે, જુવાની વિષયભોગ ભોગવવામાં ગુમાવે અને ઘડપણમાં પુત્ર તથા પૌત્રની ચિંતામાં પસાર કરીને આયુષ્ય નકામું વેડફી દે છે અને અંતે મૃત્યુ આવતાં પશ્ચાતાપ કરીને રડે છે. (૭૧-૭૨). એક જ સમયે હજાર વીંછીઓ એક સાથે કરડે અને જે વેદના થાય, તેવી જ અસહ્ય વેદના ભોગવીને જીવ શરીર છોડે છે. કૂતરાં-ભૂંડ, વૃક્ષ, દેવ, મનુષ્ય કે પશુ પૈકીની ઉચ્ચ કે નીચ કોઇ યોનિમાં જીવ કર્મ પ્રમાણે અવતાર ધારણ કરે છે. (૭૩-૭૫).

મરતી વખતે તલમાત્ર કશું સાથે આવતું નથી. આ જીવ કરેલાં કર્મને સાથે લઇને જાય છે. સગાંવહાલાં તો બધાં દૂર રહે છે. (૭૬). સાચા-જૂઠાં કરીને મેળવેલા વાડી વજીફા, બંગલા, પૈસો, ઢોર વગેરે કશું કામ આવતું નથી. (૭૭). જેને માટે મૂઢ બુદ્ધિનો માનવી બેહદ પાપ કરે છે તે દેહ તો ખરેખર જ્યાંનો ત્યાં જ પડી રહે છે. (૭૮). લોકો પોતાની સગી આંખે આ બધું જોવા છતાં કેમ સમજતાં નહીં હોય? માટે તું નિર્ણય કર કે જડ દેહથી જીવ જુદો છે. (૭૯). આ દેહ જીવના સંબંધે આ હલન-ચલન બધું કરે છે. એ જાતે તો અહીં કશું કરી શકતો જ નથી એ યોગ્ય દૃષ્ટિથી જોતાં સમજાય છે. (૮૦).

શરીરમાંથી જીવ છૂટો પડી જાય એટલે દેહ ચેતન વિનાનો, જડ થઇ જાય છે. એ સ્થિતિને જ લોકો મૃત્યુ કહે છે. આ કોણ નથી જાણતું? (૮૧). અજર અને અમર એવા જીવને મોતનો સ્પર્શ થતો નથી. જ્યાં સુધી આ દેહમાં જીવ રહે છે ત્યાં સુધી જ સગાં-સંબંધી એના પર પ્રેમ રાખે છે. દેહમાંથી જીવ નીકળી જતાં એને (દેહને) અડકવાથી પણ ડરે છે. (૮૨-૮૩). જે સહેજ અપમાન પણ સહન કરતો ન હતો અને નજીવા દુ:ખમાં પણ બૂમબરાડા પાડી ઊઠતો હતો તે દેહને સ્મશાનમાં લઇ જઇને બાળવામાં આવે છે તો પણ તેને સુખદુ:ખનો અનુભવ થતો નથી અને ચૂં કે ચાં કરતો નથી. (૮૪-૮૫).

આ તો દીવા જેવું સ્પષ્ટ છે. આવા વ્યર્થ દેહ પર મમતા રાખીને કોણ રડે? આ સાંભળીને પેલી કન્યાએ હાથ જોડીને કહ્યું કે હે પ્રભુ ! આપે જે કહ્યું તે યોગ્ય જ છે. તો પણ મારું દુ:ખ હજી શાંત થતું નથી. અમારાં પાપ ક્યારે ટળશે? (૮૬-૮૭). વિધાતાએ નસીબમાં આ સ્ત્રીનો જે જન્મ લખ્યો છે તે જ જન્મ વારે વારે લઇને અમારે ચૂલા-ચક્કીમાં જ અમારી જીંદગી પૂરી કરવાની અને એમાં જ અમારે મરવાનું? શું વિધાતાએ સ્ત્રીઓના નસીબમાં ગધ્ધાવેતરાં સિવાય બીજું કશું લખ્યું જ નથી? શું મુક્તિનો રસ્તો કેવળ પુરુષો માટે જ ખુલ્લો રાખ્યો છે? (૮૮-૯૦).

આ સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે હે બહેન ! તું આમ ધીરજ ના ગુમાવીશ. મારા કહેવાનો અર્થ એવો નથી. તું ઊંધું કેમ સમજે છે? (૯૧). જીવની અંદર પુરુષ કે સ્ત્રી એવો ક્યારેય ભેદ હોતો નથી. અહીં કર્મ પ્રમાણે બધાંને શરીર મળે છે. (૯૨). જેનું જેવું પાપ કે પુણ્ય હોય તે પ્રમાણે સ્ત્રી કે પુરુષનો દેહ પ્રાણીમાત્રને મળે છે. (૯૩). એ દેહમાં રહેલું ચેતન અભિન્ન હોય છે. એમાં સ્ત્રી-પુરુષ કે નપુંસક એવો ભેદ હોતો નથી અને એનું દુ:ખ પણ હોતું નથી. (૯૪).

પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર- એવાં ઓગણીસ તત્ત્વોના લિંગ નામે જે સૂક્ષ્મ દેહમાં ચૈતન્યની જે જ્યોતિ પ્રવેશે છે તે જ જીવ કહેવાય છે. એ સિવાય બીજો કોઇ જીવ નથી. એ ચેતનમાં સ્ત્રી કે પુરુષ એવા ભેદનું ક્યાંય પણ નામોનિશાન નથી. (૯૫-૯૭). સ્ત્રી કે પુરુષ ગમે તેનું મૃત્યુ થતાં લોકો 'જીવ ગયો' એમ જ કહે છે. એને સ્ત્રીલિંગ કે પુંલિંગનો પ્રત્યય લાગતો નથી. (૯૮). એ જ રીતે એક વાર સ્ત્રીનો જન્મ થાય એટલે એનો એ જ જન્મ ફરી ફરીને લેવો પડે એવું પણ તું માનતી નહીં. (૯૯). આ બધું કર્માનુસાર બને છે. માણસ ઓછું વત્તું જે પાપ પુણ્ય આચરે છે તે પ્રમાણે એણે સ્ત્રી પુરુષનો અને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્રનો તેમજ મૂગા, આંધળા, પાંગળા વગેરેનો તેમજ બુદ્ધિશાળી કે મૂર્ખ એવો દેહ કર્માનુસાર પ્રાપ્ત થાય છે. એમાં બિલકુલ શંકા કરીશ નહીં. મરણ સમયે જેવી મતિ રહે છે તેવી ગતિ આ દેહની થાય છે.[૨] (૧૦૦-૧૦૨). જ્ઞાન થતાંની સાથે બધાને મુક્તિ મળે છે. એમાં સ્ત્રી કે પુરુષનો ત્યાં ભેદ નથી હોતો. દેહને આત્મા માનીને મૂઢબુદ્ધિનો માનવી અહીં દુ:ખમાં પડે છે. (૧૦૩).

એ સાંભળીને ગંગા બોલી કે હે દયાના સાગર એવા ગુરુનાથ ! આપ જ મારાં માતા, પિતા અને આત્મા છો. (૧૦૪). આપે મને જે ઉપદેશ કર્યો તે બધો મને સ્વીકાર્ય છે. એમ છતાં ત્યાં એક શંકા થાય છે તે

હે પ્રભુ ! દૂર કરો. (૧૦૫). આ શરીર જડ છે એ નક્કી છે અને જીવ અસંગ અને તટસ્થ છે. માટે સુખ-દુ:ખ વગેરે બધું પ્રાણને થાય છે. (૧૦૬). એનું કારણ દીવા જેવું સ્પષ્ટ છે. દેહથી પ્રાણ જુદો છે અને આ પ્રાણ દેહમાં રહીને જડ દેહને શક્તિ આપે છે તે સિદ્ધ થયેલી વાત છે. (૧૦૭). જુદી જુદી ઇંદ્રિયો દ્વારા તે જ કામ કરાવે છે અને આ દેહની ચાલવાની, વાંકા વળવાની વગેરે બધી જ ક્રિયા પણ પ્રાણની મદદથી જ થાય છે.આ પ્રાણને જ ભૂખ અને તરસ લાગે છે. વળી લેવાની અને આપવાની બધી ક્રિયા પણ આ પ્રાણ જ કરે છે. ગાઢ નિદ્રામાં પણ શ્વાસોચ્છવાસરૂપે એ જાગ્રત રહીને એ હંમેશાં કૂતરાં-શિયાળવાં વગેરેથી આ શરીરનું રક્ષણ કરે છે. આ બધું પ્રાણને લીધે જ બને છે. એના વગર આ દેહ મડદું બની જાય છે. (૧૦૮-૧૧૧).

શ્વાસોચ્છવાસ બંધ થઇ જતાં લોકો એને મરી ગયેલો માનીને, એને અમંગલ માનીને પોક મૂકીને બાળી મૂકે છે. (૧૧૨). જ્યાં સુધી આ દેહમાં પ્રાણ જાગ્રત રહે છે ત્યાં સુધી પતિ વગેરેને કઠણ અને કારમા શબ્દો કહેવા એ શસ્ત્ર વગર એને મારી નાંખ્યા સમાન છે એમ લોકો ગણે છે. પરંતુ પ્રાણ જતા રહ્યા પછી એને બાળી દે તો પણ બાળનાર ઉપર હત્યાનો કોઇ આરોપ મૂકતા નથી. એનાથી એવું જ સાબિત થાય છે કે પ્રાણ એ જ આત્મા છે. (૧૧૩-૧૧૫).

માતા-પિતા, પતિ સહિત બધાં જ સગાં વહાલાં અહીં આપણા માટે પ્રાણસ્વરૂપ છે એ નિશ્ચિત છે એમાં જરા પણ શંકા કરવા જેવી નથી. (૧૧૬). આ પ્રાણ ચેતનાસભર હોવાથી ઊંઘમાં પણ દેહ પર માખી કે મચ્છર બેસે તો તરત જ ઊડાડી મૂકે છે. (૧૧૭). ઊંઘમાં વસ્ત્ર પણ આઘુંપાછું થાય તો એને એ વ્યવસ્થિત કરી દે છે. માટે એ પ્રાણ આત્મા છે એમાં કોઇ શંકા નથી. એ મેં નિશ્ચિયપૂર્વક જાણી લીધું એમ કન્યા બોલી એટલે એ સાંભળીને સંતોષ પામીને શ્રીગુરુ જે બોલ્યા તેનું વર્ણન આગળના અધ્યાયમાં થશે. (૧૧૮-૧૧૯). શ્રીગુરુ પત્ની(અન્નપૂર્ણા)ને આ અલૌકિક **રંગ** (અધ્યાત્મજ્ઞાન)કહેતા હતા. પત્ની તો નિમિત્તમાત્ર હતી પણ આ બધી લીલા સૌના કલ્યાણ માટે હતી. (૧૨૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ગુરુદ્વિજકન્યાસંવાદકથન'** નામનો **એકસો વીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૨૦

(૧) આત્માનું સ્વરૂપ જ આનંદનું છે. સત્ ચિત્ અને આનંદ એ બ્રહ્મના, આત્માનાં જ લક્ષણો છે. આ આત્માનું જ્ઞાન થાય તો વ્યકિતને દુ:ખ કરવાનું કારણ મળતું નથી. આ આનંદનું નિવાસસ્થાન હૃદય છે. "શ્રી દત્તબાવની"માં પૂ.શ્રીએ કહ્યું છે કે "અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ." પરંતુ વ્યકિત દેહને આત્મા માની બેસે છે ત્યાં જ દુ:ખની વણઝાર શરૂ થાય છે. સાચી સમજ આવે એ માટે સાધનાની અને સદ્‌ગુરુની જરૂર છે. "દૃષ્ટિ ફેરવી વિલોક રંગ એહ અવનવા." આપણને સુખ શોધ્યું જડતું નથી અને બાપજીને શોધવા છતાં દુ:ખ જડતું નથી. બધા દૃષ્ટિના વાંધા છે.

(૨) 'અન્તે મતિ: સા ગતિ:' એવું ગીતા કહે છે. આ મૃત્યુની પળ જે સાચવી લે તે તરી જાય. મરતી વખતે ભગવાનમાં મન રહે એ માટે બહુ નાની ઉંમરથી સદાચરણ તરફ વળી જવું પડે. મેં 'પ્રેમચાલીસા'માં લખ્યું છે : "થોડું કરો પણ સાચું કરજો, રંગ ગુરુને હૈયે ધરજો" એ સાચું છે. ખોટું કરીને કરેલાં ધાર્મિક કાર્યો પણ દુ:ખ જ ઊભાં કરે છે. પરંતુ આ માટે આત્મકૃપા, ગુરુકૃપા અને ભગવદ્‌કૃપા થાય તો જ વૃત્તિ સાચા માર્ગે વળે. વૃત્તિ સુધરે તો પ્રવૃત્તિ સુધરે.

●

અધ્યાય : ૧૨૧

આ અધ્યાયનું નામ **'ગુરુદ્ધિજકન્યા સંવાદકથન'** છે. આ અધ્યાયમાં **૧૫૨** દોહરા છે.

શ્રીગુરુએ કન્યાને કહ્યું કે તારી બુદ્ધિને ધન્ય છે તો પણ આત્મા શું છે તે તું જાણતી નથી. દેહ એ આત્મા નથી એ બરાબર છે પણ પ્રાણને તું આત્મા માને છે તે પણ બરાબર નથી. પ્રાણ પણ અન્ય વાયુની જેમ જડ છે અને એ પણ આત્મા નથી. આ પ્રાણનો પ્રાણ પણ કોઇ બીજો જ છે. આ પ્રાણ તો પ્રાણમય કોશ છે અને આત્મા તો એનાથી જુદો છે. (૧-૨૯). આ સાંભળીને કન્યાએ કહ્યું કે હવે મને ખબર પડી કે બધા વ્યવહારો કરનારી ઇન્દ્રિયો એ જ આત્મા છે. અથવા બધી ઇન્દ્રિયોનો રાજા એવું મન જ આત્મા છે. આ મન જ બંધન અને મુક્તિનું કારણ છે. એ સાંભળીને શ્રીગુરુએ કહ્યું કે એક જ રાજ્યમાં એકથી વધારે રાજા ના હોય તેથી જુદી જુદી ઇંદ્રિયો આત્મા નથી અને મન એ પણ આત્મા નથી કારણકે સંકલ્પ-વિકલ્પ કરનારું મન અતિશય ચંચળ છે અને તે સર્વવ્યાપક નથી એટલે જ મન ભમતું રહે છે. મન જડ છે. આ મનને જોનાર આત્મા જુદો છે. મન તો મનોમય કોશ છે. (૩૦-૬૮).

પછી કન્યા બોલી કે સ્વતંત્ર એવી બુદ્ધિ જ આત્મા છે. એટલે શ્રીગુરુએ કહ્યું કે બુદ્ધિ પણ આત્મા નથી કારણકે બુદ્ધિમાં પણ વધઘટ થાય છે. વ્યકિત ઊંઘે છે ત્યારે બુદ્ધિ લીન થાય છે માટે તે આત્મા નથી. બુદ્ધિ એ તો વિજ્ઞાનમય કોશ છે. (૬૯-૮૬). કન્યાએ પૂછ્યું કે અહંકાર લય થાય તે નિદ્રા કે બુદ્ધિ લીન થાય તે નિદ્રા અવસ્થા? અંત:કરણના ચિત્ત, મન, બુદ્ધિ અને અહંકાર એવા ચાર ભાગ ન પાડીને બે ભાગ પાડનાર ચિત્તનો મનમાં અને બુદ્ધિનો અહંકારમાં સમાવેશ કરે છે. બુદ્ધિ અને અહંકાર જડ છે તેથી તે પણ આત્મા નથી. (૮૭-૧૦૦). પછી કન્યાએ કહ્યું કે તો પછી શું શૂન્યને જ આત્મા માનવો? ગાઢ નિદ્રામાં પરમાનંદ મળે છે તેથી એ શૂન્ય જ આત્મા છે. શ્રીગુરુએ સમજાવ્યું કે એ પરમાનંદની સ્થિતિ માણસ જાગે છે તેની સાથે જતી રહે છે. જીવ બ્રહ્મ સાથે એકરૂપ થઇ જતો નથી તેથી તે આત્મા નથી. શ્રીગુરુના ઉપદેશ પછી કન્યાએ પૂછ્યું કે આ જગતમાં બધું જુદું જુદું દેખાય છે પછી આ બધું એક જ છે એમ કેવી રીતે કહી શકાય? શ્રીગુરુએ જે જવાબ આપ્યો તે હવે પછીના અધ્યાયમાં.... (૧૦૧-૧૫૨).

શ્રીગુરુ બોલ્યા કે હે કન્યા ! તારી બુદ્ધિ ધન્યવાદને પાત્ર છે. તેમ છતાં આત્મા કોણ છે તે તું જાણી શકી નથી. (૧). આ જડ દેહ એ આત્મા નથી એટલી તને ખબર પડી પરંતુ પતિ, પુત્ર વગેરે એ પ્રાણ છે એવું નક્કી કરીને એ પ્રાણની અનન્ય ભાવે ઉપાસના કરતાં જેમ હિરણ્યગર્ભ ઉપાસકો પ્રાણલોકમાં જાય છે તેમ તે લોકની તને પણ પ્રાપ્તિ થશે. પરંતુ એનાથી જન્મ મરણનો ફેરો ટળતો નથી. એનું ચોક્કસ એ જ કારણ છે કે પ્રાણ એ કોઇપણ રીતે આત્મા નથી. પ્રાણ તો બીજા વાયુની જેમ જડ છે. તું સંશયમાં પડીશ નહીં. (૨-૫).

અધ્યાય : ૧૨૧

નિદ્રાવસ્થામાં એ ખસી ગયેલાં વસ્ત્રને વ્યવસ્થિત કરે છે તે તો રોજના અભ્યાસને કારણે કરે છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૬). જો ખરેખર પ્રાણ એ ચૈતન્યરૂપ જ હોય તો નિદ્રાવસ્થામાં પણ કોઇ કોઇની વસ્તુની ચોરી કરી શકત નહીં. તું જરા જોઇને વિચાર કર. મને ભૂખ અને તરસ લાગી છે એવું જે હંમેશાં બોલે છે તે પ્રાણનો પણ પ્રાણ છે અને પ્રાણથી એ જુદો છે અને એ જ પ્રાણને ચેતન આપીને ક્રિયા કરાવે છે. (૭-૯). પ્રાણ પોતે સ્વતંત્રપણે આ ચલન-વલન વગેરે કરી શકતો નથી. આ પ્રાણનો પણ કોઇ અંતર્યામી વસે છે જે અંતરમાં રહીને પ્રાણને બળ પૂરું પાડીને એની પાસે ચાલવાની (ચલન), વળવાની (વલન) એવી બધી ક્રિયા કરાવે છે. (૧૦-૧૧). એ જ બ્રહ્મ પ્રાણ વગેરે દ્વારા ખાવાનું-પીવાનું આપીને જઠરમાં અન્ન પચાવવાનું કાર્ય કરે છે. (૧૨). આ બધું કરવા અને કરાવવા છતાં એ આત્મા હંમેશાં નિર્લેપ રહે છે. એ પ્રાણની માફક ચૈતન્ય વિનાનો જડ નથી. એની હાજરીમાં સારું ખોટું થવા છતાં પણ એ તો અકર્તા જ છે. તમે બધા પરતંત્ર છો. એ કેમ સમજતા નથી? એના વિના તો આંખ ઉઘાડવાની પણ શક્તિ નથી એ તો તમે તમારી સગી આંખે જુઓ જ છો. (૧૩-૧૫). અહંપણુ રાખીને નાદાન થઇને નાહકનાં શું કામ દુ:ખી થાઓ છો? તમારું પરાધીનપણું જાણીને અહંનું અભિમાન ત્યજી દો. (૧૬). જે વ્યક્તિ કર્તાપણાના અભિમાનથી દૂર રહે છે તેને સારું કે નરસું કર્મ બંધનરૂપ થતું નથી. (૧૭). સોનાની કે લોખંડની સાંકળ બંને સમાન છે અને પ્રાણીને બંધનકારક છે એમાં જરા પણ શંકા નથી. (૧૮). એ જ રીતે મોક્ષની પ્રાપ્તિમાં પાપ જેમ ઘણાં વિઘ્નો કરે છે તેમ પુણ્ય પણ ખરેખર વિઘ્નરૂપ બને છે. (૧૯). પાપને લીધે નરક મળે છે અને પુણ્યને લીધે સ્વર્ગ મળે છે પરંતુ એનાથી જન્મ-મરણનું દુ:ખ ટળતું નથી એ જાણી લે. (૨૦). જ્યાં સુધી પુણ્ય રહે છે ત્યાં સુધી જ સ્વર્ગમાં રહેવાનું હોય છે. જેવો પુણ્યનો નાશ થાય કે તરત જ પાપને કારણે પ્રાણીને નરકની પ્રાપ્તિ થાય છે. આત્મજ્ઞાન વગર યુગોના અંતે પણ જન્મમરણનું દુ:ખ ટળતું નથી. (૨૧-૨૨). માટે જ ફળની ઇચ્છા ત્યજીને જો માણસ અહીં ઇશ્વર પ્રીત્યર્થે પુણ્યકર્મ કરે તો જ એનું ચિત્ત શુદ્ધ થાય છે. (૨૩). પછી ઇશ્વરની કૃપાથી બુદ્ધિમાં શુદ્ધ પ્રકાશ પડે છે અને એને સાચું જ્ઞાન થવાથી તરત જ મોક્ષપદને પામે છે.① (૨૪).

જેણે ગયા જન્મમાં સત્કર્મોનું આચરણ કર્યું હોય છે તેઓ આ જન્મે વગર પ્રયત્ને સત્ અને અસત્નો વિવેક વિચાર કરતા હોય છે. (૨૫). જન્મથી જ શુદ્ધબુદ્ધિ થઇ હોવાથી, ઇશ્વરકૃપાથી યોગ્ય સદ્ગુરુ મેળવીને આત્મજ્ઞાન પામે છે. (૨૬). સદ્ગુરુના ઉપદેશથી એ માયાનાં બંધનો તોડી નાંખીને જીવતેજીવ મુક્તિના સુખનો અનુભવ કરે છે.② (૨૭).

(હે કન્યા ! તેં) પ્રાણના સંબંધમાં જે વિચાર વ્યકત કર્યો તે પ્રાણ તો પ્રાણમય કોશ છે અને એ લિંગદેહનો સારરૂપ છે એમ જાણ. (૨૮). આત્મા એનાથી જુદો સચ્ચિદાનંદ સ્વરૂપ છે એમ જાણ. એટલે એ કન્યાએ કહ્યું કે હે ગુરુજી ! મને હવે ભાન થયું અને હવે મને બધી સમજ પડી. હું જે કાંઇ બોલું છું કે ચાલું છું અને બીજા જે કોઇ વ્યવહાર આ દેહના થાય છે તે બધા ઇંદ્રિયો દ્વારા થાય છે માટે એ ચોક્કસ છે કે આ ઇંદ્રિયો એ જ આત્મા છે. જે બધું ચલાવનાર છે. અથવા બધી ઇંદ્રિયોમાં એ બધાનો રાજા મન છે અને તે બધાનું નિયમન કરનારો છે માટે મન એ જ સાચે આત્મા છે અને બંધનકારક એ મુક્તિદાયક પણ એ જ છે. (૨૯-૩૨).

આ દેહમાં મન જ હંમેશાં અહંભાવ રાખનાર છે. તેમ જ ઘર, સ્ત્રી, જમીન વગેરે પર એ જ હંમેશાં મમતા પણ રાખે છે. (૩૩). મન પોતે હંમેશાં અલિપ્ત રહે છે. એ જ્યારે કોઇ કાર્યમાં તલ્લીન હોય છે ત્યારે તેની પાસે ગમે તેટલા મોટા અવાજો થાય તો પણ એને કંઇ ખબર પડતી નથી. માટે આવું નિર્વિકારી મન એ જ ખરેખર આત્મા જ છે. (૩૪-૩૫).

એનાં આવાં વચનો સાંભળીને સદ્‌ગુરુ બોલ્યા કે જો ગંગા ! એક જ રાજ્યમાં કોઇ દિવસ એકથી વધુ રાજા હોતા નથી. (૩૬). એ જ ન્યાયે ઇંદ્રિયોને આત્મા કહી શકાય નહીં. ભૌતિક જડ એ ઇંદ્રિયો આત્મા કેમ મહાન? (૩૭). આ ઇંદ્રિયો મનની વૃત્તિ વગર કામ કરતી નથી એ નિ:શંક છે. જ્યારે મન બીજે હોય ત્યારે શંખ ફૂંકવામાં આવે તો પણ એનો અવાજ કાન સાંભળતા નથી. (૩૮). એ જ વાત બધી ઇંદ્રિયોને લાગુ પડે છે. જે હંમેશાં પરાધીન હોય તેવી ઇંદ્રિયોને કેવી રીતે આત્મા કહેવાય? એ પ્રમાણે મન પણ આત્મા નથી. (૩૯).

જેમ પંચભૂતના રજોગુણમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે તેમ પંચભૂતના અન્નતત્ત્વથી સત્ત્વગુણાત્મક મન નિર્માણ થાય છે. (૪૦). સંકલ્પ-વિકલ્પ કરતું આ મન અતિશય ચંચલ છે. એને ત્રણે લોકની પ્રાપ્તિ થાય તો પણ એ ધરાતું નથી. (૪૧). જો એ મન કદાપિ દુષ્ટવાસનાવાળું થાય તો એ ભૂત-પ્રેત વગેરે યોનિમાં લઇ જાય છે. (૪૨). આત્મા સર્વવ્યાપી, નિષ્કલંક, નિર્મલ, નિત્યતૃપ્ત અને હંમેશાં સ્થિર રહે છે. જ્યારે મન તો વિકારી અને લુચ્ચું છે. (૪૩). એ તો મર્યાદાથી બંધાયેલું અને હંમેશાં ભટકતું રહે છે. એની સાબિતી કહું તે સાંભળ. મારું મન અત્યારે બીજે ઠેકાણે ગયું હતું તે પાછું અત્યારે અહીં પાછું આવી ગયું એવું બધા લોકો કહેતા હોય છે. એનાથી સાબિત થાય છે કે મન પરિચ્છિન્ન (મર્યાદિત) છે-સર્વવ્યાપક નથી. (૪૪-૪૫).

જો એ પરિચ્છિન્ન ના હોય તો એનું જવું-આવવું ખરેખર શક્ય બને જ નહીં. વળી બીજી વાત સાંભળ. (૪૬). મરણ વખતે મન જે વિષયમાં ઠરીને તદાકાર થાય તે મુજબ જે તે યોનિમાં પ્રાણી જન્મ લે છે. (૪૭). ઘડાને જાણનારો ઘડાથી અહીં જેમ જુદો હોય છે તેમ જે જે વસ્તુને જે જાણે છે તે જાણનારો એ વસ્તુથી જુદો જ હોય છે. (૪૮). એ જ ન્યાયે જે મનનું જવું અને આવવું જાણે છે તે જાણનારો મનથી જુદો છે એમ બધા હંમેશાં જાણે જ છે. (૪૯). માટે મન એ આત્મા નથી. સ્વપ્નમાં અને જાગ્રત અવસ્થામાં બધા આ વાત સ્પષ્ટરૂપે જાણે જ છે પછી તું શંકા કેમ કરે છે? (૫૦).

સ્વપ્નની અંદર ઇંદ્રિયોનો ચલન-વલનનો વ્યવહાર હોતો નથી તો પણ આત્માના સાંનિધ્યને કારણે મન સર્વ ઇંદ્રિયરૂપ બની બધા વ્યવહારો કરે છે. માટે આત્મા એ સ્વયં પ્રકાશિત છે એવો સાર તું નિશ્ચિત જાણ. (૫૧-૫૨). જડ અને પરાધીન મન શું જાણે? સૂર્ય, ચંદ્ર આદિ સ્વપ્નમાં કારણ-જ્યોતિ છે તેમ નેત્ર વગેરે અનેક કાર્યની જ્યોતિ ઇંદ્રિયો છે. તે બધાં દેહ સાથે સર્વથા કંઇ જ કરતાં નથી. તે વખતે જડ મન આત્મ ચૈતન્ય સાથે તદ્રૂપ થઇ તે તે સાક્ષીરૂપ આત્મા જોઇને હર્ષ કે શોકમાં પડે છે એમ તું માન. (૫૩-૫૫).

આ બધાનો સાક્ષીરૂપ આત્મા કેવળ એક હોય છે અને તે નિર્વિકાર, નિશ્ચલ અને હંમેશનો સચ્ચિદાનંદરૂપ હોય છે. (૫૬). બધા પ્રકાશનો એ પ્રકાશ છે અને એના પ્રકાશથી જ મન અને ઇંદ્રિયો બધું જુએ છે. તું આમાં તર્ક લડાવીશ નહીં. (૫૭). જ્યારે આ મન ચેષ્ટારહિત થઇને નિષ્ક્રિય અને સ્થિર થઇ જાય છે ત્યારે એને આત્માનું

સાચું અને શુદ્ધ જ્ઞાન થાય છે. (૫૮). આ મન પણ લિંગદેહમાં રહેલો મનોમય કોશ જ છે એમ તું નિશ્ચિત્તપણે જાણ. આત્માની ઉપાધિને લીધે નિર્મિત થયેલું એ મન જ્ઞાનેન્દ્રિય છે એમ જાણ. (૫૯). તેથી મનના આ વ્યાપાર બંધનમાં (તું) પડીશ નહીં. મનનો સંયમ કરવા છતાં પણ જો એ એકાગ્ર ન થાય તો પોતાના અધિકાર પ્રમાણે ઈશ્વરની સગુણ મૂર્તિ રાખીને એનું હંમેશાં એકભાવથી પૂજન કરવું જોઇએ. (૬૦-૬૧).

આસન ઉપર સારી રીતે સ્થિરતાપૂર્વક બેસીને પગથી માથા સુધીનું, નખશિખાંત સુમંગલકારી ધ્યાન પ્રેમપૂર્વક ધરવું. પછી એ ધ્યેય-મૂર્તિને પોતાના હૃદયકમળમાં સુસ્થિર કરીને મનને એ ધ્યાયાકારે સ્થિર કરવું. (૬૨-૬૩). જો અનુસંધાન તૂટી જાય તો ફરી ફરી પ્રયત્ન કરીને એ જ અભ્યાસમાં લગાતાર મંડ્યા રહેવું. (૬૪). એક મહિને, છ મહિને અથવા વર્ષે પણ માનો કે ખૂબ પ્રયાસ કરવા છતાં પણ જો મન સ્થિર ન થાય તો પણ ધીરજ છોડવી નહીં અને અંતરમાં કંટાળ્યા વગર સતત અભ્યાસ કરતા રહેવું. જેથી મનની ચોક્કસ સ્થિરતા થશે. આ રીતે ધ્યાનયોગથી પૂર્વજન્મમાં કરેલાં પાપનો સંચય સારી રીતે નાશ પામવાથી મનની દોડધામ એની મેળે અટકી જશે, મન સ્વાધીન થશે અને પ્રભુનું ધ્યાન સિદ્ધ થશે. (૬૫-૬૮).

શ્રીગુરુનાં એ વચનો સાંભળીને કન્યા બોલી કે આપ જે કહો છો તે બરાબર છે પરંતુ બુદ્ધિ જેવી પ્રેરણા કરે તેવી રીતે જ આ મન વર્તે છે. એટલે અહીં બુદ્ધિને આત્મા કહીએ તો એમાં કોઇ વાંધો આવશે નહીં એ શંકારહિત છે. (૬૯-૭૦). ખરેખર બુદ્ધિ સ્વતંત્ર છે અને બુદ્ધિ વગર અહીં અનુમાન વગેરે પક્ષનો કદી પણ સ્વીકાર થઇ શકતો નથી. (૭૧). બુદ્ધિ વગર જ્ઞાન શકય નથી. આ રીતે વિચાર કરતાં બધે બુદ્ધિ જ બધું કરનાર હોય તેમ જણાય છે. (૭૨). માટે એવું અનુમાન થાય કે બુદ્ધિ જ આત્મા છે. આ સાંભળીને દયાઘન શ્રીગુરુ બોલ્યા કે હે કન્યા ! તારી તર્કશકિતને ધન્ય છે. (૭૩). આમ છતાં પણ તું સાચું તત્ત્વ-સાચી વાત તો અહીં નથી જ સમજી. તું સાંભળ. પંચભૂતના સત્ત્વાંશથી બુદ્ધિની ઉત્પત્તિ થાય છે. (૭૪).

બુદ્ધિ એ અંત:કરણની એક વૃત્તિ છે અને સત્ત્વ, રજસ્ અને તમસ્ એવી એ ત્રિગુણાત્મક છે. (૭૫). બુદ્ધિ સ્વતંત્ર છે એવું જો તમે કહો તો એ સ્વતંત્ર છે એવું જોનાર કોઇ બીજી બુદ્ધિ હોવી જોઇએ. (૭૬). વિચાર કરતાં આવી બુદ્ધિ ક્યાંય જોવા મળતી નથી. વળી બુદ્ધિમાં વધઘટ પણ થાય છે તો પછી એને કેવી રીતે આત્મા કહી શકાય? (૭૭). અગ્નિના સાંનિધ્યથી જેમ લોખંડ પ્રકાશ આપે છે તેમ આત્માના સાંનિધ્યથી બુદ્ધિ પ્રકાશે છે. (૭૮). આપણે જોઇએ છીએ કે નિદ્રામાં બુદ્ધિ લીન થાય છે. તો પછી એને આત્મા કોણ કહેશે? આગિયો કદી સૂર્ય ન બની શકે. (૭૯). તે જ રીતે બુદ્ધિમાં કર્તૃત્વ પણ સાબિત થતું નથી. જો બુદ્ધિ પાપ અને પુણ્ય કરતી હોય સ્વર્ગ અને નરક વગેરે પણ એ જ ભોગવે એ જ યોગ્ય ગણાય. તો પછી જીવ શું કામ બંધાય છે? કરે કોઇ અને ભોગવે-સહન કરે કોઇ એ તો તદ્દન વિરુદ્ધ કહેવાય. (૮૦-૮૧). માટે જ્યાં સુધી અહીં આવી બદ્ધ દશા હોય છે ત્યાં સુધી જીવને આવું આધ્યાસિક (મિથ્યા આરોપણ થયેલું) કર્તૃત્વ હોય છે. આ શાસ્ત્ર અને અનુભવથી સિદ્ધ થયેલું છે. માટે આ વાતનો સારાંશ એ છે કે લિંગ દેહ-સૂક્ષ્મ શરીર-માં બુદ્ધિ એ વિજ્ઞાનમય કોશ છે. એ પણ બીજા કોશોના જેવો કોશ જ છે. એમાં કોઇ શંકા જ નથી. બૌદ્ધમતના અનુયાયીઓ એને આત્મા માને છે. (૮૨-૮૪). પણ એ એમની સાચે જ ભૂલ છે. કારણ કે બુદ્ધિ તો વિકારી છે અને નિર્વિકાર એવો આત્મા

તો સ્વયં પ્રકાશરૂપ અને ચૈતન્યની ખાણ છે. (૮૫). એ ખરેખર બુદ્ધિથી જુદો એવો અમાપ બુદ્ધિનો સાક્ષી છે. તેને આ વર્ણન ન કરી શકાય એવા તત્ત્વને તારા હૃદયમાં વિચાર કરીને જાણી લે. (૮૬).

આ સાંભળીને બન્ને હાથ જોડીને કન્યા બોલી કે હે પ્રભુ ! પહેલાં આપે એમ કહ્યું હતું કે અહંકારનો લય થાય તે સ્થિતિને નિદ્રા કહેવામાં આવે છે અને હવે એનાથી ઊલટું કહો છો કે બુદ્ધિ લીન થતાં અહીં નિશ્ચિતરૂપથી નિદ્રા સ્થિતિ આવે છે. (૮૭-૮૮). હે પ્રભુ ! મને શંકા થાય છે કે આ બેમાં સાચું શું? શ્રીગુરુ બોલ્યા કે તું સાવધાનીપૂર્વક જે યોગ્ય છે તે સાંભળ. (૮૯).

કોઇ અંત:કરણના ચાર પ્રકાર કહે છે જ્યારે કોઇ એના બે પ્રકાર માને છે. એ લોકો ચિત્તનો મનમાં અને બુદ્ધિનો અહંકારમાં સમાવેશ કરીને અંત:કરણના બે પ્રકાર છે એમ કહે છે. (૯૦-૯૧). જે સમયે બુદ્ધિ અને અહંકારનો લય થાય છે તે જ નિદ્રાવસ્થા છે અને એ આનંદમય કોશ છે. (૯૨). ચાર્વાકો દેહને જ અહં ભાવપૂર્વક આત્મા માનીને નિ:શંક નિરર્થક કાદવ જ ચૂંથે છે. (૯૩). બુદ્ધિશાળી માનવી એ અસત્યને જાણે છે. મીમાંસક પણ જીવને જ આત્મા માનીને ચિદાભાસમાં અહંપણું રાખીને પોતાનો સિદ્ધાંત સ્થાપે છે. પરંતુ એને પણ તું ગૌણ જાણ. વેદાંતનું કથન સત્ય કરે છે. (૯૪-૯૫).

કર્તૃત્વ (કર્તાપણાનો ભાવ) અને ભોકતૃત્વ (ભોકતાપણાનો ભાવ) વિનાનો, જવા-આવવાના લક્ષણ વિનાનો એ અહં-બ્રહ્મ લક્ષ્યાર્થ છે તે પ્રત્યગાત્મા અભિન્ન છે. (૯૬). અહંકાર લક્ષ્યાર્થ જે નિર્વિકાર, કૂટસ્થ, શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય બ્રહ્મ છે. તે નિત્ય અને બધામાં રહેલો છે. (૯૭). સમાન આશ્રયથી એ બન્નેનું ઐકય કરીને એવા અહંકારના લક્ષ્યાર્થને આત્મા કહેવામાં આવે છે. (૯૮). અહંકારનો વાચ્યાર્થ તો કેવળ જડ અને પરતંત્ર છે અને બુદ્ધિની જેમ દેખાય છે અને નાશ પામે છે. એ જીવને આલોકમાં ને પરલોકમાં બાંધે છે. (૯૯). એ (વાચ્યાર્થ) અહંકારનો જ્યાં સુધી નાશ ન થાય ત્યાં સુધી, કલ્પ સુધીયે બ્રહ્માજી પાસે રહે તો પણ પ્રાણી જન્મમરણના બંધનમાંથી છૂટતો નથી. આ સાંભળીને કન્યા માથું નમાવી બોલી કે હે ગુરુશ્રેષ્ઠ ! આ તો દેહથી માંડીને અહંકાર સુધી વિચારતાં કોઇને પણ આત્મા કહેવાય એવું નથી. (૧૦૦-૧૦૨). અહંકારની આગળ પછી તો કશું જ રહેતું નથી તો હે ગુરુ ! શું શૂન્યને જ આત્મા ગણાવો? (૧૦૩).

આ વચન સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે શૂન્ય એ આત્મા નથી. એ તો સર્વનો સાક્ષી છે અને એ ચોક્કસ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. (૧૦૪).

કન્યા બોલી કે હે ગુરુ ! જાગ્રત વગેરે અવસ્થામાં અહીં જે વ્યવહારો થાય છે તે બધા વ્યવહારો ગાઢ નિદ્રામાં લીન થઇ જાય છે અને એ બધું લીન થઇ જતાં પરમાનંદ રહે છે. તો પછી એ આનંદરૂપી શૂન્યને આત્મા કેમ ન કહેવાય? (૧૦૫-૧૦૬).

શ્રીગુરુ બોલ્યા કે તને ધન્ય છે. છતાં તું સાચી વાત સાંભળ. બુદ્ધિમાં ચૈતન્યનું જે પ્રતિબિંબ પડે છે તેને જ તું જીવ જાણ. આ જીવ એ બુદ્ધિયોગે કરીને સ્થૂળ દેહથી તાદાત્મ્યતા અનુભવે છે. (૧૦૭-૧૦૮). જાગ્રતાવસ્થામાં રહીને જ્યારે જીવ સ્થૂળ ભોગનો અનુભવ કરે છે ત્યારે એ 'વિશ્વ' નામથી ઓળખાય છે. (૧૦૯). એ જીવ જ્યારે સૂક્ષ્મ દેહ સાથે તાદાત્મ્યતા અનુભવીને સૂક્ષ્મ ભોગોમાં રમે છે ત્યારે તે 'તેજસ' નામે ઓળખાય છે. એ અવસ્થાને

જ અહીં સ્વપ્ન અવસ્થા કહેવામાં આવે છે. એ જ જીવ જયારે હૃદયમાં પૂરિત નાડીમાં મન, બુદ્ધિ વગેરે સર્વેને પ્રાણમાં લીન કરી દે છે ત્યારે 'પ્રાજ્ઞ' નામથી એ સુખમય પરમાનંદ ભોગવે છે. (૧૧૦-૧૧૨). એને બધા નિદ્રાવસ્થા કહે છે એને જ બીજે આનંદમય કોશ કહેવામાં આવે છે.③ (૧૧૩). નિદ્રાવસ્થામાં જીવ હૃદયમાં પૂરિત નાડીમાં પરમાનંદમાં રહે છે પરંતુ બ્રહ્મમાં ભળી જતો નથી- સમરસ થતો નથી. (૧૧૪). પાણીની અંદર પાણીનાં ટીપાં પડીને એકરૂપ થઇ જાય તે રીતે આ જીવ બ્રહ્મમાં તદ્રૂપ નથી થઇ જતો. (૧૧૫). જેમ એક ઘડામાં જળ ભરીને પછી એનું મોઢું છેક જ બંધ કરી દઇને મહાસાગરમાં નાખીને ડૂબાડી દેવામાં આવે તો પણ એ ઘડાનું પાણી મહાસાગરના પાણી સાથે સમરસ થતું નથી તેમ આ જીવ સુષુપ્તિમાં અનિર્વાચ્ય અજ્ઞાનથી વીંટળાયેલો હોવાથી પરમાનંદમાં ડૂબી જતો હોવા છતાં પણ તે સમરસ મુકત થતો નથી. (૧૧૬-૧૧૮). પછી એ પાછો પ્રારબ્ધ ભોગવવા માટે એ ક્ષણમાં જાગ્રત થતાં જ પૂર્વનાં કર્મોને યાદ કરીને એ તે મુજબ કાર્યો કરવાની ઇચ્છા કરે છે અને બંધનમાં પડે છે. જ્યાં સુધી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી એ ઉપાધિભૂત અજ્ઞાન નાશ પામતું નથી અને ત્યાં સુધી એ જીવ બ્રહ્મમાં ભળી જતો નથી. (૧૧૯-૧૨૧).

આ બધાંથી જુદું જે શૂન્યની તું વાત કરે છે તેને પણ જે જાણે છે તે આત્મા એનાથી જુદો છે. (૧૨૨). તું જરા વિચાર કરીને કહેજે કે આ બધાનો જાણનાર ખરેખર જે આત્મા છે એને કોણ શૂન્ય કહેશે? (૧૨૩). એ બધાનો સાક્ષી અને બધું જાણનાર છે. જો ત્યાં કાંઇ હોય જ નહીં તો તું મને કહે કે આ બધું કોણ જાણે? શરીર વિનાનો આ આત્મા એ (જાણે) છે. (૧૨૪). એ સાક્ષીરૂપ ચૈતન્ય છે અને તે શૂન્યને જાણે છે. પછી તમે એને આત્મા કહો કે કોઇ બીજું કોઇ સારું નામ ભલે પાડો. (૧૨૫).

આ સાંભળીને કન્યા બોલી કે હે ગુરુરાય ! ગાઢ નિદ્રામાં અહીં સાક્ષીરૂપે કોણ વસે છે તે મને કહો. (૧૨૬). એ ત્યાં કેવી રીતે રહે છે અને જાગ્રત થતાં એને કેવી રીતે ઓળખવો તે કહીને મારી શંકા દૂર કરો. (૧૨૭).

શ્રીગુરુ બોલ્યા કે હે કન્યા ! તું સાંભળ. જયારે અહીં ગ્રહણ થાય છે ત્યારે સૂર્ય-ચંદ્રમંડળ સ્પષ્ટ રૂપથી દેખાતાં નથી. આમ છતાં એ મંડળ નથી એવું કોણ કહેશે? અને એ નથી એવું બનતું પણ નથી. એ જ રીતે આ જીવ સુષુપ્તિ અવસ્થામાં સાક્ષી થઇને રહે છે. ઊંઘમાંથી જાગતાંની સાથે એ બધાને પોતાના મસ્ત સ્વાનુભવની વાત કરતાં કહે છે કે હું આટલો વખત ત્રાસ વગર સુખપૂર્વક સ્વસ્થતાથી સૂતો હતો. મને કંઇ પણ ખબર પડી નહીં. આ વાતને વારે વારે યાદ કરીને એ કહેતો ફરે છે. અનુભવ વગર આવું બનવું શકય નથી અને આ જ શૂન્યનો કોઇ સાક્ષી છે તેની ચોક્કસ સાબિતી છે. જીવ એ બ્રહ્મથી જુદો નથી. એ શાસ્ત્ર અને અનુભવનું પ્રમાણ છે. (૧૨૮-૧૩૨). આમ છતાં એ દેહ વગેરેમાં જ્યાં સુધી અહંભાવથી વ્યવહાર કરે છે ત્યાં સુધી એ જીવ જ છે. (૧૩૩). આ જીવ સચ્ચિદાનંદ સ્વરૂપ હોવા છતાં અભિમાનથી ગ્રસ્ત થઇને માયા વડે મોહ પામીને વિષયોના ભોગ માટે દુ:ખી થાય છે. (૧૩૪). સુખ માટેનો સાચો રસ્તો છોડીને એ બહાર ભટકયા કરે છે અને પ્રિય સંબંધો બાંધીને દુ:ખી થાય છે. (૧૩૫). પોતે આનંદસ્વરૂપ હોવા છતાં એ ન જાણીને એ સુખને માટે દેહ, બુદ્ધિ, મન અને શૂન્યને આત્મા માનીને બહાર ખોટાં તરફડિયાં મારે છે અને હવામાં બાચકાં ભરીને આખરે ખુવાર થાય છે. (૧૩૬-૧૩૭). શૂન્યનો સાક્ષી એવો આ આત્મા ખરેખર ધર્મ-અધર્મથી પર છે અને હંમેશ માટે કાર્ય-કારણભાવથી મુકત છે. (૧૩૮).

એ છ વિકારોથી રહિત છે અને એ સનાતન છે. સ્થળ (દેશ), સમય (કાળ) અને વસ્તુથી અમર્યાદિત છે. એ શુદ્ધ, બુદ્ધ, મુકત અને નિત્ય રહેવાવાળો (સત્ય) છે. એ પરમાનંદરૂપ અને અદ્વૈત એવો વેદ દ્વારા ગવાયેલો અને ચૈતન્યની ખાણ છે.④ (૧૩૯-૧૪૦).

આવા એ આત્માને જાણવાનું એકદમ સીધું અને સરળ નથી. તો પણ જાગ્રત અવસ્થામાં એને જાણવાનું અશકય પણ નથી.⑤ (૧૪૧).

બધા સંકલ્પોને દૂર કરીને હું આત્માસ્વરૂપ જ છું એવો નિશ્ચય કરીને એનું ધ્યાન ધરતાં તદ્રૂપ- તે સ્વરૂપ- થઇ જવાય છે. (૧૪૨). જેમ પવનને લીધે પાણીમાં અનેક મોજાંઓ ઉત્પન્ન થાય છે તો પણ એ મોજાં પાણીથી જુદાં નથી એમ વિચાર. (૧૪૩). પવન બંધ થઇ જતાં બધાં મોજાં શમી જાય છે અને એ પાણીથી ભિન્ન સ્વરૂપે દેખાતાં નથી અને એ જળરૂપ થઇ જાય છે. (૧૪૪). એ જ રીતે આ ભૂત- ભૌતિક બધું નામ, રૂપ અને ગુણના ભેદે કરીને અનેક પ્રકારનું જણાય છે પરંતુ એમાં રહેલો આત્મા તો એક અને અભેદ છે. (૧૪૫).

હે કન્યા ! એ બધું જ સચ્ચિદાનંદ સ્વરૂપ છે એમ જાણીને એનાં નામ રૂપનો ત્યાગ કરીને બધે જ આ સચ્ચિદાનંદ સ્વરૂપનાં દર્શન કરવાં જેથી કોઇનું કોઇ પ્રિય કે અપ્રિય છે જ નહીં. (૧૪૬-૧૪૭). પછી કોઇ સાધુ કે દુષ્ટ, મિત્ર કે દુશ્મન રહેતું નથી અને યોગ-વિયોગ વગેરે ભેદો પણ જણાતા નથી. (૧૪૮).

આ સાંભળીને એ કન્યા હાથ જોડીને બોલી કે હે પ્રભુ ! આપ બધું જ બરાબર કહો છો. તો પણ આ જગતમાં સગી આંખે આ અનેક અને વિવિધ રૂપો ભિન્ન સ્વરૂપે દેખાય છે પછી હે સ્વામી ! આ બધું એક જ છે એમ કેવી રીતે કહી શકાય? (૧૪૯-૧૫૦).

આ પ્રશ્ન સાંભળીને જે દીનદયાળુ શ્રીગુરુએ પોતાની પત્નીને કહ્યું તે જે (દ્વિજ) બોલ્યા તેનું અનુસંધાન હવે પછીના અધ્યાયમાં આવશે. (૧૫૧).

અલખ નિરંજનને કહે છે કે આ અમૃત સમાન જે જળ વરસી રહ્યું છે તેને કોઇ શ્રદ્ધાસહિતના રંગવાળો ધીરજવાન ચાતક જ પીએ છે. (૧૫૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ગુરુદ્વિજકન્યા સંવાદકથન'** નામનો **એકસો એકવીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૨૧

(૧) જન્મમરણના ચક્કરમાંથી છૂટવાનો ઉપાય દોહરા ૨૩-૨૪માં બતાવ્યો છે. ફળની આકાંક્ષા છોડીને માણસે ઈશ્વર પ્રીત્યર્થે સત્કર્મો કરવાં. આવા નિષ્કામ ભાવથી કરેલાં કર્મો બંધનરૂપ નીવડતાં નથી. આવાં નિષ્કામ કર્મો દ્વારા મળનો નાશ થાય છે અને ચિત્તશુદ્ધિ થાય છે. આવાં શુદ્ધ-ચિત્ત થયેલા માણસની બુદ્ધિમાં શુદ્ધ પ્રકાશ પડે છે. એનાથી એને સાચું જ્ઞાન થાય છે અને તરત જ મુકિતને- મોક્ષપદને- પામે છે. જ્ઞાન વિના મુકિત નથી. અહીં યાદ રાખવાનું કે જ્ઞાન એ મુકિતનું સાધન છે. માટે જ્ઞાન એટલે મુકિત નહીં પણ જ્ઞાન દ્વારા મુકિત મેળવવાની છે. પૂ.શ્રીના ભજનની એક પંકિત છે :

'જેને જ્ઞાન નિરામય બૂટી જડી, તેને પરમારથની સૂઝ પડી.' (અવધૂતી આનંદ/ભજન- ૬૫)

(૨) દોહરા ૨૫ થી ૨૭ ઘણી મૂંઝવણનો ઉકેલ બતાવે છે. જુદી જુદી વ્યકિતના જુદા જુદા સ્વભાવ અને જુદાં જુદાં વર્તનથી ઘણા મૂંઝાય છે. બધા સંતો સરળ સ્વભાવના અને પ્રેમાળ નથી થઇ શકતા. ઘણી વ્યકિત એવી હોય છે કે આ જન્મે એણે કઠણ સાધના કરી હોય એવું જણાતું ન હોય પરંતુ એ પરમપદને પામી ગઇ હોય છે. એ સ્થિતિને સમજાવતા આ દોહરા છે.

જેણે ગયા જન્મે સત્કર્મોનું આચરણ કર્યું હોય એવા યોગભ્રષ્ટ આત્મા આ જન્મે પ્રયત્ન કર્યા વગર નિત્યાનિત્યનો વિવેક બતાવી શકતા હોય છે. આ વિવેકમાંથી પ્રગટતા વિવેકયુકત વૈરાગ્યને લીધે ઇશ્વરની કૃપા થતાં તે યોગ્ય સદ્‌ગુરુ મેળવે છે અને સદ્‌ગુરુ દ્વારા આત્મજ્ઞાન મેળવે છે. સદ્‌ગુરુના ઉપદેશથી માયાનાં બંધનો તોડીને એ જીવતાં જીવતાં જ મુકિતના સુખનો અનુભવ કરે છે.

આમ જ્ઞાન વિના મુકિત નથી, સદ્‌ગુરુ વિના જ્ઞાન મળી શકતું નથી, ઇશકૃપા વિના સાચા સદ્‌ગુરુ મળતા નથી અને પોતાનાં સત્કર્મો વિના ઇશકૃપા થતી નથી. આમ આત્મકૃપા, ઇશ્વરકૃપા અને ગુરુકૃપા ત્રણેનો સંગમ થવો જોઇએ. આને માટે બ્રહ્મચારી જ રહેવું જોઇએ કે સંન્યસ્ત જ લેવો જોઇએ એવો કોઇ ઉલ્લેખ નથી- ગૃહસ્થી જીવન જીવનાર પણ આ મુકિત સુખનો અનુભવ કરી શકે. સ્વામી પ્રકાશાનંદજીના ગુરુ શ્રીલલ્લુભાઇ ગોરધનદાસ એ ગોધરામાં ડેપ્યુટી કલેકટર હતા અને ગૃહસ્થી હતા.

(૩) વિવિધ અવસ્થાનાં વિવિધ તત્ત્વો :

ક્રમ	અવસ્થા	જાગ્રત (સ્થૂળ દેહ)	સ્વપ્ન (સૂક્ષ્મ દેહ)	સુષુપ્તિ (નિદ્રા કારણ દેહ)
૧	સ્થાન	આંખ	કંઠ	હૃદય
૨	વાચા	વૈખરી	મધ્યમા	પશ્યંતી
૩	ભોગ	સ્થૂળ	પ્રવિવિકત	આનંદ
૪	શકિત	ક્રિયા	જ્ઞાન	દ્રવ્ય
૫	ગુણ	રજોગુણ	સત્ત્વગુણ	તમોગુણ
૬	માત્રા	અ કાર	ઉ કાર	મ કાર
૭	અભિમાન	વિશ્વ	તેજસ	પ્રાજ્ઞ
૮	કોશ	અન્નમય કોશ	પ્રાણમય કોશ મનોમય કોશ વિજ્ઞાનમય કોશ	આનંદમય કોશ
૯	દેહ	સ્થૂળ દેહ	સૂક્ષ્મ દેહ	કારણ દેહ

(૪) દેહના છ વિકારો :

૧. જન્મે છે (જાયતે) ૨. છે, રહે છે (અસ્તિ) ૩. વધે છે (વર્ધતે) ૪. જુવાન થાય છે (વિપરિણમતે) ૫. વૃદ્ધ થાય છે (અપક્ષીયતે) ૬. મૃત્યુ પામે છે (વિનશ્યતિ).

(૫) આત્માને જાણી શકાય છે પણ એ જાણવા માટે લોહીનું પાણી કરવું પડે છે. એ રમત રમતમાં સહજતાથી પ્રાપ્ત થનારી વસ્તુ નથી. શ્રુતિ કહે છે : નાયમાત્મા બલહીનેન લભ્ય: | બળ વગરના- શકિત વિનાનાને આત્મજ્ઞાન થતું નથી. (મુંડ કોપનિષદ) પણ આવું જ્ઞાન થાય જ નહિ એવું નથી. ચાર પુરુષાર્થો પૈકીનો મોક્ષ એ છેલ્લો પુરુષાર્થ છે. ટૂંકમાં એ અશક્ય નથી પણ મેળવવું અઘરું છે. આવું જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય એનો ઉપાય શ્રીગુરુલીલામૃતમાં અનેક ઠેકાણે દર્શાવાયો છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે વૃત્તિ પણ જોઇએ અને શકિત પણ જોઇએ.

●

અધ્યાય : ૧૨૨

આ અધ્યાયનું નામ **'પત્ન્યુદ્ધરણ'** છે. આ અધ્યાયમાં **૧૪૮** દોહરા છે.

અલખે બુદ્ધિશાળી નિરંજનને કહેવા માંડ્યું કે હે નિરંજન ! કન્યાનો પ્રશ્ન સાંભળીને એનો જવાબ આપતાં શ્રીગુરુ બોલ્યા કે વરસાદના 'કરા' (બરફસ્વરૂપે) જ્યારે જળમાં પડે છે ત્યારે એ જળથી જુદા જણાય છે. પણ અનુભવી એના જળ સ્વરૂપને જાણે છે. એ જ રીતે આ જગતની વસ્તુનો સ્થૂલ નાશ નથી કરવાનો પરંતુ મનથી સાચી વસ્તુ સમજવાની છે. (૧-૧૦).

કન્યાએ કહ્યું કે પણ આ માનવા મન તૈયાર થતું નથી. એટલે શ્રીગુરુએ મન એકાગ્ર કરવા ધ્યાન કરવાનું કહ્યું ત્યારે કન્યાએ કહ્યું કે હે ગુરુ ! મન એકાગ્ર થતું જ નથી. સાંસારિક વિઘ્નોને લીધે મન વિષયોમાંથી ઝટ ખસતું નથી. એટલે શ્રીગુરુએ શાસ્ત્રનું સાચા અર્થમાં શ્રવણ કોને કહેવાય તે સમજાવ્યું. પછી તેનું મનન અને નિદિધ્યાસન થવું જોઇએ. આને માટે શ્રીગુરુએ દેહરૂપી દેવાલયમાં રહેલા આત્મરૂપ શિવનું અહિંસા વગેરે પુષ્પથી કેવી રીતે પૂજન કરવું તે ગંગાને કહ્યું. એ પ્રમાણે વર્તીને છેવટે ગંગા વિદેહમુક્તિને પામી. આ ગંગાને અને એના માતા-પિતાને ધન્ય છે. (૧૧-૮૮).

શ્રીગુરુએ અન્નપૂર્ણા સતીને દેહાભિમાન છોડીને ઉપદેશનો વિચાર કરી તે પ્રમાણે વર્તવા જણાવ્યું. એનાથી પરમાનંદની પ્રાપ્તિ થશે એમ પણ કહ્યું. અન્નપૂર્ણા સતીની વિનંતીથી શ્રીગુરુએ કૃપા કરી, તેથી સતીએ બ્રહ્માકારવૃત્તિ કરીને સતીએ પરમાનંદનો અનુભવ કર્યો. (૮૯-૧૦૪). અન્નપૂર્ણા સતીની આવી ઉત્તમ સ્થિતિ જોઇને શ્રીગુરુએ કહ્યું કે હવે તું અને હું જુદાં નથી છતાં પણ સાગર મહત્ત્વ હોવા છતાં જેમ મર્યાદા છોડતો નથી તેમ આપણે પણ મર્યાદા પાળીને જ જીવવું. (૧૦૫-૧૧૫). ગોવિંદ યતિવરની વિનંતીથી એમને ઉપનિષદનું શ્રવણ કરાવ્યું અને ગોવિંદ યતિએ શ્રીગુરુને એ રહસ્ય સમજાવ્યું. પછી ગોવિંદ યતિવર બ્રહ્મલીન થયા. (૧૧૬-૧૨૨).

ઉત્તરાખંડની યાત્રાનો દત્ત દૃષ્ટાંત (આદેશ) થતાં શ્રીગુરુ કોલ્હાપુર, પંઢરપુર, બારસીક્ષેત્ર, પરળી-વૈજનાથ થઇને ગંગાખેડમાં આવ્યા. થોડો સમય પત્ની સાથે રહીને શ્રીગુરુએ સંન્યાસ લીધો. (૧૨૩-૧૪૮).

અલખ બોલ્યા કે સદ્‌બુદ્ધિવાળા નિરંજન ! કન્યાનો પ્રશ્ન સાંભળીને પ્રત્યુત્તરરૂપે શ્રીગુરુ બોલ્યા કે હે સદ્‌ગુણના ભંડાર સમી કન્યા ! તું સાંભળ. (૧). વરસાદના જે 'કરા' પડે છે તે જળસ્વરૂપ છે. પથ્થર સમા કઠણ હોય છે. પાણીમાં પડતાં તે એ જળથી જુદા હોય એમ જણાય છે. આમ છતાં તે જળમય છે એવું મોટા માણસો સમજે છે પણ બાળક છેતરાય છે. (૨-૩). થોડા જ સમયમાં એ કરા ઓગળીને પાણીરૂપ થઇ જતાં, આ પથ્થર છે એવી બાળકની ભ્રાંતિ પણ દૂર થાય છે. (૪). એ જ રીતે નામ અને રૂપવાળું આ જે જગત દેખાય છે તેને વિવેક દૃષ્ટિથી જોઇને તે ભેદ દૂર થતાં એ બધું બ્રહ્મમય જ જણાય છે. (૫).

અહીં તું ઊંધું ના સમજીશ. માટીમાંથી નામ અને રૂપ ધરી બનેલા ઘડાને ફોડી નાંખવાથી તેનું નામોનિશાન રહેતું નથી. એવી રીતે જેમ આ જગતનો સમૂળગો નાશ કરવાનું શક્ય નથી તેમ હાથથી થએલું સર્જન મનથી નાશ પામતું નથી. એ જ રીતે મન દ્વારા થયું હોય તેનો હાથથી નાશ થતો નથી. આમ નામરૂપવાળી સમગ્ર સૃષ્ટિનો આ રીતે નાશ થઇ શકતો નથી. (૬-૮). બ્રહ્માકાર સ્થિતિ થવાથી વ્યક્તિની જોવાની સમજ જ- દૃષ્ટિ જ બદલાઇ જાય છે. જે જે જુએ તે બધું જ સુંદર બ્રહ્મમય જ દેખાય. (૯). ઘડાને ફોડ્યા વગર જેમ એમાં રહેલી માટીનું દર્શન થાય છે તેમ નામરૂપના મૂળમાં રહેલા નિરાકાર બ્રહ્મ જણાય છે.① (૧૦).

કન્યા બોલી કે હે ગુરુ ! પરંતુ આવી પાકી ખાતરી થતી નથી. એટલે શ્રીગુરુએ કહ્યું કે જો મનની શંકા દૂર ન થતી હોય તો સ્થિર-એકાગ્ર-મનથી વિચાર કરશે તો આ શંકા દૂર થશે. એટલે કન્યાએ કહ્યું કે હે ગુરુ ! હું શું કરું? હું થાકી મરી તો પણ આ મન એકાગ્ર થતું જ નથી. એટલે શ્રીગુરુએ કહ્યું કે તું ઉત્સાહ અને ચીવટાઇથી રાત દિવસ ધ્યાન કર એટલે તારું કાર્ય સફળ થશે. (૧૧-૧૩). કન્યા બોલી કે હે ગુરુ ! અમારો સમય નકામી વાતો કરવામાં વીતી જાય છે પણ અરેરે ! અમને ધ્યાન ધરવા માટે સમય મળતો નથી. (૧૪). જ્યાં વૃત્તિને બ્રહ્માકાર કરવા જઇએ ત્યાં જ, ઓચિંતું જ વિઘ્ન આવીને ઊભું રહે. (૧૫). મહેનત કરવા છતાં પણ મન વિષયોમાં જ દોડવા લાગે. એટલે કષ્ટ વેઠવા છતાં પૂરેપૂરું ફળ તો ભલે ના મળે પરંતુ થોડું સરખું પરિણામ પણ દેખાતું નથી. (૧૬).

શ્રીગુરુએ કહ્યું કે હે બહેન ! તારા પર ભગવાનની કૃપા હોય એમ જણાતું નથી. ભગવાનની દયા વગર શાસ્ત્રના શ્રવણનો કોઇ અર્થ નથી. (૧૭). જેમ સોની ભૂંગળીમાં પવન ફૂંકે છે ત્યારે એ પવન બીજે છેડેથી નીકળી જાય છે તેમ શ્રવણનું સર્વથા બને છે. (૧૮). જો કદાચિત્ એકદમ થોડું પણ મનમાં ઊતરે તો પછી કાગડાની જેમ 'કા-કા' કરતો જગતમાં ભટકવા માંડે છે. (૧૯). એવા શાબ્દિક જ્ઞાનથી કર્મ સિદ્ધ થતું નથી. જન્મમરણનો ફેરો ટળતો નથી. એનાથી ઊલટાનો અહંકાર વધે છે. (૨૦).

આ સાંભળીને પ્રાર્થના કરતાં કન્યાએ કહ્યું કે હે ગુરુરાય ! આવું શ્રવણ સર્વથા કરવું કે ના કરવું તેમાંથી એક નિશ્ચિત મને કહો. (૨૧).

શ્રીગુરુ બોલ્યા કે હે કન્યા ! મેં તો બધું બહુ સાંભળ્યું છે એવું લોકોમાં કહેવડાવવા માટે કોઇ દિવસ શ્રવણ કરવું નહીં. (૨૨). તમે લોકો તો એવું માનો છો કે આ બધી કથા સાંભળીને પછી પુરાણીને દક્ષિણા આપી. એટલે આપણો મોક્ષ થઇ ગયો. (૨૩). રોકથી છીંકણી સૂંઘતાં સૂંઘતાં, ઘરમાં છોકરાંને રડતાં-પડતાં મૂકીને કથામાં આમ તેમ પટપટ નાહકના શું કામ દોડો છો? (૨૪). આ રીતે કથા સાંભળીને કદાચ તમારા કાન ભલે બહેરા થઇ જાય તો પણ એનાથી કોઇને બ્રહ્મજ્ઞાન થતું નથી. (૨૫). એનાથી તો માણસ વધારે દેખાડો-દંભ-કરતો થાય છે અને ઊલટાનો વધુ અભિમાની બનીને મરે છે. આ સાંભળીને કન્યા બોલી કે હે ગુરુ ! તમે આમ મશ્કરી કેમ કરો છો? (૨૬). એટલે શ્રીગુરુ બોલ્યા કે હું તો પોતે જ મસ્કરી-દંડી સંન્યાસી-છું પછી કેમ મશ્કરી ના કરું? મારું તો કામ જ એ છે. (૨૭). આમ છતાં હે કન્યા ! હું તને કહું છું તે તું સાંભળ. તું આ સાચી વાત અંતરમાં સમજી લે કે એક જ મનથી બે કામ એક સાથે થતાં નથી. (૨૮).

જો સૌથી પહેલું તો એ કે કોઇને શાસ્ત્ર શ્રવણ કરવાનો સમય જ મળતો નથી. એટલે ભૂલેચૂકે એવો સમય ભગવદ્કૃપાથી મળી જાય તો એ સમયને નકામો જવા દેવો નહીં. (૨૯). આપણા આત્માનું સુખ શ્રવણ વગર તો કેવી રીતે પ્રાપ્ત થાય? માટે નિયમપૂર્વક અને ભાવપૂર્વક શ્રવણ કરવું. (૩૦). આ જે કાંઇ સાંભળ્યું તેનું મનન કરીને જે કોઇ એ પ્રમાણે વર્તે છે તેને સ્વાત્માની પ્રાપ્તિમાં નિ:સંદેહ બહુ સમય લાગતો નથી. (૩૧). સાંભળ્યું હોય તે પ્રમાણે જો વર્તીએ નહીં તો એવું સાંભળવું નકામું છે. સાચે જ આ રીતનું સાંભળવાથી તો લાભ થવાને બદલે ઊલટાનું હંમેશાં નુકસાન જ થાય છે. (૩૨).

કન્યા બોલી કે હે ગુરુજી ! જે કાંઇ થોડું ઘણું સાંભળીએ તેનું પછી મનન થાય અને પછી તે પ્રમાણે જેનાથી અહીં ધ્યાન પણ થાય અને જેનાથી ભગવાનની કૃપા પણ થાય એવું કોઇ સાધન મને કહો. (૩૩-૩૪).

આ સાંભળીને શ્રીગુરુજી બોલ્યા કે જો ગંગા ! એક વાત સાંભળ. આ બધાંને- પ્રાણીમાત્રને- પોતાનો જે દેહ છે તે જ સૌથી વધારે વહાલો છે. માટે પોતાને જેમ સુખ અને દુ:ખ થાય છે તે જ રીતે બીજાને પણ સુખ દુ:ખ થાય, એવું હંમેશાં માનીને, પોતાના દેહને દેવમંદિર સમજીને એમાં રહેતા જીવને શુદ્ધ સ્વરૂપ સ્વયંપ્રકાશી શિવ અંતરમાં વસે છે એમ નિશ્ચયપૂર્વક માનીને એને **सोहं** ભાવથી પૂજવો અને ત્યાં (આ પૂજામાં) અહિંસારૂપી પુષ્પ (લેવું).② (૩૫-૩૮).

હિંસા શબ્દનો અર્થ કેવળ કોઇના પ્રાણ હરી લેવા એટલો જ નથી કરવાનો. કોઇનું મન દુખવવું એ પણ હિંસા જ કહેવાય. (૩૯). માટે કોઇનું પણ ક્યારેય મન દુ:ખવવું નહીં. વળી કાયા, વાણી અને મનથી જે જે કાર્યો થયાં હોય તે બધાં જ કાર્યો ભાવપૂર્વક ઇશ્વરને સમર્પિત કરવાં અને નિર્મળ બુદ્ધિ રાખીને સરળતાથી વર્તવું. (૪૦-૪૧). કયારેય પણ જૂઠું બોલવું નહીં. ક્રોધરૂપ ચાંડાળનો કદી સ્પર્શ કરવો નહીં (એટલે કે કદી પણ ક્રોધ કરવો નહીં). જો એનો સ્પર્શ થઇ જાય તો તરત જ વસ્ત્રસહિત સ્નાન કરી લેવું. કોઇ આપણી નિંદા કરે તો પણ મનની શાંતિ ગુમાવવી નહીં અને આપણે કડવું બોલવું નહીં. (૪૨-૪૩). ઇંદ્રિયોને બહેકવા દેવી નહીં પરંતુ સ્વાધીન રાખવી. બધા સાથે મીઠી વાણીમાં બોલવું અને કયારેય પણ સત્યનો ત્યાગ ન કરવો. (૪૪). ખરાબ કર્મો કરવા માટે ક્યારે પણ તૈયાર થવું નહીં અને સ્વજનનો વિયોગ થાય તો મનમાં દુ:ખ કરવું નહીં. (૪૫).

અહંકારનો ત્યાગ કરવો અને બહાર અને અંદરથી પવિત્ર રહેવું. હંમેશાં સત્સંગ કરવો અને હંમેશાં સંતોષ રાખવો. (૪૬). નિયમપૂર્વક અને પ્રેમપૂર્વક શાસ્ત્રોનું શ્રવણ કરવું અને એ પ્રમાણે વૃત્તિ કરવાથી ભગવાન શંકરની ચોક્કસ કૃપા થાય જ છે. (૪૭).

કન્યા બોલી કે હે શ્રીગુરુ ! સામ્બ સદાશિવને સોહંભાવે પૂજવા એટલે કેવી રીતે પૂજવા તે કહો. (૪૮).

આ સાંભળીને શ્રીગુરુએ કહ્યું કે હું તને પૂજાનો પ્રકાર કહું છું તે તું સાંભળ.

सः એટલે જે દૂર છે, આંખથી પર (પરોક્ષ) છે તે પરબ્રહ્મ અને अहं શબ્દથી હું જે અપરોક્ષ-પ્રત્યક્ષ છું તે- એમ ચોક્કસ સમજવું. सः શબ્દથી શિવ અને अहं શબ્દથી જીવ જાણવો. (૪૯-૫૦). આમ સોહં શબ્દમાં (सः અને अहं એવાં) બે પદ નિશ્ચિતરૂપથી આવેલા છે. આ બંને શબ્દના બબ્બે અર્થ છે તે તું સાવધાનીપૂર્વક સાંભળ. (૫૧). આ બે અર્થમાં એક વાચ્યાર્થ છે અને બીજો લક્ષ્યાર્થ છે એમ જાણ. હું તને પહેલા अहं શબ્દના

બંને અર્થો કહું તે તું સાંભળ. (૫૨). પહેલું આ સ્થૂળ શરીર, બીજું સૂક્ષ્મ શરીર અને ત્રીજું જડ એવું, અજ્ઞાનરૂપ એવું અસ્થિર કારણ શરીર. એ ત્રણે શરીરથી વીંટળાયેલું ચૈતન્યનું જે પ્રતિબિંબ જણાય છે તેને બધા લોકો જીવ તરીકે ઓળખે છે. अहं શબ્દનો આ વાચ્યાર્થ છે. પરંતુ જે કૂટસ્થ સાક્ષી રહેલો છે તે अहं શબ્દનો લક્ષ્યાર્થ છે. એને તું યોગ્ય રીતે ઓળખ. (૫૩-૫૫).

હવે હું તને सः શબ્દના બંને અર્થ કહું છું તે તું સાવધાનીથી સાંભળ. બ્રહ્માંડનાં પણ ત્રણ શરીર છે. એમાં પ્રથમ **વિરાટ** શરીર એ સ્થૂળ શરીર છે. બીજું શરીર છે, હિરણ્યગર્ભ જે સૂક્ષ્મ શરીર છે અને ત્રીજું કારણ શરીર છે જે અવ્યકત છે તેને લોકો માયા કહે છે. આ ત્રણે દેહથી વીંટળાયેલા બ્રહ્મચૈતન્યના માયામાં પડતા પ્રતિબિંબને લોકો અહીં ઈશ્વર નામથી જાણે છે. આ सः પદનો વાચ્યાર્થ છે એમ તું નિશ્ચિયપૂર્વક જાણ. (૫૬-૫૯). સત્ય, જ્ઞાન, આનંદ સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ છે તે सः પદનો લક્ષ્યાર્થ છે તેમ હે કન્યા ! તું જાણ.③ (૬૦).

વાચ્યાર્થ-શબ્દાર્થ-માં વિરોધ છે માટે એ છોડી દઈને લક્ષ્યાર્થમાં બુદ્ધિ રાખીને હંમેશાં સંદેહ વિના જીવવું. (૬૧).

વિરાટ, સૂત્રાત્મા (હિરણ્યગર્ભ) અને અવ્યાકૃત (માયા)થી પર જે સનાતન બ્રહ્મ સ્વયં શુદ્ધ, બુદ્ધ, અચલ, સત્ય, જ્ઞાન, અનંત સ્વરૂપ છે અને જે માત્ર સુખનું ઉત્પત્તિસ્થાન છે, જે ખરેખર સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો સાક્ષી છે, એ જ સચ્ચિદાનંદ હું પોતે ત્રણે દેહનો સાક્ષી એવો નિત્ય, કૂટસ્થ અને અંતરમાં રહેલો આત્મા છું. તેલની અખંડ ધારા પડ્યા કરે તેના જેવું સતત ચિંતન કરવું એ જ ધ્યાન અને નિદિધ્યાસન છે એમ તું નિશ્ચિતરૂપથી જાણ. (૬૨-૬૫).

આ જીવ એ શિવસ્વરૂપ જ છે એવો પાકો નિશ્ચય કરવો. આવું શ્રવણ જ ઉદ્ધાર કરનારું છે બાકી બીજું બધું નકામું છે. (૬૬). આવા વિચારમાં જ સદા ડૂબ્યા રહેવું. જીવ અને શિવ એક જ છે એવો દૃઢ નિશ્ચય થાય તેને જ હે ગંગા ! મનન કહેવામાં આવે છે. એનો અભ્યાસ કરવો એ જ ચોક્કસ ધ્યાન કહેવાય છે. એ સિવાયનું બીજું ફજેતીરૂપ છે. (૬૭-૬૮). તમે જેમ આ શરીરને 'હું' કહો છો તે જ રીતે પરાત્પર, સર્વેશ્વર એવો શિવ પણ 'હું' જ છું એમાં કોઇ શંકાને સ્થાન નથી. (૬૯). અંતરમાં આવી ભાવના સુદૃઢ થાય તો જેમ માણસ ગાઢ નિદ્રામાં બધા વ્યવહારો ભૂલી જાય છે તેમ આત્મસ્વરૂપ વૃત્તિ થવાથી થતા આનંદમાં દેહ વગેરેનું તદ્દન વિસ્મરણ થઈ જાય છે. આને જ ઉપરતિ કહેવામાં આવે છે. આને જ સર્વજ્ઞ એવા ઋષિશ્રેષ્ઠો નિર્વિકલ્પ સમાધિ કહે છે. આમાં તું તર્ક કરીશ નહીં. (૭૦-૭૨). આનાથી જ મનુષ્ય અહીં કૃતકૃત્ય થઈ જાય છે અને પછી એ સદાને માટે મુકત થઈ જતો હોવાથી પછી એને જન્મમરણ રહેતું નથી. (૭૩).

એક વાર જ્ઞાન થવાથી આવરણનો નાશ થઈ જાય પછી વ્યવહારુ દૃષ્ટિથી આવા મુકતપુરુષોનું શરીર કદાચ જીવતું રહે અને જગતમાં બધે ફરે તો પણ તેને કોઇ પણ પ્રકારનું જરા પણ નુકસાન થતું નથી. આવા જીવનમુકત પુરુષો તો બધાથી અસંગ હોય છે. (૭૪-૭૫). જે (આવો) અભ્યાસ કરે છે તે પુરુષનું દેહ સાથે જરા

પણ તાદાત્મ્ય હોતું નથી. અહા જ્ઞાનવૈભવને ધન્ય છે !! (૭૬).

આવું જ્ઞાન સંપાદન કરીને જે કોઇ મનનો નાશ કરીને પછી અહીં વાસનાનો ક્ષય કરી નાંખે છે તેવા પુરુષો જીવન્મુકત છે. (૭૭). એક વાર આત્માનો સાક્ષાત્કાર થાય એટલે શોક, મોહ વગેરે નષ્ટ થાય છે અને અસંખ્ય શંકા-કુશંકા ટળી જાય છે. (૭૮). ચિત્ અચિત્ની એકતાના અજ્ઞાનની ગાંઠો-હૃદયગ્રંથિ-તરત જ નાશ પામે છે અને જન્મમરણને આપનારાં ગહન કર્મોનો વિલય થાય છે. (૭૯). માયાપાશ તૂટી જાય છે અને કર્ત્તાપણાનો ભાવ શમી જાય છે. એટલે પછી પાપ કે પુણ્ય કાંઇ રહેતું નથી. (૮૦).

આવા જ્ઞાનીનું શરીર પાકાં પાંદડાની જેમ ભલે ને ગમે તે જગાએ પડે તો પણ એ વાત શંકારહિત છે કે એનું કોઇપણ સંજોગોમાં પ્રાણોત્ક્રમણ થતું નથી-એના પ્રાણ બીજે કયાંય જતા નથી- પરંતુ એકદમ ગરમીથી તપી ઊઠેલા પથ્થર પર પડેલાં પાણીનાં બિંદુઓ જેમ પથ્થરમાં સમાઇ જાય છે તેમ જ્ઞાનીની પ્રાણ વગેરેની સઘળી કળા અહીં સ્વસ્વરૂપમાં જ લીન થઇ જાય છે. (૮૧-૮૩). અને જ્ઞાની નિશ્ચિતરૂપથી સ્વયં બ્રહ્મ થાય છે હે કન્યા ! વેદાંતનું આ સારાંશરૂપ મૂળતત્ત્વ મેં તને શરૂઆતથી માંડીને અંત સુધી કહી સંભળાવ્યું. હવે તારે માટે બીજું કાંઇ શ્રવણ કરવાની જરૂર નથી. આમ કહીને શ્રીગુરુ એકદમ શાંત થઇ ગયા. પછી એ બ્રાહ્મણ કન્યાએ ગુરુદેવના ઉપદેશનું મનન કરીને પછી એ મનનનું અંતરમાં પ્રેમપૂર્વક નિદિધ્યાસન કર્યું અને પોતાના આત્માના આનંદમાં આખરે બ્રહ્મરૂપ થઇને વિદેહમુકિતને પામી અને જન્મમરણના ફેરામાંથી છૂટી ગઇ. ખરેખર ! એનાં માતા પિતાને ધન્ય છે ! (૮૪-૮૮).

શ્રીગુરુએ પોતાની પત્ની અન્નપૂર્ણાને તે સમયે કહ્યું કે હે પ્રિયે ! પુત્રનો શોક છોડી દઇને હવે તું સાવધાન થઇ જા. (૮૯). આ દેહનું અભિમાન છોડીને મેં આપેલા ઉપદેશનો સતત વિચાર કરીને જો તું એ પ્રમાણે વર્તશે તો તને ચોક્કસ પરમાનંદની પ્રાપ્તિ થશે. એટલે અન્નપૂર્ણા સતી બોલ્યાં કે આ જ્ઞાન આપની કૃપા વગર મારા ચિત્તમાં સ્થિર થશે નહીં. પતિસ્વરૂપ હે પ્રભુ ! તમારાં ચરણકમળમાં પ્રેમથી લીન થઇ જાઉં એવી આ અબળા દાસી આપની કૃપાપ્રસાદી માગે છે. શ્રીગુરુ બોલ્યા કે હે પ્રિયે ! આજ દિન સુધી તેં પતિવ્રતા સ્ત્રી થઇને મારી સેવા કરી છે અને એ જ રીતે દત્તપ્રભુની પણ તેં અભેદ બુદ્ધિથી સેવા કરી છે. અહીં તેં આ જે સેવા કરી છે તે નિષ્ફળ નથી એવું જાણ. તારા ઉપર ખરેખર દત્ત ભગવાનની કૃપા થઇ છે જ. (૯૦-૯૫).

પુત્રના મૃત્યુના નિમિત્તથી તને આ સદુપદેશ મળ્યો છે. તને મારી આશિષ પણ છે જ. તારા અંત:કરણમાં જ્ઞાનની જ્યોતિ જરૂર પ્રગટશે. તું એમાં શંકા કરીશ નહીં. એનાથી તારાં અજ્ઞાનરૂપી બધાં બંધનો તરત જ તૂટી જશે. (૯૬-૯૭). તને કળિકાળની કોઇ બીક સતાવશે નહીં અને એ અજ્ઞાન તને સ્વપ્નમાં પણ વિઘ્ન કરનારું નહીં બને. (૯૮). અહીં અંતરમાં અત્યારે જ બ્રહ્મજ્ઞાનરૂપી પ્રકાશ ફેલાશે અને તને હંમેશ માટેની પરમાનંદની પ્રાપ્તિ થશે અને તેથી દેહ છોડ્યા પછી તારી ચોક્કસ મુકિત થઇ જશે. આવું બોલીને શ્રીગુરુએ પોતાનાં પત્ની તરફ અમીદૃષ્ટિથી જોયું અને એને લીધે એ અન્નપૂર્ણાનું માયાનું આવરણ તરત જ સદંતર નાશ પામ્યું અને તેથી પતિ સહિત સંપૂર્ણ જગત તરત જ દત્તસ્વરૂપ દેખાવા લાગ્યું. (૯૯-૧૦૨). આવી બ્રહ્માકાર વૃત્તિ થતાં જ પરમાનંદમાં ડૂબીને પોતાને થયેલા અનુભવના અમૃતથી છલકાતું ગીત તેઓ પ્રેમપૂર્વક ગાવા લાગ્યાં. (૧૦૩).

સ્વાત્મગીત (અંજનીગીત)

આત્મજ્ઞાન થતાં જ હું ચમકી ઊઠી.

આ સ્ત્રી-પુરુષ, વિચિત્ર નગર અને સ્થાવર જંગમ જે બધું આ નેત્ર જોતાં હતાં તે ભૂલી જઈને અંતર્મુખ થયાં... (૧).

અહા ! સ્વસ્વરૂપ જોતાં જ હું આકુળવ્યાકુળ થઈને બાવરી બની ગઈ. હવે જવું આવવું કયાં રહ્યું? આ અસાર સંસારમાંથી સારરૂપ સ્વાત્મ વસ્તુ લઈ મેં સંસારને તિલાંજલિ આપી... (૨).

સદ્‌ગુરુએ કહેલા જ્ઞાનની અગ્નિજવાળાથી મોહને બાળી નાંખી જીવતે જીવ જ હું મરી ચૂકી છું અને છતે દેહે વિદેહ સ્થિતિના અનુભવથી મસ્ત બની છું... (૩).

પૂર્વના ઘરને તાળું મારી દઈને, સચરાચર સ્વાનંદથી (મારી જાતને) ભરી દઈને કુળ અને શીળને તિલાંજલિ આપી દીધાં છે. ખરેખર ! આજનો દિવસ ધન્યાતિધન્ય છે... (૪).

હવે હું નિ:સંગ થઈને અને લોકલોજ છોડી દઈને પર પુરુષ (પરમાત્મા)ને આલિંગન આપીને ધીંગામસ્તી કરીશ... (૫).

ભલે કોઈ મને દીવાની (પાગલ) કહે. પણ હું તો અજ્ઞાનાવરણરૂપી સાડી ફેંકી દઈને ભરબજારે નાગી ઉઘાડી થઈ કૂદડી ફરીશ... (૬).

પૂર્ણ આનંદની મટુકી માથે મૂકી ઊંચા સ્વરે ૐકારનાં ગીત લલકારતી હું નૃત્ય કરીશ... (૭).

આ જગતનું સર્જન કરનાર હું જ છું. આ બધાની પૂર્વે હું જ એક હતી. હું જ અન્ન છું અને અન્નભક્ષક પણ છું. એમ બધે બસ ! એક માત્ર હું જ હું થઈ રહી... (૮).

❁

આ રીતે સતી અન્નપૂર્ણા પોતાને થયેલા અનુભવનું વર્ણન કરતું અમૃત ભરેલું ગીત ગાઈને બ્રહ્માનંદમાં ખરેખર ડોલવા લાગ્યાં. (૧૦૪). એમની એવી સ્થિતિ જોઈને શ્રીગુરુ ત્યાં બોલ્યા કે "હે પ્રિયે ! હવે તું અને હું જુદાં રહ્યાં નથી". (૧૦૫). આમ છતાં પણ જેમ સાગર મહાન હોવા છતાં પણ એ પોતાની મર્યાદા છોડતો નથી તેમ આ સંસારમાં મર્યાદાનું પાલન કરીને શાસ્ત્રપૂર્વકનું, સ્ત્રી જાતિને યોગ્ય હોય તેવું ધર્મ પ્રમાણેનું વર્તન કરવું. (૧૦૬-૧૦૭). જેમ આ અનસૂયા અને મદાલસા વગેરે પુણ્યવાન સ્ત્રીઓએ ધર્મની મર્યાદા પાળી બતાવીને પોતાનું નામ અમર કરી દીધું તેમ આ સંસારમાં હે પ્રિયે ! મર્યાદાયુકત જીવન જીવીને, હંમેશ માટે કૃતાર્થ થઈ જઈને બીજી સ્ત્રીઓને આપણા પોતાના જીવનના ઉદાહરણથી ધર્મની મર્યાદાનું પાલન કરવાનું શીખવવું. (૧૦૮-૧૧૦).

દેહભાવથી હું પતિની પદનિષ્ઠ (ચરણમાં નિષ્ઠા રાખનાર) દાસી છું એવી ભાવના રાખી, જીવભાવથી હું પતિનો સંનિષ્ઠ અંશ છું એવી ભાવના કેળવી, આત્મભાવથી હું અને પતિ જળતરંગની માફક એકરૂપ જ છીએ

એવી ભાવના સેવી બ્રહ્માનંદમાં ડૂબી રહીને તું હવે બાહ્યદૃષ્ટિથી દેહભાવથી બધા વ્યવહારો કર. (૧૧૧-૧૧૩).

આવું બોલીને શ્રીગુરુ હસતું મુખ રાખી મૂગા રહ્યા. એટલે ત્યાં સતી અન્નપૂર્ણાએ એમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. (૧૧૪).

આ રીતે સમાધાનવૃત્તિથી અને બ્રહ્મજ્ઞાનવાળી વૃત્તિથી નરસોબાની વાડીમાં શ્રીગુરુ પત્ની સાથે પરમાનંદમાં રહેતા હતા. ત્યાં એક દિવસ યતિશ્રેષ્ઠ ગોવિંદસ્વામીએ કહ્યું કે તમારી પાસેથી ઉપનિષદોનું રહસ્ય સાંભળવાની મારી ઇચ્છા છે તો તમે મને એ સંભળાવશો? એ સાંભળીને તરત જ પોથી લઇને શ્રીગુરુએ ત્યાં સંભળાવવું શરૂ કર્યું. (૧૧૫-૧૧૭). એ શ્રવણથી સંતોષ પામીને યતિશ્રેષ્ઠ ગોવિંદસ્વામીએ સ્વમુખે શ્રીગુરુને એ ઉપનિષદોનું નિર્મળ રહસ્ય સમજાવ્યું અને પછી આશિષ આપતાં બોલ્યા કે હે શાસ્ત્રીબુવા ! થોડા જ સમયમાં તમે પણ આ જગતમાં મનનરૂપ થશો. (૧૧૮-૧૧૯). એ આશીર્વચન સાંભળીને શ્રીગુરુએ એમને વંદન કર્યા. આ રીતે આનંદમાં કેટલાક દિવસો પસાર થયા ત્યાં ગોવિંદ યતિ આ જડ દેહને ત્યાગીને સ્વેચ્છાપૂર્વક દત્તસ્વરૂપમાં લીન થયા. એ લૌકિક રીત છે. (૧૨૦-૧૨૧).

કારણ કે લોકોની દૃષ્ટિથી સિદ્ધ પુરુષ શરીરનો ત્યાગ કરે છે તેમ છતાં એ ધીરપુરુષ બધાના અંતરમાં હંમેશ માટે રહે છે. (૧૨૨).

કેટલાક દિવસો વીત્યા પછી શ્રીગુરુમૂર્તિને ત્યાં દત્તપ્રભુનો દૃષ્ટાંત (આદેશ) થયો કે હવે તમે ઉત્તરાખંડ તરફ સંચાર કરો. શાસ્ત્રીબુવાએ દત્તાજ્ઞા સાંભળીને પછી ત્યાં પત્ની સાથે મૌનીસ્વામીને પ્રણામ કરીને એમની આજ્ઞા લઇને તરત જ દત્તપાદુકા પાસે આવીને વારંવાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પ્રસ્થાન કરવા માટે દેવની રજા લઇને, પોતાની સાથે દેવના જે ગણો હતા તેને દેવની પાસે રાખીને, એમણે પત્નીને સાથે લઇને નરસોબા વાડી પ્રેમપૂર્વક છોડી. (૧૨૩-૧૨૭). કોલ્હાપુરમાં આવીને દેવીનાં દર્શન કર્યાં ત્યારે શ્રીગુરુને છત્રીસ વર્ષ થયાં હતાં તે તું જાણ. (૧૨૮). ત્યાંથી પંઢરપુર આવીને વિઠ્ઠલનાથનાં દર્શન કર્યા ત્યાં જ ચમત્કાર થયો. (૧૨૯).

પાંડુરંગનાં દર્શન કરીને શ્રીગુરુ ચંદ્રભાગાના કિનારે જવા માટે જેવા મંદિરમાંથી ઝડપથી નીકળ્યા ત્યાં જ સાક્ષાત્ પંઢરીનાથે બ્રાહ્મણના વેશમાં આવીને જાતે પ્રસાદમાં શૂદ્રે શેકેલા ચણા આપ્યા. (૧૩૦-૧૩૧). બજારના શેકેલા ચણા છે એમ માનીને શ્રીગુરુએ એ ચણા ખાધા નહીં. પ્રેમથી ચણા લીધા અને વસ્ત્રમાં બાંધી રાખ્યા. (૧૩૨). રાત્રે સ્વપ્નમાં રુકિમણીપતિએ પ્રગટ થઇને કહ્યું કે મેં આપેલો પ્રસાદ તેં કેમ ખાધો નથી તે કહે. એ સાંભળીને શ્રીગુરુએ (સ્વપ્નમાં) કહ્યું કે એ બજારમાં શેકેલા ચણા છે એવું માનીને હે પ્રભુ ! મેં નથી ખાધા અને બજારમાં શેકેલા ચણા ના ખાવાનો મારો નિયમ છે. (૧૩૩-૧૩૪). એટલે ત્યાંથી ગોવિંદ પ્રભુ બોલ્યા કે આવી શંકા કરીને તેં મેં આપેલો જે પ્રસાદ હતો તે ના ખાધો? (૧૩૫). સ્વપ્નમાં આવું કહીને શ્રીગુરુના ઉપવસ્ત્રમાં જે ચણા બાંધ્યા હતા તે પોટલી છોડી નાંખીને, ચણા લઇને એ શ્રેષ્ઠ તનુધારી ભગવાન તરત જ અદૃશ્ય થઇ ગયા. શ્રીવાસુદેવગુરુએ જાગી જઇને જોયું તો પોટલીમાં ચણા ન હતા. (૧૩૬-૧૩૭).

એટલે ગભરાઇ જઇને શ્રીગુરુ દેવની પ્રાર્થના કરવા લાગ્યા કે હે વિશ્વેશ ! હે રમાપતિ ! હે દયાના સાગર દત્તપ્રભુ ! હે ભકતવત્સલ વિઠ્ઠલ ! મારા સંયમની આવી પરીક્ષા કરવાની હોય કે? હું તો હંમેશનો આપનો દાસ

જ છું. (૧૩૮-૧૩૯). હે ગરુડધ્વજ ! ગોવિંદ પ્રભુ ! એ નિગ્રહ (નિયમ) કાંઇ મારો ન હતો. એ નિયમ કરાવનાર પણ સ્વયં તમે જ છો ને ! હે પ્રભુ ! આપ સર્વના સાક્ષી છો. (૧૪૦). હે પ્રભુ ! મારી લાજ તમારા હાથમાં છે. હે દયાળ ! આપની ટેક પાળી બતાવો. આ બધું કરનાર-કરાવનાર તમે જ છો. હું તો અનાથ એવો બાળ છું. પછી મને શાની ચિંતા હોય? એ બધી તમારી સત્તાની રૂએ તમે જેમ નચાવો તેમ હે શિવરૂપ પાંડુરંગ ! હું નાચું છું. (૧૪૧-૧૪૨).

આવી પ્રાર્થના કરીને અને શ્રીવિઠ્ઠલને વંદન કરીને ધીમે ધીમે બધે મુકામ કરતાં તરત જ પત્ની સાથે બારસીક્ષેત્રમાં આવ્યા. ત્યાં ભગવાનનાં દર્શન કરીને પરળી-વૈજનાથ તરફ ચાતુર્માસ કરવા માટે ગયા. (૧૪૩-૧૪૪). પછી ત્યાંથી તરત જ ગંગાખેડમાં પધાર્યા. પાપીઓને પાવન કરનારી ગૌતમી-ગંગા (ગોદાવરી) નદીના કિનારે કેટલોક સમય પત્ની સાથે પ્રેમપૂર્વક રહ્યા અને સત્સંગમાં આનંદથી ત્યાં સમય પસાર કર્યા પછી શ્રીગુરુએ સંન્યાસ લીધો. આ સાંભળીને નિરંજને હાથ જોડીને ત્યારે જે પૂછ્યું તેનું વર્ણન હવે પછીના અધ્યાયમાં આવશે. (૧૪૫-૧૪૭).

પત્નીને કૃતાર્થ કરીને અને લોકોનો ઉદ્ધાર કરવા માટે પ્રભુ- શ્રીગુરુ- કેમ ફરે છે તે મેં તને કહ્યું. જે સાંભળવાથી **રંગ** (સંસાર)નો ભય જતો રહે છે. (૧૪૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'પત્ન્યુદ્ધરણ'** નામનો **એકસો બાવીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૨૨

(૧) દોહરા ૧ થી ૯ માં 'બ્રહ્મસત્યં જગન્મિથ્યા'નો શું અર્થ થાય તે સરસ રીતે સમજાવ્યું છે. જે દેખાય છે તેને જોવાનું પણ એનું મૂળ સમજવાનું જેથી ભૂલ ન થાય. વરસાદના 'કરા' પથ્થર જેવા કઠણ હોય છે. એ પાણીમાં પડે તો પાણીથી જુદા દેખાય પણ અનુભવીને ખબર છે કે થોડા સમયમાં એ 'કરા' મૂળ સ્વરૂપે- પાણી સ્વરૂપે- થઇ જશે. નાનાં બાળકો (અજ્ઞાની) આવું સમજી શકતા નથી.

જ્ઞાની પુરુષો માટીના ઘડાને જુએ છે ત્યારે પણ એ ઘડો જે માટીનો બનેલો છે એ માટીને જ જુએ છે. સામાન્ય માનવી ઘડો જોતી વખતે માટી ભૂલી જતો હોય છે. પછી ઘડો ફૂટી જાય અને માટીરૂપ થઇ જાય ત્યારે

એને માટી દેખાય છે.

એ જ રીતે બ્રહ્મ સત્ ચિત્ અને આનંદ સ્વરૂપ છે અને એના ઉપર નામ-રૂપ જગતનો આભાસ છે. જગત દેખાય છે પણ હકીકતમાં જગત છે જ નહીં, એ ભ્રાંતિ માત્ર છે. જેમ ટ્રેઇનમાં મુસાફરી કરીએ ત્યારે ઝાડ દોડતાં હોય તેમ દેખાય પણ તે દોડતાં હોતાં નથી. ટ્રેન દોડે છે પણ ઝાડને જોવામાં ચિત્ત મગ્ન થયું હોય એટલે ટ્રેન દોડે છે એવું લાગતું નથી. વળી ટ્રેન જે દિશામાં જતી હોય તેનાથી વિરુદ્ધ દિશામાં ઝાડ દોડતાં હોય એવું જણાય છે. આમ આવા પ્રસંગે જે સત્ય છે તે દેખાતું નથી અને જે દેખાય છે તે સત્ય હોતું નથી.

આ સમજવા માટે 'સમજ'ની જરૂર છે, દૃષ્ટિની જરૂર છે. "દૃષ્ટિ ફેરવી વિલોક રંગ એહ અવનવા" એ પૂ.શ્રીની ભજન પંક્તિનો પણ એ જ અર્થ છે. નાવડી પાણીમાં તરે છે પણ એ પાણી નાવડીમાં ન ભરાય એની કાળજી રાખવાની છે. સંસારમાં રહેવાનું છે પણ સંસારને મનમાં રાખવાનો નથી.

(૨) દોહરા ૩૫ થી ૪૧ માં કહ્યા પ્રમાણે આપણે જીવીએ તો જીવન જરૂર સુખી બને. નાની ગણાતી વાતોનું જીવનમાં કેટલું મહત્ત્વ છે તે સમજાય છે. સૌ પ્રથમ તો ભગવાનની અહિંસાના પુષ્પની પૂજા કરવી.
પૂ.શ્રીએ પ્રભાતિયામાં પણ લખ્યું છે કે :

"સત્ય શૌચાદિ પુષ્પે કરું અર્ચના,
બાળીને કામ ક્રોધ ધૂપ દેઉં."

અહિંસા પ્રથમં પુષ્પં, પુષ્પમિન્દ્રિયનિગ્રહ: |
સર્વભૂતદયા પુષ્પં ક્ષમા પુષ્પં વિશેષત: ||
શાન્તિ: પુષ્પં તપ: પુષ્પં ધ્યાનં પુષ્પં તથૈવ ચ |
સત્યમષ્ટવિધં પુષ્પં વિષ્ણો: પ્રીતિકરં ભવેત્ ||

અર્થ :

પહેલું પુષ્પ અહિંસા છે, બીજું ઇંદ્રિયનિગ્રહ,
સર્વભૂતદયા ત્રીજું ને ચોથું પુષ્પ છે ક્ષમા.
શાંતિ છે પાંચમું પુષ્પ ને છઠ્ઠું પુષ્પ છે તપ,
ધ્યાન છે સાતમું પુષ્પ સત્ય છે પુષ્પ આઠમું.
ભરી અંજલિ આ પુષ્પો ચઢાવું વિષ્ણુપાદમાં,
આ પુષ્પાંજલિથી થાઓ પ્રસન્ન પરમેશ્વર.

-(પાગલ પરમાનંદ પરમહંસ)
(વાડમયી પૂજા, પાનું-૫૨)

દૈવી સંપત્તિ લાવનારી આ પૂજામાં હિંસા એટલે શારીરિક ઘાત ના કરવો એટલું જ નહીં પણ કોઇનું મન પણ દૂભવવું નહીં. કોઇ આપણું મન દૂભવે તો આપણને ન ગમે. તો આપણે જો એવું કરીએ તો એ બીજાને પણ ન ગમે. ગુજરાતી સાહિત્યકાર ધૂમકેતુનું વાકય 'માણસ પોતાની દૃષ્ટિ છોડીને બીજાની દૃષ્ટિથી જુએ તો અર્ધું જગત શાંત થઇ જાય' એ કેટલું સૂચક છે !

(૩) સોહં = સોऽહં = સ: + અહં



●

અધ્યાય : ૧૨૩

આ અધ્યાયનું નામ **'સંન્યાસ ગ્રહણ'** છે. આ અધ્યાયમાં **૧૨૦** દોહરા છે.

શિષ્ય નિરંજને હાથ જોડીને કહ્યું કે હે અલખજી ! આપે કહ્યું કે શ્રીગુરુએ સંન્યાસ ગ્રહણ કર્યો તો એ કથા સવિસ્તર કહો. (૧-૩). અલખે કહ્યું કે ગોદાવરીના કિનારે ગંગાખેડમાં શ્રીગુરુ ગૌતમીગંગાનું ભાવથી પૂજન કરીને રહેતા હતા ત્યાં એક દિવસ સતી અન્નપૂર્ણાએ પ્રશ્ન કર્યો કે હે પ્રાણનાથ ! પ્રારબ્ધવશાત્ કોઇ ઉચ્ચ વર્ણની સ્ત્રીનું લગ્ન નીચ વર્ણના પુરુષથી થાય તો કન્યાએ પોતાના ચારિત્ર્યનું રક્ષણ કેવી રીતે કરવું તે કહો. (૪-૮).

શ્રીગુરુએ દ્વાપરયુગમાં બનેલી આવી વાત કરી અને એક હરિજને કપટથી બ્રાહ્મણની કન્યા સાથે લગ્ન કર્યાં હતાં. તો આ વાતની જાણ થતાં એ છોકરીએ પોતાના એકના એક પુત્ર સાથે અગ્નિસ્નાન કર્યું. પણ એ કરતાં પહેલાં પેલો હરિજન સૂતો હતો ત્યારે ઘરને આગ લગાડી તેને પણ બાળી મૂક્યો. નીચ વર્ણના પુરુષ સાથે અથવા ભૂલથી એક જ ગોત્રમાં લગ્ન થાય તો પતિનો ત્યાગ કરવો. એની સાથે લગ્ન સંબંધો રાખવા નહીં. (૯-૬૬). આ સાંભળી માતા અન્નપૂર્ણાને સંતોષ થયો. થોડા દિવસ પછી એમને દૃષ્ટાંત (આદેશ) થયો કે આજથી ચોથા દિવસે અમે તમને બંનેને લેવા આવીશું. એટલે શ્રીગુરુએ કહ્યું કે હું તો સંન્યાસ લીધા વિના આવવાનો નથી એટલે તમારી ઇચ્છા જ હોય તો પત્નીને લઇ જજો. દેવોએ કહ્યું કે સારું, એવું કરશું અને ચોથા દિવસે દેવો વિમાન લઇને અન્નપૂર્ણા માતાને લેવા આવ્યા. શ્રીગુરુએ બધી વિધિ કરી અને આખરે વૈશાખ સુદ ચૌદસને દિવસે-નૃસિંહજયંતીના દિવસે-સતી અન્નપૂર્ણાએ પરલોકગમન કર્યું. (૬૭-૯૭). પત્નીની ઔર્ધ્વદૈહિક ક્રિયા પતાવીને ચૌદમે દિવસે દત્તપ્રભુની આજ્ઞાથી સંન્યાસ લીધો. બ્રાહ્મણોએ પ્રાયશ્ચિત વિધિ કરાવ્યા પછી કહ્યું કે જો પ્રેષોચ્ચાર માટે કોઇ સંન્યાસી હોત તો સારું થાત. બસ ! જ્યાં શ્રીગુરુએ નદીમાં ડૂબકી મારી ત્યાં જ દત્ત ભગવાન ગોવિંદ યતિના રૂપે પ્રગટ થયા. પ્રેષોચ્ચાર કરાવીને સંન્યાસી તરીકે વાસુદેવાનંદ સરસ્વતી એવું નામ આપ્યું અને ઉજજયિનીમાં જઇને દંડ લેવા જણાવ્યું. દત્ત આજ્ઞા પ્રમાણે શ્રીગુરુ સંન્યાસ લઇને ઉજજન જવા નીકળ્યા. (૯૮-૧૨૦).

બે હાથ જોડીને ત્યારે નિરંજન બોલ્યો કે હે યોગીશ્રેષ્ઠ અલખ ! આપને ધન્ય છે. હું આપનાં ચરણકમળમાં મારી જાતને (દેહ) સમર્પિત કરું છું. (૧). પત્ની સાથે પછી શ્રીગુરુ ગંગાખેડમાં આવ્યા અને એમણે સંન્યસ્ત લીધો એમ આપે જે કહ્યું તે સઘળી વાત મને વિસ્તારથી કહો જેથી મારા મનને સંતોષ થાય. એટલે અલખજીએ કહ્યું કે ગુરુના ગુણનો તો અહીં પર આવે એમ નથી. (૨-૩). આ અપરંપાર સંઘરેલી વાતો પૈકી તને થોડી લીલા કથા કહું છું તે તું સાવધાનીપૂર્વક સાંભળ. ગંગાખેડમાં આવીને ગોદાવરીના કિનારે ગૌતમીગંગાનું ભાવપૂર્વક પૂજન કરીને ત્યાં પત્ની સાથે પ્રાર્થના કરીને પછી શ્રીગુરુ ત્યાં રહ્યા. (૪-૫).

પરમાનંદમાં ડૂબ્યા રહીને સમય પસાર કરી રહ્યા હતા ત્યારે એક દિવસ સતી અન્નપૂર્ણાએ પ્રશ્ન કર્યો કે હે પ્રાણનાથ ! મને કહો કે પ્રારબ્ધવશાત્ કદાચ ઉચ્ચ વર્ણની કોઇ સ્ત્રીનું નીચ વર્ણના પુરુષ સાથે લગ્ન થાય તો એ કન્યાએ એના ચારિત્ર્યનું રક્ષણ કેવી રીતે કરવું? એને આ ભૂલની જાણ થાય પછી એણે શું કરવું જોઇએ એ મને કૃપા કરીને કહો. (૬-૮). આ સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે હે પ્રિયે ! તેં પૂછ્યું તે પ્રમાણેની બરાબર એવી જ એક વાત પહેલાં બની હતી એ વાત તું સાંભળ. (૯). ગયા દ્વાપરયુગમાં અહીં એક હલકી જાતિનો અંત્યજ રહેતો હતો. કાંચી નામના નગરમાં એ પોતાની અસલ જાતિ છુપાવીને બ્રાહ્મણ તરીકે એક શ્રીમંત બ્રાહ્મણના ઘરમાં રહેતો હતો અને અરે ! બાહ્ય દૃષ્ટિથી તે બ્રાહ્મણની જેમ જ વર્તતો હતો. (૧૦-૧૧).

નસીબજોગે એ એક બ્રાહ્મણની કન્યા સાથે પરણ્યો. એ સ્ત્રી-પુરુષ બંને ગૃહસ્થધર્મથી ત્યાં રહેતાં હતાં. (૧૨). એવામાં એમને એક પુત્ર થયો. નાની ઉંમરમાં બીજાં છોકરાંઓ સાથે બહાર રમવા જતાં એ પુત્ર હાડકાં ભેગાં કરીને ઘરમાં લાવતો હતો. એનું આવું રમતનું કાર્ય જોઇને સ્ત્રીએ પતિને પૂછ્યું કે હું પતિવ્રતાધર્મથી રહું છું અને સ્વપ્નમાં પણ પરપુરુષનો વિચાર કરતી નથી. આ પુત્ર તમારાથી થયો છે, તો પછી આવો નીચ કેવી રીતે નીકળ્યો? (૧૩-૧૫).

એ હલકાં કર્મોમાં કેમ રચ્યોપચ્યો રહે છે? મારી આ શંકા દૂર કરો. એ અંત્યજ કશું બોલ્યો નહિ. એનો એ પ્રશ્ન સાંભળીને એ હંમેશાં નીચું મોં રાખતો હતો. આ રીતે થોડા દિવસ પસાર થતાં એ અંત્યજ પોતાના મૂળ ગામે જવા નીકળ્યો. એને ગામ જતો જોઇને પત્નીએ કહ્યું કે હે નાથ ! આ વખતે તો હું પણ તમારી સાથે આવું. એ અધમ જાતનો પોતાની પત્નીને લઇને ચાલ્યો. (૧૬-૧૮). એ રસ્તે ચાલ્યો જતો હતો પણ મનથી બેચેન હતો. એણે મનમાં વિચાર્યું કે જો મારી આ સ્ત્રીને લઇને ભૂલેચૂકે પણ મારે ગામ જાઉં તો મારું આ કપટ તરત જ ખુલ્લું પડી જશે અને મારી ફજેતી થશે. (૧૯-૨૦). વળી રાજ્યનો દંડ થશે અને શિક્ષા થશે તે વધારામાં. મનમાં આવું વિચારીને એણે એક યુક્તિ આદરી. (૨૧).

રસ્તામાં એક કૂવો જોઇને પત્નીને ધક્કો મારીને કૂવામાં હડસેલી દીધી. (૨૨). એના અંતરમાં આવું થાય કે ન થાય એવો વિવેક ક્યાંથી હોય? મૂળ તો અંત્યજ જાતિનો ને ! આમ કાળું કામ કરીને એ આગળ ચાલી ગયો. (૨૩). સદ્નસીબે ત્યાંથી પસાર થતા એક ભલા મુસાફરે પાણી માટે કૂવામાં જોયું તો ત્યાં એક સ્ત્રીને જોઇ. (૨૪). એને તરત જ કૂવામાંથી બહાર કાઢી અને એને સ્વસ્થ કરી. એ સ્ત્રી પાછી કાંચી ગામમાં પિતાના ઘરે આવી. (૨૫).

એ પિતાના ઘરે રહેતી હતી તો પણ કોઇને કશી જ વાત કરતી ન હતી. ઉત્તમ કોટિની એ પતિવ્રતા સ્ત્રી એમાં પતિનો દોષ જોતી ન હતી. (૨૬). આ રીતે થોડા દિવસો પસાર થયા એટલામાં પેલો અંત્યજ પાછો કાંચી નગરમાં આવી ગયો. એને જોઇને સ્નેહપૂર્વક સતી સામે પગલે દોડીને ગઇ અને એને વિનયપૂર્વક પ્રાર્થના કરીને ઘરમાં લાવીને પહેલાંની જેમ જ સેવા કરવા લાગી. (૨૭-૨૮). એની એકનિષ્ઠા જોઇને અંત્યજે અંતરમાં નિશ્ચય કર્યો કે મારી જાતિની કલંકવાળી જે વાત છે તે આને હવે જો હું કહીશ તો એ વાત એ કોઇને પણ કરશે નહિ. આ વાતમાં શંકાને કોઇ સ્થાન નથી. (૨૯-૩૦).

મનમાં આવું વિચારીને એણે સતીને કહ્યું કે હે પ્રિયે ! હું તને એક સાચી વાત કહું છું કે હું અંત્યજ જાતિનો છું. આ તું જાણી લે અને તેથી આ પુત્ર પણ એ રીતે જ વર્તે એ સ્વાભાવિક છે. આ તને જે પુત્ર થયો તે મારા સંસ્કારને કારણે નીચ કર્મોમાં પ્રીતિ ધરાવે છે અને ઘરમાં હાડકાં લાવે છે. પતિનાં આવાં વચન સાંભળીને એ પતિવ્રતા સ્ત્રી મનમાં અતિશય દુ:ખી થઇ અને અરેરે ! હે ભગવાન ! હે દયાના સાગર ! તેં તારી દીકરી પર આટલો ભયંકર રોષ કેમ કર્યો? હું કેવી રીતે ધીરજ ધરું? (૩૧-૩૫).

એમ કહીને એણે પતિની પથારીનો તરત જ ત્યાગ કર્યો અને દુ:ખી મનથી ભગવાનની પ્રાર્થના કરી કે : અરેરે ! ચક્રપાણિ ! તને તો ભકત પ્રિય છે. તો પછી તું અંતરમાં આવો ઘાતકી કેવી રીતે થયો? આ અબળાની તને જરા સરખી પણ દયા કેમ ન આવી? અરેરે ! મારું નસીબ પણ કેવું છે? સાગરમાં જેમ એકાએક પ્રચંડ વડવાનલ પ્રગટી ઊઠે તેવું જ મારા જીવનમાં થયું છે. અરેરે ! બ્રાહ્મણની કન્યા એવી મારી સાથે હે ભગવાન ! તેં આવું ધર્મ વિરુદ્ધનું કાર્ય કેમ કર્યું? (૩૬-૩૯). અરેરે ! દારુણ સંકટમાં તેં કેમ નાંખી? જ્યાં ભગવાન શંકર જ રૂઠ્યો છે ત્યાં મારે હવે કોના શરણે જવું? (૪૦).

આ દુ:ખથી મને હવે કોણ ઉગારશે? હે દેવાધિદેવ ! વગર વાંકે તેં મારા ઉપર આવો ભયંકર કોપ કેમ કર્યો? (૪૧). હવે હું શું કરું? અને હવે હું કયાં જાઉં? મારું આ કાળું મુખ આ દુનિયામાં શું લઇને ફરું? આમ અસહાય બનીને જીવવાનો અર્થ પણ શો છે? (૪૨). આ રીતે એણે આખી રાત દારુણ વિલાપ કર્યો અને સવાર થતાંમાં જ એ પિતા પાસે આવી અને પગે લાગીને પૂછ્યું કે હે જ્ઞાની પિતાજી ! કોઇ પણ પાત્ર અશુદ્ધ થાય તો એ ફરી પાછું શુદ્ધ કેવી રીતે થાય? તે મને કહો. (૪૩-૪૪). પિતાજી બોલ્યા કે હે કન્યા ! અહીં અગ્નિના સંસ્કારથી અશુદ્ધ પાત્ર શુદ્ધ થાય છે. પિતાના કહેવાનો એ સાર સાંભળીને પતિવ્રતાએ મનોમન નિશ્ચય કર્યો કે કોઇ તીર્થ સ્થળમાં જઇને હું બળી મરું. (૪૫-૪૬).

પણ પાછો એને વિચાર આવ્યો કે આ અંત્યજ જો જીવતો રહેશે તો એ તો ફરી પાછો આવો અનર્થ કરશે એમાં કોઇ શંકા જ નથી. (૪૭). એ મહાપાપી અને દુષ્ટ ખરેખર પૂરેપૂરો કપટી છે. એ ચોક્કસ બીજી કોઇ સ્ત્રીને ભ્રષ્ટ કરશે જ. (૪૮). માટે એને અહીં જીવતો રાખવો નહીં. આવો દૃઢ નિશ્ચય કરીને એ બ્રાહ્મણ કન્યા ઘરે આવી અને જેવો એ અંત્યજ નિદ્રાધીન થયો તેવી જ એ ઘરને આગ લગાડી દીધી અને કોઇ ન જાણે તેમ ઘર બાળીને ખાખ કરી દીધું. (૪૯-૫૦). એ અંત્યજ સહિત ઘર તરત જ બળી ગયું. પછી એ પતિવ્રતા સ્ત્રી પુત્રને લઇને મધુવનમાં ચાલી ગઇ. (૫૧). યમુનાના પવિત્ર કિનારે પુણ્યશાળી મધુવનમાં એ ઝડપથી પુત્ર સાથે આવી પહોંચી અને પ્રેમપૂર્વક ચિતા તૈયાર કરી. (૫૨). અંતરમાં પરમેશ્વરનું ધ્યાન ધરીને પુત્ર સાથે તરત જ અગ્નિમાં પ્રવેશ કર્યો. (૫૩). આ રીતે એ જગતમાં ધન્ય થઇ ગઇ. માતા અને પુત્રએ જે સ્થળે પ્રેમથી દેહને ભસ્મસાત્ કર્યો હતો તે જ સ્થળે સમય જતાં વાંસનાં બે વૃક્ષો ઊગી નીકળ્યાં. હે પ્રિયે ! આગળ જતાં ભગવાન કૃષ્ણે કૃષ્ણાવતારમાં પુત્ર સાથે પતિવ્રતાને મુકિત આપવા માટે તેમાંથી એક વાંસ કાઢીને એની વાંસળી બનાવી અને પ્રેમથી શ્રીકૃષ્ણે એને હાથમાં રાખીને પોતાના મુખથી એ વગાડીને સતીને મુકિત આપી. એ જ રીતે પુત્રના ભોથાંમાંથી વાંસ કાઢીને ભગવાન કૃષ્ણે એમાંથી લાકડી બનાવીને એનાથી ગાયોને વાળી પુત્રને ગોવિંદે એ રીતે મુકિત આપી. (૫૪-૫૯). શ્રીપ્રભુ ભકતોનું

રક્ષણ કરનારા છે. એની લીલા અગાધ છે. એ હંમેશાં ભકતોનું રક્ષણ કરે છે. આમ શ્રીગુરુએ પ્રેમથી પત્નીને કહ્યું. આ રીતે બનેલી સઘળી વાત કહી સંભળાવીને પછી કહ્યું કે હે પ્રિયે ! નસીબજોગે નીચ જાતિના પુરુષ સાથે ઉચ્ચ વર્ણની સ્ત્રીનાં લગ્ન થાય તો એ ભૂલની જાણ થતાં જ એણે પતિનો ત્યાગ કરી પતિવ્રતા સ્ત્રીની જેમ અહીં જીવન જીવવું. એ જ રીતે ભૂલથી એક જ ગોત્રમાં કદાચ લગ્ન થઇ જાય તો પણ એ સ્ત્રીએ પરણેલા પુરુષ સાથે પોતાના ભાઇના જેવું વર્તન રાખવું. આ તું નિસંદેહ સાંભળ.① (૬૦-૬૪).

જો કોઇ વાર પતિ ભ્રષ્ટ થાય તો એ જ્યાં સુધી પણ પ્રાયશ્ચિત્ત ના કરે ત્યાં સુધી ઇશ્વરમાં ચિત્ત પરોવીને ચોક્કસ ભજનમાં હંમેશાં રચ્યાંપચ્યાં રહેવું. એને ભગવાન સતીના જેવી મુક્તિ આપે છે. (૬૫-૬૬). શ્રીગુરુની આ વાત સાંભળીને સતી અન્નપૂર્ણાને મનમાં ખૂબ સંતોષ થયો. આમ ને આમ દિવસો વીત્યે જતા હતા. (૬૭).

એક દિવસ પતિ અને પત્ની બંનેને રાત્રે સ્વપ્નમાં દૃષ્ટાંત (આદેશ) થયો કે હવે તમારો દેહ ચોક્કસ પડશે. (મૃત્યુ થશે.) (૬૮). આજથી ચોથા દિવસે અમે તમને બન્નેને લેવા આવીશું. માટે સાવધ રહેજો. (૬૯). આવી દેવ-વાણી સાંભળીને શ્રીગુરુએ ત્યાં કહ્યું કે હે દેવ ! હું સંન્યસ્ત લીધા વિના ક્યાંય પણ આવવાનો નથી. (૭૦). મારો આ સંકલ્પ અફર છે માટે જો તમારી ઇચ્છા જ હોય તો પછી પત્નીને ખચકાયા વગર લઇ જજો. (૭૧). એવાં વચન સાંભળીને દેવોએ કહ્યું કે ભલે, એમ જ કરશું. ચોથે દિવસે દેવો વિમાન લઇને આવી પહોંચ્યા. (૭૨).

અન્નપૂર્ણા માતાને એ જ રાત્રીએ થોડો તાવ આવ્યો હતો. એ વિમાનને જોઇને એમણે પતિદેવને કહ્યું કે આજે ચોક્કસ મારો દેહાંત થશે. જુઓ ! આ દેવો વિમાન લઇને મને લેવા આવ્યા છે. એવું વચન સાંભળીને શ્રીગુરુરાયે તરત જ ગાયનું છાણ અને નિર્મળ ગંગાજળ મંગાવ્યું. ગંગાજળથી સતી અન્નપૂર્ણાએ આનંદપૂર્વક ત્યાં સ્નાન કરીને પછી જમીનને ગાયના છાણથી લીંપી નાંખી, એના ઉપર દર્ભ પાથરી દીધું અને એ ઉત્તમ સ્ત્રીએ ફરી પાછું તરત જ સ્નાન કર્યું. સ્નાન કર્યા પછી જાતે સ્વચ્છ કપડાં પહેર્યાં અને તરત જ કપાળે આનંદથી હળદર-કુંકુમની અર્ચા કરી. બ્રાહ્મણોની સ્ત્રીઓને અતિ હરખથી બોલાવીને સહુને પ્રેમપૂર્વક હળદર, કંકુ, વસ્ત્ર અને ઘરેણાં આપ્યાં. (૭૩-૭૯).

દર્ભની પથારી ઉપર તરત જ સાવધાનીપૂર્વક બેસી જઇને, બે હાથ જોડીને જલદીથી પરલોકગમન કરવા માટે હસતા મુખથી એણે પતિની આજ્ઞા માગી અને કહ્યું કે હે પ્રાણેશ્વર ! મારે માટે હંમેશ માટે આપ એકલા જ મારા ઇષ્ટદેવ, સદ્‌ગુરુ અને સ્વામી હતા. આજ દિન સુધીમાં મેં સારાં-નરસાં જે કાંઇ શુભ-અશુભ કર્મો કર્યાં છે તે બધાં આપના ચરણમાં અર્પી દીધાં. હે પતિતને પાવન કરનારા ! હે સર્વેશ્વર ! મારું બધું જ પાપ અહીં બાળી દઇને સ્વર્ગથી આવેલા વિમાનમાં ચઢીને બેસવા માટેનો સ્પષ્ટ રસ્તો બતાવો. હું હવે જન્મમરણથી એકદમ ત્રાસી ગઇ છું. (૮૦-૮૫).

હવે કલ્પના અંતે પણ કોઇ દિવસ દેહ ધરવો પડે એવો યોગ ન આવે એવી હે પ્રભુ ! કૃપા કરજો. એ સિવાય બીજી કોઇ ઇચ્છા નથી. (૮૬). હે અગ્નિસ્વરૂપ પરમેશ્વર ! હે વિભુ ! આ પંચભૌતિક દેહને એકદમ ભસ્મરૂપ કરી નાંખો. હે દીનનો ઉદ્ધાર કરનાર ! એને પ્રાણવાયુમાં ભેળવીને આ જીવને બ્રહ્મ સ્વરૂપમાં લીન કરી દો. હું તમને છેલ્લું પગે લાગું છું. (૮૭-૮૮). હે પ્રભુ ! હવે જન્મ ના થાય તે જોજો. હું તમને વારેવારે વંદન કરું છું ! હે પ્રાણનાથ !

આ દાસીનું જરૂરથી સ્મરણ રાખશો. (૮૯). આપના નિર્મળ સત્ય સ્વરૂપનાં દર્શન કરાવો એમ બોલીને પતિનાં ચરણારવિંદમાં તરત જ માથું મૂકી દીધું. (૯૦).

પત્નીની પ્રાર્થના સાંભળીને વાસુદેવગુરુએ પ્રેમથી આશિષ આપીને કહ્યું કે હે પ્રિયે ! તારી બધી મનોકામના જરૂરથી પૂર્ણ થશે. એમાં તું શંકા કરીશ નહીં. આવી આશિષ સાંભળીને સુજ્ઞ એવાં અન્નપૂર્ણામાતાએ પતિના ચરણમાં માથું મૂકીને, સ્થિરતાપૂર્વક ધ્યાન ધરીને, શ્રીગુરુદેવ દત્તના જયઘોષ સાથે તરત જ પ્રાણ ત્યજી દીધા. (૯૧-૯૩). દેવ વિમાનમાં બેસાડીને, વાદ્યોના ઘોષ સાથે આદરપૂર્વક દેવગણો એમને ત્યાં બ્રહ્મલોકમાં લઇ ગયા. (૯૪). યોગીઓને પણ જે સ્થાન મળવું મુશ્કેલ છે એવું મંગલ સ્થાન અન્નપૂર્ણા માતા પતિની સેવા કરીને પાતિવ્રત્યના પ્રભાવથી પામ્યાં. તે દિવસે વૈશાખ મહિનાની મંગલમય સુદ ચૌદશ હતી. જે દિવસને બધા લોકો નૃસિંહજયંતી તરીકે ઓળખે છે તે દિવસે એ ઉત્તમ દેહધારી એવાં સાધ્વીએ પરલોકગમન કર્યું. (૯૫-૯૭).

એમની ઉત્તરક્રિયા વિધિઅનુસાર કરીને શ્રીદત્તની આજ્ઞા મુજબ શ્રીવાસુદેવે પત્નીના પરલોકગમનના દિવસથી ચૌદમા દિવસે શાસ્ત્રમાં કહ્યા મુજબની વિધિથી સંન્યાસની શરૂઆત કરી. (૯૮-૯૯).

સૌ પ્રથમ વિધિ મુજબ પ્રાયશ્ચિત કર્મ કરીને દેહશુદ્ધિ કર્યા પછી જ્યાં સંન્યસ્ત લેવા માટે તૈયાર થયા ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે આ પ્રેપોચ્ચારના સમયે જો કોઇ સંન્યાસી હોત તો સારું થાત. (૧૦૦-૧૦૧). ત્યાં શ્રીગુરુ બોલ્યા કે અરે ! તમે શું કામ ચિંતા કરો છો. સમર્થ એવા દયાળુ દત્ત ભગવાન એ ખરેખર સર્વવ્યાપક છે અને સર્વત્ર વસી રહ્યા છે. (૧૦૨). એની જેવી ઇચ્છા હશે તે પ્રમાણે જ બધું થશે. એવું બોલીને તરત જ બ્રાહ્મણો સાથે પ્રેમપૂર્વક ગૌતમી ગંગાના કિનારે સંન્યાસ લેવા માટે જળમાં જ્યાં પ્રવેશ કર્યો ત્યાં તો સ્મરણ કરતાં જ હાજર થનાર દયાસાગર દત્ત ભગવાન તે સ્થળે ગોવિંદસ્વામીના રૂપે પ્રગટ થઇને તરત જ પાસે આવી પહોંચ્યા. (૧૦૩-૧૦૫).

શ્રીગુરુએ એમને પ્રેપોચ્ચાર કરવાની વિનંતી કરી એટલે એમણે કહ્યું કે ભલે. એમ કહીને એમણે જાતે પ્રેપોચ્ચાર કરાવીને 'વાસુદેવાનંદ સરસ્વતી' એવું સંન્યાસી તરીકેનું નામ આપીને પછી કહ્યું કે હવે આજની અહીં માધુકરી માગીને રહેજો. (૧૦૬-૧૦૭). ઉજ્જૈનમાં આવેલાં દત્તમંદિરમાં નારાયણ સ્વામી કરીને યતીશ્વર રહે છે તેને મારા સ્વરૂપ નિશ્ચિતરૂપથી જાણજો અને તેમની પાસે જઇને દંડગ્રહણ કરજો. ઉજ્જૈન એ ખાસ મોક્ષ આપનારી નગરી છે. (૧૦૮-૧૦૯).

આવું કહીને તરત જ એ દત્ત ભગવાન ત્યાં ને ત્યાં જ અંતર્ધાન થઇ ગયા. આવો ચમત્કાર જોઇને બધા લોકો અંતરમાં આશ્ચર્યચકિત થઇ ગયા. અને શ્રીગુરુને પૂછ્યું કે હે પ્રભુ ! એ સ્વામી કોણ હતા? અને આમ જોત જોતામાં કેમ અદશ્ય થઇ ગયા? એ ચોક્કસ કોઇ દેવ જ હતા. હે ગુરુરાય ! અમને કહો કે એ કોણ હતું? (૧૧૦-૧૧૨). ત્યારે શ્રીગુરુમૂર્તિ બોલ્યા કે તમે અને હું બધા સાથે જ હતા ત્યારે એ શાંત સંન્યાસી એકદમ આવી ચઢ્યા તો તેની મને શું ખબર પડે? તમે કોઇએ પણ એમને ભિક્ષા માટે કેમ પ્રાર્થના ના કરી? (૧૧૩-૧૧૪).

આ સાંભળીને બધાએ કહ્યું કે આપની સાથે એ સંન્યાસી ગામમાં આવશે, પછી એમને વંદન કરશું અને ભિક્ષા માટે વિનંતી કરશું; આવું વિચારીને અમે ગફલતમાં રહી ગયા. અમારું પ્રારબ્ધકર્મ આડું આવ્યું. તેથી આ બહુ મોટી ભૂલ થઇ ગઇ. (૧૧૫-૧૧૬).

એમને ત્યાં આશ્વાસન આપતાં શ્રીગુરુ બોલ્યા કે તમે એટલા ભાગ્યશાળી કે તમને એમના દર્શન થયાં. (૧૧૭).

આમ ગંગાખેડમાં સંન્યાસ લઈને પછી ત્યાંથી સમર્થ એવા શ્રીગુરુ ઉજ્જૈન આવવા નીકળ્યા. (૧૧૮). તેઓ હંમેશાં પવનની ઝડપથી પગપાળા ચાલતા હતા. વચ્ચે વાસીમ ગામની પાસે આવતાં ત્યાં એક કૌતુક જોયું. એ પ્રસંગનું વર્ણન આગળ ઉપર આવશે, જેના શ્રવણથી ભવભય રહેતો નથી. સંસારી **રંગ**ને નિ:સંગતા પ્રાપ્ત થાય છે અથવા '**રંગ**' નિ:સંગી બને છે. (૧૧૯-૧૨૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે '**સંન્યાસ ગ્રહણ**' નામનો **એકસો ત્રેવીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૨૩

(૧) લગ્નજીવનના ત્રણ હેતુ છે. ૧. ધર્મ ૨. સંતાનપ્રાપ્તિ ૩. રતિ.

બાળકોના વિકાસમાં મા અને બાપ બન્ને મહત્ત્વનો ભાગ ભજવે છે. પિતાના વીર્યમાંથી હાડકાં, મજ્જા અને સ્નાયુ બને છે અને માતાના રકતમાંથી માંસ અને લોહી બને છે. સંતાનના બુદ્ધિ વિકાસમાં પિતા વધુ મહત્ત્વનો ભાગ ભજવે છે અને ચારિત્ર્ય ઘડતરમાં માતા મહત્ત્વનો ભાગ ભજવે છે. આ વિશે એક શ્લોક છે :

'દુ:શીલો માતૃદોષેણ પિતૃદોષેણ મૂર્ખતા |
કાર્પણ્યં વંશદોષેણ હ્યાત્મદોષેણ દરિદ્રતા ||'

આપણા ધર્મમાં સ્ત્રી પોતાની જ્ઞાતિમાં અથવા પોતાની જ્ઞાતિ કરતાં ચઢિયાતી જ્ઞાતિના પુરુષ સાથે લગ્ન કરી શકે, પરંતુ પોતાની જ્ઞાતિ કરતાં ઊતરતી જ્ઞાતિમાં લગ્ન કરી શકે નહીં. ભૃગુપુત્ર ઋચિક બ્રાહ્મણ હતા તો તેની સાથે ક્ષત્રિયપુત્રી સત્યવતી પરણી શકે. જમદગ્નિ સાથે રેણુકાનાં લગ્ન થઈ શકે પરંતુ બ્રાહ્મણકન્યા ક્ષત્રિયને પરણી શકે નહીં. કચના શાપને કારણે સજારૂપે શુક્રાચાર્યની પુત્રી દેવયાનીએ ક્ષત્રિય રાજા યયાતિ સાથે પરણવું પડ્યું હતું.

સંતાનના શારીરિક અને બૌદ્ધિક વિકાસમાં પિતાનો ફાળો મહત્ત્વનો છે. એટલે ગીતામાં કહ્યું છે કે :

'સ્ત્રીષુ દુષ્ટાષુ વાર્ષ્ણેય જાયતે વર્ણસંકર: ||' (અ. ૧ શ્લો. ૪૧)

પણ સ્ત્રી બગડે, એનું અધ:પતન થાય, ગમે તેની સાથે લગ્ન કરે એટલે વર્ણસંકર પ્રજા જન્મે અને પ્રશ્નો ઊભા થાય.

●

અધ્યાય : ૧૨૪

આ અધ્યાયનું નામ **'દંડગ્રહણ'** છે. આ અધ્યાયમાં **૭૨** દોહરા છે.

બંને હાથ જોડીને નિરંજને ફરી પાછું પૂછ્યું કે વાસીમ પાસે આવતાં શું કૌતુક થયું તે મને વિસ્તારથી કહો. (૧-૨).

અલખે કહ્યું કે સાંભળ. ગંગાખેડથી ઉજ્જૈન જતાં વચમાં વાસીમ ગામ પાસે એક પોલીસ ચોકી હતી. પોલીસે શ્રીગુરુને કહ્યું કે અમે તમને અહીંથી આગળ જવા દઈશું નહીં, એટલે આ પોલીસ ચોકી પર બેસી જાવ. (૩-૫).

શ્રીગુરુએ કહ્યું કે તમે તમારા નિયમ મુજબ મારું નામ લખી લો અને મને જવા દો. પરંતુ સત્તાથી છકેલા એ પોલીસોએ શ્રીગુરુને પોલીસ ચોકી પર બેસાડી રાખ્યા, એમની મશ્કરી કરી અને ના કહેવા છતાં એમનો સ્પર્શ કરતા હતા. શ્રીગુરુએ કહ્યું કે આજે ચંદ્રગ્રહણ છે તો મને જવા દો, હેરાન ના કરો. આમાં તમારું ભલું નહીં થાય. (૬-૧૫).

પોલીસોએ શ્રીગુરુની વાત સાંભળી નહીં. શ્રીગુરુ ચોકી પર બેઠા હતા ત્યાં જ ઉપરી અમલદાર આવ્યો અને શ્રીગુરુને જોતાં જ દંડવત્ પ્રણામ કરીને પૂછ્યું કે આપ કયારે પધાર્યા? શ્રીગુરુએ બધી વાત કહી એટલે અધિકારીએ પોલીસોને ધમકાવી શિક્ષા કરી. એમને નોકરીમાંથી બરતરફ કર્યા અને કેદમાં નાંખવાની ધમકી આપી. (૧૬-૨૩).

પોલીસોએ શ્રીગુરુની માફી માગી અને પ્રાર્થના કરી. શ્રીગુરુએ અધિકારીને સમજાવ્યો અને પોલીસોને માફ કરી દેવા જણાવ્યું. ક્ષમા અને તિતિક્ષાનું જીવંત ઉદાહરણ પૂરું પાડીને શ્રીગુરુ વાસીમ થઈને માહૂરગઢમાં આવી, માતૃતીર્થમાં સ્નાન કર્યું. અત્રિ-અનસૂયાનાં દર્શન કરી દત્તનાં દર્શને ગયા અને સ્તુતિ કરી. (૨૪-૪૮).

ત્યાંથી નીકળી ઉજ્જૈનમાં આવી દત્તમંદિરમાં નારાયણ સ્વામીને મળ્યા. અનિરુદ્ધ સ્વામીને વિનંતી કરતાં એમણે નારાયણ સ્વામીને દંડ આપવાનું કહ્યું. જેઠ વદ બીજે દંડ આપવાની વિધિ થઈ અને સાડત્રીસમે વર્ષે વાસુદેવાનંદ સરસ્વતી નામે પ્રસિદ્ધ થયા. દત્તાજ્ઞાનુસાર માધુકરી માગવા જતા હતા ત્યાં નારાયણ સ્વામીએ કહ્યું કે આજે અહીં જ ભિક્ષા લો. એટલે શ્રીગુરુએ ત્યાં ભિક્ષા લીધી તે દત્તપ્રભુને ના ગમ્યું અને શ્રીગુરુને ઊલટી થવા લાગી. નારાયણ સ્વામીએ ક્ષમા માંગી ત્યારે બધું ઠેકાણે પડ્યું. (૪૯-૭૨).

બે હાથ જોડીને ફરી પાછો નિરંજન ત્યાં કહેવા લાગ્યો કે શ્રીગુરુરાય વાસીમ (ગામ) પાસે આવતાં રસ્તે એક કૌતુક બન્યું એવું આપે કહ્યું હતું તે સાંભળીને મન અધીરું થઈ ગયું છે. એટલે હે ધીર યોગીશ્રેષ્ઠ અલખજી ! આપ એ બધું વિસ્તારપૂર્વક કહો. આમ કહીને એણે વંદન કર્યાં ત્યાં દયાળુ અલખજી બોલ્યા કે ગુરુની લીલાનો પાર

નથી છતાં હે બાળ ! તું એ સાંભળ. (૧-૩).

વાસીમ પાસેના રસ્તે એક પોલીસ ચોકી હતી. એ રસ્તેથી શ્રીગુરુ જતા હતા. તે જોઇને પોલીસોએ તેમને કહ્યું કે અહીંયાં બેસી જાવ. અમે તમને અહીંથી આગળ જવા દઇશું નહીં. (૪-૫). રાજદૂતોનાં આવાં વચન સાંભળીને શ્રીગુરુએ કહ્યું કે તમે તમારા નિયમ પ્રમાણે મારું નામ લખી લો. (૬). તેમ છતાં એમણે માન્યું નહીં અને સત્તાથી છકેલા એ દુષ્ટોએ કહ્યું કે છાનામાના અહીં બેસી જાઓ. (૭). જ્યારે અમારા મનમાં આવશે ત્યારે જ તમને અમે અહીંથી આગળ જવા દઇશું. ત્યાં સુધી તમને અમે છોડવાના નથી.① (૮). આમ કહીને તે બુદ્ધિના વંઠેલાએ શ્રીગુરુને સવારથી છેક સાંજ સુધી ત્યાં ચોકીએ બેસાડી રાખ્યા. આટલાથી પણ સંતોષ ન થતાં 'ખી-ખી-ખી' કરીને દાંત કાઢીને શ્રીગુરુની તેઓ મશ્કરી કરતા હતા. (૯-૧૦). ના કહેવા છતાં ખરાબ ચેનચાળા કરીને શ્રીગુરુને અડકતા હતા તેમ છતાં શ્રીગુરુ એક શબ્દ પણ બોલતા ન હતા અને પ્રારબ્ધનો વિચાર કરીને શાંત થઇને બેસી રહ્યા હતા. જ્યારે દિવસ આથમવાને થોડો સમય જ બાકી રહ્યો હતો ત્યારે શ્રીગુરુએ ચોખ્ખેચોખ્ખું કહ્યું કે આજે ચંદ્રગ્રહણ છે તો તમે મારું નામ લખી લઇને મને જવા દો. મને ખોટી રીતે મોડું ના કરો. (૧૧-૧૩).

આમ છતાં પણ જો હવે તમે મારું કહ્યું નહિ માનો તો તમારી નોકરી ગુમાવશો અને ત્યાં બેસીને રડવાનો વારો આવશે. (૧૪). આ હું તમને છેલ્લી વાર ચોખ્ખા શબ્દમાં કહું છું એમ શ્રીગુરુએ કહ્યું તો પણ સત્તાથી છકેલા એ દુષ્ટ અને હલકટ એવા પોલીસોએ સાંભળ્યું નહીં. (૧૫). એટલામાં ત્યાં તરત જ એકાએક પોલીસોનો સૌથી વડો એવો ઉપરી અધિકારી આવ્યો. (૧૬). સ્વામીજીને જોતાં જ દંડવત્ પ્રણામ કરીને પૂછ્યું કે આપ અહીં કયારે પધાર્યા? એટલે શ્રીગુરુરાય બોલ્યા કે આજ સવારથી અહીં આવ્યો છું અને તમારા પોલીસોએ મને અહીં બેસાડી રાખ્યો છે. હવે તમે જ કહો કે મારે શું કરવું? (૧૭-૧૮). આ સાંભળતાં વેંત જ અધિકારી ક્રોધથી લાલ થઇ ગયો. પોલીસોના રાજમુદ્રાથી અંકિત થયેલા પટ્ટાઓ તરત જ ખૂંચવી લઇ લીધા અને પૂછ્યું કે આ સંન્યાસીને અહીં કેમ બેસાડી રાખ્યા? (૧૯-૨૦). આ વાતનો તમે પહેલાં ખુલાસો કરો નહિ તો તમારે કારાવાસ ભોગવવો પડશે એ નક્કી જ માનજો. (૨૧). આવું બોલીને શિક્ષા કરવા માટે જ્યાં અધિકારીએ શરૂઆત કરી એટલે એ જોઇને બધા પોલીસો બીકના માર્યા થર થર ધ્રૂજવા લાગ્યા. એમને થયું કે હવે નોકરી જશે અને જેલમાં સડવું પડશે. એવા વિચારો આવતાં ત્યાં રડવા લાગ્યા અને રડીને શ્રીગુરુનાથને હાથ જોડીને વારંવાર નમન કરીને પ્રાર્થના કરવા લાગ્યા કે હે ગુરુશ્રેષ્ઠ ! અમને માફ કરો. (૨૨-૨૪). હવે અમારું મરણ આવ્યું. હે દીનાનાથ ! અમારી રક્ષા કરો. સ્ત્રી અને પુત્રો પણ હે ગુરુજી ! અનાજ વગર ભૂખે પેટે મરી જશે. (૨૫). હે પ્રભુ ! અમારા પર કૃપા કરો અને અમને આ દુ:ખમાંથી છોડાવો. અમે તો મહાન દુષ્ટ અને પાપી છીએ. હે યતિશ્રેષ્ઠ ! અમને માફ કરો. (૨૬).

આ સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે આ તો મેં તમને પહેલેથી કહ્યું હતું પછી તમે મારી વાત કેમ ના સાંભળી? (૨૭). એ વાત ના સાંભળી તેનું ફળ તમને ભગવાને આપ્યું છે. આવું કહ્યા પછી શ્રીગુરુ મનમાં વિચારવા લાગ્યા કે આ અપકાર કરનાર ઉપર મારે ચોક્કસ થોડો પણ ઉપકાર કરવો જોઇએ. આવું મનમાં વિચારીને એમણે વરિષ્ઠ અધિકારીને પૂછ્યું કે તમોને અહીંયાં શું પગાર મળે છે? વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે મને મહિને દોઢસો રૂપિયા

પગાર મળે છે. (૨૮-૩૦). એટલે શ્રીગુરુ પાછા બોલ્યા કે આ પોલીસને શું પગાર મળે છે? વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે મહિને આઠ રૂપિયા મળે છે. (૩૧). આ વાત સાંભળીને શ્રીગુરુએ અધિકારીને કહ્યું કે ખરેખર ! એમની બુદ્ધિ પણ એમના પગારને અનુરૂપ જ છે એમાં શંકાને સ્થાન નથી. (૩૨). ક્ષુદ્રવૃત્તિવાળા આ લોકોમાં જો તમારા જેટલી બુદ્ધિ હોત તો એમને પણ તમારા જેવો જ પગાર અહીં મળતો હોત. (૩૩). પૂર્વ જન્મનાં પાપો ભેગા થયેલાં હોવાથી પણ તેઓ અવળી બુદ્ધિથી ચાલે છે એમાં કોઇ શંકા નથી.② (૩૪).

ત્યાં પેલો અધિકારી બોલ્યો કે ખરેખર તો રાજાનો આ નિયમ લોકોની સુખાકારી માટે છે. તો પણ આ હલકટ માણસો એ નિયમનો દુરુપયોગ કરીને અને આવાં કામ કરીને દુનિયામાં આ રાજાનું નામ બદનામ કરે છે. (૩૫-૩૬). ચોર વગેરે જેવા બદમાસો ભયંકર કૃત્યો કરીને ભાગી જાય છે તેમને શોધી કાઢવા માટે આ રીતની પોલીસ ચોકીઓ સ્થાપી છે અને મુસાફરોનાં નામ વગેરે લખવાનો નિયમ રાજ્યે બનાવ્યો છે. (૩૭-૩૮). આ બધા નિયમો કોઇને હેરાન કરવા માટે નથી બનાવ્યા. આપ જેવા પૂજ્ય સાધુને પણ આ લોકો આ રીતે ખોટી ઉપાધિ કરે તો પછી એ દુષ્ટોને શિક્ષા થવી જ જોઇએ. તો જ એ સીધા થાય એમ છે. (૩૯-૪૦).

વરિષ્ઠ અધિકારીનાં આવાં વચન સાંભળીને શ્રીગુરુએ એને અનેક રીતે સમજાવ્યો અને દયાના સાગર શ્રીગુરુરાયે પ્રેમપૂર્વક જે તે પોલીસને એમના પોતપોતાના રાજપટ્ટા પાછા અપાવી દીધા. આ જોઇને પોલીસો મનમાં ખૂબ જ શરમાઇ ગયા અને વિવિધ રીતે પ્રાર્થના કરીને પોતાના અપરાધની માફી માગી અને તરત જ વંદન કર્યા. (૪૧-૪૩). મનુષ્ય વેષે આવી લીલા કરીને શ્રીગુરુ જગતને ક્ષમા અને તિતિક્ષાનું પૂર્ણ લક્ષણ દર્શાવતા હતા. (૪૪).

શ્રીગુરુ ત્યાંથી તરત જ વાસીમ ગામમાં આવ્યા અને ત્યાં ચંદ્રગ્રહણનો સમય ગાળીને ત્યાંથી માહૂરગઢમાં આવીને માતૃતીર્થમાં પ્રેમપૂર્વક સ્નાન કર્યું. એ જ રીતે બીજાં જે તીર્થો હતાં તે બધાંમાં પણ સ્નાન કરીને અત્રિ-અનસૂયાનાં દર્શન કરીને, પોતાના ઇષ્ટદેવનાં દર્શન કરવા માટે તરત જ ગયા. (૪૫-૪૭). ત્યાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને નીચે મુજબની પ્રાર્થના કરી :

શ્લોક : જેના નીચલા હાથમાં માળા અને કમંડળ શોભે છે, વચલા બંને હાથમાં ડમરુ અને ત્રિશૂળ છે, જેના ઉપરના બે હાથમાં મંગલકારી શંખ અને ચક્ર છે એવા છ હાથવાળા અને અત્રિને વરદાન આપનારા દત્ત ભગવાનને વંદન કરું છું.③ પછી એકવીરા રેણુકાનું દર્શન કરીને શ્રીગુરુવર ઝડપથી ઉજ્જૈનમાં આવ્યા અને દત્તમંદિરમાં જઇને ત્યાં નારાયણ સ્વામીના ચરણમાં ભાવપૂર્વક વંદન કરીને પોતાની સઘળી હકીકત સ્નેહપૂર્વક કહી સંભળાવી. (૪૮-૫૦).

એ સાંભળીને યતિશ્રેષ્ઠ નારાયણ સ્વામી બોલ્યા કે અમારા પરમ શ્રેષ્ઠ એવા ગુરુ શ્રીઅનિરુદ્ધ સ્વામી અહીં રહે છે. (૫૧). એમની આજ્ઞા વિના અમારાથી દંડ આપી શકાય નહીં. એ સાંભળીને શ્રીગુરુમૂર્તિ તરત જ શ્રીઅનિરુદ્ધ સ્વામી પાસે ગયા અને તેમને દંડવત્ પ્રણામ કરીને આદિથી અંત સુધીની બધી હકીકત કહી સંભળાવી. (૫૨-૫૩). એ હકીકત સાંભળીને યતિશ્રેષ્ઠ અનિરુદ્ધ સ્વામીએ ત્યારે નારાયણ સ્વામીને પાસે બોલાવ્યા અને દંડ આપવા કહ્યું. (૫૪). ગુરુની આજ્ઞાનુસાર નારાયણ સ્વામીએ શ્રીગુરુમૂર્તિને જેઠ વદ બીજના રોજ વિધિપૂર્વક

દંડ આપીને વાસુદેવાનંદ સરસ્વતી એવું સંન્યાસી થયા પછીનું નામ પ્રેમપૂર્વક રાખ્યું. (૫૫-૫૬). આમ સાડત્રીસમે વર્ષે શ્રીગુરુ એ નામથી બધે પ્રસિદ્ધ થયા અને બધે વંદનીય બન્યા. (૫૭).

તે દિવસે ગામલોકોએ બધા સંન્યાસીઓને ત્યાં મઠમાં ભિક્ષા આપી ત્યારે તપ:પુંજ શ્રીગુરુરાય પોતાના રોજના નિયમ પ્રમાણે માધુકરી માગવા જવા માટે શ્રીનારાયણ સ્વામી ગુરુની આજ્ઞા લેવા માટે તેમની પાસે ગયા ત્યારે એ યતિશ્રેષ્ઠે ત્યાં કહ્યું કે આજનો દિવસ તમે બધાની સાથે અહીં જ ભિક્ષા લેજો. (૫૮-૬૦). આ સાંભળીને શ્રીગુરુ ભિક્ષા માગવા ગયા નહીં અને બધા સંન્યાસીઓની સાથે ત્યાં પ્રેમથી ભિક્ષા લીધી. (૬૧). પરંતુ દત્તપ્રભુને મનમાં પણ આ ગમ્યું નહીં અને તેથી અરે ! શ્રીગુરુને ઊલટીઓ થવા લાગી.ⓔ (૬૨). કોઇ પણ ઉપાયે એ ઊલટીઓ બંધ થતી ન હતી. એમની આવી ચિંતાજનક સ્થિતિ જોઇને નારાયણ સ્વામી ત્યાં ખૂબ ગભરાઇ ગયા. (૬૩). એમણે ધ્યાનમાં જોયું તો ખબર પડી કે દત્તપ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન થવાથી આ બધું બન્યું છે. (૬૪).

તરત જ દત્તપ્રભુનાં ચરણકમળમાં ત્યાં વંદન કરીને એ યતિશ્રેષ્ઠ ભકતવત્સલ ભગવાનને સમર્પિત થઇને પ્રાર્થના કરવા લાગ્યા કે હે નાથ ! જેવો એ આપનો શિષ્ય છે તેવો જ હું પણ તમારો જ શિષ્ય છું અને હું આપનો જ દાસ છું. મારા વાંકને કારણે હે પ્રભુ ! એ વાસુદેવને આવી ઘોર શિક્ષા ના થવી જોઇએ. આ સિવાય હું બીજું કશું જ માગતો નથી. (૬૫-૬૭). હું આપને વંદન કરીને વારે વારે મારા અપરાધની માફી માગું છું. આપના શિષ્યને હવે સારું કરી દો. હવે પછી હું કોઇ દિવસ એને આપની આજ્ઞાથી વિરુદ્ધ કોઇ પણ કાર્ય કરવાનું ખરેખર નહીં કહું. આ મારી પ્રતિજ્ઞા છે. (૬૮-૬૯).

આ પ્રમાણે પ્રાર્થના કરતાં જ શ્રીગુરુમૂર્તિને ઊલટીઓ થતી બંધ થઇ ગઇ અને એમને આરામ થયો. (૭૦). ગુરુની આજ્ઞાનુસાર કેટલાક દિવસ ત્યાં રહીને શ્રીગુરુ પછી ઉજ્જૈન છોડીને પગપાળા સારંગપુરમાં આવ્યા. એ વાત હવે આગળ ઉપર કરવામાં આવશે. જે પોતે જ ભગવાન છે એની લીલાને (એના **રંગને**) કોણ સમજી શકે? (૭૧-૭૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'દંડગ્રહણ'** નામનો **એકસો ચોવીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૨૪

(૧) શ્રીગુરુલીલામૃતમાં ઘણી જગ્યાએ વાણી મીઠી અને સુખદાયી રાખવી એવા સંકેત પણ છે અને સ્પષ્ટ સૂચના પણ છે. વિચાર, વાણી અને વર્તનમાં વિચારને તો કોઇ જોઇ શકતું નથી પરંતુ વાણી બોલીએ ત્યારે તેની અસર ઓક્સ્સ થાય છે. "આંખમાં અમી તો દુનિયા ગમી, પણ જીભમાં અમી તો દુનિયા નમી". એવું પણ કહેવાયું છે. "યદા યદા મુંચતિ વાક્યબાણં તદા તદા જાતિકુલ પ્રમાણં" આ પંક્તિ પણ વાણીનો પ્રભાવ સૂચવે છે. "જબ અપના મુંહ ખોલો તુમ, મીઠી બોલી બોલો તુમ" એક એવી ઉક્તિ પણ છે. પરંતુ માણસ યુવાની, સંપત્તિ કે સત્તાના મદે છકી જાય ત્યારે, એ હલકા કુળનો હોય તેમ સંયમ ગુમાવીને ગમે તેવી વાણી બોલે છે. એક અંધ ઋષિએ વાણી ઉપરથી જ સૈનિક, પ્રધાન અને રાજાને ઓળખ્યા હતા તેવી એક વાર્તા પણ જાણીતી છે. કડવી વાણી કોઇને આપઘાત કરવા પ્રેરી શકે અને મીઠી વાણી આપઘાત કરવા જનારને પાછા પણ વાળી શકે. ક્ષુદ્રવૃત્તિના પોલીસની વાણી આવી વિવેકહીન હોય તે સ્વાભાવિક જ છે.

(૨) દોહરા ૯ થી ૩૪ને પાંચ વિભાગમાં વહેંચી શકાય. એક તો પોલીસોનો દુર્વ્યવહાર. (૯ થી ૧૧), શ્રીગુરુની સહનશક્તિ અને પછી સ્પષ્ટ ચેતવણી. (૧૨ થી ૧૫), ઉપરી પોલીસ અધિકારીનું આગમન, વડા અધિકારીનો શ્રીગુરુ પ્રત્યેનો આદરભાવ અને પોલીસો પર શિક્ષાત્મક પગલાં. (૧૬ થી ૨૩), પોલીસોની કાકલૂદીભરી આજીજી. (૨૪-૨૮) અને છેલ્લે શ્રીગુરુનો સાચા ક્ષમાશીલ સંત તરીકેનો અભિગમ. (૨૯-૩૪).
દોહરો ૨૯ વાંચતાં શ્લોક યાદ આવે છે:

ઉપકારિષુ યઃ સાધુઃ સાધુત્વે તસ્ય કો ગુણઃ |
અપકારિષુ યઃ સાધુઃ સ સાધુઃ સદ્ભિરુચ્યતે ||

ઉપકાર કરનાર પર ઉપકાર કરવામાં કયાં સાધુતા આવી? અપકાર કરનાર પર ઉપકાર કરે તેને જ સજ્જનો સાધુપુરુષ કહે છે. આવો ઉપકાર કરવા પાછળનો દૃષ્ટિકોણ પણ કેવો છે? પૂર્વજન્મના પાપ સંચયને કારણે તએમની વિપરીત બુદ્ધિ, દુર્બુદ્ધિ હોવાથી બિચારા આવી રીતે જ વર્તેને ! બધે પ્રશ્ન આ જ આવીને ઊભો રહે છે. બુદ્ધિ અને વૃત્તિ સારાં તો બેડો પાર, એ બે નઠારાં તો પછી દુખડાં અપાર. આમ જોઇએ તો અહીં પોલીસો દયાને પાત્ર નથી, શિક્ષાને જ પાત્ર છે પરંતુ જેનું હૃદય કરુણતાથી ભરેલું હોય તે તો બીજાને દુઃખી જોઇને એટલા જ દુઃખી થાય જાણે પોતાના ઉપર દુઃખ આવી પડ્યું હોય ત્યારે દુઃખી થતા હોય તેમ.

(૩) સમશ્લોકી :

માલાકમંડલુરધ: કરપદ્મયુગ્મે
મધ્યસ્થપાણિયુગલે ડમરુત્રિશૂલે |
યસ્ય સ્ત ઉર્ધ્વકરયો: શુભશંખચક્રે
વંદે તમત્રિવરદં ભુજષટ્કયુક્તમ્ ||

માળાકમંડળુ લસે કર નીચલામાં,
ડમરુ ત્રિશૂલ વચલા કરમાં બિરાજે, |
ઊંચા દ્વિહસ્તકમલે શુભશંખચક્ર
એવા નમું વિધિ હરીશ સ્વરૂપ દત્ત. ||
હરિશ= હરિ (વિષ્ણુ) + ઇશ (શંકર). વિધિ= બ્રહ્મા.

(૪) નારાયણ સ્વામીએ દંડ આપ્યો હતો તેથી તે પણ ગુરુ ગણાય. એટલે એમણે મઠમાં ભિક્ષા લેવાની આજ્ઞા કરી તો તેનું પાલન કરવું જોઇએ. શ્રીગુરુને ખબર છે કે આમ કરવાથી દત્તપ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે તે પણ બરાબર નથી. પરંતુ આ બધાને સાચવવામાં આખરે એમણે જ સહન કરવાનું આવ્યું. તેઓએ હસતે મોંએ, બોલ્યા વગર સહન કર્યું. આ જ **તિતિક્ષા**.

●

અધ્યાય : ૧૨૫

આ અધ્યાયનું નામ **'નાસ્તિકશિક્ષણ'** છે. આ અધ્યાયમાં **૧૧૨** દોહરા છે.

અલખે કહ્યું કે હે શિષ્ય ! તું સાંભળ. લોકોને શિક્ષણ આપવા માટે સંતો આમ નિષ્કામ ભાવથી ફરતા હોય છે. પોતે શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે જીવીને ધર્મની સ્થાપના કરે છે. પછી શ્રીગુરુ ઉજ્જૈનથી સારંગપુર આવ્યા. (૧-૨).

સારંગપુરના લોકોની વિનંતી સ્વીકારીને શ્રીગુરુ ત્યાં કેટલાક દિવસ રહ્યા. એક કેશવરાવ વૈદ્ય નામના મિથ્યાભિમાની નાસ્તિક બ્રાહ્મણને શ્રીગુરુએ કડક ભાષામાં ઠપકો આપી, એને સત્કર્મના પંથે ચઢાવ્યો. સારંગપુરમાં પણ શ્રીગુરુનો મહિમા વધવાથી લોકો ટોળાબંધ દર્શને આવવા લાગ્યા. શ્રીગુરુ પાસે જે મોટી દત્તમૂર્તિ હતી તેની એ જ ગામમાં સ્થાપના કરી. બીજી નાની મૂર્તિ હતી તે વ્યંકટ ચૈતન્ય નામનો બ્રહ્મચારી લઇ ગયો અને જે પાદુકા હતી તે જાલવણ ગામમાં મૂકીને શ્રીગુરુએ સારંગપુર છોડી દીધું. (૩-૪૦).

સારંગપુરથી બજરંગગઢ જતાં વચ્ચે અતિશય વરસાદ પડ્યો એટલે એક રાત્રી રોકાણ કરવાના હેતુથી ભીંજાયેલા શરીરે શ્રીગુરુ એક અગ્નિહોત્રી બ્રાહ્મણને ત્યાં ગયા. એ બ્રાહ્મણની ગેરહાજરીમાં એના દીકરાએ શ્રીગુરુને રાત્રી રોકાણ કરવાની ના કહીને એમને ધુતકારી કાઢ્યા. સ્વામીજીએ આખી રાત્રી એક ઝાડ નીચે પસાર કરી. અગ્નિહોત્રીના દીકરાને ગાંડપણ વળગ્યું અને આખરે શ્રીગુરુની કૃપાથી, એમણે બતાવેલો ઉપાય કરતાં દીકરો સ્વસ્થ થયો. (૪૧-૭૪).

ત્યાંથી શ્રીગુરુ પીછોરા આવ્યા અને ત્યાંના તલાટીના ભાઇ ભાસ્કરના શરીરમાં રહેલા પિશાચને દૂર કર્યો અને ભાસ્કર પાસે નારાયણ બલિની વિધિ કરાવી અને પિશાચને મુક્તિ અપાવી. (૭૫-૯૨).

શ્રીગુરુ પીછોરાથી ખરેરા ગયા. ત્યાંના ચિટનીસની પત્નીએ દત્તપૂજા કરવાની ઇચ્છા વ્યકત કરી. જ્યાં પૂજાની શરૂઆત થઇ ત્યાં જ એના શરીરમાં રહેલા જિંદે બધી વાત કરી. જંદના કાલાવાલાનુસાર મસીદનો જીર્ણોદ્ધાર કરાવી ચિટનીસની પત્નીને શ્રીગુરુએ જિંદથી મુકત કરી. પછી એ સ્ત્રીને સંતાન પણ થયાં. (૯૩-૧૧૨).

અલખે નિરંજનને કહ્યું કે હે શિષ્ય ! તું સાંભળ. લોકોને આ રીતે શિક્ષણ આપવા માટે સંતો પોતે નિષ્કામ બનીને ફરતા ફરે છે. (૧). શાસ્ત્રાનુસાર જીવીને તેઓ ધર્મની સ્થાપના કરે છે. આ રીતે પછી શ્રીગુરુ સારંગપુરમાં આવ્યા. (૨). ત્યાંના બ્રાહ્મણ લોકોએ ભેગા થઇને પ્રાર્થનારૂપે કહ્યું કે હે ગુરુરાય ! થોડા દિવસ હવે અહીં રહીને આ ગામને કૃતાર્થ કરો. એમની એ વિનંતી સાંભળીને શ્રીગુરુરાય કેટલાક દિવસ સારંગપુરમાં રહ્યા. (૩-૪). બ્રાહ્મણોને કર્મમાર્ગમાં વાળીને એમણે સનાતન ધર્મની સ્થાપના કરી. (૫).

ત્યાં કેશવરાવ નામનો એક બધી રીતે મિથ્યાભિમાની અને અતિ નાસ્તિક એવો વૈદ્ય રહેતો હતો. (૬). એક દિવસ એ પોતના ઘરે માધુકરી લેવા માટે શ્રીગુરુને બીજાની માફક પ્રાર્થના કરવા આવ્યો. (૭). એનામાં બ્રાહ્મણનું એક પણ લક્ષણ ન જોઇને એને જોતાંની સાથે જ શ્રીગુરુએ ત્યાં પૂછ્યું કે તું બ્રાહ્મણ હોઉ એમ મને જણાતું નથી. સંધ્યા વગેરે નિત્યકર્મો તું કરે છે કે નહીં? (૮-૯). જે બ્રાહ્મણો વૈશ્વદેવ, સંધ્યા વગેરે કરીને પોતાના ધર્મની મર્યાદાનો ક્યારેય પણ ભંગ નથી કરતા તેમના જ ઘરે હું ભિક્ષા માટે જાઉં છું. નાસ્તિક બુદ્ધિવાળાના ઘરે તો હું સ્વપ્નમાં પણ ભિક્ષા લેવા જતો નથી. (૧૦-૧૧).

કેશવરાવ બોલ્યો કે હે પ્રભુ ! હું પૂનાનો વતની છું અને હું કહ્યાડે જાતિનો સાચે જ બ્રાહ્મણ છું. (૧૨). આમ છતાં હે દેવ ! હું કોઇ દિવસ વૈશ્વદેવ વગેરે કરતો નથી. પરંતુ આપની આજ્ઞા માનીને આજના દિવસ પૂરતું હું બીજા કોઇ પાસે વૈશ્વદેવ કરાવીશ. એ અંગે શંકા ના કરશો. હવે તમે ભિક્ષા માટે ચોક્કસ પધારો. (૧૩-૧૪).

આ સાંભળીને શ્રીગુરુ બોલ્યા કે તારા જેવા પોતાના ધર્મને છોડીને ભ્રષ્ટ થયેલા નાસ્તિકનું તો સ્વપ્નમાં પણ ક્યાંય મોઢું જોવું ખરેખર પસંદ ના કરું તો પછી હે નાદાન બુદ્ધિના ! ભિક્ષા કરવાની તો વાત જ ક્યાં રહી? (૧૫-૧૬). તમારા ઘરે ભિક્ષા કરવા કરતાં તો હીન જાતિના ચાંડાલના ઘરે ભિક્ષા લેવી તે અતિ ઉત્તમ છે. પરંતુ તમારા જેવાના તો અન્નનો સ્પર્શ કરવાથી અહીં દોષ લાગે. આ સાંભળીને કેશવરાવ શરમાઇને નીચે મોઢે ઘરે ગયો. (૧૭-૧૮). એણે જઇને બધી વાત પોતાની માતાને કહી. આ સાંભળીને એની વૃદ્ધ માતાએ કહ્યું કે જો આ સંન્યાસીશ્રેષ્ઠ આપણા ઘરે ભિક્ષા લેવા ના આવે તો પછી આપણે બ્રાહ્મણ શાના? અને ભગવાન પણ જે બોલ્યા તેમાં ખોટું શું છે? એ બધું યોગ્ય અને સનાતન જ છે. માતાનાં આ વચન સાંભળીને કેશવરાવે મનમાં દૃઢ નિશ્ચય કર્યો કે જે થવાનું હોય તે થાય પણ હવે આ સ્વામીને કોઇ પણ ભોગે ભિક્ષા માટે લઇ જ આવવા. (૧૯-૨૨). આવો દૃઢ નિશ્ચય કરીને શ્રીગુરુમૂર્તિની પાસે આવીને ભાવથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે હે દયાળુ ! હું સાચે જ અધમ અને પાપી છું. તમે મારા અપરાધને માફ કરી દો. એ સિવાય હું બીજું કશું જાણતો નથી. (૨૩-૨૪). આમ છતાં હે પ્રભુ ! મારા પર દયાદૃષ્ટિ રાખજો, એવી વિવેકપૂર્વક પ્રાર્થના કરી. તેવામાં એનાં માતા ત્યાં આવ્યાં અને શ્રીગુરુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને ગરીબડાં થઇને બોલીને પ્રાર્થના કરી કે હે કૃપાના સાગર ! હે ગુરુનાથ ! મારા પુત્રને પાવન કરો. (૨૫-૨૬). હે પ્રભુ ! એને બ્રાહ્મણ તરીકે કરવાનું બધું કર્મ શીખવી દો અને એને સન્માર્ગે વાળીને પછી જ્યારે એ જાતે વૈશ્વદેવ કરે ત્યારે અમારા ઘરે માધુકરી લેવા જરૂરથી આવજો. તમારી પાસે બોલાવીને એ પતિતને પાવન કરજો. (૨૭-૨૮).

શ્રીગુરુ બોલ્યા કે તમારો આ પુત્ર બ્રાહ્મણનું કર્મ શીખીને બ્રાહ્મણ ધર્માનુસાર વર્તશે ત્યારે તમારા ઘરે ભિક્ષા લેવા માટે હું પ્રેમથી આવીશ. આ વચન સાંભળીને માતા અને પુત્ર બંને હરખાતાં હરખાતાં ઘરે ગયાં. (૨૯-૩૦). થોડા દિવસોમાં કેશવરાવે જલદી જલદી બ્રહ્મકર્મ શીખી લીધું અને એ પોતે સારી રીતે વૈશ્વદેવ કરવા લાગ્યો. એ જોઇને શ્રીગુરુ તરત જ એના ઘરે ગયા અને માધુકરી ગ્રહણ કરી. ખરેખર ! સાધુપુરુષો આવી રીતે દોષીને સાચે રસ્તે

વાળે છે. આગળ જતાં એ કેશવરાવ ખૂબ જ ધાર્મિક થઇ ગયો તે ત્યાં સુધી કે ષટ્કર્મ કર્યા વગર પાણી પણ પીતો ન હતો. શ્રીગુરુની લીલા આવી હતી. એ બધી લીલાને કોણ જાણી શકે એમ છે? (૩૧-૩૪).

પોતે સ્વયં નિષ્કામ હોવા છતાં લોકોનો ઉદ્ધાર કરવા માટે અને લોકોને શિક્ષણ આપવા માટે બધે ફરતા ફરે છે અને આવા ચમત્કારો કરે છે. (૩૫). જ્યારે શ્રીગુરુ સારંગપુરમાં હતા ત્યારે એમનો મહિમા અપરંપાર વધવા લાગ્યો અને પરિણામે ટોળાબંધ સ્ત્રીપુરુષો દર્શને આવવા લાગ્યાં અને બધાં પોતાના મનની ઇચ્છા મુજબનું મેળવીને હંમેશાં આનંદ કરતાં હતાં. (૩૬-૩૭).

શ્રીગુરુ પાસે દત્ત ભગવાનની જે મોટી મૂર્તિ હતી તેની સ્થાપના એ જ ગામ-સારંગપુર-માં કરી અને બીજી જે નાની મૂર્તિ હતી તે વ્યંકટ ચૈતન્ય નામનો એક બ્રહ્મચારી આગ્રહપૂર્વક નર્મદાતટે લઇ ગયો અને જે પાદુકા હતી તે જાલવણ ગામમાં સ્થાપીને શ્રીગુરુ સારંગપુર છોડીને બજરંગગઢ તરફ જવા નીકળ્યા. બજરંગગઢ જતાં રસ્તે પુષ્કળ વરસાદ પડ્યો. (૩૮-૪૧). એટલે રાત્રી રોકાણ માટે ભીંજાઇ ગયેલા શ્રીગુરુ એ ગામમાં એક અગ્નિહોત્રી બ્રાહ્મણના ઘરે ગયા. (૪૨). એ વખતે એ શ્રોત્રિય બ્રાહ્મણ ઘરે ન હતા પણ એમનો દીકરો ઘરે હતો. એને શ્રીગુરુએ કહ્યું કે આજે બધે આવો ધોધમાર વરસાદ વરસે છે એટલે આજની રાત રહેવા માટે હે ભાઇ ! અહીં થોડી જગા આપ. (૪૩-૪૪).

એ સાંભળીને એ શ્રોત્રિય બ્રાહ્મણનો દીકરો ક્રોધથી લાલચોળ થઇને બોલ્યો કે તું કોણ છે, તેની અમને ખબર છે. (૪૫). અમારા ઘરે આવીને ખોટી ઉપાધિ શું કામ કરે છે? તારા જેવા તો બહુ સંન્યાસી આમ ભામટા થઇને ફર્યા કરે છે. (૪૬). જો મારા આ ઓટલા પર પણ બેસશે ને તો હું તને ચોક્કસ ધક્કો મારીને બહાર કાઢી મૂકીશ અને તારાં દંડ-કમંડળ પણ ચોક્કસ ફેંકી દઇશ. એટલે સીધે સીધો ચાલવા માંડ. એ મૂરખ આવાં ઓછાં વત્તાં (ગમે તેમ) વચનો કહેવા લાગ્યો. (૪૭-૪૮).

શ્રીગુરુએ એને કહ્યું કે હે ભાઇ ! તું ખોટો ક્રોધ ના કર. તારી રજા વગર હું અહીં એક પળ પણ રહેવાનો નથી. આવું બોલીને એનું ઘર છોડીને એમણે તરત જ ઝાડની નીચે બેસીને આખી રાત પસાર કરી. (૪૯-૫૦).

સવાર થતાંમાં જ ઊઠીને આગળ ચાલવા માંડ્યું. આ બાજુ શું થયું કે પેલો શ્રોત્રિય બ્રાહ્મણ એ રાત્રે જ્યાં પોતાના ઘરે આવ્યો ત્યાં એણે પોતાના પુત્રને ભ્રમિત મગજનો અને ગાંડા માણસના જેવા હાવભાવ કરતાં જોયો. એ જોઇને પેલા બ્રાહ્મણે પોતાની પત્નીને પૂછ્યું કે આ પુત્ર આમ કેમ કરે છે? એટલે પત્નીએ કહ્યું કે હે સ્વામી ! ગઇકાલે જ્યારે મુશળધાર વરસાદ વરસતો હતો ત્યારે એક દંડધારી સંન્યાસી આપણે ત્યાં આવીને રાત્રે રહેવા માટે પુત્ર પાસે થોડી જગા માગતા હતા. આપણા પુત્રે એને જગા તો ના આપી પણ ક્રોધથી લાલચોળ થઇ જઇને સ્વામીને નિષ્ઠુર વચનો કહીને બહાર કાઢી મૂક્યા. બસ ! ત્યારથી જ આપણો આ દુર્બુદ્ધિવાળો પુત્ર ગાંડાના જેવી ચેષ્ટા-હાવભાવ કરી રહ્યો છે. પત્નીનાં એ વચનો સાંભળીને એ અગ્નિહોત્રી મનમાં ખૂબ દુ:ખી થયો અને પછી શ્રીગુરુની શોધ કરવા માટે દોઢ વરસ સુધી ફરતો રહ્યો. ત્યારે નસીબજોગે તેને શ્રીગુરુનાં દર્શન થયાં. એ બ્રાહ્મણે ત્યાં

શ્રીગુરુને દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે હે ભકતવત્સલ પ્રભુ ! અમારો અપરાધ માફ કરો. મારા પર સારંગપુરથી પત્ર આવ્યો હતો કે આપ આ રસ્તે થઈને તરત જવાના છો. તેથી હું આપના આવવાની રાહ જોતો હતો. આમ છતાં આપ ભગવાન જયારે મારે બારણે ખરેખર આવ્યા ત્યારે કમનસીબે હું ઘરે ન હતો અને મારા નાદાન પુત્રે આપના સામર્થ્યને ઓળખ્યા વિના આપને ગમે તેવાં જે નિષ્ઠુર વચનો કહ્યાં તે હે પ્રભુ ! આપ બધાં માફ કરો. (૫૧-૬૩). આમ વિગતે વાત કર્યા પછી, દીકરાની ભ્રમિત દશાની તેણે વિગતે વાત કરી અને કહ્યું કે હે કૃપાળુ ! મારી છેક જ અવગણના કરશો નહીં. (૬૪).

શ્રીગુરુ બોલ્યા કે તમારા જેવા ગૃહસ્થ લોકોના ઘરે અતિથિ કે અભ્યાગત આવે ત્યારે વાર ન લગાડતાં એમનો યોગ્ય સત્કાર કરવો એ તમારો ધર્મ છે. તમારા ઘરમાં એ નિયમ કયાંય પણ નજરે ચઢ્યો નહીં.① (૬૫-૬૬). મને એણે ઓળખ્યો નહીં એ તો કેવળ તમારું બહાનું છે. એટલે મારી સેવા કરીને તમારે મારી પાસેથી તમારો સ્વાર્થ સિદ્ધ કરવો છે અને પછી બીજાને શું તમારે દુષ્ટ વચનો કહેવાં છે? આ તમને શોભે ખરું? (૬૭-૬૮). તમારા જેવા દુર્જન માણસનું મોં પણ જોવાનું પણ મન થતું નથી. હે શ્રોત્રિય ! ખરેખર તમારા પુત્રને મેં કાંઇ ગાંડપણ લગાડ્યું નથી એટલે હું કાંઇ જાણું નહીં. તમે તમારી મેળે હવે જાઓ. શ્રીગુરુનાં એ વચન સાંભળીને પેલો બ્રાહ્મણ વારેવારે વંદન કરીને અને દંડવત્ પ્રણામ કરીને બોલ્યો કે હે કૃપાળુ ! તમારા વગર હું કોને શરણે જાઉં? (મારો) અપરાધ માફ કરો. હે નાથ ! હું આપને શરણે આવ્યો છું. એવું કહીને એમના ચરણમાં આળોટવા લાગ્યો. (૬૯-૭૨).

એને દુ:ખી થયેલો જોઇને શ્રીગુરુને દયા આવી અને પછી ઉપાય બતાવીને દીકરાને તરત સ્વસ્થ કર્યો. (૭૩). બધાંને ખૂબ આનંદ થયો. શ્રીગુરુનાં ચરણારવિંદમાં વંદન કરીને એ બ્રાહ્મણ પછી ગુરુનાં યશોગાન ગાતો ગાતો પોતાને ગામ ગયો. (૭૪). શ્રીગુરુની લીલા આવી અગમ્ય છે. એ બધી કોણ વર્ણવી શકે એમ છે? એ લીલા ગાતાં તો ભગવાન શંકર પણ થાકી જાય એમ છે. હું તને એમાંથી થોડી થોડી કહું છું. (૭૫).

ત્યાંથી ફરતાં ફરતાં શ્રીગુરુ પિછોરા ગામમાં આવ્યા અને પોતાની ઇચ્છાથી જ ત્યાં થોડા દિવસ રહ્યા. (૭૬). ત્યાંના એક તલાટીનો ભાસ્કર નામે એક ભાઇ હતો તે વાઇ-ફેફરાં-ના રોગથી ખૂબ દુ:ખી હતો. (૭૭). ઘણા દિવસોથી એ રોગથી એ દુ:ખી થતો હતો. જાત જાતના ઉપાયો કરવા છતાં રોગ મટતો ન હતો. (૭૮). એક દિવસ શ્રીગુરુમૂર્તિની સામે એ ભાસ્કર બેઠો હતો ત્યાં જ પિશાચે એના શરીરમાં તરત જ દાખલ થઇને શ્રીગુરુને કહેવા માંડ્યું કે હું જે પીપળાના વૃક્ષ ઉપર રહું છું તેની નીચે બેસીને એણે પેશાબ-પાણી (લઘુશંકા) કરીને મારું સ્થાન અપવિત્ર કર્યું હતું એટલે તે દિવસથી હું એને રાત દિવસ ત્રાસ આપું છું. એવાં વચન સાંભળીને શ્રીગુરુએ એને કહ્યું કે તું અહીંથી જતો રહે. (૭૯-૮૨).

આવા નાના અપરાધની આવી મોટી શિક્ષા કરવી યોગ્ય નથી એમ માનીને હરામખોર ! તું એને છોડીને જતો રહે નહીં તો હું જ તને ખરેખર શિક્ષા કરીશ. આ સાંભળીને પિશાચ મનમાં ખૂબ ગભરાઇ ગયું અને બોલ્યું કે

હે કૃપાના ભંડાર ! હું બ્રાહ્મણ છું અને મારા વંશમાં કોઇ સંતતિ નથી. તેથી મારી ઉત્તરક્રિયા વગેરે કરનાર કે મારું શ્રાદ્ધ વગેરે કરનાર પણ અહીં કોઇ નથી. તેથી હે પ્રભુ ! મને પ્રેતપણું પ્રાપ્ત થયું છે. એટલે આ ધનિક બ્રાહ્મણને જોઇને મેં એના શરીરમાં પ્રવેશ કરી દીધો છે. (૮૩-૮૭).

મને ઘણી ઘણી આશા હતી કે આ બ્રાહ્મણ મારાં શ્રાદ્ધ વગેરે કરાવશે અને તેથી મને સદ્‌ગતિ મળશે. (૮૮). માટે હે ગુરુવર ! આપ આ ભાસ્કરને આજ્ઞા કરીને એની પાસે નારાયણ બલિ કરાવરાવો. તેથી પિશાચ યોનિમાંથી મારી મુક્તિ થશે અને આ બ્રાહ્મણ પણ નીરોગી થશે. પિશાચની આવી વિનંતી સાંભળીને શ્રીગુરુએ ત્યારે ભાસ્કર પાસે નારાયણ બલિ કરાવીને ભૂતને મુક્તિ અપાવી દીધી. (૮૯-૯૧). ક્ષણવારમાં ભાસ્કર પણ રોગ વિનાનો થઇ ગયો. શ્રીગુરુની આવી લીલાઓ ગાતાં પાર આવે એમ નથી. (૯૨). માટે ડાહ્યા માણસે વડ, પીપળો અને ઓદુંબર વગેરે જેવાં પવિત્ર વૃક્ષ નીચે કદી મળ-મૂત્રની ગંદકી કરવી નહીં. (૯૩).

પછી શ્રીગુરુ પિછોરા છોડીને ખરેરા ગામ ગયા. ત્યાં એક ચિટનીસ-અવલ કારકુન રહેતો હતો. તેની પત્નીએ શ્રીગુરુ પાસે દત્તની સુંદર મૂર્તિ જોતાં, એની વિધિ પ્રમાણે ખાસ પૂજા કરવા માટે પૂજાની બધી સાધનસામગ્રી લઇને, શ્રીગુરુના સ્થાને જઇને એ સુંદર સ્ત્રીએ જેવી પૂજાની શરૂઆત કરી અને જ્યાં ભાવપૂર્વક ધૂપ કર્યો ત્યાં તો એકાએક એ ધૂણવા લાગી. જોર જોરથી બૂમો પાડીને એ એનું આખું શરીર મચડી નાંખતી હતી. એના બૂમબરાડા સાંભળીને ગામના લોકો ત્યાં એકઠા થઇ ગયા. (૯૪-૯૮).

ત્યાં શ્રીગુરુએ પૂછ્યું કે અલ્યા ! તું કોણ છે અને આ સ્ત્રીના શરીરમાં કેમ રહે છે? તે બોલ. (૯૯). શરીરમાં રહેલું એ ભૂત બોલ્યું કે હે પ્રભુ ! હું જિંદ છું અને એના શરીરમાં રહું છું. મારી મસ્જિદની પાસે એણે પેશાબ કર્યો હતો તેથી હું એના શરીરમાં પેસીને એને ત્રાસ આપું છું અને એનો ગર્ભપાત પણ ચોક્કસ હું જ કરું છું. એ સાંભળીને ત્યાં શ્રીગુરુ બોલ્યા કે તારે હવે એના શરીરમાંથી જવું છે કે નહીં તે સાચું બોલ. (૧૦૦-૧૦૨).

જિંદ બોલ્યું કે હે ગુરુવર ! મારી મસ્જિદ જર્જરિત થઇ ગઇ છે એટલે હે પ્રભુ ! આપના ચરણમાં એક એટલી જ વિનંતી છે કે આનો પતિ શ્રીમંત છે અને રાજાનો અધિકારી છે. તો એને કહીને મારી મસ્જિદનો જીર્ણોદ્ધાર કરાવો. એટલે આ સ્ત્રીને ખરેખર છોડીને હું તરત જ જતો રહીશ. જિંદનાં એવાં વચન સાંભળીને ત્યાં શ્રીગુરુવર બોલ્યા કે હરામખોર ! મને ખબર છે કે તેં આના ત્રણ ગર્ભ મારી નાંખ્યા છે. હું તને સાચે જ શિક્ષા કરીશ અને તારી મસીદનો જીર્ણોદ્ધાર કરવા માટે પણ હે દુષ્ટ ! હું એને કહેવાનો નથી. આ સાંભળીને જિંદે અતિશય કાલાવાલા કરીને કહ્યું કે હે દયાળુ ! મારી આટલી ઇચ્છા પૂરી કરો. હું તમારો ઉપકાર નહીં ભૂલું. (૧૦૩-૧૦૮).

પરમ કૃપાળુ શ્રીગુરુએ ચિટનીસને મસીદનો જીર્ણોદ્ધાર કરવા કહ્યું અને તે પ્રમાણે એણે કરતાં એ જિંદ પેલી સ્ત્રીને છોડીને ખરેખર તરત જ જતો રહ્યો. (૧૦૯-૧૧૦). સમય જતાં એ સ્ત્રીને પછી સંતતિ પણ થઇ. આમ ભક્તોનો ઉદ્ધાર કરવા માટે શ્રીગુરુ બધે વિચરતા હતા. (૧૧૧). અવનવાં કૌતુકો કરીને શ્રીગુરુ ધર્મની સ્થાપના

કરતા હતા. **રંગ** કહે છે, જે પોતે ચિદ્‌ઘન છે એવા શ્રીગુરુની લીલા જાણવા માટે કોણ શક્તિમાન છે? (૧૧૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'નાસ્તિકશિક્ષણ'** નામનો **એકસો પચીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૨૫

(૧) પ.પ.સ્વામી મહારાજે એ શ્રોત્રિય બ્રાહ્મણને સરસ ઠપકો આપ્યો. મારું સામર્થ્ય જાણી ન શક્યો તેથી આ રીતે વર્ત્યો એ વાત બરાબર નથી. બીજા કોઇ અતિથિ આવે તો એની સાથે ગમે તેમ વર્તવાનું? 'અતિથિદેવો ભવ'ના સંસ્કારવાળી આપણી સંસ્કૃતિ શું સૂચવે છે? અતિથિને ભલે દેવ ન માનો તો પણ યથાશક્તિ સત્કાર તો કરો! "આવો, બેસો, પીઓ પાણી, ત્રણે વસ્તુ મફતમાં આણી" આટલું ન કરી શકે તે ઘર શ્રોત્રિય બ્રાહ્મણનું કેવી રીતે હોઇ શકે?

●

અધ્યાય : ૧૨૬

આ અધ્યાયનું નામ **'સેવાધર્મકથનાદિ'** છે. આ અધ્યાયમાં **૧૦૦** દોહરા છે.

હાથ જોડીને ફરી પાછો શિષ્ય નિરંજન બોલ્યો કે મને હજી પણ શ્રીગુરુની લીલા કહો. (૧). અલખે કહ્યું કે ખરેરાથી પછી શ્રીગુરુ કાશી વગેરે ક્ષેત્રમાં જવા નીકળ્યા ત્યારે રસ્તામાં ઘોર જંગલ આવ્યું. એ રસ્તાનો હવે કોઇ ઉપયોગ કરતું ન હતું. એ રસ્તે જતાં બે દિવસ સુધી કોઇ ગામ કે શહેર આવતું ન હતું. શ્રીગુરુ ભગવાન ભરોંસે એ રસ્તે ચાલ્યા. થોડીવારમાં ભિલ્લરૂપે દત્તપ્રભુ એમને એવે રસ્તે લઇ ગયા કે એક જ કલાકમાં એક ગામડું આવી ગયું. ગામના લોકોને પણ ખૂબ નવાઇ લાગી. (૨-૧૫).

ફરતા ફરતા શ્રીગુરુ જાલવપુર આવ્યા. ત્યાં બ્રાહ્મણોને સંહિતાના છંદ, ઋષિ વગેરે શીખવ્યાં. રાત્રે બધાને પુરાણ સંભળાવતા. મહા સુદ નોમના રોજ દાસબોધ વાંચવાનું નક્કી કર્યું. સમર્થ સ્વામી રામદાસની એ પુણ્યતિથિ હતી જેને દાસનવમી પણ કહે છે. ગામના એક શાસ્ત્રીને આ ના ગમ્યું. પ્રાકૃત-મરાઠી દાસબોધમાં તે વળી શું વાંચવાનું? શ્રીગુરુએ પ્રથમ દાસબોધની ઓંવી વાંચી પછી એ જ અર્થના ઉપનિષદોનાં શ્લોકો ટાંકી બતાવી શાસ્ત્રીજીને બતાવ્યું કે દાસબોધ એ વેદાંતથી ઊતરતો નથી. (૧૬-૪૦).

શ્રીગુરુએ શાસ્ત્રીને કહ્યું કે તમે ઘરમાં રોજ વેદપાઠ કરો છો તો પણ તમારા ઘરમાંથી બ્રહ્મરાક્ષસ જતો નથી. જો તમારે એને ગતિ આપવી હોય તો મરાઠી શ્રીગુરુચરિત્રનું સપ્તાહ પારાયણ કરો અને પછી જુઓ. શ્રીગુરુના કહેવા મુજબ શ્રીગુરુચરિત્રનું પારાયણ કરવાથી બ્રહ્મરાક્ષસને મુક્તિ મળી. (૪૧-૪૭).

પછી શ્રીગુરુ ત્યાંથી ગોકુળ-મથુરા થઇ હરિદ્વારમાં આવ્યા અને ત્યાંથી બદરિનારાયણ જવા નીકળ્યા. બદરિનારાયણ જતાં રસ્તામાં નર્મદાતીરના ભાલોદ ગામના યાત્રાળુ મળ્યા. એ બધાનો સંગ થયો. તેથી સાથે સાથે જતા હતા. એવામાં બળવંત નામના ગૃહસ્થે ટાઢ દૂર કરવા માટે સોમલની ટીકડી લેતાં ખૂબ ઝાડા થયા. તબિયત બગડી. સગાંસંબંધી કોઇ પાસે ફરકતાં ન હતાં. એની બધી સેવા શ્રીગુરુએ કરી. એના દીકરાને તાર કરીને બોલાવ્યો અને તેના બિમાર પિતાને સોંપ્યો. પુત્ર આવ્યા બાદ બળવંતનો દેહાંત થયો. ત્યાંથી શ્રીગુરુ નરનારાયણનાં દર્શન કરી બ્રહ્માવર્તમાં આવ્યા. (૪૮-૧૦૦).

શિષ્ય નિરંજન બન્ને હાથ જોડીને ફરીથી બોલ્યો કે કૃપા કરીને આપ શ્રીગુરુની લીલા કથા હજી આગળ કહો. (૧). અલખ બોલ્યા કે કાશી વગેરે ક્ષેત્રોમાં જવા માટે જ્યાં શ્રીગુરુ આગળ ચાલ્યા ત્યાં રસ્તામાં ઘોર જંગલ આવ્યું એટલે લોકોએ શ્રીગુરુને કહ્યું કે આ રસ્તો છેક અવાવરૂં (અવડ) છે. (૨-૩). આગગાડીની સગવડ થયા પછી પગે ચાલીને આ રસ્તે હવે કોઇ જતું નથી. એને કારણે આ રસ્તો ચાલીને જવા માટે ઘણો વિકટ થઇ ગયો છે. (૪). બે દિવસ સુધી સતત ચાલવા છતાં રહેવા માટે કોઇ સ્થાન, કોઇ ગામ કે શહેર મળશે નહીં. (૫).

એ સંજોગોમાં હે પ્રભુ ! આપ શું કરશો? એટલે દયાળુ શ્રીગુરુ બોલ્યા કે એ તો બધું દત્તની ઇચ્છા પ્રમાણે બનશે. (૬).

લોકોને આમ કહીને એમણે પ્રેમથી એ રસ્તે ચાલવા માંડ્યું. જ્યાં થોડેક દૂર ગયા હશે ત્યાં જ કૃપાસાગર દત્તપ્રભુ ભિલ્લનું રૂપ લઇને ત્યાં રસ્તામાં જ મળ્યા અને કહેવા લાગ્યા કે જો આપ કાશી જતા હો તો હું તમને અહીંથી સારા રસ્તે લઇ જાઉં. તમે મારી પાછળ પાછળ આવો. આવું કહીને દત્ત ભગવાન પોતે આગળ આગળ ચાલવા લાગ્યા. (૭-૯). રસ્તે ચાલતાં એક નાનો ડુંગરો ઊતરતાં જ ભિલ્લે કહ્યું કે આ નજીકમાં જે ગામ દેખાય છે તેની પાસે થઇને હે દેવ ! જે સીધો રસ્તો જાય છે ત્યાં થઇને શંકા વગર જતા રહેજો. એમ કહીને ભિલ્લરૂપ ધારણ કરીને આવેલા શ્રીદત્ત ભગવાન અંતર્ધાન થઇ ગયા. ગામમાં આવીને ત્યાં શ્રીગુરુએ પૂછ્યું ત્યારે ખબર પડી કે જે ગામમાં આવતાં બે દિવસ લાગે તે ગામમાં હું માત્ર એક જ કલાકમાં આવી પહોંચ્યો છું. (૧૦-૧૩).

આ વાત સાંભળીને ગામલોકો તો આશ્ચર્યચકિત થઇ ગયા અને ગુરુમૂર્તિને સદ્‌ભાવપૂર્વક વંદન કરવા લાગ્યા. (૧૪). લીલાવતારી શ્રીગુરુ પ્રભુની આવી લીલાનું સ્મરણ કરીને મનોમન હસવા લાગ્યા. પછી ત્યાંથી આગળ ફરતાં ફરતાં જાલવણપુરમાં આવ્યા અને લોકોના આગ્રહને કારણે મનોહર એવા શ્રીગુરુએ ત્યાં મુકામ કર્યો. (૧૫-૧૬). ત્યાંના બ્રાહ્મણોએ ભાવપૂર્વક વિનંતી કરતાં કહ્યું કે હે ગુરુ ! અમને કૃપા કરીને સંહિતાના છંદ, ઋષિ વગેરે બધું શીખવો. એમનો એવો આગ્રહ જોઇને પોતાનું નિત્યકર્મ કર્યા પછી શ્રીગુરુ ત્યાં પ્રેમપૂર્વક તેમને રોજ ઋષિ, છંદ વગેરે શીખવતા હતા અને પછી ઉપનિષદ્ ઉપરનું ભાષ્યનું શ્રવણ કરાવતા હતા. (૧૭-૧૯). રાત્રે શ્રીગુરુ ભાવપૂર્વક પુરાણ સંભળાવતા હતા. આ રીતે શ્રીગુરુના સત્સંગમાં સમય પસાર થતો હતો તેથી ત્યાંના લોકોને ખૂબ સંતોષ થયો. આ રીતે કેટલાક દિવસો જતાં ત્યાં મહા મહિનાની વદ નોમની મંગલ તિથિ આવી. (૨૦-૨૧). સમર્થ રામદાસ સ્વામીની એ પુણ્યતિથિ હતી જેને મહારાષ્ટ્રમાં દાસનવમી કહે છે. (૨૨). તે દિવસે શ્રીગુરુએ કહ્યું કે સમર્થની જે વાણી છે તે દાસબોધ ગ્રંથ આજે ચોક્કસ વાંચીશું. (૨૩). એ ગામમાં એક શાસ્ત્રી રહેતા હતા તેને શ્રીગુરુની આ વાત ગમી નહીં. (૨૪). ત્યારે એ બધાને કહેવા લાગ્યા કે અરે ! આ દાસબોધમાં એવું શું મહત્ત્વનું છે? જેને સંસ્કૃત ના આવડતું હોય તે ભલે એ મરાઠી ગ્રંથ વાંચે, સાંભળે અથવા સ્વહસ્તે લખે. અમારે માટે તો એ બધું નકામું છે. (૨૫-૨૬).

શ્રીગુરુએ શાસ્ત્રીની આ વાત જાણી એટલે રાત્રે ત્યાં દાસબોધ સમજાવતાં સૌ પ્રથમ દાસબોધની ઓંવીઓ વાંચીને પછી ઉપનિષદ ભાષ્યના એ જ અર્થ બતાવતા શ્લોકો સંભળાવીને એમણે અનેક પ્રકારે યથાયોગ્ય રીતે સાબિત કર્યું કે દાસબોધ એ પણ વેદનો સાર જ છે. જેવી કથા પૂરી થઇ કે તરત જ શ્રીગુરુએ શાસ્ત્રીજીને પૂછ્યું કે શાસ્ત્રીજી ! વિચાર કરીને તરત કહો કે દાસબોધ સંસ્કૃત છે કે પ્રાકૃત? (૨૭-૩૦). આ સાંભળીને શાસ્ત્રીજી મનમાં ને મનમાં શરમાઇ ગયા અને એમણે શ્રીગુરુના ચરણમાં દંડવત્ પ્રણામ કરીને માફી માગી. (૩૧). શ્રીગુરુએ કહ્યું કે શાસ્ત્રીજી ! સ્વપ્નમાં પણ કોઇ દિવસ એવો વિચાર કરશો નહિ કે સમર્થ રામદાસને સંસ્કૃત નો'તું આવડતું. અરે ! જેની પાસે બધી સિદ્ધિઓ હાથ જોડીને સેવામાં ઊભી રહેતી હતી અને જે સાક્ષાત્ હનુમાનના અવતાર હતા

તે શું સંસ્કૃત નહીં જાણતા હોય? તો પણ એ ચોક્કસ વાત છે કે આ કળિયુગમાં કોઇને સંસ્કૃત આવડશે નહીં તેમ જાણીને રામજીની આજ્ઞાથી આ પ્રાકૃત-મરાઠી ભાષામાં- દાસબોધની રચના કરી સંપૂર્ણપણે વેદાંત સમજાવ્યું છે. એ કોઇ પણ રીતે સંસ્કૃતથી ઊતરતું નથી. (૩૨-૩૬).

જે કોઇ શ્રદ્ધા-ભક્તિથી એ વાંચશે અથવા સાંભળશે તેની બધી મનોકામના ભગવાન રઘુવીર પૂરી કરશે એવું સમર્થને વરદાન મળ્યું છે. માટે અહીં સંસ્કૃતનું મિથ્યાભિમાન છોડીને સત્પુરુષોએ પ્રાદેશિક ભાષા-પ્રાકૃત ભાષા-માં જે ગ્રંથો રચ્યા છે તેનો શ્રદ્ધાપૂર્વક રોજ પાઠ કરવાથી ચોક્કસ કાર્ય સિદ્ધિ મળશે. તમારે જો એનો પરચો જ જોવો હોય તો હે શ્રેષ્ઠ પુરુષ ! તમે એક કામ કરો. (૩૭-૪૦).

તમે તમારા ઘરમાં રોજ જ વેદોનું વાંચન કરો છો તેમ છતાં તમારા ઘરમાં જે બ્રહ્મરાક્ષસ રહે છે તે આજ સુધી ત્યાંથી દૂર થયો નથી. હવે મારું માનીને જો એ બ્રહ્મરાક્ષસને સદ્ગતિ આપવી હોય તો તમે પ્રેમથી અહીં મરાઠી શ્રીગુરુચરિત્રની સપ્તાહ કરો અને પછી જુઓ કે તમારા ઘરમાંથી એ બ્રહ્મરાક્ષસ જાય છે કે નહીં. શ્રીગુરુની આ વાત સાંભળીને, શાસ્ત્રીએ વંદન કરીને અને બધી શંકા છોડી દઇને શ્રીગુરુની આજ્ઞા પ્રમાણે શ્રીગુરુચરિત્રનું સપ્તાહ પારાયણ કર્યું અને તરત જ એમના ઘરમાંથી બ્રહ્મરાક્ષસ જતો રહ્યો. (૪૧-૪૫). આવો ચમત્કાર જોઇને લોકો તો આશ્ચર્યથી દંગ થઇ ગયા. હવે શાસ્ત્રીજી રોજ નિયમસર પ્રેમથી મરાઠી ગુરુચરિત્ર કાયમ માટે વાંચવા લાગ્યા અને સમય મળે ત્યારે દાસબોધ વગેરે મરાઠી ગ્રંથોનો પણ અભ્યાસ કરવા લાગ્યા. (૪૬-૪૭). આવી બધી લીલાઓ કરીને શ્રીગુરુ લોકસમૂહને અભિમાન છોડાવીને તેમને શિક્ષણ આપતા હતા. (૪૮).

આમ જાલવણમાં કેટલાક દિવસો રહીને પછી શ્રીગુરુ યમુના કિનારે ગોકુળ-મથુરામાં પધાર્યા. (૪૯). ત્યાંથી કુરુક્ષેત્ર વગેરે સ્થાનોમાં ઇચ્છા મુજબ વિચરતાં વિચરતાં પાપીને પાવન કરનારા એ શ્રીગુરુ ઝડપથી હરિદ્વારમાં આવ્યા. (૫૦). એ વખતે ત્યાં શારદાપીઠના શંકરાચાર્ય રાજરાજેશ્વરનો ભવ્ય મુકામ હતો. (૫૧). એ શંકરાચાર્યે શ્રીગુરુને ચાતુર્માસ કરવા માટે ત્યાં અતિ આગ્રહ કરી ખૂબ માનપૂર્વક રાખ્યા. (૫૨). ચોમાસું પૂરું થતાં શ્રીગુરુદેવ ત્યાંથી તરત જ બદરિનારાયણ જવા નીકળ્યા. (૫૩). રસ્તે એમને નર્મદાતીરે આવેલા ભાલોદ ગામના લોકો મળ્યા. આવો ઉત્તમ સાથ જોઇને શ્રીગુરુ સાથે તેઓ નારાયણનાં દર્શન કરવા માટે ભાવપૂર્વક ચાલ્યા. આમ યાત્રામાં જતા હતા ત્યાં ભાલોદના એ યાત્રાળુઓમાં બળવંત નામના એક સદ્ગૃહસ્થ પણ હતા. તેને રસ્તામાં એકદમ જ શરીરમાં ટાઢ ભરાઇ અને એ સખત ધ્રૂજવા લાગ્યા. આને કારણે એ યાત્રાળુ બળવંત ખૂબ જ ગભરાઇ ગયા. (૫૪-૫૭). એણે દાકતરને પોતાની તબિયત બતાવી અને ઠંડી ઓછી થાય એવી દવા માગી. દાકતરે એને સોમલની ગોળીઓ આપીને કહ્યું કે આ લેવાથી તમને બિલકુલ ટાઢ વાશે નહીં. એમા શંકા રાખશો નહિ. (૫૮-૫૯).

બળવંતે તરત જ એ ગોળીઓ લઇ લીધી અને શ્રીગુરુની પાછળ એ ડોળીમાં બેસીને જવા લાગ્યો. (૬૦). થોડીવારમાં જ સોમલની ગરમી એના આખા શરીરમાં વ્યાપી ગઇ અને પરિણામે ખૂબ ઝાડા થવા લાગ્યા. (૬૧). આખા શરીરમાં અગન બળવા લાગી. એને કાંઇ સૂઝતું ન હતું. એનાથી ગરમી બિલકુલ સહન થતી ન હતી. તેથી રસ્તામાં પાણીનો ઝરો જોઇને એણે કહ્યું કે મને આની નીચે બેસાડો. ડોળી ઊચકનારાએ લાંબો વિચાર કર્યા વગર

પર્વત ઉપરથી પાણીનો જે ધોધ પડતો હતો તેની નીચે એ બધાએ બેસાડી દીધો. (૬૨-૬૬).

આને લીધે બળવંતની તબિયત એકદમ બગડી ગઇ. આ જોઇને ડોળી ઊચકનારા બધા એને છોડીને ભાગી ગયા. શ્રીગુરુએ જેવી આ વાત જાણી કે તરત જ એ મહાપુરુષ તે સ્થળે પાછા આવ્યા અને તરત જ પોલીસ ચોકી પર જઇને ખબર કરી. એટલે ડોળી ઊચકનારાઓને પકડી આણ્યા. (૬૫-૬૭). એ ડોળી ઊચકનારા સાથે શ્રીગુરુ બળવંત પાસે આવ્યા અને પૂછ્યું કે તારી આવી વિકટ પરિસ્થિતિ કેવી રીતે થઇ? (૬૮). શ્રીગુરુએ પૂછ્યું કે તેં કાંઇ દવા લીધી છે? ત્યારે બળવંત કાંઇ બોલ્યો નહિ, કારણ કે સોમલની ગરમીથી એનો કંઠ એવો તો સૂજી ગયો હતો કે તેનાથી બોલી શકાતું જ ન હતું. એટલે એણે સંકેત કરીને દવાની પડીકી બતાવી. (૬૯-૭૦).

એ પડીકી ખોલીને જોતાં જ શ્રીગુરુએ મનથી જાણી લીધું કે આ તો સોમલ છે અને પછી કહ્યું કે એણે આ જ દવાનું સેવન કર્યું છે અને તેથી જ એનો કંઠ સૂજી ગયો છે અને એ કશું બોલી શકતો નથી એ વાતમાં કોઇ શંકા નથી. (૭૧-૭૨). એનાથી ઘી વગર કોઇ વસ્તુ ગળેથી ઉતારાશે નહિ અને ઘી વગર સોમલનું કોઇ મારણ નથી. (૭૩). એવું વિચારીને શ્રીગુરુએ ઘીની શોધ કરી પણ બળવંતના કમનસીબે ક્યાંયથી પણ ઘી મળ્યું નહીં. (૭૪). આને કારણે કોઇ ઉપાય શકય ના બન્યો. આખરે બળવંતને ડોળીમાં બેસાડીને એવી જ સ્થિતિમાં મુકામ પર લઇ આવ્યા. તે દરમ્યાનમાં એ તદ્દન બેભાન થઇ ગયો અને રાત પણ પડી ગઇ. (૭૫-૭૬).

બળવંત પાસે એકલા શ્રીગુરુ જ હતા. બીજું કોઇ એની પાસે આવતું ન હતું. હિમાલયનો પ્રદેશ હોવાથી કડકડતી ઠંડી પણ પડતી હતી. (૭૭). આવી સ્થિતિમાં શ્રીગુરુ આખી રાત બળવંત પાસે બેસી રહ્યા. સોમલના ન જીરવી શકાય તેવા ઝેરને લીધે બળવંતને વારે વારે ઝાડા થતા હતા અને એનાં વસ્ત્રો પણ બગડતાં હતાં. આ બગડેલાં વસ્ત્રો શ્રીગુરુ જાતે ધોઇ લાવતા હતા. (૭૮-૭૯). બીજું વસ્ત્ર પહેરાવીને એને સ્વચ્છ સ્થળે સુવાડીને શ્રીગુરુ આખી રાત સાવધાનીપૂર્વક જાગતા હતા. (૮૦).

રાત્રિના ત્રણ પહોર વીતી જતાં બળવંત થોડોક ભાનમાં આવ્યો અને એણે કંઇ ખાવાનું માગ્યું. (૮૧). શ્રીગુરુ પાસે ખાવાનું કાંઇ હતું નહીં તેથી આટલી મોડી રાતે એક કંદોઇની દુકાને જઇને શ્રીગુરુએ જોરથી બૂમો પાડીને કંદોઇને ઉઠાડ્યો અને કહ્યું કે હે ભલા કંદોઇ ! એક બ્રાહ્મણ યાત્રાળુ મરણતોલ દશામાં પડ્યો છે. એની પાસે એના કોઇ સંબંધી આવતા નથી. હવે એ ભૂખ્યો થવાથી કાંઇક ખાવાનું માગે છે. (૮૨-૮૪). માટે મહેરબાની કરીને તું થોડી બરફી આપ. હું તને એની કિંમત સવાર થતામાં આપી દઇશ. (૮૫).

કંદોઇએ પૂછ્યું કે તમે એના શું થાવ? એટલે શ્રીગુરુ બોલ્યા કે મારો ને એનો અહીં કોઇ કહેતાં કોઇ સંબંધ નથી, પરંતુ એનાં કોઇ સગાં સંબંધી પાસે આવતાં નથી એ જોઇને અને એને ખાસ તો દુ:ખી થતો જોઇને હું તારી પાસે માગવા માટે દોડી આવ્યો છું. આ સાંભળીને થોડી મીઠાઇ આપીને દુકાનદાર ત્યાં બોલ્યો કે તમે સાચા ત્યાગી સંન્યાસી છો અને તેથી જ એ અનાથ બ્રાહ્મણની વહારે તમે દોડી ગયા છો એમાં કોઇ શંકા નથી. એટલે મેં જે થોડીક મીઠાઇ પણ તમને આપી છે તેની કિંમત હે યતિરાય ! હું કોઇ દિવસ લેવાનો નથી. તમે તમારે એ ચિંતા કર્યા વગર લઇ જાવ. આ સાંભળીને શ્રીગુરુએ બળવંત પાસે આવીને થોડી થોડી મીઠાઇ પોતાના હાથે એના મુખમાં નાખીને એને ખવડાવી અને પછી પ્રેમથી થોડું પાણી પીવડાવ્યું. (૮૬-૯૨).

સવાર થતાં સુધીમાં તો બળવંતને ઘણું ભાન આવી ગયું. એટલે પછી એને પૂછીને એના પુત્રને તાર કરીને તરત ખબર આપી અને એને તરત જ ત્યાં બોલાવી લીધો. (૯૩-૯૪). જેવો એનો પુત્ર આવી પહોંચ્યો કે તરત એના હાથમાં બળવંતને સોંપીને બળવંતની બધી વસ્તુઓ તેના પુત્રને સુપરત કરી દીધી. (૯૫). એ જ દિવસે બળવંતનો દેહાંત થયો અને શ્રીગુરુની કૃપાથી એ ઉત્તમ દેહધારી મુક્તિ પામ્યો. (૯૬).

તે દિવસથી ગુરુમૂર્તિએ દૃઢ નિશ્ચય કર્યો કે કોઇ દિવસ પ્રવાસમાં કોઇનો સાથ કરવો નહીં. (૯૭). ત્યાંથી શ્રીગુરુ એકલા જ બદરિકાશ્રમે ગયા અને ત્યાં પ્રેમપૂર્વક નારાયણનાં દર્શન કર્યાં. (૯૮). હિમાલયનાં કેદારેશ્વર વગેરે તીર્થોમાં ફરીને ઉત્તરાખંડની યાત્રા કરીને શ્રીગુરુ પ્રેમથી બ્રહ્માવર્તમાં આવ્યા. આગળ ઉપર આવતો એ પ્રસંગ શ્રદ્ધા ભક્તિથી સાંભળવાથી સંસારીનો સંગ રહેશે નહીં. (અથવા હે **રંગ** ! (સંસાર) સંગ રહેશે નહિ.) (૯૯-૧૦૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'સેવાધર્મકથનાદિ'** નામનો **એકસો છવ્વીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૨૬

(૧) દોહરા ૨૫ થી ૩૯ સુધીની વાત સમજવા જેવી છે. સંસ્કૃત એ દેવભાષા-ગીર્વાણભાષા છે અને અતિ સમૃદ્ધ ભાષા છે. સંસ્કૃત ભાષામાં સર્જાયેલું સાહિત્ય ઉત્કૃષ્ટ કોટીનું છે એમ માનવામાં કે કહેવામાં કશું ખોટું નથી. પરંતુ પ્રાકૃત ભાષામાં-પ્રાદેશિક ભાષામાં રચાયેલા ગ્રંથોમાં શું વાંચવાનું? આવી વૃત્તિ ન હોવી જોઇએ. સંત તુલસીદાસજીનું 'રામચરિતમાનસ' કે સમર્થ સ્વામી રામદાસનું મરાઠીમાં 'દાસબોધ' કે સરસ્વતી ગંગાધરનું મરાઠીમાં 'શ્રીગુરુચરિત્ર' કેવળ પ્રાકૃત ભાષામાં છે માટે સત્ત્વહીન કે તથ્યહીન છે એવું બોલવું એ સંસ્કૃત વિશેના જ્ઞાનનો ઘમંડ સૂચવે છે જે કલ્યાણકારી નથી. પ.પૂ.શ્રીરંગ અવધૂત મહારાજના જીવનમાં પણ આવો જ પ્રસંગ બન્યો હતો ત્યારે સંત ભગવાને એમને પ્રાકૃતગ્રંથો વાંચવાની શિખામણ આપી હતી અને પૂ.શ્રીએ કેટલોક સમય કેવળ પ્રાદેશિક ભાષાના જ ગ્રંથો વાંચવાનું રાખ્યું હતું. આમ સારી વસ્તુ હોવી એ સારું છે પણ એનું અભિમાન કરી બીજી વસ્તુને તુચ્છ ગણવી તે સારું નથી.

(૨) દોહરા ૫૭ થી ૯૫ સુધીમાં જેને પોતાના ગણતા હોઇએ તે સંસારીઓનું વર્તન અને દંડીસંન્યાસીનું વર્તન જાણીએ તો 'સગાં સંબંધી સહુ સ્વારથના, એક શરણ સાચું તારું ' એ પંક્તિ યાદ આવે. પૂ.શ્રી લખે છે કે "નાતે ગોતે સબ સ્વારથકે, નિ:સ્વારથ ગુરુ રાના" આવાં અનુભવસિદ્ધ વાકયો સ્મરણીય છે.

પ.પૂ.સ્વામી મહારાજે સંસારનો ત્યાગ કર્યો હતો પણ દુ:ખિયાંની સેવાનો આદર્શ નો'તો ત્યાગ્યો. કરુણાથી ભરેલા સ્વામી મહારાજે એક તો નાસી ગયેલા ડોલી ઊંચકનારાઓને પકડી મંગાવ્યા અને એને માટે પોલીસચોકીમાં જઇને ફરિયાદ કરવાનું ચૂકયા નહીં. ફરજ તરફ આંખ આડા કાન કરવાની વૃત્તિ ન હતી. બીજું એણે સોમલ લીધું છે તો ઘી એ સોમલનો ઉતાર છે એટલે ઘીની તપાસ કરી. ત્રીજું બળવંતને વારે ઘડીએ ઝાડા થવા લાગ્યા. તો સંન્યાસી હોવા છતાં સંસારીના ઝાડાપેશાબ સાફ કર્યા, વસ્ત્રો ધોયાં અને એની સારવાર કરી. ચોથું મોડી રાત્રે કંદોઇની દુકાને જઇને, કંદોઇને ઉઠાડીને બરફી લાવીને બળવંતને ખવડાવી. પાંચમું બળવંતના ઘરે તાર કરીને એના પુત્રને બોલાવ્યો અને છેલ્લે પુત્ર આવ્યો એટલે બળવંતની સોંપણી તો કરી પણ સાથે સાથે બળવંતની વસ્તુઓ પણ સોંપી દીધી.

અનાયાસે આવી પડેલી ફરજને પૂરી કાર્યદક્ષતાથી બજાવ્યા પછી, માનવધર્મ અને સેવાધર્મ બજાવ્યા પછી એમણે નક્કી કર્યું કે પ્રવાસમાં કોઇનો સંગ ન કરવો. 'અનાસકિતયોગ'નું આ જીવંત ઉદાહરણ છે.

ભાલોદ ગામના લોકો જે સાથે હતા તે બધાએ શું કર્યું? દોહરા ૭૭ માં અને ૮૭ માં ઉલ્લેખ છે કે એમનાં સગાં વહાલાં કોઇ પાસે આવતા નથી. સગાં સંબંધીને કોઇ બંધન નથી. કરુણા, મૃદુતા, મૈત્રી અને ઉપેક્ષિતા એ યોગી પુરુષનાં લક્ષણો છે. પ્રાણીમાત્રમાં રહેલા પરમાત્માની સેવા એ જ એમનો આદર્શ છે.

●

અધ્યાય : ૧૨૭

આ અધ્યાયનું નામ **'નર્મદાતટાગમન'** છે. આ અધ્યાયમાં **૮૫** દોહરા છે.

અલખે કહ્યું કે હે શિષ્ય નિરંજન ! તું સાંભળ. અઢારસો સત્તાવનના બળવા વખતે ગણપતિબુવા નામે એક મહાન સાધુ થઇ ગયા. એનો ભત્રીજો ભ્રષ્ટ થઇને, ધર્માંતર કરીને મુસલમાન થઇ ગયો હતો અને શ્રીગુરુ જે ગામમાં હતા તે ગામમાં એની પત્નીને તેડવા આવ્યો. એની પત્નીએ શ્રીગુરુને પૂછ્યું કે હું જઉં કે ના જઉં? શ્રીગુરુએ કહ્યું કે જ્યાં સુધી તારો પતિ પ્રાયશ્ચિત્ત ના કરી લે ત્યાં સુધી જઇશ નહીં. શ્રીગુરુનું કહ્યું માનીને એ પતિ સાથે ન જતાં ઇશ્વરપરાયણ થઇને જીવન ગાળતી હતી. (૧-૯).

એ સ્ત્રીના પાંચ વરસના પુત્રને એક પિશાચ ત્રાસ આપતું હતું એટલે શ્રીગુરુએ એને તાવીજ આપ્યું. છોકરાના હાથે એ તાવીજ બાંધવાથી પિશાચ દૂર થયું. એક વાર એ સ્ત્રી માસિક ધર્મમાં આવતાં બાળકની જીદને કારણે તેણે તાવીજ દૂર કરાવીને પછી છોકરાને પોતાની પાસે લીધો. કોઇ ન જાણે તેમ પિશાચે તાવીજ ચોરી લીધું અને મોટો ભાઇ બાળકને રમવા માટે લઇ જતો હતો ત્યારે ત્યાં પ્રગટ થઇને પિશાચે એની ડોક મચડી નાંખી અને બાળક મૃત્યુ પામ્યો. પિશાચે સ્ત્રીને કહ્યું કે તેં મારો ગયા જન્મનો દોઢ રૂપિયો આપ્યો નથી એટલે હું તને નહીં છોડું. એના મોટા દીકરાને પણ પિશાચે જ ગાંડો કર્યો. માટે કોઇનું દેવું બાકી રાખવું નહીં. (૧૦-૩૩).

'મા'શ્રી નર્મદાની ઇચ્છાને આધીન શ્રીગુરુ ગંગા તટ છોડીને નર્મદા કિનારે આવ્યા. રસ્તે નિમાવર ગામ પાસે આવેલા હરણગાંવના લોકોને ગૃહસ્થધર્મ અને અતિથિધર્મનો ઉપદેશ આપ્યો અને પછી ત્યાંથી શ્રીગુરુ પતિતપાવન નર્મદાતટે આવ્યા. 'મા'નર્મદાને ભાવપૂર્વક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને તેમની પદ્યાત્મક નર્મદાલહરી રચી. માતા નર્મદાની આરતી રચી અને પ્રણામ કર્યા. ત્યાંથી બ્રહ્મણિઘાટ આવતાં કેડમાં ચસક ભરાતાં મા નર્મદા જાતે પ્રગટ્યાં એ વાત હવે પછી. (૩૪-૮૫).

અલખે કહ્યું કે હે શિષ્ય ! તું સાંભળ. આમ ફરતાં ફરતાં સમય જતાં શ્રીગુરુ બ્રહ્માવર્તમાં આવ્યા. (૧). અઢારસો સત્તાવનની સાલમાં જે બળવો થયો હતો તે સમયે ગણપતિબુવા નામે એક મહાન સાધુ થઇ ગયા હતા. શ્રીગુરુ જ્યારે બ્રહ્માવર્તમાં પધાર્યા ત્યારે એ ગણપતિબુવાનો એક ભત્રીજો ભ્રષ્ટ થઇને મુસલમાન થઇ ગયો હતો. તે નીચ પોતાની પત્નીને તેડવા માટે ત્યાં આવ્યો હતો. (૨-૪). તે સમયે તેની પત્ની શ્રીગુરુ પાસે આવી અને ગુરુના ચરણમાં દંડવત્ પ્રણામ કરીને તેણે પોતાની બધી હકીકત કહી સંભળાવી અને પછી બે હાથ જોડીને વિનયથી પૂછ્યું કે હે પ્રભુ ! હું મારા સ્વામી સાથે જઉં કે નહીં? (૫-૬).

શ્રીગુરુએ કહ્યું કે જે સ્ત્રીનો પતિ આ રીતે ભ્રષ્ટ થયો હોય તે જ્યાં સુધી પ્રાયશ્ચિત્ત ના કરે ત્યાં સુધી એનો ત્યાગ કરવો એવી શાસ્ત્રની આજ્ઞા છે. શ્રીગુરુનાં આવાં વચન સાંભળીને એ સત્પાત્ર સ્ત્રી પતિ સાથે ન જતાં

બ્રહ્માવર્તમાં રહીને ઈશ્વરભજનમાં રચીપચી રહીને ત્યાં સમય પસાર કરતી હતી. (૭-૯). આ સ્ત્રીનો એક પાંચ વર્ષનો પુત્ર પ્રારબ્ધવશાત્ એક વાર પિશાચના ત્રાસથી દુ:ખી થઈને એકદમ બેભાન થઈને પૃથ્વી પર પડ્યો. જ્યારે શ્રીગુરુએ આ બધી વાત જાણી ત્યારે ભોજપત્ર પર એક ગહન યંત્ર કાઢી આપ્યું. બાળકના હાથે એ ભોજપત્ર બાંધતાંની વારમાં જ પિશાચ દૂર થયું અને પછી એને કોઇ દિવસ હેરાન પરેશાન કરતું ન હતું. કેટલાક દિવસ જતાં એની મા રજસ્વલા ધર્મવાળી થઇ. નસીબજોગે એ બાળક મા પાસે જવાની હઠ કરતો હતો અને જોર જોરથી રડીને 'મને તારી પાસે લે' એમ જીદ કરતો હતો. (૧૦-૧૪). આને લીધે એના હાથે બાંધેલું તાવીજ છોડાવીને પછી એ બાળકને માએ સ્નેહથી ખોળામાં લીધું. (૧૫).

ભૂત આ બધું જોતું હતું. તાવીજને હાથ ઉપરથી છોડેલું જોઇને તરત જ એ મંત્રતાવીજ કોઇ ન જાણે તે રીતે ભૂતે લઇ લીધું. (૧૬). એમને એમ કેટલાક દિવસો પસાર થયા. ત્યાં હોળી આવી. એ બાળકનો ભાઇ એને લઇને રમવા ગયો. (૧૭). રસ્તામાં મુસલમાનોનું ઘોર કબ્રસ્તાન આવતું હતું. ત્યાં એ ભૂતે પ્રગટ થઇને ભયંકર અવાજ કર્યો અને એ બાળકનું ગળું તરત જ મચકોડી નાંખ્યું. એટલે પેલું બાળક ત્યાં બેભાન થઇને પડ્યું. (૧૮-૧૯). મોટો ભાઇ એને ઘરે લઇ આવ્યો અને "મા"ને કહ્યું કે જો ! આને શું થઇ ગયું છે? એની ત્યાં છેલ્લી મરણઘડી જોઇને એની માતા રડતાં રડતાં ઝડપથી ભગવાન ગણપતિની પ્રાર્થના કરવા લાગી. (૨૦-૨૧). હે વિનાયક ભગવાન ! આ બાળકને તું બચાવી લે. એ બાળકના શરીરમાં દાખલ થઇને પેલું પિશાચ ત્યારે પેલી સ્ત્રીને કહેવા લાગ્યું કે હવે ગજાનન પાસે પ્રાર્થના કરવાથી શું વળવાનું છે? તું જો ! હું તને નિર્વંશ કરી નાંખીશ. એવું કહીને એ ભૂત તરત જ ત્યાં શાંત થઇ ગયું. બીજે દિવસે ખરેખર ! એનો એ પુત્ર મૃત્યુ પામ્યો અને બધે હાહાકાર થઇ ગયો. એ પિશાચ એના મુસલમાન પતિનું રૂપ લઇને વારે વારે એ સ્ત્રીના ઘરમાં ફરીને એ સ્ત્રીને બિવડાવતું હતું. એ સ્ત્રીના પતિની બુદ્ધિ પણ આ પિશાચે જ ભ્રષ્ટ કરી હતી અને એને મુસલમાન બનાવ્યો હતો અને એણે જ આ સાધ્વી સ્ત્રીના કેટલાયે ગર્ભોનો નાશ કર્યો હતો. (૨૨-૨૭).

એના મોટા પુત્રને પણ ગાંડપણ વળગાડીને એણે જ આ પાંચ વર્ષના પુત્રને મારી નાંખ્યો હતો. (૨૮). એ પુત્ર જે દિવસે મરી ગયો તેના આગલે દિવસે જ એણે સ્વપ્નમાં પ્રગટ થઇને પેલી સ્ત્રીને કહ્યું હતું કે ગયા જન્મનો હું તારી પાસે દોઢ રૂપિયો માગું છું. હે અભાગણી ! આ દોઢ રૂપિયાનું મારું માગતું તારી પાસે બાકી છે. તેથી હું તને ક્યાંય પણ ઠરવા દઇશ નહીં અને તને છેવટે નિ:સંતાન કરીને જ છોડીશ એવો મારો પાકો નિશ્ચય છે તે તું જાણી લે. (૨૯-૩૧).

અલખ નિરંજનને કહે છે કે માટે ડાહ્યા માણસે કોઇનું પૈસાભાર પણ દેવું બાકી રાખવું નહીં. નહીંતર છેવટે આ જન્મે અથવા પછીના જન્મે એનું દુ:ખ ભોગવવું તો પડે જ. કોઇ દિવસ કરેલું કર્મ છોડતું નથી. (૩૨-૩૩).

જ્યારે શ્રીગુરુ આ રીતે બ્રહ્માવર્તમાં રહેતા હતા ત્યારે હે શિષ્ય ! મા નર્મદાએ ત્યાં એના મનમાં ખાસ વિચાર કર્યો કે આ દત્તમૂર્તિ શ્રીગુરુરાય મારા તટ પર કયારે વિહાર કરવા આવશે? આવો મંગલ વિચાર કરીને એણે શ્રીગુરુને તરત જ દૃષ્ટાંત (આદેશ) આપ્યો તો પણ શ્રીગુરુ ગંગા કિનારેથી ખસ્યા નહીં. (૩૪-૩૬). એવામાં એક

કૌતુક થયું. ત્યાં કોઇ એક બ્રાહ્મણને વિસ્ફોટક (ફોલ્લો ફૂટે ત્યારે પાણી નીકળે એવા ફોલ્લા)નો રોગ થયો. (૩૭). એની પીડાથી બ્રાહ્મણ અતિશય હેરાન પરેશાન થતો હતો. કોઇએ એને કહ્યું કે જો તું ભાવપૂર્વક ગુરુનું ચરણામૃત લેશે તો તારો રોગ નાશ પામશે. આ ઉપાય સાંભળીને એને મનમાં આનંદ આનંદ થઇ ગયો. (૩૮-૩૯). એક દિવસ શ્રીગુરુની નજર ચુકાવીને શ્રીગુરુના ચરણ પર જળ નાંખીને એ તીર્થોદક પી ગયો. (૪૦).

જ્યારે શ્રીગુરુએ એને પૂછ્યું કે તેં આમ કેમ કર્યું? ત્યારે બ્રાહ્મણે હાથ જોડીને બધી વાત વિગતે કહી સંભળાવી. (૪૧). એની એ વાત સાંભળીને શ્રીગુરુમૂર્તિએ તરત જ ગંગામાં જઇને સ્નાન કર્યું તો પણ એમને મનમાં થવા લાગ્યું કે આ શરીર પર ચોક્કસ કોઇ વિઘ્ન (તકલીફ) આવશે. ત્યાં તો એજ રાત્રે શ્રીગુરુને નિદ્રામાં સ્વપ્નમાં ચમારણ આવી અને એ અધમે શ્રીગુરુનો સાક્ષાત્ સ્પર્શ કર્યો. આવું સ્વપ્ન આવતાં જ શ્રીગુરુ જાગી ગયા અને દત્તપ્રભુનું સ્મરણ કરીને પોતાના મનમાં વિચારવા લાગ્યા કે ચોક્કસ આ શરીર પર કોઇ ઉપાધિ આવશે અને મનમાં એવું લાગ્યું કે કોઇ ગંભીર પ્રકારનો રોગ થશે. એ અતિધીરજવાન શ્રીગુરુ પાછા સૂઇ ગયા. (૪૨-૪૬).

બીજે દિવસે સવારે ઊઠીને જ્યાં શરીર જોયું ત્યાં જ આખા શરીરે એમણે વિસ્ફોટક (ફોલ્લા) જોયા. (૪૭). એ જોઇને બધું જાણનાર શ્રીગુરુએ ભાવપૂર્વક ગંગાજીની જે પ્રાર્થના કરી તે હે શિષ્ય ! તું સાંભળ. (૪૮).

ગીત

મહાદેવના મસ્તકને શોભાવનાર હે ગંગા ! મારા પર કૃપા કર. તારી સહેજ કૃપાદૃષ્ટિ થતાં, યોગયાગાદિથી પણ જે પ્રાપ્ત ન થાય તે તારા પદસંગે મળે છે. એટલે જ હે ગંગા ! હું તને વિનવું છું કે એક વાર તું મારા તરફ કરુણાદૃષ્ટિથી જો. હે સુભગા ! મને ભયરૂપ ભુજંગે દંશ દીધો છે. માટે મારા અંગ-ઉપાંગને તું પ્રેમથી સ્પર્શ કર. (૧).

કવિઓમાં માતંગ (હાથી) સમાન પંડિત જગન્નાથરાજે તારી પ્રાર્થના કરતાં સ્વકીય તરંગથી એનો સ્પર્શ કરી તેં એનો વિલંબ કર્યા વગર ઉદ્ધાર કર્યો. તે તું હે ગંગા ! આજ આમ વળ. હે કલિમલનો નાશ કરનાર ! મને દર્શન આપ. દુ:સંગથી હું સંસારની આસક્તિમાં ફસાઇ ગયો છું. હું ભવરોગથી ત્રાસી ગયો છું. માટે તું જાતે આવીને તારા હાથે તારું જળરૂપી ઔષધ મને પા. (૨).

ચિત્તમાં બાહ્ય વિષયોની ઇચ્છા થતાં જ, જેવી રીતે ચંદ્રને ગ્રહણ ઘેરી લે છે તેવી જ રીતે હે ગંગા ! આજે મને કામદેવે-અનંગે-ઘેર્યો છે. એટલે મને આંખથી કાંઇ સૂઝતું નથી. એટલે જો એક વાર તારું દર્શન થાય તો પછી મારે યોગ-યાગાદિની કાંઇ જરૂર નહિ રહે. માટે હે ગંગા ! વૈરાગ્યજળથી સંસારરૂપી દાવાનળને શાંત કર. (૩).

જેવી રીતે હરણ નાદલુબ્ધ થઇને ગવૈયાની પાછળ દોડી મરે છે, હાથી સ્પર્શાસક્તિથી હાથણી પર ઝાપટ મારી ખુવાર થાય છે, પતંગિયું રૂપથી લોભાઇને દીવા પર ઝંપલાવે છે, ભમરો રસાસક્તિથી ઊડીને કમળમાં બિડાઇ મરે છે અને માછલું સ્વાદમાં લપટાઇ ગળમાં ફસાય છે, તેવી જ રીતે મનુષ્યો વિષયમાં પોતાનાં શરીર રગદોળે છે. તેમને હે ગંગા ! વૈરાગ્યથી તું પાછા વાળ. તારે માટે એ કાંઇ મુશ્કેલ નથી. (૪).

ભગીરથના શુભ પરિશ્રમથી તું જે વેગથી ભૂમિ પર આવી, જેણે સ્વશરીરથી સગરપુત્રોને તાર્યા, તે હે ગંગા ! તું અખિલ જગતની તારક છે. તારી પાસે પ્રાર્થના કરીને માગી લઉં છું કે હે મહાદેવના મસ્તક ઉપર બિરાજનાર ! હું સત્સંગથી વર્તું એમ કર. હે ગંગા ! તું મને તારા રંગે રંગી દે. (૫).

આમ પ્રાર્થના કરીને એમણે ગંગાને ત્યાં ભાવપૂર્વક દંડવત્ પ્રણામ કર્યા. ત્યાં તે જ રાત્રિએ તેમને બીજો દૃષ્ટાંત (આદેશ) થયો કે નર્મદાને કિનારે જઇને ત્યાં ત્રણ દિવસ સ્નાન કરવાથી હે ધીરપુરુષ ! તમારો આ રોગ દૂર થશે. (૪૯-૫૦). ગંગાજીની તરત જ રજા લઇને શ્રીગુરુ પ્રેમપૂર્વક બ્રહ્માવર્તને છોડીને નર્મદાકિનારે જવા માટે નીકળ્યા. રસ્તે જતાં નિમાવર ગામની પાસે હરણગાંવમાં શ્રીગુરુ ઝડપથી આવી પહોંચ્યા. એ ગામને બળી ગયેલું જોઇને શ્રીગુરુએ ગામ લોકોને પૂછ્યું કે આવું કેવી રીતે થયું? (૫૧-૫૩). આ આખું ગામ બળી ગયેલું દેખાય છે તેમાં વચ્ચેના ભાગમાં આ એક જ ઘર બળ્યા વગર કેવી રીતે રહ્યું? એ ખૂબ નવાઇ લાગે એવું છે. (૫૪).

લોકોએ કહ્યું કે હે ગુરુવર ! એક દિવસ ભર બપોરે એક સાધુપુરુષ અહીં ભિક્ષા માટે આવ્યો હતો. (૫૫). પરંતુ હે પ્રભુ ! અહીં એને કોઇએ પણ ભિક્ષા આપી નહીં. એટલે એ એકદમ દુ:ખી થઇને તરત જ ગામ છોડીને જતો રહ્યો. (૫૬). નસીબજોગે એને રસ્તામાં આ બ્રાહ્મણ મળ્યા. એણે એમને પૂછ્યું કે હે મહાતપસ્વી ! આપ કોણ છો? ક્યાંથી આવો છો? અને આપ હવે ક્યાં જશો? એટલે પેલા તપસ્વીએ કહ્યું કે પેલા ગામમાં જ્યાં આગ લાગી છે ત્યાંથી હું આવ્યો છું. (૫૭-૫૮). એ સાંભળીને બ્રાહ્મણ બોલ્યો કે આપે જે કહ્યું તેમાં હું કાંઇ સમજ્યો નહિ. તમે શું કહેવા માગો છો તે સમજાવો. એટલે સાધુ બોલ્યા કે હે ભાઇ ! હું ત્રણ દિવસનો ભૂખ્યો છું અને ત્રણ દિવસથી પેટમાં ભૂખની આગ લાગી છે એટલે હું આવું બોલ્યો હતો. એટલે તરત જ બ્રાહ્મણે કહ્યું કે હે પ્રભુ ! હવે આપ અહીં જ બેસો. હું એકદમ ઝડપથી ભિક્ષા લઇ આવીને આપને આપું છું. આમ કહીને એ ગૃહસ્થ જ્યાં એના ગામમાં ગયો ત્યાં ચારે બાજુ આગ લાગી હતી અને આખું ગામ બળીને ખાખ થઇ ગયું હતું. (૫૯-૬૨). પરંતુ ગામની વચ્ચોવચ્ચ આવેલું એનું ઘર બચી ગયું હતું. એને ઇશ્વરનો ઉપકાર માનીને પેલો બ્રાહ્મણ એના ઘરે જઇને ભિક્ષા લઇને ત્યાં પાછો આવ્યો અને એ સાધુને પ્રણામ કરીને ભિક્ષા કરાવી. (૬૩-૬૪). ભિક્ષા કરીને તરત જ તૃપ્ત થઇને એ તપસ્વી પોતાને રસ્તે જતો રહ્યો. આ સાંભળીને શ્રીગુરુએ લોકોને કહ્યું કે તમે બધા ગૃહસ્થાશ્રમી છો. તમારા બારણે અતિથિ આવે ત્યારે તમે જો એને ભિક્ષા ના આપો તો તમારો આ ગૃહસ્થાશ્રમ કેવો? આ રીતે ભૂખથી આકુળવ્યાકુળ થયેલી કોઇ પણ વ્યકિત તમારા બારણે આવે ત્યારે એની જ્ઞાત-જાત કે ગોત્ર પૂછ્યા વિના એનો યોગ્ય સત્કાર કરીને તરત જ શકિત અનુસાર એને હંમેશાં અન્ન આપી દેવું જોઇએ એમાં કોઇ શંકા નથી. (૬૫-૬૮). એ રીતે ભિક્ષા આપવામાં કોઇ દિવસ વિલંબ કરવો જોઇએ નહીં. આવા ભૂખ્યાના પેટને ટાઢક કરવાથી દેવો પ્રસન્ન થાય છે. (૬૯). ગૃહસ્થીનો આ જ ધર્મ છે અને એ રીતે અહીં વર્તવાથી આવું ભયંકર વિઘ્ન કયારેય પણ આવે નહીં. (૭૦).

શ્રીગુરુનો આવો ઉપદેશ સાંભળીને ગામના લોકો મનોમન શરમ અનુભવવા લાગ્યા અને તરત જ નમ્ર થઇને કહેવા લાગ્યા કે હે દેવ ! અમારી એ ભૂલના પ્રમાણમાં અમને બહુ મોટી શિક્ષા થઇ છે. હવે આજથી કોઇ

દિવસ પ્રમાદમાં પડશું નહિ અને ઘરે આવનાર કોઇનું પણ અપમાન કરીશું નહીં. અમને બહુ મોટી શિક્ષા થઇ છે. (૭૧-૭૩). આવું બોલીને શ્રીગુરુના ચરણમાં વંદન કર્યાં. પછી ત્યાંથી શ્રીગુરુ નર્મદાના કિનારે આવ્યા. (૭૪).

પતિતને પાવન કરનારી નર્મદાને ત્યાં ભાવપૂર્વક વંદન કરીને પછી ત્યાં ગળગળા કંઠે શ્રીગુરુરાયે સ્તવન કરતાં કહ્યું કે : હે મા ! તને તારો મહિમા વધારવા માટે બીજું કોઇ મળ્યું નહિ તે તેં મને આ રીતે બોલાવ્યો? આમ સ્તવન કરીને શ્રીગુરુ ત્યાં ત્રણ દિવસ રહ્યા. (૭૫-૭૭). ત્યાં પદ્યમાં તદ્દન નવી જ નર્મદા લહરીની રચના કરીને શ્રીગુરુએ પ્રેમથી પ્રાર્થના કરી. (૭૮). નર્મદાના કિનારે રહીને ત્રિકાળ સ્નાન કરતાં એમનો વિસ્ફોટકનો રોગ નાશ પામ્યો. (૭૯). આવો ચમત્કાર જોઇને તરત જ શ્રીગુરુએ નર્મદા માતાનું પૂજન કરીને સદ્‌ભાવથી જલમય રેવાજીની આરતી કરી. હે શિષ્ય ! જે આરતી પ્રેમપૂર્વક ગાવાથી પાપ પણ નાસી જાય. તે આરતી તું સાંભળ. તને ખરેખર ધન્યવાદ ઘટે છે. (૮૦-૮૧).

આરતી

હે આનંદ દેનારી (નર્મદા) દેવી ! મેકલ પર્વતમાંથી જન્મેલી તારો જયજયકાર હો ! હે ત્રિવિધ તાપનો નાશ કરનાર ! હું તારી આરતી ઉતારૂં છું. તારો જય હો ! જય હો ! જય જય જય હો ! (૧).

હે સંસારના ભયનું નિવારણ કરનાર, દેવો, ઉત્તમ મુનિઓ દ્વારા સ્તુતિ કરાયેલી, સુખ આપનારી, પવિત્ર કીર્તિવાળી, શંકરના શરીરમાંથી જન્મેલી, ગંગાના કરતાં અધિક તીર્થરૂપ, ઉત્તમ પુરુષાર્થ મોક્ષને આપનાર, વાણીને અગમ્ય એવી ઉત્તમ કીર્તિવાળી, હે જળમય સન્મૂર્તિરૂપ (તારો) જય હો ! જય હો ! જય જય હો !(૨).

નંદનવન સમાન કાંઠાવાળી, અમૃત સમાન સ્વાદિષ્ટ જળવાળી, સંસારને પેલે પારનો કિનારો બતાવનારી, યમરાજના સત્વનું પણ દમન કરનારી, સકળ ક્ષેમનો આધાર, દરિયાને વરનાર ! અતિઘોર સંસારમાં મગ્ન થયેલા અમારૂં રક્ષણ કર. (૩).

પોતાના યશથી જીવોને પાવન કરનાર હે રેવા ! તું મારો ઉદ્ધાર કર. હું નિશ્ચિત ભાવથી તારા તટનું સેવન કરું છું. દુષ્કૃતરૂપી જંગલના દાવાનળરૂપ, અતિ વેગવાન, મને તારનાર તારાં ચરણકમળનું હું ભક્તિપૂર્વક સેવન કરૂં છું. (૪).

❀

આમ પ્રેમપૂર્વક આરતી કરીને દંડવત્ પ્રણામ કર્યા અને પછી ગદ્‌ગદ્ કંઠે ફરી પાછી પ્રાર્થના કરવા માંડી :

હે ભવનો નાશ **કરનારી** ! મને અભય આપ અને હે નર્મદે ! મારા ત્રિતાપ હરી લે. હે ભવ (શિવ) સ્વરૂપિણી નર્મદા ! મારા પાપો હરી લે.① (૮૨).

ત્યાં આવું સ્તવન કરીને અને રેવા માતાને વંદન કરીને પોતે ઝડપથી બ્રહ્મણિઘાટ પર આવ્યા. (૮૩). કેડમાં ચસક ભરાતાં ત્યાં સ્વયં નર્મદા માતા પ્રગટ થયાં એ કથા આગળ ઉપર કહેવાશે, જેના શ્રવણથી પાપો ટળી જાશે. (૮૪). એ સામાન્ય મનુષ્યની જેમ વર્તે છે બાકી પોતે તદ્દન નિર્લેપ છે. **રંગ** કહે છે કે શ્રીગુરુ તો સાક્ષાત્ દત્તમૂર્તિરૂપ છે. એમના ઉપર મનુષ્યનો આરોપ (કરવો) મિથ્યા છે. (૮૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત) મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે '**નર્મદાતટાગમન**' નામનો **એકસો સત્તાવીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

પાદટીપ :

અધ્યાય : ૧૨૭

(૧) નીચે જણાવેલો શ્લોક 'ગોમૂત્રિકા' બંધમાં છે. ગાયના મૂત્રની ધાર સીધી નહીં વાંકીચૂકી પડે છે. એની ખૂબી એવી છે કે શ્લોકની પહેલી લીટીનો પહેલો, ત્રીજો, પાંચમો એવા એક અક્ષરને શ્લોકની બીજી લીટીના બીજો, ચોથો, છઠ્ઠો એવો બેકી અક્ષરો સાથે જોડવા. એ જ રીતે બીજી લીટીના એકી અક્ષરો પ્રથમ પંક્તિના બેકી અક્ષરો સાથે જોડવા. તેથી વાંકીચૂકી લીટીઓ થશે.

●

અગત્યની નોંધ



દિવ્યામૃતપરબ

(રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે...એ રાહ..)

રંગે માડી અમૃત કેરી દિવ્ય પરબ આ ન્યારી,
ભવરણમાં ભટકંતા ને તરસંતા ઓ સંસારી;
થોડું પાન કરી લેજે, મુખેથી દત્ત દત્ત કહેજે...

દેવે દીધો ચરિતામૃતઘટ રંગે તે લઇ લીધો,
જ્ઞાન, કર્મ ને ઉપાસનાના કુંભમહીં ભરી દીધો;
જે જન લેશે એના લાભ, ટળી જાશે માયાનું ખ્વાબ...

જ્ઞાન, કર્મ ને ઉપાસનાના કુંભ મૂક્યા સહુ કાજે,
આવે જે અનુકૂળ તે તું પી, દુઃખડાં સહુ ટળી જાશે;
જન્મમરણ ફેરો ટળશે, તને આનંદ પરમ મળશે...

કર્મ કરી નિષ્કામભાવથી કરજે તું ચિત્તાશુદ્ધિ,
ઉપાસના સાત્ત્વિક કરીને કરજે તું સ્થિર બુદ્ધિ;
ટળે ભ્રાંતિ ને પ્રગટે જ્ઞાન, અહં બ્રહ્માસ્મિ કેરું ભાન...

અમૃત પીને બન નારાયણ નરમાંથી સંસારી,
હોય તૃષાતુર, આવો દોડી, રંગ કહે પોકારી;
પીને મોજ કરી લેજે, મોતને તાળી દઇ દેજે...

પ્રેમ વિનાનું જીવન વન છે, પ્રેમથી નંદનવન એ,
રંગ પરબનું અમૃત પી તે જીવને જો ધન ધન છે;
પાપીગણુને રંગ મળ્યો, ગણુ કુલીનને પ્રેમ ફળ્યો...

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય
અમદાવાદ

(રંગપત્રમંજૂષામાંથી)

પૂ.ગાંડા મહારાજે પ.પ.વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજનું જીવનચરિત્ર મરાઠીમાં ગદ્યમાં લખ્યું હતું. એને ઓવીમાં રજૂ કરવાનું કામ એમણે એક માણસને સોંપ્યું હતું. સ્વામી મહારાજ તરફ પૂજ્ય ભાવ ધરાવનાર કોઈ મરાઠી જાણકાર આ બધું જોઈ જાય તો સારું એવી પૂ. ગાંડા મહારાજની ઇચ્છા હતી. દેવે પૂ. બાપજીને સ્વપ્નમાં કહ્યું કે 'ગાંડા તુજી વાટ પાહત આહે' ગાંડો તારી રાહ જુએ છે અને પૂ. ગાંડા મહારાજને સ્વપ્નમાં કહ્યું કે 'બ્રહ્મચારી એત આહે' -બ્રહ્મચારી આવે છે. પછી પૂ. શ્રી ફાસ્ટમાં ગોધરાથી મુંબઈ ગયા અને ત્યાંથી ચાલતા ચાલતા વાંકડી પહાંચ્યાં. આ ગુરુમૂર્તિચરિત્ર ગ્રંથના આધારે ઉપાસના કાંડ તૈયાર થયો. વાંકડીના પ્રવાસના અનુભવી વાતો હવે નીચે વાંચો.....

◆

ભાઈશ્રી અંબાલાલ,

વાંકડી, ગુરુપૂર્ણિમા, ૧૯૮૩.
તા. ૧૬ જુલાઇ ૧૯૨૭.

ખૂબ આનંદ માં છું. અનેક વાતો લખવા જેવી છે પણ બધી ક્યાં લખવા બેસું ? તે દિવસે ફાસ્ટમાં બેસી મુંબઈ ગયો. xxxxxxxxxxxxx સવારે ત્યાંથી ચારેક માઇલ દૂર આવેલા શેહેગાંવ નામના ગોદાવરી રેલ્વ સ્ટેશને આવી પહોંચ્યો. ત્યાં ટાઇમટેબલ જોતાં ખબર પડી કે હજી લગભગ ૧૧૦ માઇલ ચાલવાનું હતું. સ્ટેશન માસ્તર કોઈ તૈલંગી બ્રાહ્મણ છે. સારો માણસ છે. એણે મને જોતાં જ પોતાને ત્યાં ભિક્ષા કરાવી. બપોરે ટિકીટ કાઢી આપી. ગાડીમાં બેસાડી આપ્યો* સાતોના ઊતર્યો. સાતોના પાસે દૂધના નદીના કિનારે વાંકડી ગામે મહારાજનું ચાતુર્માસ થવાનું છે એવી ખબર હતી. સ્ટેશને ખબર પડી કે વાંકડી નામના ત્રણ ગામ નદીકિનારે છે. જેને ત્યાં મહારાજ ઉતરે છે તે ગૃહસ્થને મળ્યો. મહારાજ સાંજે જ આવવાના છે એવી ખબર મળી હું રોકાયો. સાંજે મહારાજ આવી પહોંચ્યા. મારી પહેલીજ મુલાકાત. મને લાગ્યું કે મારા જેવા ભ્રષ્ટ અર્ધદગ્ધ માણસની સાથે મહારાજ બોલશે કે નહીં ? પણ મહારાજે મારી સાથે ખૂબ પ્રેમથી વાતો કરી. તેમણે વાસુદેવાનંદ સરસ્વતીનું મરાઠીમાં જીવન ચરિત્ર લખ્યું છે. તેનું નિત્ય પારાયણ, સપ્તાહ વગેરે થઈ શકે ને ગુરુમહારાજનું નામ દિગંતમાં અમર રહે એ હેતુથી એ બધાનું ઓવીબદ્ધ પદ્ય કરવાનું એક જણને સોંપ્યું છે. માણસ Ordinary છે. હું આવ્યો એટલે મહારાજને આનંદ થયો. એ બધું શુદ્ધ કરવાનું કામ મને સોંપાયું છે. અહીં આવવાનું સ્ફુરણ મને કેમ થયું તેની હવે મને ખબર પડી. ગુરુમહારાજની એટલી સેવા મારે હાથે થાય એથી વધારેસ્પૃહણીય મારે માટે શું હોઈ શકે ? ગુરુમહારાજના મારા પર અનેક ઉપકાર છે. એમના પાર્થિવ શરીરનું દર્શન મને નથી થયું પણ મારામાં જે કંઈ રામછે તે કેવળ એમની જ કૃપા છે એ વિશે મારા મનમાં તો લેશ પણ શંકા નથી. xxxxxxxxxxxxx

લિ.
પાંડુરંગના પ્રણામ

વાંકડી, દૂધનાતીરે શ્રા.શુ.૪, તા. ૧-૮-૨૭

સ્વસ્તિશ્રી ગામકહાણા મધ્યે સોની ડાહ્યાલાલ ભગવાન, અ.સૌ. બહેન મૂળી વગેરે...

અહીંયા મારે ખૂબ કામ છે. મહારાજે ગુરુડેશ્વરના સ્વામીનું એક માણસ પાસે કવિતામાં જીવન ચરિત્ર તૈયાર કરાવ્યું છે. એ બધું ફેર તપાસી જઈ શુદ્ધ કરવાનું મહારાજે મને સોંપ્યું છે. શ્રા.વ. પાંચમ સુધીમાં એ બધું પૂરું કરી જબલપુર રસ્તે ખેડીઘાટ નીકળવાનો વિચાર છે. બધું ઈશ્વરી ઇચ્છાને આધીન છે, કેમકે મહારાજ મને જલદી છોડે એમ લાગતું નથી. એમનો વિચાર બધો ગ્રંથ છપાઈને પ્રસિદ્ધ થાય ત્યાં સુધી મને છોડવાનો નથી. અને ત્યાર પછી પણ છોડશે કે કેમ એની શંકા જ છે, કેમકે કાલે જ અમણે મારી સાથે બૃહદારણ્યક ઉપનિષદ ભાષ્ય વાંચવાની ઇચ્છા બતાવી છે ને જૂના ગ્રંથ માટે કાગળ લખી નાંખ્યો છે. જો ગ્રંથ વાંચવાનું શરૂ થશે જ તો દિવાળી સુધી અહીં રહેવાનું થશે. ત્યાર પછી ગ્રંથ છપાવવા માટે ભરૂચ મોકલવાનું કહે છે ને એ તપાસવા માટે સાથે મને પણ રવાના કરશે. હું સાથે રહું એવી મહારાજની ખૂબ ઇચ્છા છે પણ મારો વિચાર એમને ખોટું ન લાગે તે રીતે છટકી જવાનો છે. xxxxxxxxxxxxx

લિ.
મહારાજના આશિષ

---

* આ સ્ટેશન માસ્તરને આગલી રાત્રે સ્વપ્નમાં ભગવાને કહ્યું હતું કે તારા સ્ટેશનના અમુક બાંકડા ઉપર આવી કાલે જે બેસે તેની સેવા કરજે.

(ગુરુમૂર્તિચરિત્ર ગ્રંથ અંગે થયેલા દેવદૃષ્ટાંતના સંદર્ભમાં)